વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

વર્ષ : ૩૯મું
ઓગસ્ટ - ૨૦૧૪
અંક ૪૩૫


મંગલ મંદિર ● ઓગસ્ટ-૨૦૧૪ ● ૧
(કુલ પાના : ૯૮)


શ્રી કચ્છી જૈન સેવા સમાજ






તંત્રી મંડળ :
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મનુભાઈ શાહ
દિનેશચંદ્ર મહેતા


મુખ્ય કાર્યાલય :-
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchi_jainamd@hotmail.com • Website : www.kutchijainahd.org




# નવનીત એજ્યુકેશન લિમિટેડ

## દ્વારા પ્રકાશિત
## શ્રેષ્ઠ
# જીવનચરિત્ર શ્રેણી


દીવાથી દીવો પ્રગટે એમ, આ શ્રેણી જીવનને જીવનથી જોડતો સેતુ બની રહેશે. આ શ્રેણીમાં એવી વ્યક્તિઓનાં જીવનચરિત્રો છે, જેમણે સમાજ કે રાષ્ટ્રના ઘડતરમાં પોતાનું વિશિષ્ટ યોગદાન આપ્યું છે. તેમનું જીવન સ્વયં એક સંદેશ છે.


## આ શ્રેણીનાં પુસ્તકો ...


1. ગૌતમ બુદ્ધ
2. મહાત્મા ગાંધી
3. રવીન્દ્રનાથ ટાગોર
4. વલ્લભભાઈ પટેલ
5. સ્વામી વિવેકાનંદ
6. સુભાષચંદ્ર બોઝ
7. ઈન્દિરા ગાંધી
8. રાણા પ્રતાપ
9. લાલબહાદુર શાસ્ત્રી
10. જવાહરલાલ નેહરુ
11. ડૉ. બાબાસાહેબ આંબેડકર
12. ડૉ. રાજેન્દ્રપ્રસાદ
13. રાજા રામમોહન રાય
14. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્
15. ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામ
16. છત્રપતિ શિવાજી
17. મધર ટેરેસા
18. કલ્પના ચાવલા
19. સુનિતા વિલિયમ્સ
20. ડૉ. વિક્રમ સારાભાઈ


**દરેક બુકસેલરને ત્યાં મળે છે.**


P06 CL OGO. EPS




Since 1958
Leading. Innovating. Growing.
Winner of Excellence Awards CEAT 2010 & 2011 CFBP - 2011 Apollo CV - 2012
ISO 9001 : 2008
V-Trans offers unmatched service edge to all its customers
Our Divisions
V-Trans
Reliable Hard Freight Transport
V-Xpress
Timebound Multimodal Express Cargo Service
V-Logis
Warehousing & Inventory Management
• Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates
• Expertise in multi point door pickup and door delivery
• Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations
• Geographical presence across India at 400 locations in 26 states - further expanding
• Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof
Corporate Office : V-Trans (India) Limited
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com
V-Trans Toll Free no. : 1800-220-180
V-Xpress Toll Free no. : 1800-220-240


COOKWELL HEALTH CARE PRODUCT
COOKWELL®
Masala Grinder
Cum
Mini Flour Mill
PATENTED BY GOVT. OF INDIA
Instagrind
100% Pure Copper
25/29 Gaze Wire Motor Universal
Heavy Duty Dynamically Balance
QUALITY CONTROL ORDER 1981.89.93
HOUSE HOLD ELECTRICAL APPLIANCES MAH/10/009/0694
GOVERNMENT OF MAHARASHTRA
COOKWELL®
COOKING SYSTEM
100% Cooking & Safety
Upto 50%
Less Power Consumption
Microbiologically Tested
PURIFICATION PROCESS
FILTRON™
100% Safe Water
High Performance
Mineral Water System
Big
17 Ltrs. CAPACITY
MADE IN INDIA
APPROVED BY GOVT. OF INDIA
NANO
Ceramic Candle
Silica Sand
Silver
Activated Carbon
Activated
Alumina Balls
Zeolite
Mineral Sand
Mineral Stone
COOKWELL®
Manufactured by :
CookWell Domestic Appliances,
Plot 213, Shelar Compound, Subhash Nagar,
Nahur (W), Mumbai-400078. Customer Care : 022-25666711
Email : info@cookwellindia.com Website : www.cookwellindia.com
ડિલર્સ ડિસ્ટ્રીબ્યુટર્સ
આવકાર્ય

# જૈનધર્મનાં વૈવિધ્યસભર પ્રકાશનો

### પંડિત સુખલાલજી

| | |
|---|---|
| સમાજ, ધર્મ અને સંસ્કૃતિ | 130 |
| જૈન ધર્મ અને દર્શન | 200 |
| પરિશીલન | 150 |
| દાર્શનિક ચિંતન | 155 |
| અર્ઘ્ય | 100 |
| અનેકાંત ચિંતન | 180 |
| મારું જીવનવૃત્ત | 120 |
| જૈન ધર્મનો પ્રાણ | 20 |

### રતિલાલ દી. દેસાઈ

| | |
|---|---|
| અમૃત સમીપે | 360 |
| જિનમાર્ગનું જતન | 280 |
| જિનમાર્ગનું અનુશીલન | 300 |
| શ્રી ભદ્રેશ્વર વસઈ મહાતીર્થ | 30 |
| ગુરુ ગૌતમસ્વામી | 56 |

### જયભિખ્ખુ

| | |
|---|---|
| ચક્રવર્તી ભરતદેવ | 130 |
| ભગવાન મહાવીર | 150 |
| વિક્રમાદિત્ય હેમુ | 200 |
| ભાગ્ય નિર્માણ | 130 |

### ચંદ્રહાસ ત્રિવેદી

| | |
|---|---|
| જૈન આચારમીમાંસા | 80 |
| કર્મવાદનાં રહસ્યો | 100 |

### રોહિત શાહ

| | |
|---|---|
| મારા મહાવીર, તારા મહાવીર | 60 |
| અનુમોદના | 25 |
| શ્રાવક ધર્મનું શિખર : વેયાવચ્ચ | 40 |
| રો-હિતોપદેશ | 100 |

### આચાર્ય વાત્સલ્યદીપ

| | |
|---|---|
| સુખ તમારી પ્રતીક્ષા કરે છે | 30 |
| જૈન સજ્ઝાય અને મર્મ | 70 |
| અક્ષર અને અસ્તિત્વ | 100 |
| ભગવાન મહાવીરની આગમવાણી | 40 |
| મહાન મંદિર, મહાન માનવી | 20 |
| યોગનિષ્ઠ આચાર્યશ્રીની આતમવાણી | 50 |
| વિશ્વવંદ્ય વિભૂતિ | 30 |
| મહાસતી પદ્માવતી | 25 |
| અંતર જ્યોત ઝળહળે | 7.50 |
| કલ્પતરુ | 7.50 |
| પ્રભાવના | 12 |
| જૈનધર્મ | 70 |
| બોધસૂત્ર | 6 |
| જૈનોપનિષદ | 65 |

### કથાસાહિત્ય

| | |
|---|---|
| અમૃતધારે વરસો ! | 150 |
| મેરૂથીયે મોટાં | 100 |
| હૈયાથી હોંકારો | 100 |
| ધરતીના દરિયા પાર | 60 |
| આકાશના દરવાજે સૂરજ | 60 |
| કીર્તિકળશ | 50 |
| મીતળ પવન | 40 |
| અમાસ અને પૂનમ | 90 |
| ત્યાગનો વૈભવ | 60 |
| રણથી ઝરણ | 15 |
| મહાન મંદિર મહાન માનવી | 20 |
| ફૂલ વીણ, સખે ! | 70 |
| જૈનધર્મની આગમકથાઓ | 70 |
| અંતરજ્યોત ઝળહળે | 7.50 |
| કલ્પતરુ | 7.50 |
| મેઘધનુષની માયા | 7.50 |

### જૈન ધર્મનાં અન્ય પ્રકાશનો

| | | |
|---|---|---|
| સંગિતી | પં. બેચરદાસ દોશી | 180 |
| માથુરી | પં. દલસુખભાઈ માલવણિયા | 150 |
| પંડિત સુખલાલજી | ડૉ. રમણલાલ ચી. શાહ | 90 |
| જિનહર્ષકૃત આરામશોભા રાસ | સંપા. જયંત કોઠારી, કીર્તિદા શાહ | 50 |
| હેમચંદ્રાચાર્ય | ધૂમકેતુ | 40 |
| સહજ સમાધિ | આ. કલાપૂર્ણસૂરિજી મહારાજ | 15 |
| સામયિક સૂત્રો અને ઉચ્ચારવિચાર | મુનિ હિતવિજયજી મ. | 40 |
| અવધૂત આનંદઘન પદલહરી | માવજી કે. સાવલા | 110 |
| જૈનધર્મ ગાઓ : જીવનમર્મ પાઓ | દોલતભાઈ દેસાઈ | 25 |
| મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની જૈન પરંપરા | કીર્તિદા શાહ | 100 |
| જૈન કથાવિશ્વ | સંપા. કાન્તિભાઈ બી. શાહ | 200 |

## ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001
ફોન : 22144663 ફેક્સ : 22144663
ઈ-મેઈલ : goorjar@yahoo.com

**સંસ્કાર સાહિત્યમંદિર**
5, N.B.C.C. હાઉસ, સહજાનંદ કૉલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
13, શિવરંજની સોસા., ઓવરબ્રિજના છેડે,
અશ્વમેધ બંગલોઝના બસ સ્ટૅન્ડ પાસે,
સેટેલાઈટ, અમદાવાદ-15
ફોન : 26761366 મો. 9825268759

## ॥ જૈનમ્ જ્યતિ શાસનમ્ ॥



## સર્વે જીવોને મિચ્છામિ દુક્કડમ્

વર્ષ દરમિયાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અનેક પ્રવૃત્તિઓથી ધમધમતું રહે છે. વિવિધ પ્રવૃત્તિઓ દરમ્યાન અથવા તો વર્ષભર ચાલતા રહેતા કાર્યો દરમ્યાન, જાણતા કે અજાણતા કોઈને પણ મનદુઃખ થયેલ હોય તો આ સંવત્સરી ક્ષમાપનાના અવસરે સહુને ખમાવતાની સાથે આપશ્રીને પણ ખમાવીએ છીએ.

**કે. આર. શાહ**
માનદ્ મંત્રી

**અશોક મહેતા**
મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ

**તેમજ ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિ તેમજ વિવિધ સમિતિઓના સર્વે સભ્યો**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**




# GILL & CO. PVT. LTD.

**IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT**

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**Registered Office :** NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

**: BRANCHES :**

**ADONI / AHMEDABAD / AMRAVATI**
**BHATINDA / NEW DELHI / UJJAIN**

છેલ્લા ૩૮ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧

ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦

ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com

વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી

મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)

દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**

દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**

શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**

ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**જાણવા જેવું, સુડોકુ અને શબ્દ રમત**

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપરાંત 'અસાંજો કચ્છ'ની વેબસાઈટ www.asanjokutch.com પર વાંચી શકાય છે.**

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* *પાના નં.*

**તંત્રી લેખ :**

- માનભેર મૃત્યુ : સર્વોચ્ચ અદાલત અને કેન્દ્ર સરકાર આમને-સામને ....... **અશોક મહેતા** ...... ૯
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૨

**લેખ વિભાગ**

**ધર્મ દર્શન**

- ક્ષમાપનાથી સર્જીએ નવું પ્રભાત ........ **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ** .... ૧૫
- જૈન ધર્મ... પર્યુષણ... સંવત્સરી... તેનો મર્મ ........ **દિનેશ આર. મહેતા** .... ૧૭
- શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર - કોબાનો ઈતિહાસ ........ **કાનજી જે. મહેશ્વરી 'રીખિયો'** .... ૧૯

**આઝાદી વિશેષ**

- ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટે ઊગ્યું આઝાદીનું નવલું પ્રભાત ........ **હરસુખ થાનકી** .... ૨૧
- "ભાગલાની જવાબદારી" ........ **ટી.યુ. મહેતા, નિવૃત્ત ન્યાયાધીશ** .... ૨૪

**પ્રજાતંત્ર**

- નવા અંદાજપત્રની આસપાસ ........ **યાસીન દલાલ** .... ૨૭
- ટ્રસ્ટ નોંધણી કચેરીનો વહીવટ જ અનિયંત્રિત! ........ **શશીકાંત ઠક્કર, એડવોકેટ** .... ૨૯

**કચ્છ**

- અલગ કચ્છ રાજ્યથી ફાયદો કે ગેરફાયદો ........ **કીર્તિ ખત્રી** .... ૩૧
- કચ્છની અસ્ત્ર-શસ્ત્ર સુશોભન કલા : તોપોની તવારીખ ........ **નરેશ પી. અંતાણી** .... ૩૪

**વિચાર વિમર્શ**

- "સાચું કહું તો એ બધા રસ્તા પર મળ્યા" ........ **ડૉ. ગિરીશ વીછીવોરા** .... ૩૭
- લગ્ન સાદાઈથી કરી શકાય...
  ઑપરેશન સાદાઈથી કરી શકાતું નથી ........ **દિનેશ પાંચાલા, જર્નાલિસ્ટ** .... ૩૮

**સમાજની ક્ષિતિજો**

- નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૮
  લગ્નસંસ્થાની આવશ્યકતા છે ........ **સ્વામી સચ્ચિદાનંદજી** .... ૪૦
- તું અને હું – આ દાસ્તાન સનાતન (૪) ........ **માવજી કે. સાવલા** .... ૪૨

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૨**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## વાર્તા

● વ્યક્ત મધ્ય — તત્ર કા પરિદેવના! ................ **હરેશ ધોળકિયા** .... ૪૩
● કન્યા વિદાય ................ **ડૉ. ઊર્મિલા શાહ** .... ૪૯
● અભિન્ન હૈયાં ................ **ડૉ. ચંદ્રકાંત મહેતા,** પૂર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી ..... ૫૧

## ઇતિહાસ

● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઈતિહાસ પ્રકરણ-૩૧ .......... **સંકલન : પ્રતાપ નારાણજી દંડ** .... ૫૩

## તંદુરસ્તી

● હવે 'મીનીઝ'ની ફેશન છે મિનિમલી ઈન્વેઝીવ કાર્ડિયાક સર્જરી ................ **ડૉ. ધીરેન શાહ** કાર્ડિયોથોરાસિક અને વાસ્ક્યુલર સર્જન - સીમ્સ હોસ્પિટલ ..... ૫૬
● હાસ્ય અને નિર્ભયતામાં રોગપ્રતિકારક શક્તિ છે ................ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૫૯

## સંસ્થા / વ્યક્તિ વિશેષ

● આંતરરાષ્ટ્રીય સહકાર દિન : સૌના માટે ટકાઉ વિકાસ સાધતી સહકારી સંસ્થાઓ ................ **કિરણ ચાંપાનેરી 'સેતુ'** **ફ્રીલાન્સ પત્રકાર** .... ૬૦

## સાહિત્ય આચમન

● અખંડ દીવાના શાશ્વત અજવાળા ................ **હંસરાજ કંસારા** .... ૬૨

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જ્યું ગાલિયું ................ **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૬૪

## નિયમિત વિભાગો

● આંજો કાગર ................ ૬૫
● અન્ય સંસ્થાઓના સમાચાર ................ ૬૭
● સાર સમાચાર ................ **સંકલન : શાંતિલાલ સંઘવી** .... ૬૯
● જાણવા જેવું ................ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૭૦
● શબ્દ રમત-૯૬ ................ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૭૧
● *Nano 9 Sudoko* (ક્રમાંક : ૧૦૫૨) ................ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૭૩
● 'મંગલ મંદિર' — પ્રાપ્ત થયેલાં લવાજમ ................ ૭૫
● વલોવતન ................ **સંકલન : દિનેશ આર. મહેતા** .... ૭૬
● સમાજ દર્પણ ................ ૭૯
● સંસ્થા સમાચાર ................ ૮૧
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ................ ૮૯
● ઊડતી નજરે ................ ૯૨

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## માનભેર મૃત્યુ : સર્વોચ્ચ અદાલત અને કેન્દ્ર સરકાર આમને-સામને

*– અશોક મહેતા*

જવલ્લે જ ઘટે એવી ઘટના ઘટી છે. ઘટનાના કેન્દ્રમાં માત્ર બે જ શબ્દો છે : "ઈચ્છા મૃત્યુ." પરંતુ માત્ર આ બે જ શબ્દોના અર્થઘટન, કાયદેસરતા, તર્ક, સતત બદલતી દુનિયાના દેશોના અભિગમ, માનવીય જીવન-મૃત્યુ તરફના સ્વાતંત્ર્ય પૂર્તિના દૃષ્ટિકોણ જેવા વિવિધ, અત્યંત મહત્ત્વના પાસાંઓના નિમિત્તે સમગ્ર ભારત દેશની સર્વોચ્ચ અદાલત (સુપ્રીમ કોર્ટ) અને કેન્દ્ર સરકાર (સેન્ટ્રલ ગવર્નમેન્ટ) પોતપોતાની બાંયો મુશ્કેટાટ ચડાવીને એકબીજાની સામે ખડા થઈ ગયા છે. મલ્લકુસ્તીના અખાડામાં કૌવત - ભરપૂર કુસ્તીબાજો જેમ ખડા થઈ જતા હોય છે, તેમ! આખાય દેશમાં ઈચ્છા મૃત્યુની તરફેણમાં અને વિરુધ્ધમાં અભિપ્રાયોની આંધી છવાઈ છે અને વધુને વધુ ઘેરી બનતી જવાના એંધાણ છે.

'ઈચ્છા-મૃત્યુ' શબ્દો બિન-જૈન સમાજોમાં વધુ પ્રચલિત છે. જૈન સમાજમાં આ જ અર્થેચ્છાવાળો શબ્દ 'સંથારો' છે.

દેશની સર્વોચ્ચ અદાલત અને કેન્દ્ર સરકાર જેમાં આમને-સામને અથડાઈ પડ્યા છે, તેનો ઘટનાક્રમ નોંધપાત્ર પ્રમાણમાં રસપ્રદ છે.

બુધવાર, તા. ૧૬ જુલાઈ, ૨૦૧૪ના સુપ્રીમ કોર્ટની એક બેંચ સમક્ષના વિવિધ કેસોની સુનાવણી દરમ્યાન એક મેટરની સુનાવણી નીકળી. આ મેટરની સુનાવણીના મૂળમાં દિલ્હીની એક બિનસરકારી - પ્રજાકીય - સેવા સંસ્થા 'કોમન કૉઝ' દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટે પેશ કરાયેલી એક અરજી છે. આ અરજીમાંની વિસ્તૃત રીતે વર્ણવાયેલી વિગતોનો સારાંશ એ છે કે આપણા દેશના પ્રત્યેક નાગરિકને આપણા પવિત્ર બંધારણમાંની જોગવાઈઓ અનુસાર જેમ જીવન જીવવાના હક્ક - અધિકારનો સ્વીકાર કરાઈ રક્ષિત કરાયો છે, તેમ તેના સ્વૈચ્છિક મરણ પામવાના હક્ક - અધિકારનો પણ બંધારણીય સ્વીકાર અબાધિત રીતે કરાવો જોઈએ.

ટૂંકમાં, જૈન આધ્યાત્મિક અને સાધર્મિક દીર્ઘ પરંપરામાં જેને 'સંથારા' શબ્દથી બોલાય છે, યા બિન-જૈન સમાજોમાં 'ઈચ્છા મૃત્યુ' કે 'દયા મૃત્યુ' યા 'માનભેર મૃત્યુ' જેવા શબ્દોથી વ્યક્ત કરાય છે, તે હક્ક - અધિકારનો નામદાર સુપ્રીમ કોર્ટે બંધારણીય અને ન્યાયીક સ્વરુપે સ્વીકારી સ્થાપિત કરવો જોઈએ.

સુપ્રીમ કોર્ટની જે બેંચ સમક્ષ આ અરજીની સુનાવણી થઈ તે બેંચ, અરજીમાંના વિષયની ગંભીરતાને લક્ષમાં રાખીને બંધારણીય બેંચ આયોજાયેલી. આ બેંચમાં એક કે બે માત્ર નહીં પણ પાંચ ન્યાયમૂર્તિઓનો સમાવેશ કરાયેલો. સર્વોચ્ચ અદાલતના ચીફ જસ્ટિસ આર.એમ. લોધા, જસ્ટીસ કે. એસ. ખેહર, જસ્ટીસ જે. ચેલામેશ્વર, જસ્ટીસ એ.કે. સીકરી અને જસ્ટીસ આર.એફ. નરીમાનનો આ બેંચમાં સમાવેશ હતો.

મેડિકલ વિજ્ઞાન અને કાયદાના પરિઘમાં 'ઈચ્છા મૃત્યુ' કે 'સંથારા' જેવી અર્થેચ્છાવાળો ખાસ અંગ્રેજી શબ્દ યુથાનાસીઆ (EUTHANASIA) વપરાય છે. ઈચ્છા મૃત્યુ, સંથારો કે દયા મરણના અર્થવાળા અંગ્રેજી શબ્દ યુથાનાસીઆને બે પ્રકારમાં વિભાજિત કરાયેલો છે : એક્ટિવ અને પૅસિવ યુથાનાસીઆ. એક્ટિવ યુથાનાસીઆમાં ડૉક્ટર દર્દીને એવું ઈંજેક્શન કે જલદ-મારક જીવલેણ દવા આપે છે જેથી દર્દીને (કાર્ડિએક એરેસ્ટ) હૃદયાઘાત નીપજવાથી દર્દી મૃત્યુ પામે છે. પૅસિવ યુથાનાસીઆમાં દર્દીને આવરાયેલા જીવરક્ષક સાધનો ખસેડી લેવાય છે. જેને કારણે દર્દી મરણશરણ થાય છે.

ઈચ્છા-મૃત્યુ, સંથારો કે દયા મૃત્યુનો આ વિષય છેલ્લા અનેક દાયકાઓથી સંસદમાં, રાજ્યોની વિધાનસભાઓમાં, બૌધ્ધિકોમાં, અદાલતોમાં, ડૉક્ટરોમાં અને દર્દીઓના વિશાળ સમુદાયોમાં ઉગ્રપણે ચર્ચાતો રહ્યો છે. આમાં મુખ્ય એ મુદ્દો કેન્દ્રિત રહ્યા કર્યો છે કે દર્દ અને દવા-દારૂથી સાવ જ બાજ આવી ગયેલા, સારવારથી સદંતર, સદંતર નાસીપાસ થયેલો દર્દી જો અસહ્ય, કષ્ટ ભરપૂર જીવન જીવવા જ ન માંગતો હોય અને મૃત્યુશરણ થઈ પારાવાર વેદનાથી મુક્ત થવા જ માંગતો હોય તો તેને તેવો હક્ક - અધિકાર બંધારણીય અને ઈન્ડિયન પીનલ કોડ હેઠળના કાયદાઓ હેઠળ મળવો જોઈએ.

*ફક્ત દૃઢ ઈચ્છાથી નીપજેલું કાર્ય સુંદર હોય છે.*

## બજેટ અંગેના એ સમાચાર સત્ય સાબિત થયા

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલને એ સમાચાર જાણવા મળેલ હતા કે વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના બજેટમાં કચ્છને ફાળવવામાં આવેલ નર્મદા નદીના વધારાના પાણીના કાર્યો અંગે કોઈ પણ એમાઉન્ટની રકમ ફાળવવામાં આવેલ નથી. આ સમાચાર તા. ૧૪-૬-૨૦૧૪ના 'કચ્છ મિત્ર'ના પ્રથમ પાના પર મુખ્ય સમાચાર તરીકે ચમકાવવામાં આવેલ હતા. ત્યારબાદ 'મંગલ મંદિર'ના જુલાઈ-૨૦૧૪ના અંકના તંત્રીલેખમાં પણ આજ વિગતને ઉજાગર કરતો લેખ લખવામાં આવેલ હતો. 'કચ્છમિત્ર'ના તા. ૨૪-૬-૧૪ના અંકમાં એ સમાચાર પણ પ્રસારિત થયેલ હતા કે કચ્છના ધારાસભ્યશ્રીઓએ એકત્રિત થઈ માનનીય મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરેલ હતી કે કચ્છના નર્મદા નદીના વધારાના પાણીના કાર્યો અંગે યોગ્ય રકમની ચાલુ નાણાંકીય વર્ષમાં ફાળવણી કરવામાં આવે.

ત્યારબાદ તા. ૨૮-૬-૨૦૧૪ના રોજ માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે ગુજરાત વિધાનસભામાં જે બજેટની રજૂઆત કરેલ તેમાં કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના કાર્યો માટે એક પણ રૂપિયાની જોગવાઈનો સમાવેશ કરવામાં આવેલ ન હતો અને સૌરાષ્ટ્રની આ પ્રકારની યોજના માટે રૂા. ૩૩૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ હતી. આ રીતે કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે આપેલ સમાચાર પૂરેપૂરા સત્ય પુરવાર થયા હતા. તેના પરિણામ સ્વરુપે ગંભીર હકીકત તો એ ઊભી થયેલ છે કે જે યોજના પૂરી થયા બાદ કચ્છના વિવિધ ગામોના ખેડૂતોને તેમના પાક દ્વારા દર વર્ષે જે રૂા. ૨૦૦૦/- કરોડ જેટલો નફો થવાનો છે તે અતિ ઉત્તમ કક્ષાની યોજનાના મંગલાચરણ ઓછામાં ઓછા એક વર્ષ સુધી પાછળ ઠેલાઈ ગયા છે. આ વિગતોનું રીપીટેશન આવતા વર્ષે પણ ના થાય તે માટે અમે કચ્છની રાજકીય ક્ષેત્રની નેતાગીરીનું ધ્યાન અત્યારથી દોરી રાખીએ છીએ. ગુજરાત સરકારશ્રી એ પોલીસી પર આગળ વધી રહેલ છે કે જ્યાં લગી સૌરાષ્ટ્રના વધારાના પાણીના કાર્યો પૂરા ના થાય ત્યાં લગી કચ્છના વધારાના પાણીના કાર્યો હાથ પર ના લેવા. સૌરાષ્ટ્રની આ યોજના રૂા. ૧૦,૦૦૦/- કરોડની અંદાજવામાં આવેલ છે. જેની સામે છેલ્લા બે વર્ષમાં રૂા. ૧,૦૦૦/- કરોડ તથા રૂા. ૩,૩૦૦/- કરોડ એમ કુલ રૂા. ૪,૩૦૦/- કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. હજુ રૂા. ૫,૭૦૦/- કરોડની ફાળવણી કરવાની બાકી રહે છે. (ભાવ વધારાના કારણે આ યોજનાનું કદ વધી જાય તેટલા વધુ રૂપીયાની ફાળવણી કરવી પડે.) અગાઉથી નિર્ધારીત આ કાર્યશૈલીનો મતલબ એ થયો કે હજુ આવતા બે-ત્રણ વર્ષ સુધી આ યોજના અંગેના કચ્છના કાર્યો ચોક્કસપણે ટલ્લે ચડવાના છે.

આપણને કચ્છની રાજકીય નેતાગીરી તરફથી ખાતરી આપવામાં આવેલ છે કે બજેટમાં યોગ્ય ફાળવણી થાય કે ન થાય પરંતુ નર્મદા નદીના પાણીના કાર્યો (એ યાદ રહે કે અમે નિયમિત પાણીના કાર્યોની વાત નથી કરતા કેમકે એ કાર્યો તો ચાલુ જ છે) ચાલુ વર્ષમાં જ અમે શરૂ કરાવશું. કચ્છની રાજકીય નેતાગીરીના આ પ્રયાસો સફળ થાય તે માટે આપણે સહુ સાથે મળીને તેમના પ્રયાસમાં હામિ ભરીએ તે આજની જરૂરિયાત છે. આપણે તેઓને કહીએ કે "આપ આગે બઢો, હમ આપકે સાથ હૈ..."

*— તંત્રીમંડળ*

સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચે સુનાવણી દરમ્યાન દાયકાઓથી આ વિવાદ - ચર્ચા ચાલે છે, તેની નોંધ તો લીધી. આ વિષયની ગંભીરતા પણ પૂર્ણપણે સ્વિકારી પણ એમ કરવાનું વધું યોગ્ય અને વિવેકસભર માન્યું કે આખરી નિર્ણય લેવાતા પહેલાં સમગ્ર દેશભરમાં આ વિષય પૂર્ણપણે ચર્ચાવો જોઈએ. માનનીય બેંચના ન્યાયમૂર્તિઓએ ઠરાવ્યું કે આ વિષય અત્યંત લાગણીપ્રધાન પણ છે અને કાયદા કેન્દ્રિત અનેકાનેક ગુંચવણો અને ગાંઠોથી અટવાયેલો છે, માટે દેશભરમાં તેની વ્યાપક ચર્ચા-વિચારણા થવા જરૂરી છે. આવી વ્યાપક ચર્ચા વિચારણા વિવિધ સ્તરે, સંસદના સ્તરે, વિધાનસભાઓના સ્તરે, સેવા - સંસ્થાઓ વગેરે વગેરેના સ્તરે થવી જરૂરી છે. આ અપેક્ષામાં મીડિયાનો પણ સમાવેશ સ્વાભાવિક છે. ટી.વી. અને અખબારો અને મેડિકલ ક્ષેત્રની સેવા સંસ્થાઓના અનુભવો અને અપેક્ષાઓ પણ જાહેરમાં આવવી જોઈએ. આ વિષયે સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી (પબ્લિક ઈન્ટરેસ્ટ લીટીગેશન – PIL) કરનાર સેવા સંસ્થા કોમન કૉઝ (COMMON CAUSE)ના ખ્યાતનામ ધારાશાસ્ત્રી પ્રશાંત ભૂષણે નામદાર બેંચને વિગતે સમજાવ્યું કે દાયકાઓથી માનભર્યા મૃત્યુનો આ વિષય ચર્ચાય જ છે પરંતુ સુપ્રીમ કોર્ટની માનનીય બેંચે આ રજૂઆતની નોંધ લેવા સાથે એમ ઈચ્છયું કે દેશભરમાં આ વિષયે વિસ્તૃત ચર્ચા વિચારણા આવશ્યક અને આવકારદાયક બનશે.

જાહેર હિતની આ અરજીમાં સામા પક્ષે જવાબદાર તરીકે કેન્દ્ર સરકારને મૂકાયેલી હોવાથી કેન્દ્ર સરકાર વતીથી હાજર રહેલા એટર્ની જનરલ મુકુલ રોહતગીએ સુપ્રીમ કોર્ટની આ વિચારણા

*ભલાઈ કરવાની ઈચ્છા બુરાઈ કરવાની ઈચ્છાને દબાવી દે છે.*

અને વલણ અને નિર્ણયનો સમૂળગો વિરોધ કર્યો હતો. કેન્દ્ર સરકારના એટર્ની જનરલે તો નામદાર બેંચને એમ સાફ શબ્દોમાં સુણાવી દીધું હતું કે આ વિષય હાથ પર લેવાનો કે સુનાવણી કરવાનો કે નિર્ણય આપવાનો સુપ્રીમ કોર્ટને અધિકાર જ નથી. આ વિષયે જે કાંઈ નિર્ણય લેવાના હક્ક - અધિકાર માત્ર સંસદ અને વિધાનસભાઓને જ છે. કેન્દ્ર સરકાર યુથાનાસીઆ (ઈચ્છા મૃત્યુ), સંથારો કે દયા મૃત્યુ વગેરેના સિધ્ધાંતનો જ સ્વીકાર કરતી નથી. પછી તે ગમે તે પ્રકારનો કે રીતનો - એક્ટિવ કે પૅસિવ - ગમે તે હોય. આ વિષય પર આખરી નિર્ણય લેવાનો અધિકાર માત્ર કેન્દ્ર સરકારને જ છે.

કેન્દ્ર સરકાર વતીથી સુપ્રીમ કોર્ટની પાંચ ન્યાયમૂર્તિઓવાળી બંધારણીય (કોન્સ્ટીટ્યુશનલ) બેંચની સમક્ષ એટર્ની જનરલની આ રજૂઆત અને પડકારના શબ્દાર્થ અને ભાવાર્થ બિલકુલ સ્પષ્ટ અને સાફ છે. દર્દીએ ભલે ગમે તેવી પીડા મહિનાઓથી કે વર્ષોથી કે દિવસોથી ભોગવી હોય કે ભોગવતો હોય, અસહ્ય યાતનાની શારીરિક, માનસિક, આર્થિક હોળીની જ્વાળાઓથી દાઝતો હોય, સમસમતો હોય, તેને કે તેના પરિવારજનોને તેને બચાવવાનો, છોડાવવાનો હક્ક અધિકાર નથી. ભારત સરકારના ધારાશાસ્ત્રી તરીકે સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચ સમક્ષ ઉપસ્થિત થતાં પહેલાં સરકાર પાસેથી તેમને શું કહેવું, શું ન કહેવું, તેની સૂચનાઓ (બ્રિફીંગ) પણ મળી જ હોય. એ સૂચનાઓ અનુસાર કેન્દ્ર સરકારનો એવો અભિપ્રાય થયો જણાય છે કે અસહ્ય યાતના ભોગવતા દર્દીને તો તેની યાતનામાંથી મૃત્યુ દ્વારા છૂટવાનો તો અધિકાર નથી, પણ દેશની સર્વોચ્ચ સુપ્રીમ કોર્ટને પણ આ વિષય અંગે ચંચુપાત કરવાનો અધિકાર નથી!

જાહેર હિતની અરજી કરનાર 'કોમન કૉઝ' સંસ્થાના ધારાશાસ્ત્રી પ્રશાંત ભૂષણે અસાધ્ય રોગનો ભોગ બનેલા, મોતને દરવાજે પહોંચી ચૂકેલા, પણ સરકારી પીનલ કોડના કાયદા - કાનૂનોથી જકડાયેલા દર્દીને જીવતા દોઝખમાંથી મુક્તિ અપાવવાના વિસ્તૃત વિવરણ દ્વારા નામદાર ન્યાયમૂર્તિઓને ભારપૂર્વક અનુરોધ કર્યો હતો કે સુપ્રીમ કોર્ટે દર્દીને તેની યાતનામાંથી છોડવવાની કાયદાકીય જોગવાઈ કરવી જોઈએ. દર્દી માટે માનભેર મૃત્યુનો માર્ગ મોકળો કરાવી આપવો જોઈએ.

'માનભેર મૃત્યુ?' - એટર્ની જનરલે વળતો પડકાર અને શાબ્દિક પ્રહાર કરતાં પૂછ્યું : માનભેર મૃત્યુ એટલે શું? What is dignified Death? કોણ નક્કી કરશે કે દર્દીએ મરવું જોઈએ કે નહીં? કોને ખબર છે કે સતત થતી રહેતી મેડિકલ સાયન્સની શોધ - પ્રગતિમાં દર્દીને બચાવવાની દવાની પણ શોધ થઈ જાય. જે જાતની જોગવાઈ માંગવામાં આવે છે (મરણ - ઈચ્છાપૂર્તિની) તે જો અપાશે તો દેશના દૂર સુદૂરના ખૂણામાં એવી જોગવાઈના દુરુપયોગની ખબર કોર્ટને કેમ પડવાની? એટર્ની જનરલે યાદ અપાવી કે આપઘાતનો પ્રયાસ ઈન્ડિયન પીનલ કોડ (IPC)ના કાયદાની કલમ-૩૦૯ હેઠળ ક્રિમીનલ ગુનો બને છે. આ ગુનામાં મદદ કરનારા પણ ગુનેગાર બને છે. યુથાનાસીઆ દર્દીને તો ગુનેગાર બનાવશે, સાથે તેમાં સહાયરૂપ થનારા બધા ડૉક્ટરો, નર્સો, પરિવારજનો, સગા-સંબંધીઓ — બધાને પણ અપરાધોમાં મદદ કરનાર અપરાધી બનાવશે. મરવા માટેની દર્દીની ઈચ્છા પણ તેના આપઘાતની તૈયારી શું નથી ઉઘાડી પાડતી? આપઘાતના અપરાધની એ તૈયારી ગણાશે.'

સુપ્રીમ કોર્ટની બંધારણીય બેંચે સરકારના એટર્ની જનરલ રોહતગી અને સોલીસીટર જનરલ રણજીતકુમાર — બંનેની રજૂઆતો સાંભળ્યા બાદ આ વિષય પરત્વે સમગ્ર દેશમાં તેની વિસ્તૃત ચર્ચા વિચારણા કરવાનો આદેશ આપ્યો હતો.

'મંગલ મંદિર'નો આ લેખ સર્વોચ્ચ અદાલતના આદેશ પાલનનો નમ્ર આરંભ છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

## યે આગ બુઝા દો....

બીજા વિશ્વયુદ્ધ પછી વેરાયેલા વિનાશ પછી દુનિયાને શાંતિની કિંમત અને જરૂરિયાત સમજાણી હતી. પણ હવે પેઢી બદલાઈ ગઈ છે. તેમને વારસામાં મળેલી શાંતિનું ખરું મૂલ્ય સમજાતું નથી અને એટલે જ વૈશ્વિક સ્તરે શાંતિને બદલે યુદ્ધને વધારે સમર્થન મળી રહ્યું છે. આજકાલ ઠરેલ અને સમજું નેતાને બદલે આક્રમક કે યુદ્ધખોર નેતા લોકોને વધારે પસંદ આવી રહ્યા છે. આજની નવી પેઢીને યુદ્ધની ભીષણતાનો અંદાજ નથી અને એટલે જ 'પાર્થને કહો ચડાવે બાણ, હવે તો યુદ્ધ એ જ કલ્યાણ'વાળી પંક્તિ જોશભેર ગવાય છે. યુદ્ધથી કદી કોઈનું કલ્યાણ થયું નથી કે થવાનું પણ નથી, પરંતુ આ વાત સામાન્ય લોકોની સમજમાં આવતી નથી. એક સર્વે મુજબ ઈઝરાયેલની બહુમતી પ્રજા અત્યારે યુદ્ધના સમર્થનમાં છે અને એટલે જ ઈઝરાયેલના નેતાઓ અને લશ્કરી વડાઓ બિંદાસ્ત હુમલા કરી રહ્યા છે. કોઈ પણ વિવાદ શાંતિપૂર્વકની મંત્રણાથી ઉકેલી શકાય. યુદ્ધ માત્ર વિનાશ વેરે છે. ■

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● શુક્રવાર, તા. ૧૫-૮-૨૦૧૪ સવારે ૯.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સ્વાતંત્ર્ય દિન – ધ્વજવંદન કાર્યક્રમ ડૉ. દેવાંગ શાહના હસ્તે. |
| ● શુક્રવાર, તા. ૧૫-૮-૨૦૧૪ સવારે ૯.૩૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | બ્લડ ડોનેશન (બ્લડ ડોનેશન સમિતિ અને સંકલ્પ) "વીર-શહીદ-ડ્રેસ" – ફેન્સી ડ્રેસ કોમ્પિટીશન (સંકલ્પ) |
| ● રવિવાર, તા. ૭-૯-૨૦૧૪ સવારે ૧૦.૦૦થી ૧.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | વાર્ષિક સ્નેહમિલન, ક્ષમાપના કાર્યક્રમ તથા સ્વામિવાત્સલ્ય જમણ. |
| ● રવિવાર, તા. ૭-૯-૨૦૧૪ સવારે ૧૦.૦૦થી ૧.૦૦ દરમ્યાન | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | સરસ્વતી સન્માન સમિતિ | ધોરણ-૭ સુધીના છાત્રોને પુરસ્કાર. |
| ● રવિવાર, તા. ૭-૯-૨૦૧૪ સવારે ૧૦.૦૦થી ૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | સંપૂર્ણ બોડી ચેક-અપ માટે (કેન્સર પરીક્ષણ સાથે) એપોઈન્ટમેન્ટની તારીખ લેવાની. |
| ● રવિવાર, તા. ૭-૯-૨૦૧૪ સવારે ૧૦.૩૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | રંગોળી હરીફાઈ |

## જૈન માઈનોરીટીના શૈક્ષણિક લાભો

★ માઈનોરિટી સર્ટિફિકેટ કોઈ પણ એક વરિષ્ઠ મહાજન પાસેથી મેળવી શકાય.

★ દરેક કોલેજમાં માઈનોરિટી ક્વોટા હોવો જરૂરી નથી.

★ ધાર્મિક જૈન માઈનોરિટી કે ભાષાકીય ગુજરાતી માઈનોરિટી ધરાવતી શિક્ષણ સંસ્થામાં ૫૦% બેઠકો (aided) ૫૧% બેઠકો (unaided)માં આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે અનામત હોય છે. અન્ય ધાર્મિક કે ભાષાકીય માઈનોરિટી કોલેજમાં એ ધર્મ કે ભાષાના વિદ્યાર્થીઓની બેઠકો ભરાયા બાદ અન્ય માઈનોરિટીના વિદ્યાર્થીઓને માઇનોરિટી ક્વોટામાં પ્રવેશ માટે મેરીટ પ્રમાણે પ્રાથમિકતા આપવામાં આવે છે.

★ ધોરણ-૧૦થી આગળના અભ્યાસ માટે કેન્દ્ર સરકાર તરફથી 'Post Metric Scholarship' નિયમાનુસાર મળી શકે છે. જેની માહિતી વેબસાઈટ : www.momascholarship.gov.in પરથી મેળવી શકાય.

★ કેન્દ્ર સરકાર તરફથી રૂા. ૨.૫૦ લાખથી ઓછી કૌટુંબિક આવક ધરાવનારા માટે રૂા. ૨.૫૦ લાખ સુધીની શૈક્ષણિક લોન ફક્ત ૩%ના વાર્ષિક દરે મળે છે. વધુ માહિતી વેબસાઈટ : www.mamfdl.org પરથી મેળવી શકાય.

★ રાષ્ટ્રીય સ્તરની ૮૫ શૈક્ષણિક સંસ્થાઓ જેમ કે બધી જ IT અને IIM નો સંપૂર્ણ શૈક્ષણિક ખર્ચ માઈનોરિટી વિદ્યાર્થીને નિયમોને આધીન કેન્દ્ર સરકારના Ministry of Minority Affairs દ્વારા Merit Cum Means Scholarship યોજના હેઠળ આપવામાં આવે છે. વધુ વિગતો www.minorityaffairs.gov.in/scholarship પરથી મેળવી શકાય.

★ વિદેશમાં ભણતા માઈનોરિટીના વિદ્યાર્થીઓને પોસ્ટ ગ્રેજ્યુએશન કે Ph.D. અભ્યાસ માટે રાષ્ટ્રીય બેંકમાંથી લીધેલી લોનના બે વર્ષના વ્યાજની ભરપાઈ કેન્દ્ર સરકાર તરફથી કરવામાં આવે છે. વધુ માહિતી www.minorityaffairs.gov.in/Padho-Pradesh પરથી મેળવી શકાય.

★ વ્યવસાયિક (Skill based Vocational) ટૂંકાગાળાના કોર્સ માટે નિઃશુલ્ક પ્રશિક્ષણ કેન્દ્રો માઈનોરિટી વિદ્યાર્થીઓ માટે નિયમોને આધીન ચલાવવામાં આવે છે.

★ UPSC / MPSC / ITI / JEE / Engineering કે Medical Entrance પરીક્ષાઓના નિઃશુલ્ક પ્રશિક્ષણની સુવિધા Ministry of Minority Affairs દ્વારા કરવામાં આવે છે. વધુ માહિતી વેબસાઈટ : www.minorityaffairs.gov.in/free coaching પરથી મેળવી શકાય.

★ M.Phil. અને Ph.D. ના અભ્યાસક્રમ માટે Ministry of Minority Affairs દ્વારા રૂા. ૧૬,૦૦૦/- સુધીની માસિક સહાય મળે છે. વધુ વિગત વેબસાઈટ www.minorityaffairs.gov.in/schemefellowship પરથી મેળવી શકાય.

★ UPSC / MPSC ની પરીક્ષા પ્રિલીમીનરી લેવલ પાસ કર્યા બાદ ગેઝેટેડ પોસ્ટ માટે રૂા. ૫૦ હજાર અને નોન ગેઝેટેડ પોસ્ટ માટે રૂા. ૨૫ હજાર સુધીની શૈક્ષણિક સહાય નિયમોને આધીન મળે છે. વધુ વિગત માટે www.minorityaffairs.gov.in/scheme prelim પરથી મેળવી શકાય. ■

# જ્યોત સે જ્યોત જગાતે ચલો.... એક દર્દીનું દિલ દિલાવર બને છે....

## શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર માટે

(શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગ, અમદાવાદ. ફોન : ૨૨૮૮૪૫૪૭)

## રૂા. ૩૧,૦૦૦/-નું માતબર દાન

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા સંચાલિત ઉપરોક્ત ડાયાલિસિસ સેન્ટરનું તા. ૨૦-૪-૨૦૧૪ના રોજ ઉદ્‌ઘાટન થયા બાદ નિયમિત રીતે કાર્યરત છે. અને અત્યાર સુધી ૨૫૦થી વધુ ડાયાલિસિસ પ્રક્રિયા થઈ ચૂકી છે. સારવાર લઈ રહેલ દરેક વ્યક્તિઓ દ્વારા ત્યાંની કામગીરીની મુક્તપણે પ્રશંસા કરવામાં આવી રહેલ છે.

★ ઉપરોક્ત ડાયાલિસિસ સારવારનો લાભ કોઈપણ પ્રજાજન લઈ શકે છે.

★ એક વખત ડાયાલિસિસ માટેનો ચાર્જ માત્ર રૂા. ૪૦૦/- છે.

★ ડાયાલિસિસ સેન્ટરમાં સારવાર લઈ રહેલા **શ્રી નટવરલાલ વિઠ્ઠલદાસ પટેલ (હા. શ્રીમતી મણિબેન નટવરલાલ પટેલ) અમદાવાદ** ત્યાંની ઉત્કૃષ્ટ કામગીરીથી પ્રભાવિત થતાં, તેમનું દિલાવર દિલ દ્રવી ઊઠ્યું અને તાજેતરમાં રૂા. ૩૧,૦૦૦/- જેટલી રકમનું માતબર દાન તેઓશ્રીએ ડાયાલિસિસ સેન્ટર માટે આપેલ છે.

## ડાયાલિસિસ માટે અન્ય અનુદાન....

★ તેવી જ રીતે અમદાવાદ સ્થિત શ્રી બાબુભાઈ માકાણી સાથે કચ્છ જિલ્લાના કોટડા - ચકારથી પધારેલા **શ્રી કાનજીભાઈ શામજીભાઈ માકાણી**ને આ સંસ્થા અને ડાયાલિસિસ સેન્ટરની પ્રવૃત્તિઓ ઉત્તમ જણાતાં તેમના તરફથી પણ ડાયાલિસિસ સેન્ટરને રૂા. ૧૦,૦૦૦/-નું અનુદાન આપવામાં આવ્યું છે.

★ રૂા. ૧૧,૦૦૦/- — શ્રી મેઘજી ભાણજી શાહ - મુંબઈ

★ રૂા. ૧૧,૦૦૦/- — શ્રી રમેશચંદ્ર ભાઈલાલ મહેતા - કલીકટ (કેરાલા)

***સર્વે દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર.***

★ પર્વાધિરાજ પર્યુષણ પર્વમાં આરાધના કરવાની સાથે ઉપર મુજબ સેવાકીય કાર્યમાં આર્થિક સહયોગ આપવા સક્ષમ લોકોને ખાસ અનુરોધ છે.

**"વહેતું ધન માનવ ધર્મ સમાન છે."**

**કે. આર. શાહ**

**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

Dhiren Shah - Director
M. : 98795 00916 • E-mail : dhirenshah@favouriteshoes.com
FAVOURITE
Manufacturers & Exporters of Safety Shoes & Casual Shoes
HITSTEEL WAVES ULTIMA voltex Winner
FAVOURITE SAFETY PRODUCTS
J-1915-18/A, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)
Ph. : +91 2646 220690 / 251646 Fax : +91 2646 251030
E-mail : info@favouriteshoes.com Web : www.favouriteshoes.com
FAVOURITE SHOE COMPANY
C-1/B-2007-2006/3, GIDC Indl. Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)

*મહાન આત્માઓની ઈચ્છા શક્તિરૂપ હોય છે જ્યારે દુર્બળ આત્માઓની ઈચ્છા માત્ર ઈચ્છા જ હોય છે.*

'મંગલ મંદિર'નું પ્રતિબિંબ

# પ્રામાણિકતા પરમો ધર્મઃ

*ગુણવંત શાહ*

આજના માણસને પ્રામાણિક બનવા માટે ખાસ પ્રયત્ન કેમ કરવો પડે છે? લંગડાયા વિના ચાલવા માટે શું એને રોજ પ્રેક્ટિસ કરવી પડે છે? તરસ લાગે ત્યારે પાણી પીવાની ટેવ કેળવવા માટે શું તાલીમ જરૂરી બને છે? વખત વીતે પછી ભૂખ લાગે એ માટે એણે શું ફાંફાં મારવા પડે છે? તો પછી હરામના પૈસાથી બચવા માટે એને ધર્મના ઉપદેશની જરૂર શા માટે પડે છે?

જો આ પાંચ પ્રશ્ન પર વિચાર કરવાનું શરૂ થાય તો એક ચમત્કાર સર્જાય તેમ છે. માણસને અપ્રામાણિક બનવામાં ભારે તકલીફ પડશે કારણકે પ્રામાણિકતા સહજ છે, પરંતુ અપ્રામાણિકતા જેવી કૃત્રિમ બાબત બીજી કોઈ નથી.

સમાજ એક અત્યંત સુંદર ઘટના પર ટકેલો છે. એ સુંદર ઘટનાનું નામ છે : લેવડદેવડ. તમારે બારણે લારીવાળો કેરી લઈને આવ્યો. તમે એને રૂપિયા ૯૦ આપ્યા અને એણે દોઢ કિલો કેરી આપી. કોઈપણ જાતના દાબદબાણ વિના થયેલી આવી અસંખ્ય લેવડદેવડ પર દુનિયા ટકેલી છે. લુચ્ચાઈ વિનાની આવી લેવડદેવડ પર ધર્મ ટકેલો છે. એવા ધર્મને કારણે સમાજ ટકેલો છે. દુકાળ પાણીનો હોય છે, ઘાસનો હોય છે, અનાજનો હોય છે અને લાગણીનો પણ હોય છે. સમાજમાં પ્રામાણિકતાનો દુકાળ હોઈ શકે ખરો? જે દુકાળ દેખાય છે એ કૃત્રિમ છે. ઘણાખરા માણસો ઘણાખરા કિસ્સામાં ઘણુંખરું પ્રામાણિક હોય છે. અપ્રામાણિકતા કરતાં દુનિયામાં આજે પણ પ્રામાણિકતાનો કુલ જથ્થો ઘણો મોટો છે અને એથી જ દુનિયા જીવે છે. આ વાતમાં તમને શંકા પડી? તો હવે થોડીક તાકાત એકઠી કરો અને આગળ વાંચો....

■ કચ્છમાં આવેલા ભુજપુર ગામના બાબુજી કલ્યાણજી જાડેજાએ આજથી લગભગ ચાલીસ વર્ષ પહેલાં માત્ર મૌખિક કરારથી પોતાનું પાંચેક એકરનું ખેતર ઝરપરાના નારણ નાથા મંઢાણીને વેચાણે આપ્યું. આજ દિન સુધી રેવન્યુના રેકોર્ડ પર એ જમીન બાબુજી જાડેજાને નામે બોલતી હતી. **આજે એની અંદાજિત કિંમત બજારમાં રૂપિયા ૭૦ લાખ જેટલી ગણાય છે** ત્યારે કોઈપણ જાતની આર્થિક અપેક્ષા વિના એ જમીનનો દસ્તાવેજ નારણ નાથાને કરી આપ્યો. બોલો! આવી સાવ સહજ પ્રામાણિકતાના પાઠ બાબુજી જાડેજાને કોણે ભણાવ્યા? પ્રામાણિકતા માટે શું બાબુજીએ કોઈ ધર્મગુરુ પાસે ઉપદેશ લીધો ખરો?

■ માડણ સામત શાખરા અને ગાભા મુરજી બાટી - બંને રહેવાસી ઝરપરા ગામના. બંને વચ્ચે આજથી ચાલીસ વર્ષ પહેલાં મૌખિક કરારથી એક વાડીનો સોદો કરવામાં આવેલો. ત્યારબાદ એ બંનેનું મૃત્યુ થયું. અંદાજિત ૩.૫ એકરની વાડીની **આજની કિંમત રૂપિયા દોઢ કરોડ જેટલી થાય.** આ વાડી મૌખિક કરારથી વેચનારા સદ્‌ગત સામત શાખરાના સુપુત્ર દેવરાજભાઈએ જમીન ખરીદનારા સદ્‌ગત મુરજી બાટીના દીકરા વીરમ બાટીના નામે કોઈપણ જાતની આર્થિક અપેક્ષા વિના દસ્તાવેજ કરી આપ્યા. આવી લેવડદેવડ જે સ્થળે થઈ એ સ્થળ તીર્થસ્થાન અને જે ક્ષણે થઈ એ ક્ષણ તીર્થક્ષણ!

■ બિદડા ગામના મુસ્લિમ આમદ અબ્દુલ્લા વર્યા પાસે એ જ ગામના ડુંગરશી ચાંપશી શાહ તથા શાંતિલાલ ભાણજીભાઈનાં મકાનો, વાડાઓ, પ્લોટ્સ વગેરેનો કબજો હતો અને ભોગવટો હતો. **થોડાક સમય પર કોઈ પણ જાતના હિચકિચાટ વિના અને એક પણ પાઈની અપેક્ષા વિના સામેથી મૂળ માલિકને બોલાવીને લગભગ રૂપિયા દોઢ કરોડની મિલકત સુપરત કરી દેવામાં આવી.** આવી પ્રામાણિકતા બતાવનારા આમદ અબ્દુલ્લાને ખુદા તરફથી કેટલી શાબાશી મળી હશે? એ શાબાશી અદશ્ય હતી અને બરકત હતી એનું મૌન કેટલું અમૂલ્ય? અરબી શબ્દ બરકત ઈસ્લામની ભેટ છે.

**કચ્છ અને કચ્છીયતના આવાં તો કુલ ૧૭ ઊજળાં ઉદાહરણ લેખક અશોક મહેતાએ કચ્છી જૈન સેવા સમાજના મુખપત્ર 'મંગલ મંદિર' સામયિક (જૂન ૨૦૧૪)માં પ્રગટ કર્યાં છે.** ભ્રષ્ટાચારને રોકવા હવે નવું સૂત્ર પ્રચલિત કરવું પડશે : 'પ્રામાણિકતા પરમો ધર્મઃ' આવી બધી વાતો વાંચીને એવો ભાવ થયો કે જાણે હું ભગવદ્ ગીતા, કુરાન, બાઈબલ, ધમ્મપદ અને સમણસુત્તં જેવા પવિત્ર ગ્રંથ એકસાથે વાંચી રહ્યો છું!

ક્યારેક કોઈ તમને છેતરી જાય ત્યારે એટલું વિચારવું પડે કે એ એક છેતરપિંડીની સામે તમને સ્વચ્છ વ્યવહાર રાખનારા કેટલા બધા મનુષ્ય મળ્યા? તમારા ઘરમાં સોનાના અછોડાની ચોરી થઈ. ઘરના સૌને કામવાળી પર વહેમ ગયો. કામવાળીએ વારંવાર પોતાની નિર્દોષતા જાહેર કરી તોય કોઈને વિશ્વાસ ન બેઠો. છેવટે સોનાનો અછોડો બીજા કબાટના ચોરખાનામાંથી મળી આવ્યો! ઘરના લોકોએ એ નિર્દોષ કામવાળીની ક્ષમા માગી ખરી? **જો પરિવાર ખાનદાન હોય તો એણે સોનાનો એ અછોડો પવિત્ર કામવાળીને હઠપૂર્વક આપી દેવો જોઈએ.**

છે હિંમત?!

***(ચિત્રલેખા, તા. ૧૪-૭-૨૦૧૪)***

*માણસની ઈચ્છાઓમાંથી જો અડધી પણ પૂરી થઈ જાય તો એની મુસીબતો બેવડી થઈ જાય.*

ધર્મ દર્શન

# ક્ષમાપનાથી સર્જીએ નવું પ્રભાત

• પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ •

પર્વાધિરાજ પર્યુષણની સાધનાનો સરવાળો છે મિચ્છામિ દુક્કડમ્. સાચી ક્ષમાપના એ ધર્મ અનુષ્ઠાનનો માપદંડ છે. ધર્મના અનુષ્ઠાન કેટલે અંશે આત્મસાત્ થાય છે તેનો તાળો ક્ષમા પરથી મળી શકે, ક્ષમાવૃત્તિના વિકાસ પરથી મળી શકે. ક્ષમા ધર્મ ભાવનાનું બેરોમીટર છે. ક્ષમા ન હોય તો બધાં વ્રત, જપ, તપ, ધ્યાન, અનુષ્ઠાન સફળ થતાં નથી. આ ક્ષમા તે આત્માનો ગુણ છે જે ક્રોધ અને કષાયથી વિકૃત થાય છે. જેમ પાણી સ્વભાવે શીતળ છે પણ અગ્નિનો સંયોગ થતાં ઉષ્ણ થાય છે. આમ ઉષ્ણતા એ જળનો સ્વભાવ નથી પરંતુ એનો વિભાવ છે. અગ્નિનો સંપર્ક દૂર થતાં જ એ જળ પોતાની સ્વાભાવિક શીતળતા પ્રાપ્ત કરી લેશે. પાણીમાં શીતળતા માટે કોઈ અન્ય સાધનની જરૂર પડતી નથી કારણકે એ એનો સ્વાભાવિક ગુણ છે. એ જ રીતે ક્ષમા આત્માનો સ્થાયી ગુણ છે. એને માટે અન્ય કોઈ બાહ્ય સામગ્રીની જરૂર નથી. પણ પાણીમાં જેમ ઉષ્ણતા આવે છે એ રીતે આત્માનો સ્વાભાવિક ગુણ ક્ષમા ક્રોધ - કષાયના ઉદયથી વિકૃત થઈ જાય છે પણ એ વિકૃતિ સ્વાભાવિક હોતી નથી. અગ્નિના સંપર્કના અભાવમાં ઉષ્ણતા શાંત થઈ જાય છે, એ જ રીતે ક્રોધ, કષાયના અભાવમાં વિકાર શાંત થઈ જાય છે.

જ્યારે જીવ પોતાના નિજભાવ રૂપમાં પરિણમે છે ત્યારે સુખી થાય છે. કારણકે સુખ એના આત્મસ્વભાવથી પ્રાપ્ત થાય છે. પોતાના સ્વભાવમાંથી ડગી જઈને પરભાવ અથવા વિભાવને પ્રાપ્ત કરે છે ત્યારે એ દુઃખી થાય છે. આમ ક્રોધભાવ એ આત્માનો સ્વભાવ નથી પરંતુ અન્ય પદાર્થના સંયોગથી ઉત્પન્ન થયેલો વિભાવ છે અને તેથી જ એ આત્માને અહિતકર છે. આમ ક્રોધ જેવી કોઈ હાનિકારક વસ્તુ નથી અને ક્ષમા જેવી કોઈ ગુણકારક બાબત નથી. ક્રોધ માત્ર આલોકમાં જ નહીં, પરલોકમાં પણ દુર્ગતિ અપાવે છે. આથી જ ક્ષમા વિશે કહ્યું છે –

*ઉત્તમ ખમ તિલ્લોયહ સાહી,*
*ઉત્તમ ખમ જમ્મોદહિતારી,*
*ઉત્તમ ખમ રયણત્તય ધારી,*
*ઉત્તમ ખમ દુગ્ગઈદુહહારી.*

(ઉત્તમ ક્ષમા ત્રણે લોકમાં સારરૂપ છે. જન્મમરણરૂપ સંસાર સમુદ્રને તારનારી છે. રત્નત્રયને પ્રાપ્ત કરાવનારી છે તથા દુર્ગતિને હરણ કરનારી છે.)

આવી ઉત્તમ ક્ષમાનું ઉદાહરણ ભગવાન મહાવીર સ્વામીનું જીવન છે. એમના જીવનમાં અનેક ઉપસર્ગો આવ્યા પરંતુ એ બધાને ભગવાને ધૈર્યથી સહન કર્યા. ભગવાન મહાવીરની મોટાઈ દેવરાજ ઇંદ્ર પણ ગાતા હતા ત્યારે સંગમ નામના એક દેવને દેવોની અસ્મિતાનો ગર્વ ચઢ્યો. એણે ભગવાન મહાવીરની કસોટી કરવાનું નક્કી કર્યું. આ સમયે ભગવાન દઢભૂમિ નામના પ્રદેશના પેઢાલ ગામની બહાર પૌલાશ ચૈત્યમાં વ્રત લઈને ધ્યાનમગ્ન હતા. એમનું ધ્યાન પણ અનોખું હતું. સૂકા પદાર્થ પર પાંપણ માર્યા વગર આંખ સ્થિર કરીને તપ કરવાનું. સંગમદેવે ડગ ભર્યાં. પૃથ્વી અને આકાશ ગાજી ઊઠ્યાં. એ મનમાં ગર્વ ધારતો કે ઇંદ્રરાજે રાઈનો પહાડ કર્યો છે. હું પહાડની રાઈ કરીશ. સંગમદેવે મહાવીરની પાસે આવીને પોતાની બાજી અજમાવવા માંડી. એક પછી એક દાવ ખેલવા લાગ્યો. દેવની લીલા આગળ માનવીને પંગુ સાબિત કરવા માગતો હતો.

એકાએક ઘનઘોર રાત થઈ. ભૂત ભેંકાર રડતાં હોય અને પિશાચો ખાવા માટે ધસમસતા હોય એવું વાતાવરણ ખડું થયું. પણ મહાવીરને આ ભયાનક અવાજો કશું ન કરી શક્યા. આંખો ઉઘાડી રાખીને ધ્યાન કરતા હતા. એ આંખમાં એક વંટોળિયો આવીને સૂંડલો ધૂળ નાખી ગયો. પણ આંખને અને મહાવીરને તે શી નિસ્બત? કારણકે દેહ અને આત્મા જુદા હતા! આત્મવાનને પાછો પાડવા માટે સોય જેવી તીવ્ર વેદના કરતી કીડીઓ અને ઝેરી સૂંઢોવાળા ડાંસ આવ્યા. માનવીને કોરીને ચારણી જેવો કરી નાખે તેવી ઝીમેલો આવી. વેદના એવી હતી કે હાથી પછાડ ખાઈને મૃત્યુ પામે. પણ આ તપસ્વી સહેજે હાલેચાલે નહીં. એના મુખમાંથી ઊંહકારો પણ ન નીકળે. આમ એક બાજુ દુષ્ટ દુષ્ટતામાં પાછો ન પડે તો બીજી બાજુ સાધુ સાધુતામાં સહેજે ન ચળે. એવામાં પત્ની યશોદા અને પુત્રી પ્રિયદર્શના વિલાપ કરતાં આવ્યા. ભર્તૃહરિ જેવા વૈરાગી રાજાનું હૈયું કોઈથી પીગળ્યું ન હતું ત્યારે પુત્રીવિલાપથી પીગળી ગયું હતું. પરંતુ મહાવીરને તો કશું સ્પર્શે તેમ ન હતું. સંસારમાં જેને કોઈ ન હરાવી શકે એને કામ હરાવી શકે. ત્યાં ઉંમર ન જોવાય, ત્યાં શક્તિ ન પ્રીછાય, સમય ન પરખાય. વસંતની ઋતુમાં નાચતી-ગાતી સુંદરીઓ આ તપસ્વી પાસે આવી પરંતુ એના તો રૂંવાડામાંય કંપ કેવો?

TAN MAN ADVT

સંગમ આટલી બાજી હાર્યો. બધાં સોગઠાં પાછાં પડ્યાં. હવે એને એટલી ઈચ્છા રહી કે મહાવીર મનની વેદના કે તનના દુઃખથી વ્યાકુળ થઈને એક વાર દેવની મદદ યાચે! દેવની મહત્તા માનવી સ્વીકારે એટલે બસ વાહ વાહ! ઊજળે મોઢે દેવભૂમિમાં પ્રવેશ તો થાય!

મહાવીરના બે પગ વચ્ચે ચૂલો બનાવી રસોઈયાએ અન્ન રાંધવા અગ્નિ પેટાવ્યો! થડના જેવા અડોલ દેહ પર પારધીએ પાંજરાં લટકાવ્યાં. ભૂખ્યાં પંખી ચાંચ મારી-મારીને દેહમાંથી માંસ ઠોલવા લાગ્યા.

તાકડે એક ચોર પકડાયો. એણે કહ્યું : "હું નિર્દોષ છું. હું તો માત્ર મારા ગુરુની આજ્ઞાને અનુસર્યો છું. ચાલો, મારા મહાગુરુ બતાવું."

ચોર સિપાઈઓને લઈને મહાવીર તપ કરતા હતા ત્યાં લાવ્યો. પેલો 'ચેલો' તો છૂટી ગયો. સિપાઈઓએ તો પશુની જેમ મારવા લીધા મહાવીરને! પણ બોલવું કેવું? મદદ યાચવી કેવી?

આ તો દેણું દેવાય છે! શું માનવ કે શું દેહ - સહુ કર્મરજ્જુથી બંધાયેલા છે. એ રજ્જુ આજ તૂટે છે આ રીતે! મહાવીર રાજની શૂળીએથી છૂટ્યા પણ એ તો ખરી રીતે બંધન કાપી રહ્યા હતા.

છ-છ મહિના વીતી ગયા. ઉચિત ભિક્ષાન્ન મળ્યું ન હતું. પણ નમે તો એ મહાવીર નહીં! આત્માની અગ્નિ પરીક્ષામાં આખરે કાંચન શુધ્ધ નીવડ્યું!

આખરે સંગમદેવ મહાવીરના પગમાં પડ્યો. એમના આત્મવિજય આગળ આ દેવનું ગુમાન હારી ગયું. એમની સહનશીલતા સામે સંગમની બધી યાતનાઓ મીણની માફક ઓગળી ગઈ. ભગવાન મહાવીરે છ-છ મહિના સુધી અનેક રીતે હેરાન - પરેશાન કરનાર સંગમને ક્ષમા આપી. ક્ષમાના આ ભાવને જૈનશાસ્ત્ર આ રીતે સાકાર કરે છે —

*જહિં આકોસણવયણ સહિજ્જઈ,*
*જહિં પરદોસ ણ જણિ ભાસિજ્જઈ,*
*જહિં ચેયણગુણ ચિત્ત ધરિજ્જઈ,*
*તહિં ઉત્તમ ખમ જિણેં કહિજ્જઈ.*

(જે માનવીઓ દુર્જનોના આક્રોશ વચન માટે બીજાને દોષ આપવાને બદલે પોતાનાં પૂર્વોપાર્જિત કર્મોનું ફળ છે એ માનીને સહન કરે છે તથા પોતાના ચૈતન્ય ગુણોનો અનુભવ કરે છે તે આત્માનુભૂતિમાં લીન થઈ જાય છે અને એને જ જિનેશ્વર ભગવાન ઉત્તમ ક્ષમા કહે છે.)

પર્વાધિરાજ પર્યુષણની સાધના કરીને ક્ષમારૂપી અમૃતનો આપણા જીવનમાં અનુભવ કરીએ. વર્ષભર જાણતાં કે અજાણતાં થયેલાં વેરવિરોધને મિથ્યા કરીએ અને સઘળાં વિવાદો અને વિખવાદોને ભૂલીને ક્ષમાપનાથી આપણા મનમાં અને આત્મામાં એક નવું પ્રભાત સર્જીએ.

*૧૩/બી, ચંદ્રનગર સોસાયટી,*
*જયભિખ્ખુ માર્ગ, પાલડી,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૭.*
*ફોન : (૦૭૯) ૨૬૬૦૨૬૭૫*

**અમારા માદરે વતનના ભાઈ - બહેનો - વડીલો સર્વેનો ખૂબ ખૂબ આભાર....**

જય અહિંસા સાથે જણાવવાનું કે અમારા પરિવારના તેમજ ગીતાબેન રાંભિયા ટ્રસ્ટના સંચાલક ગૌરક્ષક **બચુભાઈ રાંભિયા**ની તબિયત અચાનક નાજુક થઈ ગયેલ. આવા કપરા સમયમાં આપ સૌએ અમારા પરિવારને પોતાના સમજી, આશ્વાસન આપી, અમારા દુઃખમાં સહભાગી બની ગૌરક્ષક બચુભાઈ રાંભિયા જલદીથી સ્વસ્થ થઈ જાય તે માટેની આપ સૌએ પ્રભુને કરેલી પ્રાર્થના સાર્થક થયેલ છે.

અને હવે ફરીથી ગૌરક્ષક બચુભાઈ રાંભિયા નવી હિંમત અને શક્તિ સાથે પોતાના કાર્યો કરવા સક્ષમ થયેલ છે.

ગૌરક્ષક બચુભાઈ રાંભિયાને જલ્દીથી સ્વસ્થ કરવામાં ડૉ. ધીરેન શાહ (રામાણિયાવાળા)નો સિંહફાળો છે તથા કાંતિલાલ રામજી શાહ (કે.આર.) (રામાણિયાવાળા) તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તેમજ ગીતા સેનાના હજારો કાર્યકર્તાઓની પ્રાર્થના સફળ થયેલ છે.

આવા નાજુક સમયમાં અમારા પરિવારના આપ સૌએ જે સાથ-સહકાર, સાંત્વના, આશ્વાસન આપ્યા તે બદલ અમારો પરિવાર આપ સૌનો ખૂબ ખૂબ આભારી છે અને સદાય ઋણી રહેશે.

**આપ સૌનો આભારી**
**ચૈતન્ય બચુભાઈ રાંભિયા**
**માતુશ્રી લક્ષ્મીબેન પોપટલાલ રાંભિયા પરિવાર**
**ગૌરક્ષક ગીતાબેન રાંભિયા પરિવાર - અમદાવાદ**

*(બચુભાઈ રાંભિયા : મો. ૯૨૨૭૨ ૧૩૩૫૧)*

# જૈન ધર્મ... પર્યુષણ... સંવત્સરી... તેનો મર્મ

• દિનેશ આર. મહેતા •

જૈન ધર્મ અથવા જૈનત્વ ભારતમાં ઉદ્‌ભવેલો અને પાળવામાં આવતો એક ધર્મ છે. જે મૂળ અહિંસાના માર્ગ પર ચાલવાનું જ્ઞાન આપે છે. જૈન ધર્મના અનુયાયીઓ શ્રાવક તરીકે ઓળખાય છે. આ ધર્મના શાસન સ્થાપક ભગવાન મહાવીર સ્વામી ૨૪મા તીર્થંકર તરીકે પૂજાય છે. પ્રથમ તીર્થંકર તરીકે આદિશ્વર ભગવાનની ગણના થાય છે. ૨૬૦૦થી વધુ વર્ષ પહેલાં જન્મેલા ભગવાન મહાવીર અહિંસાના મહાન પ્રતીક હતા. તેમનું ભૌતિક નામ વર્ધમાન હતું.

જૈન ધર્મનો મર્મ પર્યુષણ પર્વમાં સમાયેલો છે. **પુણ્યનું પોષણ એટલે પર્યુષણ અને પર્યુષણનો પ્રાણ એટલે ક્ષમાપના.** પર્યુષણ પર્વ એ કોઈ લૌકિક પર્વ નથી પરંતુ મહાન આધ્યાત્મિક પર્વ છે. આ પર્વમાં સંવત્સરીનું મહત્ત્વ અનેકગણું છે. આ આધ્યાત્મિક તહેવારમાં જપ, તપ, ભક્તિ, ધ્યાનથી ઈન્દ્રિયો અને મનને શાંત બનાવવાની તેમજ શુધ્ધ અને પવિત્ર બનાવવા અર્થે જરૂરી સાધના કરવાની હોય છે. ચાતુર્માસ દરમ્યાન આ મહાપર્વ આવતું હોય છે. શ્રાવણ વદ બારસથી ભાદરવા સુદ ચોથ – આઠ દિવસની આરાધનાનું મહાપર્વ છે. જેમાં મનમાં રહેલા દ્વેષ, ઈર્ષ્યા, ક્રોધ, કષાયો, અહંભાવ, વિકાર વગેરેને દૂર કરવાના હોય છે. ફક્ત બે કે ચાર દિવસ માટે નહીં પરંતુ કાયમ માટે તે પ્રક્રિયા જાળવવાની હોય છે. પર્વ દરમ્યાન દર્શન, પૂજન, વંદન, ભક્તિ, વ્યાખ્યાન શ્રવણ જેવી ક્રિયાઓ અવશ્ય કરવી જોઈએ. શક્તિ પ્રમાણે ભક્તિ, એકટાણા, આયંબીલ, અઠ્ઠમ, અઠ્ઠાઈ, માસક્ષમણ જેવી ઉગ્ર તપશ્ચર્યાઓ પણ થાય છે. ધર્મના રંગે રંગાઈને બાળકો અને યુવાવર્ગ ઉપરોક્ત ક્ષેત્રમાં આગળ વધતા જોવા મળે છે. જૈન ધર્મ એ હિંદુ ધર્મ સાથે વિશેષ સામ્ય ધરાવે છે. જૈન ધર્મના નિયમોને માની, તેનું પાલન કરનારી વ્યક્તિઓને શ્રાવક અને શ્રાવિકા કહે છે. તેમના માટે જૈન ધર્મમાં છ આવશ્યક ક્રિયાઓ બતાવી છે.

સામાન્ય માણસનું જીવન અર્થ અને કામરૂપી પુરુષાર્થમાં વ્યતીત થતું હોય છે. આ પ્રકારની વ્યક્તિ આખા વર્ષમાં ૮ દિવસ ધર્મની આરાધના કરે તે હેતુથી પર્યુષણ પર્વનું આયોજન થયું હોય તે સ્વાભાવિક છે. **ચારે તરફથી આત્માની સમીપ રહેવાનું પર્વ એટલે પર્યુષણ તેમ કહી શકાય.** કુલ ૮ દિવસ ઉજવાતા આ મહાપર્વનો અંતિમ દિન એટલે સંવત્સરી. વર્ષ દરમ્યાન મન - વચન - કાયાથી કોઈપણ જીવને દુભાવ્યા હોય તો અંતઃકરણપૂર્વક ક્ષમા માગવામાં તથા ક્ષમા આપવામાં આવે છે. **'મિચ્છામિ દુક્કડમ્'** – મારા દુષ્કૃત્યો મિથ્યા થાઓ, મારા તેવા કૃત્યોની ક્ષમા યાચું છું. આ રીતે ક્ષમા એ વીરોનું ભૂષણ છે. આત્માના દૂષણોને ટાળે છે. ક્રોધના કારણે વર્ષોથી જાળવી રાખેલા સંબંધોનો નાશ થાય છે. તે સામે સાચી ક્ષમાપના દ્વારા અંતરશુધ્ધિનો સાચો પ્રયાસ એટલે પર્યુષણ પર્વ.

- **સંવત્સરી :**

મનુષ્ય દ્વારા જીવનમાં આખું વર્ષ વિવિધ પ્રવૃત્તિઓ ચાલતી હોય છે. જે મોટાભાગે પાપ તરફ લઈ જનાર હોય છે. એવી કોઈ જ વાત, પ્રવૃત્તિ નથી જેમાં પાપ થતું ન હોય. અથવા તો જેમાં માત્ર પુણ્ય અથવા ધર્મ હોય! એનો અર્થ એ થયો કે મનુષ્ય મન કષાયોથી ઘેરાયેલું છે. બાર માસનું સરવૈયું કરીએ તો ખ્યાલ આવશે કે, કિન્નાખોરી, અદેખાઈ, ક્રોધ, અહંકાર, વેરઝેર જેવા તત્ત્વોનો ઢગલો જોવા મળશે. મનુષ્ય પ્રામાણિક હશે તો આ વસ્તુ સ્પષ્ટ રીતે જોવા મળશે. ધર્મ આરાધનાના પ્રવાહમાં તેનું વિસર્જન કરી શકાય. વિસર્જન કરવાનો મહાન અવસર એટલે પર્વાધિરાજ પર્યુષણ અને સંવત્સરી મહાપર્વ. ક્રોધ, રાગ, દ્વેષ, લોભ, માયા, ઈર્ષ્યા, અહં જેવા અનેક તત્ત્વોનો નાશ કરવા માટે એ પવિત્ર પર્વ છે. **રાગદ્વેષથી બચવું એ જ ખરી ધર્મ આરાધના છે.** ક્ષમા વીરોનું ભૂષણ ગણાય છે અને તે આત્માના દૂષણને દૂર કરે છે. ક્ષમાપના માટે જૈન ધર્મમાં અનોખો શબ્દ પ્રયોગ છે... 'મિચ્છા મિ દુક્કડમ્.' વિશ્વમાં અન્ય કોઈપણ ધર્મ અથવા ભાષામાં આવો શબ્દપ્રયોગ નથી. એટલું જ નહીં પરંતુ આ પ્રકારની સમજના દર્શન પણ થતા નથી. તે શબ્દ પ્રયોગનો અર્થ જોઈએ તો... 'મેં ભૂલો કરી છે તેનો એકરાર, ભૂલોનો પશ્ચાતાપ અને એવી ભૂલો ફરીથી નહીં કરાય તેવો નિર્ધાર.' આજકાલની આપણી ક્ષમાપના ટેલિફોન, એસ.એમ.એસ., ઓનલાઈન થઈ ગયેલ છે. મતલબ ઔપચારિક સ્વરૂપે જણાય છે. ક્ષમાપના મન અને હૃદયની લાગણી, ભાવથી કેટલા અંશે હોય છે? તેવી ઔપચારિકતા પણ આપણા પરિવારજનો, સગા-સંબંધીઓ સુધી જ હોય છે. ખરેખર જેમની સાથે દુશ્મનાવટ છે, જેમની સાથે ઝઘડો કર્યો છે અથવા તો ગંભીરપણે મનદુઃખ થયું છે, તેવી વ્યક્તિઓની આપણે ક્ષમા યાચના કરતા જ નથી. તો પછી સંવત્સરી ક્ષમાપનાનો અર્થ શું?

ખરી પરિસ્થિતિ તપાસીએ તો જણાશે કે **આજના સમયમાં વ્યક્તિમાં સહનશીલતા જ રહી નથી. તે કારણે કોઈની ભૂલ તેનાથી સહન થતી નથી.** એટલે તેવી વ્યક્તિ કોઈની ક્ષમા માંગી કે બક્ષી શકતો નથી. જ્યાં સુધી વ્યક્તિ આ પ્રકારની ક્રિયા શુધ્ધ ભાવથી કરતો નથી ત્યાં સુધી તે સાચો આરાધક બનતો નથી.

*શારીરિક ક્ષમતાથી બળ પ્રાપ્ત થતું નથી. તે તો અદમ્ય ઈચ્છાશક્તિથી જ મળે છે.*

• **ધર્મ ઉપદેશ :**

ભગવાન મહાવીરે ત્રીસ વર્ષની ઉંમરે જ્ઞાન પ્રાપ્તિ માટે સંસાર છોડ્યો. પત્ની યશોદાની સંમતિથી સંસારનો ત્યાગ કર્યો. આ પ્રસંગ મહાભિનિષ્ક્રમણ તરીકે જાણીતો છે. તેમણે સાલ વૃક્ષની નીચે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. ભગવાન મહાવીર કહે છે, **બધા જ જીવ સાથે સંયમથી વ્યવહાર કરવો, જે અહિંસા છે. સંયમ વિનાનું તપ નકામું છે.** પરિગ્રહના કારણે લોકો જીવહિંસા કરે છે.

ભગવાન મહાવીર સ્વામીનો પરિવાર : પિતાશ્રીના ત્રણ નામ (૧) સિધ્ધાર્થ, (૨) શ્રેયાંસ, (૩) યશસ્વી. માતુશ્રીના ત્રણ નામ : (૧) ત્રિશલા, (૨) વિદેહ દિન્ના, (૩) પ્રીતિ કારિણી. કાકા : સુપાર્શ્વ, મોટાભાઈ : નંદીવર્ધન, પત્ની : યશોદા, પુત્રી : પ્રિયદર્શના, બહેન : સુદર્શના, જમાઈ : જમાલી.

જૈન ધર્મના જે સિધ્ધાંતો છે તે શાશ્વત છે, અપરિવર્તનીય છે. જૈન ધર્મના મૂળ ગ્રંથોને સૂત્ર અથવા આગમ કહેવાય છે. જૈન સાહિત્યમાં વિવિધ વિષયોને લગતા હજારો ગ્રંથો આજ સુધીમાં રચાયા છે. પરંતુ એ બધામાં આત્મજ્ઞાન અને વિશ્વ વિજ્ઞાનના ખજાના જેવા ૪૫ આગમ ગ્રંથોનું મહત્ત્વ વિશેષ છે.

એક નજર... જેમ આગમ પરત્વે મતભેદ નથી તેમ તિથિ અને તીર્થના મતભેદ મિટાવીને જિન શાસનના એક જ ધ્વજ નીચે દરેક ગ્રુપ - ફિરકા આવે તો ભગવાન મહાવીરની નિષ્ઠાપૂર્વકની ભક્તિ કરી ગણાશે.

*૩૦૨, મર્લિન અર્હમ્, નારાયણનગર રોડ,*
*પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.*
*મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮*

## માત્ર પ્રેમ અને કરુણાવાળા દેવ-દેવીઓની જરૂર છે

આપણા દેશમાં વર્ષના ૩૬૫ દિવસ ક્યાંક ને ક્યાંક, કોઈને કોઈ જગ્યાએ સ્ત્રીઓની જાતીય સતામણી અને દુષ્કૃત્ય થતા જ રહે છે.

અને આપણા દેશમાં સંખ્યાબંધ દેવીઓ, જગદંબા માતાજીઓ પૂજાય છે. આ તમામ માતાજીઓને આપણે શક્તિ સ્વરૂપ ગણીને પૂજીએ છીએ.

અત્યાર સુધીમાં આપણા દેશમાં સેંકડો અથવા તેથી વધારે સ્ત્રીઓ ઉપર જાતીય સતામણી થઈ છે. પરંતુ એકેય જગદંબા માતાજીએ એકપણ સ્ત્રીને દુષ્કૃત્યથી બચાવી હોય એવો એક પણ દાખલો જાણવા મળ્યો નથી. સ્ત્રીઓની રક્ષા કરવી શું એ માતાજીઓની ફરજ નથી? તેમનો ધર્મ નથી?

આપણે માતાજીઓને બે ની જગ્યાએ આઠ હાથ આપ્યા. દરેક હાથમાં ચમત્કારિક શસ્ત્રો આપ્યા, સવારી માટે વાઘ-સિંહ આપ્યા. આથી વધારે માતાજીને શું જોઈએ? આટલું આપ્યા પછી પણ એકેય માતાજી પોતાની ફરજ બજાવતા નથી.

જગતના આપણા દેશ સિવાયના બીજા દેશોની સ્ત્રીઓને મદદ કરવાની આપણી માતાજીઓની કદાચ ફરજ નથી કારણકે કોઈ દેશ આપણી માતાજીઓને સ્વીકારતો નથી.

પરંતુ આપણા દેશની સ્ત્રીઓનું શું? તેઓ તો અત્યંત ભક્તિભાવપૂર્વક માતાજીઓને ભજે છે. શું એ જરૂરી નથી કે જો માતાજીઓ પોતાની ફરજ ન બજાવતી હોય તો તેમને સૌને તાત્કાલિક જ રજા આપી દેવી જોઈએ?

કાં તો કામ કરો, ફરજ પાલન કરો, અથવા ચાલતી પકડો, નોકરીમાંથી રજા.

નવાઈની વાત છે કે હવે તો જૈનોમાં પણ દેવી પૂજા દાખલ થઈ ચૂકી છે. પાર્શ્વનાથ અને મહાવીરના સમયમાં જૈનોમાં દેવીપૂજા હતી જ નહીં. તે પાછળથી અન્યોના અનુકરણથી આવી છે.

મને દેવીઓની પૂજા સામે બહુ વાંધો નથી પણ દેવીઓ કશું જ કામ ન કરે અને માત્ર ખાય, પીએ અને મજા કરે તે કબૂલ નથી.

આ લખાણ વાંચીને ઘણા લોકો મને પાગલ ગણીને માનસિક રોગના ડૉક્ટર પાસે જવાની સલાહ આપશે. મને એ જોખમ મંજૂર છે.

જૈનો તો નિરીશ્વરવાદી છે. તેમને તો ઈશ્વરની પણ જરૂર નથી. તો પછી તેઓને દેવી-દેવતાઓની જરૂર કેવી રીતે પડી?

અવારનવાર અખબારોમાં વાંચવા મળે છે કે કોઈ કુટુંબના સભ્યો ગાડી લઈને કોઈ દેવ-દેવીના સ્થાનકે જાય છે ત્યારે જતી વખતે અથવા દર્શન કરીને વળતી વખતે તેમની ગાડીને અકસ્માત નડે છે અને કુટુંબના ૨-૫ સભ્યો મૃત્યુ પામે છે અને ૫-૭ સભ્યો ઘાયલ થાય છે. ત્યારે મનમાં સવાલ થાય છે કે જે દેવ-દેવીના દર્શને લોકો ગયા તેમને બચાવવાની તે દેવ કે દેવીની ફરજ નથી? દેવ-દેવીઓ પોતાની ફરજ કેમ બજાવતા નથી?

અસલમાં આપણે જ એ બધાને અતિ લાડ લડાવીને બગાડ્યા છે. આપણે જો તેમને કામ ન કરવા બદલ કાઢી મૂકીએ તો દુનિયામાં બીજું કોઈ તેમને મફતના ભાવે પણ લેવા તૈયાર ન થાય. વાંક આપણો જ છે. દેવીઓ - માતાજીઓની જેમ દેવો પણ કશું જ કરતા નથી અને ફોગટમાં પૂજાય છે.

દુનિયાના અન્ય ઘણા ધર્મોએ તમામ દેવી - દેવતાઓને નકામા સમજીને કાઢી મૂક્યા છે. તે જ રીતે આપણે પણ હવે તે બધા મફતિયા દેવી - દેવતાઓને કાઢી મૂકીએ તો?

આપણને એવા દેવી કે દેવની જરૂર છે જેનામાં પ્રેમ અને કરુણા હોય અને જેઓ દિવસ અને રાત માનવજાતની સેવા કરતા હોય.

જે કોઈની સેવા કરતા નથી એવા દેવ કે દેવી આપણા શા કામના?

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

*આપણે જે વસ્તુની અંતઃકરણથી ઈચ્છા કરીએ છીએ તેનાથી જ કર્મની ઉત્પત્તિ થાય છે.*

# શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર - કોબાનો ઇતિહાસ

• કાનજી જે. મહેશ્વરી "રીખિયો" •

જૈન ધર્મ અને સંસ્કૃતિનું મુખ્ય કેન્દ્ર ગુજરાતમાં શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર આધ્યાત્મિક વાતાવરણનો અનુભવ કરાવે છે. આ કેન્દ્ર ગાંધીનગરથી ૧૦ કિ.મી. અને અમદાવાદથી ૧૫ કિ.મી.ના અંતરે અમદાવાદ - ગાંધીનગર રાજમાર્ગ ઉપર આવેલું છે. સાબરમતી નદીની સમીપે સુંદર ઘટાદાર વૃક્ષોથી ઘેરાયેલું આ ધાર્મિક કેન્દ્ર પ્રાકૃતિક - શાંતિપૂર્ણ ધાર્મિક ભાવના જગાડનાર અતિ આકર્ષક છે. આ કેન્દ્રના ભૂમિદાતા અમદાવાદના શ્રેષ્ઠીવર્ય શેઠશ્રી રસિકલાલ અચરતલાલ શાહ છે.

પૂજ્ય ગચ્છાધિપતિ મહાન જૈનાચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિશ્વરજી મ.સા.ના પ્રશિષ્ય રાષ્ટ્રસંત, યુગદષ્ટા, શ્રુતોધ્ધારક આચાર્યશ્રી પદ્મસાગર સૂરિશ્વરજી મ.સા.ના શુભાશિર્વાદથી તા. ૨૬-૧૨-૧૯૮૦ના રોજ શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રની સ્થાપના થઈ હતી. આચાર્ય શ્રી પદ્મસાગરસૂરિશ્વરજી મ.સા.એ અહીં ધર્મતીર્થ, જ્ઞાનતીર્થ અને કલાતીર્થના વિવિધ સ્વરૂપે અનેક પ્રવૃત્તિઓની શૃંખલા સર્જીને પ.પૂ.આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિશ્વરજી મ.સા.ના સ્વપ્નને મૂર્તિમંત રૂપ આપ્યું છે.

કલાશિલ્પ = ધર્મતીર્થ સ્વરૂપની સ્થાપનામાં સુંદર કોતરણીથી વિભૂષિત શ્રી જિન મંદિરનું બેનમૂન સર્જન કરીને તેને પરંપરાગત શૈલીમાં શિલ્પાંકનો દ્વારા ભવ્ય રીતે અલંકૃત કરવામાં આવ્યું છે. શ્રી જિન મંદિરમાં મૂળનાયક તરીકે ચરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામી (૫૧) બિરાજમાન છે. પરમાત્માની નયનરમ્ય પ્રતિમા કેવી છે તે અંગે કવિશ્રીના ઉદ્‌ગારમાં અભિવ્યક્ત થયું છે :

*"રૂપ તારું એવું અદ્‌ભુત,*
*પલક વિણ જોયા કરું !*
*નેત્ર તારા નિરખી નિરખી,*
*પાપ મુજ ધોયા કરું ॥"*

ભોંયતળિયે મૂળનાયક તરીકે શ્રી આદિનાથ પ્રભુ (૫૧) બિરાજમાન છે. આ મંદિરના પ્રથમ મજલે ગર્ભગૃહમાં મૂળનાયક તરીકે શ્રી મહાવીર પ્રભુ અને આજુબાજુમાં શ્રી આદિનાથ પ્રભુ અને શ્રી સીમંધર પ્રભુ બિરાજમાન છે. રંગમંડપમાં સામસામે બે કુલીકાઓમાં શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાન, જ્યારે સામે શ્રી નેમનાથ પ્રભુ પ્રતિષ્ઠિત થયેલા છે. રંગમંડપમાં અન્ય મૂર્તિઓમાં ડાબી બાજુએથી શ્રી વાસુપૂજ્ય સ્વામી અને શ્રી અજિતનાથ પ્રભુ બિરાજિત છે. જ્યારે જમણી બાજુએ શ્રી શાંતિનાથ પ્રભુ અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ બિરાજમાન છે. જિનાલયમાં પ્રવેશતાં જ ડાબી - જમણી બાજુએ શ્રી પાર્શ્વનાથ પ્રભુની કાઉસ્સગ્ગ ધ્યાનમાં લીન પ્રતિમાઓ પ્રતિષ્ઠિત છે. આ ધાર્મિક કેન્દ્ર શ્રી મહાવીરાલય તરીકે પ્રસિધ્ધ છે.

ભૂમિતલ ઉપર મૂળનાયક તરીકે શ્રી આદિનાથ દાદા બિરાજમાન છે. ગર્ભગૃહની બહાર બંને કુલિકાઓમાં સ્ફટીક રત્નમય શ્રી પાર્શ્વનાથ દાદાની મૂર્તિઓ બિરાજમાન કરેલી છે. જ્યારે ડાબી બાજુએ યક્ષરાજ માણિભદ્રવીર અને જમણી બાજુએ રાજરાજેશ્વરી દેવી પદ્માવતીની સ્થાપના થયેલી છે. શ્રી યક્ષરાજ માણિભદ્રવીરની સામેના ખંડમાં રજત જડિત કોતરણીયુક્ત - ગૃહ મંદિરમાં પંચધાતુમય શ્રી નેમિનાથ પ્રભુની મૂર્તિ તથા દેવી પદ્માવતીની સામેના ખંડમાં ટ્રસ્ટી મુરબ્બી શ્રી શાંતિલાલ મોહનલાલ શાહ પરિવાર તરફથી પ્રતિષ્ઠિત કરાયેલ શ્રી આદિશ્વર પ્રભુની પંચધાતુની મૂર્તિ બિરાજમાન છે.

પ્રથમ મજલે મૂળનાયક શ્રી મહાવીર સ્વામી, શ્રી વાસુપૂજ્ય સ્વામી, શ્રી અજિતનાથ પ્રભુ, શ્રી શાંતિનાથ પ્રભુ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ તથા પ્રવેશદ્વારની બંને બાજુઓની શ્રી પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિઓની પ્રતિષ્ઠા મહાસુદી-૧૪, ગુરૂવાર સંવત ૨૦૪૩ સને ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૮૭માં પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી પદ્મસાગરસૂરિશ્વરજી મ.સા.ના કરકમલો દ્વારા સંપન્ન થઈ છે. પ્રથમ મજલે તથા ભૂમિતલ પર બિરાજિત અન્ય મૂર્તિઓની પ્રતિષ્ઠા જુદા જુદા સમયે થયેલી છે.

શ્રી મુનિસુવ્રત સ્વામી તથા શ્રી નેમનાથ પ્રભુની શ્યામવર્ણ પ્રતિમાઓની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૪૯ વૈશાખ સુદી-૬ ના રોજ થયેલી છે જ્યારે ભૂમિતલની દેવકુલિકાઓમાં સ્ફટિક રત્નમય બંને તરફના પ્રતિમાઓના લાભાર્થી છે : શ્રમણોપાસિકા શાંતાબેન ભૂદરમલ અદાણી પરિવાર. આ બંને પ્રતિમાઓની અંજનવિધિ શ્રી નેમિ-સરસ્વતીધામ રાંતેજ તીર્થધામમાં રાષ્ટ્રસંત આચાર્ય ગુરુદેવ શ્રી પદ્મસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં સંપન્ન થયેલી. આ સ્ફટિક રત્નની પાર્શ્વનાથ પ્રભુની બંને મૂર્તિઓની પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૬૫, માગશર સુદી-૩, રવિવાર, તા. ૩૦-૧૧-૨૦૦૮ના રોજ થઈ છે. અહીં જ્ઞાનમંદિર દ્વારા જ્ઞાનતીર્થ અને સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલય દ્વારા કલાતીર્થ એમ ત્રિવેણી સંગમ દ્વાર સમા શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રનું સર્જન કરીને, આચાર્ય ભગવંત શ્રી પદ્મસાગરસૂરિશ્વરજી મ.સા.એ જનસમૂહને પ્રેરણા કરતું એક અદ્‌ભુત સંસ્થાનું સર્જન કરીને વિશ્વભરમાં કીર્તિમાન સ્થાપિત કર્યો છે.

શ્રી મહાવીરાલયમાં વિશાળ પુસ્તક - ગ્રંથાગાર, બહુમૂલ્ય સમ્રાટ સંપ્રતિ સંગ્રહાલય, આંતરિક શુધ્ધિનું સાધનાલય આ ધરતીના શણગાર છે. બહુજન સુલભ જ્ઞાનમંદિર છે. મહાવીરાલય - જ્ઞાનતીર્થ એનો આત્મા છે, તો કલાતીર્થ તેનો શણગાર છે અને આરાધના એનો આત્મભાવ છે.

*૧૫૦, ગણેશ નગર, ગાંધીધામ,*
*કચ્છ-૩૭૦ ૨૦૧. ફોન : (૦૨૮૩૬) ૨૫૨૮૨૫*
*મો. ૯૪૨૬૭ ૮૯૬૭૦*

*કામ કર્યા સિવાય ધન મેળવવાની ઈચ્છા રાખનાર માણસને પંડિતો મૂર્ખ કહે છે.*

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ

ઠે. : વિનય માર્કેટ, ૧લે માળે, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

*સાધર્મિક ભાઈઓ / બહેનો,*

ચાલુ વરસે આપણાં શ્રી સંઘમાં અચલગચ્છનાં કોઈપણ સાધુ - સાધ્વીજી ભગવંતોનો ચાતુર્માસ માટેનો યોગ પ્રાપ્ત થયો નથી.

આપણા શ્રી સંઘમાં આરાધના કરાવવા માટે શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠમાંથી આરાધકો પર્યુષણ પર્વના દિવસોમાં આરાધના કરવા પધારશે અને આરાધના કરાવશે. આરાધકો **(૧) શ્રી સંઘના નારાણપુરા ઉપાશ્રયે અને (૨) શ્રી ક.વી.ઓ. અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદનાં પાલડી નવનીત વિવિધલક્ષી ભવન** ઉપર — એમ બે સ્થળે આરાધના કરાવશે. આપને જ્યાં અનુકૂળતા હોય ત્યાં પર્યુષણ પર્વની આરાધના કરશો.

## • પર્યુષણ પર્વનો કાર્યક્રમ •

***પર્યુષણ પર્વ ૨૦૭૦નાં શ્રાવણ વદ-૧૩, શનીવાર,તા. ૨૩-૮-૨૦૧૪ના શરૂ થાય છે.***

- **પ્રથમ દિવસ : શ્રાવણ વદ-૧૩, શનીવાર, તા. ૨૩-૮-૨૦૧૪**
  વ્યાખ્યાન - પર્યુષણ પર્વના પાંચ કર્તવ્યો. સવારના ૯ વાગે.
- **દ્વિતીય દિવસ : શ્રાવણ વદ-૧૪, રવિવાર, તા. ૨૪-૮-૨૦૧૪**
  વ્યાખ્યાન - પર્યુષણ પર્વના પાંચ કર્તવ્યો તથા શ્રાવકના વાર્ષિક કર્તવ્યો વિશે. સવારના ૯ વાગે.
- **ત્રીજો દિવસ : શ્રાવણ વદ-૩૦, સોમવાર, તા. ૨૫-૮-૨૦૧૪** : કલ્પસુત્રની માંડણી.
- **ચોથો દિવસ : ભાદરવા સુદ-૧, મંગળવાર, તા. ૨૬-૮-૨૦૧૪** : કલ્પસુત્રનું વાંચન — સવારના ૯ વાગે.
- **પાંચમો દિવસ : ભાદરવા સુદ-૨, બુધવાર, તા. ૨૭-૮-૨૦૧૪**
  કલ્પસુત્રનું વાંચન — સવારના ૯ વાગે. સ્વપ્ન દર્શન — બપોરના ૩ વાગે. નવનીત વિવિધલક્ષી ભવન ઉપર. નારાણપુરા ઉપાશ્રયે સ્વપ્ન દર્શન માટેની જાહેરાત વ્યાખ્યાન દરમ્યાન કરવામાં આવશે.
- **છઠ્ઠો દિવસ : ભાદરવા સુદ-૩, ગુરૂવાર, તા. ૨૮-૮-૨૦૧૪** : કલ્પસુત્રનું વાંચન — સવારના ૯ વાગે.
- **સાતમો દિવસ : ભાદરવા સુદ-૪, શુક્રવાર, તા. ૨૯-૮-૨૦૧૪** : કલ્પસુત્રનું વાંચન — સવારના ૯ વાગે.
- **આઠમો દિવસ : ભાદરવા સુદ-૫, શનીવાર, તા. ૩૦-૮-૨૦૧૪**
  બારસા સૂત્રનાં ગુજરાતીમાં ઢાળીયાનું વાંચન સવારના ૯ વાગે. સાંવત્સરીક પ્રતિક્રમણ - સાંજે ૫ વાગે.

**આઠ દિવસ દરરોજ સાંજે પ્રતિક્રમણ નીચે મુજબના સ્થળોએ કરાવવામાં આવશે. :**

**(૧) શ્રી સંઘના મણિનગર ઉપાશ્રયે.**

**(૨) શ્રી સંઘના નારાણપુરા ઉપાશ્રયે.**

**(૩) શ્રી ક.વી.ઓ. અચલગચ્છ જૈન સંઘ નવનીત વિવિધલક્ષી ભવન - પ્રભુદાસ ઠક્કર કોલેજ રોડ.**

**(૪) શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.**

*ભાગ્યશાળીઓને જ્યાં અનુકૂળતા હોય ત્યાં દરરોજ આઠ દિવસ પ્રતિક્રમણ કરવા વિનંતી.*

**આરાધકો જ્યાં આરાધના કરાવશે ત્યાં દરરોજ વ્યાખ્યાન દરમ્યાન બાકીની વિગતો જાહેર કરવામાં આવશે.**

લી. લક્ષ્મીચંદ શામજી છેડા

પ્રમુખ : શ્રી અચલગચ્છ જૈન સંઘ - અમદાવાદ

આઝાદી વિશેષ

# ૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટે ઊગ્યું આઝાદીનું નવલું પ્રભાત

• હરસુખ થાનકી •

૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટે દેશ આઝાદ થયો. એ આઝાદી અનેક નામી અને અનામી શહીદોનાં બલિદાન અને વર્ષોના સ્વાતંત્ર્ય જંગ પછી મળી હતી. સ્વાતંત્ર્ય દિન ૧૫મી ઓગસ્ટ પહેલાંનાં થોડાં વર્ષોમાં બની ગયેલી કેટલીક ઘટનાઓ પર નજર નાંખવામાં આવે તો ૧૯૪૪માં સરકારે ગાંધીજીને જેલમાંથી મુક્ત કર્યા ત્યારે બીજું વિશ્વયુદ્ધ હજુ ચાલું હતું. ૧૯૪૫માં બીજું વિશ્વયુદ્ધ પૂરું થયા બાદ અંગ્રેજ સરકારને લાગ્યું કે પ્રથમ વિશ્વયુદ્ધ વખતે ભારતીય પ્રજાને જે રીતે વાળી શકાઈ હતી તે હવે શક્ય રહ્યું નથી. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે અંગ્રેજોએ એવી લાલચ આપી હતી કે તમે યુદ્ધમાં સાથ આપો, યુદ્ધ જીતીશું, પછી ભારતની આઝાદીનો માર્ગ મોકળો કરીશું. ૧૯૧૮માં પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થયા બાદ અંગ્રેજો ફરી ગયા હતા.

૧૯૪૫માં એ સ્થિતિ રહી નહોતી. અંતે અંગ્રેજોએ જાહેર કર્યું કે ભારતની આઝાદીની માંગણી અમને મંજૂર છે. ૧૯૪૬ની ૨૩મી માર્ચે ઇંગ્લેન્ડના વડાપ્રધાન એટલીએ ભારતમાં એક મિશન મોકલ્યું. જે પછીથી 'કેબિનેટ મિશન' તરીકે જાણીતું થયું હતું. લોર્ડ પેથિક લોરેન્સ, એફોર્ડ ક્રિપ્સ અને એ.વી. એલેકઝાન્ડર આ મિશનના સભ્યો હતા. ભારતમાં શાસન અંગેની વ્યવસ્થાના કાર્યક્રમને લઈને આ મિશન ભારત આવ્યું હતું. તેમાં પણ પ્રજાતંત્ર અંગે કેટલીક એવી ખામીઓ હતી, જે સ્વતંત્ર ભારતને અનુકૂળ આવે તેમ નહોતી. બ્રિટન હજી પણ ભારતને પૂર્ણપણે સ્વરાજ્ય આપવામાં ઢીલોઢોળ કરી રહ્યું હતું. જ્યારે ભારતના નેતાઓએ સ્પષ્ટ કરી દીધું હતું કે તેમને પૂર્ણ સ્વરાજ્ય સિવાય બીજું કંઈ ખપે તેમ નથી. કોંગ્રેસ કાર્યકારિણીના કહેવા મુજબ અમારે એવી સરકાર જોઈએ, જેના હાથમાં સત્તા અને શક્તિ હોય. આવી સરકાર માત્ર જનતા પ્રત્યે જવાબદાર રહેશે, બીજા કોઈ પ્રત્યે નહિ.

એ પછી ૧૯૪૬ની ૧૭મી ફેબ્રુઆરીએ એટલીએ બ્રિટિશ પાર્લામેન્ટમાં જાહેરાત કરી હતી કે ભારતને પોતાનું બંધારણ ઘડવાનો અધિકાર છે. તેમણે એ પણ સ્પષ્ટ કરી દીધું કે ભારતને આઝાદી આપતી વખતે તમામ કાર્યવાહી જવાબદાર રીતે પૂરી થવી જોઈએ. આ જાહેરાતને ભારતમાં હરકોઈએ વધાવી લીધી હતી. જોકે જ્યારે બંધારણ સભા અને વચગાળાની સરકારના ગઠનની વાત આવી ત્યારે કોમી મુદ્દો વધુ ગંભીર રીતે બહાર આવ્યો હતો. મુસ્લિમ લીગે તેમાં સહકાર આપવાની ના પાડી દીધી હતી અને 'સીધાં પગલાં' ભરવાની ચીમકી આપી હતી.

૧૯૪૬ની ૨૪મી ઓગસ્ટે જવાહરલાલ નહેરૂએ પોતાના સાથીઓની સાથે વચગાળાની સરકારની રચના કરી. બે સપ્ટેમ્બરે તમામે પોતાના હોદ્દાઓ સંભાળી લીધા. તેમણે મુસ્લિમ લીગને અનુરોધ કર્યો કે તેઓ આ સરકારમાં ભાગ લે, જેથી આઝાદી ઝડપથી મળી શકે પણ લીગે તેમાં ભાગ ન લેતાં આખા દેશમાં હડતાલ પાડી. બંગાળના નોઆખલી અને બિહારમાં કોમી તોફાનો ફાટી નીકળ્યાં.

૧૯૪૬ના ઓક્ટોબરમાં લોર્ડ વેવલ ગવર્નર જનરલ તરીકે ભારત આવ્યા. વેવલે ચાલુ બંધારણના માળખામાં રહીને કામચલાઉ સરકાર રચવાની અને તેને વધુ સત્તા અને જવાબદારી આપવાની યોજના ઘડી. પણ એ પહેલાં અંગ્રેજોએ દેશમાં કોમવાદનું ભૂત બરાબર ધૂણતું કરી દીધું હતું. મુસ્લિમ લીગે અલગ રાષ્ટ્ર તરીકે પાકિસ્તાનની માંગણી કરવાને કારણે કોમવાદ વધુ ઉગ્ર સ્વરૂપે બહાર આવી ચૂક્યો હતો.

દરમિયાનમાં વાઈસરોયે ઝીણા સાથે ચર્ચાઓ કરીને કોઈક યોજના અનુસાર લીગને બંધારણીય સભામાં જોડાવા તૈયાર કરી લીધી. ૨૬મી ઓક્ટોબરે લીગ પોતાના પાંચ સભ્યોની નિયુક્તિ સાથે સરકારમાં જોડાઈ પણ લીગનાં બદલાતાં રાજકીય વલણ સાથે રાજકીય સ્થિતિ વધારે ને વધારે ગૂંચવણભરી બનતી ગઈ.

૧૯૪૬ની ૯મી ડિસેમ્બરે બંધારણીય સભા મળી તેમાં લીગના સભ્યો ગેરહાજર રહ્યા. ફરી ૧૯૪૭ના જાન્યુઆરીમાં આ સભા મળી. તેના બંધારણ માટે સમિતિઓની રચના કરવામાં આવી, પણ રાજકીય વાતાવરણ કડવાશભર્યું બની રહ્યું હતું. ૧૯૪૭ની ૨૦મી ફેબ્રુઆરીએ બ્રિટિશ વડાપ્રધાન એટલીએ જાહેરાત કરી કે તેમની ઈચ્છા ૧૯૪૮ના જૂન પહેલાં ભારતીયોને સત્તા સોંપવાની છે. આ જાહેરાતને લીગ સિવાય તમામે આવકારી. લીગે જે વલણ લીધું તેને કારણે પંજાબ અને વાયવ્ય પ્રાંતમાં ઠેરઠેર કોમી તોફાનો ફાટી નીકળ્યાં. કોલકાતા અને નોઆખલીમાં પણ ભારે તોફાનો થયાં.

સત્તાના હસ્તાંતરણ માટે ૧૯૪૭ની ૨૪મી માર્ચે લોર્ડ માઉન્ટબેટન વાઈસરોય તરીકે આવ્યા. ત્યારે કોંગ્રેસ અને મુસ્લિમ લીગ વચ્ચેના મતભેદો ચરમસીમાએ પહોંચી ચૂક્યા હતા. ઝીણા પાકિસ્તાનની માંગણી કરી રહ્યા હતા. તેમણે નારો આપ્યો હતો કે, 'લે કે રહેંગે પાકિસ્તાન, બટ કે રહેગા હિન્દુસ્તાન.' અને ગાંધીજી કહેતા હતા, 'દેશના ભાગલા મારી ચિતા પર પડશે.'

૩ જૂને માઉન્ટબેટને ભારતીયોને સત્તાના હસ્તાંતરણની એક યોજના ઘડી. જેમાં દેશના ભાગલાની પણ યોજના હતી. તેમાં સત્તાના હસ્તાંતરણની તારીખ

*ઈચ્છા, ક્રોધ અને લાભ નર્કનાં ત્રણ દ્વાર છે. કારણકે તેઓ આત્માનો વિનાશ કરે છે.*

૧૯૪૭ની ૧૫મી ઓગસ્ટ નિશ્ચિત કરાઈ હતી. ઘણા પરામર્શને અંતે ગાંધીજીની અનિચ્છા હોવા છતાં કોંગ્રેસે અને મુસ્લિમ લીગે આ યોજનાનો સ્વીકાર કર્યો, અને અંતે ૧૪મી ઓગસ્ટ અને ૧૫મી ઓગસ્ટે પાકિસ્તાન અને ભારત બે સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે અસ્તિત્વમાં આવ્યા.

ભારતના પાટનગર દિલ્હીમાં ૧૯૪૭ની ૧૪મી ઓગસ્ટે મધરાતે પુષ્ય નક્ષત્રમાં કોંગ્રેસ સરકારે ભારત માટે આઝાદી ધારણ કરી. તે ઘડીથી દેશમાં આઝાદીના જશ્નની ભારે ધામધૂમથી ઊજવણી શરૂ થઈ ગઈ. દિલ્હીનો લાલ કિલ્લો અને બીજાં ભવનો રોશનીથી ઝગારા મારવા માંડ્યાં હતાં. ૧૫૦ વર્ષ પછી એ કિલ્લા પરથી યુનિયન જેક ઉતારીને ત્રિરંગો લહેરાવી દેવાયો હતો. પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ પોતાના પ્રથમ ઐતિહાસિક ભાષણમાં કહ્યું, ‘આખી દુનિયા જ્યારે સૂઈ રહી છે ત્યારે ભારત જાગ્યું છે. આવી ક્ષણો ઈતિહાસમાં કદીક જ આવે છે, જ્યારે એક યુગમાંથી બીજા યુગમાં પ્રવેશ થાય છે. આપણા ભારતીય આત્માને લાંબો સમય કચડી નાંખવામાં આવ્યો છે. પણ હવે આપણે બધાએ આપણા દેશ અને તેની સ્વતંત્રતા પ્રત્યે સમર્પિત થવાનું છે.’

એ પછી સવાર પડતા સુધીના કલાકો ક્યાં વીતી ગયા તેની કોઈને સુધ રહી નહિ. બીજે દિવસે સવારે પ્રધાન મંડળનો સોગંદવિધિ યોજવાની તડામાર તૈયારીઓ થવા માંડી હતી.

દિલ્હીના એસેમ્બલી ચેમ્બરના દરવાજે દરબાર હોલના ગુંબજ પર ૧૫મી ઓગસ્ટની સવારે આઠ ને વીસ મિનિટે નિયુક્ત થનારા પ્રધાનો પોતપોતાની જગ્યાએ ગોઠવાઈ ગયા હતા. સાડા આઠ વાગ્યે ગવર્નર જનરલ તથા લેડી માઉન્ટબેટન દરબાર હોલમાં પ્રવેશ્યાં. સ્વતંત્ર ભારતના પ્રથમ ગવર્નર જનરલ તરીકે માઉન્ટબેટનની નિયુક્તિ કરાઈ હતી. ચીફ જસ્ટિસ કણિયાએ માઉન્ટબેટનને તેમના હોદ્દાના શપથ લેવડાવ્યા હતા. ચીફ જસ્ટિસ કણિયા ભાવનગરમાં ઊછર્યા હતા ને ત્યાંની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ તથા શામળદાસ કોલેજમાં તેમણે અભ્યાસ કર્યો હતો.

એ પછી ગવર્નર જનરલે નવા પ્રધાનોનો સોગંદવિધિ કરાવ્યો. તેમાં પંડિત જવાહરલાલ નહેરૂ, સરદાર પટેલ, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, મૌલાના અબુલ કલામ આઝાદ, ડૉ. જોન મથાઈ, સરદાર બલદેવસિંહ, સી.એસ. ભાભા, રફી અહમદ કીડવાઈ, રાજકુમારી અમૃતકુંવર, ડૉ. આંબેડકર, કે. એસ. શેટ્ટી, શ્યામાપ્રસાદ મુખરજી તેમજ એન.વી. ગાડગીલનો સમાવેશ થતો હતો.

આ દબદબાભર્યા સમારંભના પ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદ હતા. તેમનું ભાષણ પૂરું થયા બાદ એસેમ્બલીના મકાન પર ત્રિરંગો લહેરાવવામાં આવ્યો. જ્યાં જ્યાં યુનિયન જેક હતો તે ઉતારી લેવાયો. તે સમયે દેશ આખો સ્વતંત્ર ભારતના પહેલા દિનની ભવ્ય ઉજવણીમાં ડૂબી ચૂક્યો હતો. ■

## ગાંધીજી કોલકાતામાં

૧૫મી ઓગસ્ટે આખો દેશ જ્યારે આઝાદી મળ્યાની ઉજવણી કરી રહ્યો હતો ત્યારે ગાંધીજી કોલકાતાના બેલિયાઘાટમાં આવેલી એક ઈમારત ‘હૈદરી મંઝિલ’માં બે દિવસથી રોકાયા હતા.

આઝાદી મળી તેની ભારે ધામધૂમથી કરાતી ઉજવણીના ગાંધીજી વિરોધી હતા. એટલે તેમણે પોતે તો ૧૫મી ઓગસ્ટે યોજાનારા એક પણ સમારોહમાં હાજરી આપવાનો ઈન્કાર કરી દીધો હતો. તેમણે તો એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે ઉત્સવ જેવી ઉજવણી કરવાને બદલે દેશનાં ૪૦ કરોડ લોકો તે દિવસે ઉપવાસ રાખે અને એમ કરીને એક દિવસનું અનાજ બચાવે.

‘૧૫મી ઓગસ્ટે આપણી પરીક્ષાનો દિવસ છે. આ દિવસે આપણે સૌએ ઉપવાસ રાખીને પોતપોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવવી જોઈએ. સ્વરાજ માટે રોશની વગેરે કરીને ઉજવણી કરવાની જરૂર નથી. આપણી પાસે દેશની જનતા માટે પૂરતાં અનાજ, કપડાં, ઘી અને તેલ વગેરે નથી. કઈ રીતે આપણે ઉજવણી કરી શકીએ? ૧૫મી ઓગસ્ટનો દિવસ તમે બધા પ્રાર્થના, ઉપવાસ અને રેંટિયો કાંતીને ઊજવો.’

આ શબ્દો મહાત્મા ગાંધીએ ૮મી ઓગસ્ટે પટણામાં યોજાયેલી એક સભામાં ઉચ્ચાર્યા હતા. બાપુ કાશ્મીરથી નોઆખલી જતી વખતે પટણામાં રોકાયા હતા. લાહોરથી દિલ્હી રોકાયા વિના સીધા પટણા જવા રવાના થઈ ગયા હતા. એ વખતે કોઈએ તેમને દિલ્હીમાં રોકવાનો પ્રયાસ નહોતો કર્યો. બધા બહુ સારી રીતે જાણતા હતા કે દેશના વિભાજન અંગે અને આગામી ૧૫મી ઓગસ્ટના ઉત્સવ અંગે ગાંધીજીના જે વિચારો છે તે જોતાં રાજધાનીમાં યોજાનારા સરકારી સમારોહોમાં તેમનું કોઈ સ્થાન નહિ હોય. આમ પણ બાપુ ઈચ્છતા નહોતા કે નોઆખલીમાં ૧૯૧૬નું પુનરાવર્તન થાય. એટલે તેમના માટે ત્યાં રહેવું જરૂરી બની ગયું હતું. પણ કોલકાતામાં ફાટી નીકળેલાં રમખાણોએ તેમની તમામ યોજનાઓ પર પાણી ફેરવી દીધું હતું. અને તેમણે આઝાદીનો પહેલો દિન પંદરમી ઓગસ્ટ કોલકાતામાં જ વિતાવવો પડ્યો હતો.

મનુબેન અને આભાની સાથે ગાંધીજી ૯મી ઓગસ્ટે સોદપુર આશ્રમે પહોંચ્યા હતાં. થોડા જ દિવસોમાં તેમને ત્યાંથી નોઆખલી જવા રવાના થવાનું હતું. પણ બીજે જ દિવસે કોલકાતાના મેયર અને મુસ્લિમ લીગના સેક્રેટરી ઉસ્માન ખાં ગાંધીજીને મળ્યા અને તેમને આગ્રહ કર્યો કે શહેરમાં શાંતિ સ્થપાય તે માટે તેઓ રોકાઈ જાય.

*જેની પાસે થોડું છે તે ગરીબ નથી, પણ જે વધારે મેળવવાની ઈચ્છા રાખે છે તે ગરીબ છે.*

ગાંધીજીએ સોદપુરથી બેલિયાઘાટ જવાનો નિર્ણય કર્યો. તેમણે પોતાના નિવાસ માટે એક મુસ્લિમ વેપારીનું ઘર પસંદ કર્યું હતું. આ મકાન 'હૈદરી મંઝિલ' તરીકે જાણીતું હતું.

આમ તો 'હૈદરી મંઝિલ' એક જૂનું મકાન હતું અને ભાગ્યે જ તેમાં કોઈ રહેતું. આ મકાનમાં ગાંધીજી રહેવાના હતા એટલે ઝટપટ તેને સાફ કરાવાયું હતું. એ જૂની પુરાણી ઈમારત ચારે તરફથી ખુલ્લી હતી. થોડા દિવસ પહેલાં તેની બારીઓના કાચ તોડી નંખાયા હતા. ત્યાં એક પાયખાનું હતું જેનો સેંકડો લોકો રોજ ઉપયોગ કરતા હતા. વરસાદને કારણે આસપાસમાં પાણી ભરાયેલાં હતાં અને ચારેકોર કીચડ હતો. ભયાનક રીતે આવતી દુર્ગંધ ઓછી કરવા ખાસ્સો બ્લિચિંગ પાવડર છાંટી દેવાયો હતો. દુર્ગંધ સાથે તેની ગંધ ભળતાં માણસને ચક્કર આવવા માંડે એવો માહોલ સર્જાયો હતો. એક કમરો ગાંધીજી માટે રખાયો હતો. બીજામાં તેમનો સામાન અને તેમની સાથેનાં લોકો માટે હતો. ત્રીજો ઓરડો કામચલાઉ ઓફિસ તરીકે ઉપયોગમાં લેવા માટે હતો.

ગાંધીજીને લઈને મોટર જ્યારે 'હૈદરી મંઝિલ' પહોંચી ત્યારે ઉશ્કેરાયેલા યુવાનોનું એક મોટું ટોળું દરવાજે ખડું હતું. જેવા ગાંધીજી મોટરમાંથી ઊતર્યા કે એ યુવાનો ચિલ્લાવા માંડ્યા, 'કેમ આવ્યા છો અહીં?'

થોડીવારમાં બીજી એક કાર આવી. તેમાં સુહરાવર્દી બેઠો હતો. યુવાનોના ટોળાએ કારને ઘેરી લીધી. ગમે તે ઘડીએ કંઈ પણ બને તેવી સ્ફોટક સ્થિતિ પેદા થઈ ચૂકી હતી. છેવટે યુવાનોને શાંત કરાયા અને સુહરાવર્દીને અંદર જવા દેવાયો.

આ બધા યુવાનોમાં એક વર્ષ પહેલાં ૧૯૪૬ની ઓગસ્ટમાં બનેલી ઘટનાઓને કારણે રોષ હતો. એ વખતે થયેલાં રમખાણોમાં આગચંપી, લૂંટફાટ થયા હતા. એ તોફાનોમાં સુહરાવર્દીની ભૂમિકા શંકાસ્પદ રહી હતી. બાપુએ એટલે જ નક્કી કર્યું હતું કે સુહરાવર્દી 'હૈદરી મંઝિલ'માં તેમની સાથે જ રહે.

ગાંધીજીને પાકી ખાતરી હતી કે સામસામે બેસીને વાત કરાતાં વૈમનસ્ય દૂર થઈ જશે. એવું જ થયું. ચાર-પાંચ દિવસમાં જ ગાંધીજીએ ક્રોધે ભરાયેલાં એ યુવાનોના દિલ જીતી લીધા હતા. તેમનામાંના એક યુવાને બીજા યુવાનોને કહ્યું, 'આ ડોસો કેવો જાદુગર છે. ગમે તેવી મુશ્કેલી સામે ભલે ને હોય, તે ઝુકતો નથી.'

એ સાંજની પ્રાર્થના હૈદરી મંઝિલના પ્રાંગણમાં યોજાઈ હતી. તેમાં દસ હજારથી વધુ લોકો આવ્યા. પ્રાર્થના પ્રવચનમાં ગાંધીજીએ કહ્યું, 'આવતીકાલે ૧૫મી ઓગસ્ટથી આપણે અંગ્રેજી હકૂમતની ગુલામીમાંથી મુક્ત થઈ જઈશું. પણ આજે મધરાતથી ભારતના ટુકડા પણ થઈ જશે. એટલે આવતીકાલનો દિવસ આનંદનો પણ રહેશે અને દુઃખનો પણ રહેશે. તેને કારણે આપણા પર જવાબદારીનો મોટો બોજ આવી પડશે. આવો, આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે તે આપણને એ બોજને સારી રીતે વહન કરવાની શક્તિ આપે.'

દેશને આઝાદી મળી તેની ઉજવણી માટે દેશનાં તમામ મોટાં શહેરોમાં ખાસ સમારોહોનું આયોજન કરાયું હતું. કોલકાતામાં પણ આવા ઘણા સમારોહો યોજાયા હતા, પણ તેમાં ક્યાંય હાજર રહેવા ગાંધીજીએ હા પાડી નહીં.

ત્રણ દિવસ પહેલાં જ ૧૧મી ઓગસ્ટે તેમણે પોતાની સાંજની સભામાં એકઠા થયેલા લોકોને કહ્યું હતું : 'આપણે બધા આપણી જાતને બે દિવસ બાદ મળનારી આઝાદીને યોગ્ય બનાવીએ. આપણે બધાએ ઈશ્વરનો આભાર માનવો જોઈએ કે તેણે ગરીબાઈમાં પણ આપણા કરેલા બલિદાનનું ફળ આપ્યું છે. આ કેવી ભવ્ય વાત કહેવાય કે ચાલીસ કરોડ લોકો એક દિવસ ઉપવાસ રાખે અને અનાજ બચાવે. એ સમજવાનો પ્રયાસ કરો કે ઉપવાસમાં, મૌનમાં, કાંતણમાં મહાન તાકાત છુપાયેલી છે.'

૧૫મી ઓગસ્ટે ગાંધીજી રોજ કરતાં એક કલાક વહેલા એટલે કે બે વાગે ઊઠી ગયા હતા. ગાંધીજી જ્યારે સવારે ચાલવા માટે નીકળ્યા ત્યારે હજારોની સંખ્યામાં સ્ત્રીઓ, પુરુષો, બાળકો તેમનાં દર્શન માટે તેમની રાહ જોઈને ઊભાં હતાં. આખો દિવસ ઉત્સુક ભીડ હૈદરી મંઝિલ પાસે ઊમટતી રહી હતી. દર અડધા કલાકે તેમને દર્શન આપવા ગાંધીજીએ બહાર આવવું પડતું હતું.

પશ્ચિમ બંગાળ મંત્રીમંડળના સભ્યો તેમના આશીર્વાદ લેવા આવ્યા. ગાંધીજીએ તેમને કહ્યું, "આજથી તમારે કાંટાનો તાજ પહેરવો પડશે. સત્ય અને અહિંસાની તમે બધા સતત સાધના કરો. નમ્ર બનો. સહિષ્ણુ બનો. બ્રિટિશ શાસને તો તમારી પરીક્ષા કરી જ છે, પણ તમારી સાચી પરીક્ષા હવે શરૂ થશે. સત્તાથી સાવધ રહેજો. સત્તા માણસને ભ્રષ્ટ કરે છે. તેની ઝાકમઝોળ અને આડંબરમાં ફસાતા નહિ. યાદ રાખજો કે તમે ભારતનાં ગામડામાં વસતા ગરીબોની સેવા કરવા માટે સત્તારૂઢ થયા છો. ઈશ્વર તમારી મદદ કરે."

૧૫મી ઓગસ્ટે રાષ્ટ્રીય ઉત્સવનાં એખલાસભર્યા માહોલમાં કોલકાતામાં કોમી એકતાનાં અનોખાં દશ્યો સર્જાયા હતાં. આખો દિવસ અને મોડી રાત સુધી હિંદુઓ અને મુસ્લિમો સાથે મળીને નગરના માર્ગો પર આઝાદી દિન ઊજવતા રહ્યાં હતાં અને 'જય હિંદ'ના નારાઓથી આકાશ ગજવતા રહ્યા હતા.

ગાંધીજીએ આ રીતે ઊજવ્યો હતો આઝાદીનો પહેલો દિન. ■

**Inter**
**PLASTICA PVT. LTD.**
AN ISO 9001 : 2000 CERTIFIED COMPANY
SHAILESH V. HARIA
Director
**MFG. : HDPE JERRY CANS, DRUMS 20 LTRS TO 160 LTRS.**
**NARROW MOUTH, WIDE MOUTH, FULL OPEN TOP DRUMS**
Plot No. 1103/1104, G.I.D.C. Estate, Ankleshwar-393 002 (Gujarat)
Tel. : 225861, 221126 Fax : (02646) 252861 Mo. : 098241 34499
E-mail : info@interplastica.com • Website : www.interplastica.com

# "ભાગલાની જવાબદારી"

• ટી. યુ. મહેતા - નિવૃત્ત ન્યાયાધીશ •

બીજા વિશ્વયુદ્ધની પૂર્ણાહુતિ બાદ બ્રિટનની આર્થિક હાલત ઘણી નબળી પડી ગઈ હતી અને સરકારનો દોર ત્યાંથી લેબર પાર્ટી પાસે આવી ગયેલ. ત્યારબાદ ભારતમાં જે બનાવો બનતા ગયા, તે ઉપરથી શાસનકર્તાઓને ખાતરી થઈ કે હવે ભારત ઉપરનો કબજો વધુ સમય ચાલુ રાખી શકાય તેમ નથી.

ત્યારે પ્રશ્ન એ થયો કે ભારતના ભાગલા કરી બે સ્વતંત્ર રાજ્યો ઉત્પન્ન થાય તે બ્રિટિશ હિતમાં કેટલું હશે? આ પ્રશ્નના ઉકેલ માટે બ્રિટિશ સરકારે ત્યાંના લશ્કરી વડાનો અભિપ્રાય માંગ્યો. તેમણે અભિપ્રાય આપ્યો કે લશ્કરી દૃષ્ટિએ બે સ્વતંત્ર રાજ્યો હસ્તીમાં આવે તે બ્રિટિશ હિતમાં નથી. આથી લેબર સરકારે નિર્ણય કર્યો કે સંયુક્ત ભારતનું એક એવું સમવાયતંત્ર (ફેડરેશન) બનાવવું કે જેથી મુસ્લિમ બહુમતીવાળા પ્રાંતોને સ્વાયત્તતા મળે અને મધ્યસ્થ સરકારમાં તેમનો અસરકારક અવાજ ગણતરીમાં રહે અને જે સંયુક્ત રાજ્ય અમલમાં આવે, તે એવું બને કે બ્રિટન જેવી સબળ સત્તાની મદદ વિના ટકી શકે નહીં. આ અંગે બ્રિટીશ મુત્સદ્દીઓની એક એવી ગણતરી હતી કે ભારતના ૧/૩ હિસ્સા દેશી રજવાડાઓ હતાં. બ્રિટિશ અમલનો અંત આવશે તેથી જે નવું બંધારણ અમલમાં આવે તેમાં જોડાવું કે નહિ તેનો નિર્ણય તે રાજ્યોના રાજાઓ (પ્રજા નહિ) કરી શકશે. તેથી જો સમવાયતંત્રમાં જોડાવાની તેમની ઈચ્છા હશે, તો તેઓ પોતાની શરતે જોડાશે. તેનું પરિણામ એ આવશે કે સમવાયતંત્ર વિશેષ નબળું પડશે અને અંદરોઅંદરની ખટપટને વિશેષ અવકાશ રહેશે.

આથી આ પ્રકારની વ્યવસ્થા સફળ બનાવવા લોર્ડ માઉન્ટબેટનની પસંદગી ભારતના ગવર્નર જનરલ તથા વાઈસરૉય તરીકે કરવામાં આવી. તેમને પંડિત નહેરુ સાથે સારા સંબંધો હતા. માઉન્ટબેટને ચાર્જ લીધા બાદ છ અઠવાડિયાં સુધી ૧૩૩ જેટલા ભારતીય નેતાઓની મુલાકાતો લીધી. તા. ૧૫-૭-૧૯૪૭ સુધીમાં બ્રિટનની સત્તાનો અંત આવે તેવી વ્યવસ્થા કરવાનો તેમને આદેશ હતો. આથી માર્ચ માસના અંતે તેમણે ગાંધીજીને મળવાનું નક્કી કરેલ. તે સમયે ગાંધીજી બિહારમાં કોમી શાંતિ સ્થાપવા ગયેલા હતા. તેમને દિલ્હી પહોંચવા એરોપ્લેનની વ્યવસ્થા કરી, પરંતુ ગાંધીજી પેસેન્જર ટ્રેનમાં દિલ્હી પહોંચ્યા.

બાદમાં દેશના ભાગલા અટકાવવા ગાંધીજીએ પોતે વિચારેલી વ્યવસ્થા માઉન્ટબેટન પાસે રજૂ કરી, જે નીચે મુજબ હતી :

૧. સ્વતંત્ર ભારતના પ્રથમ પ્રાઈમ મિનિસ્ટર શ્રી મહમદઅલી ઝીણા ભલે થાય અને પોતાની જ પસંદગીની કેબિનેટની રચના કરે. જેની એક જ શરત એવી હોય કે તેઓ જે નિર્ણય લે તે સમગ્ર રાષ્ટ્રના હિતમાં હોય - કોઈ એક વર્ગના જ હિતમાં નહિ તેવો નિર્ણય છે કે નહીં તેની ચકાસણી માઉન્ટબેટન કરે.

૨. ઝીણાની સરકાર રાષ્ટ્રમાં કોમી એખલાસ સ્થાપવા માટે હૃદય પૂર્વકના પ્રયાસો કરે અને 'મુસ્લિમ નેશનલ ગાર્ડસ' જેવી લડાયક સંસ્થાને રજા આપે.

૩. આ શરતોને આધીન રહીને મિ. ઝીણા પાકિસ્તાનની તરફેણમાં પ્રચાર ભલે કરે, પરંતુ તેમને એમ જણાય કે અમુક વ્યવસ્થા કરવાથી સમાધાન કાયમના સ્વરૂપનું શક્ય છે તો તેની રજૂઆત કરે.

૪. મિ. ઝીણાને ઉપરની વાત કબૂલ ન હોય, તો ઉપર જણાવેલ શરતોથી કોંગ્રેસને વહીવટ સોંપવો અને બ્રિટિશ હકૂમતે વિદાય લેવી.

આવી દરખાસ્ત મૂકવા બાબત ગાંધીજીનો હેતુ એવો હતો કે મુસ્લિમ જનતાને ખાતરી થાય કે દેશનું સમગ્ર તંત્ર એક મુસ્લિમના હાથમાં આવી શકે છે. ત્યારે ભાગલા પાડી અમુક ભાગ ઉપર રાજ કરવા કરતાં આ વ્યવસ્થા વધુ ઈચ્છનીય છે.

૫. એક લઘુમતીના હાથમાં સ્વતંત્ર ભારતનું તંત્ર સોંપવાની ગાંધીજીની આ દરખાસ્તથી માઉન્ટબેટનને આશ્ચર્ય થયું. આથી તેમણે ગાંધીજીને પૂછ્યું કે તમારા માનવા મુજબ આ વ્યવસ્થા બાબત મિ. ઝીણાનો પ્રતિભાવ કેવો હશે? ગાંધીજીએ જવાબ આપ્યો, "Jinnah will say it is wily Gandhi." (ઝીણા કહેશે કે આ ગાંધીની ચાલાકી છે.) માઉન્ટબેટને કહ્યું, "Is it not true?" (શું તે સાચું નથી?) ગાંધીજીએ સ્પષ્ટતા કરી કે તેમણે તદ્દન નિખાલસતાથી આ દરખાસ્ત કરી છે. આથી માઉન્ટબેટને કોંગ્રેસનો અભિપ્રાય જાણવા નિર્ણય કર્યો. ત્યારબાદ ૧૦મી એપ્રિલે કોંગ્રેસની વર્કિંગ કમિટીની બેઠક મળી. ગાંધીજીની દરખાસ્ત સ્વીકારાય તો શું પરિણામ આવે, તેની વાસ્તવિકતાનો અનુભવ કોંગ્રેસના નેતાઓને હતો. તેથી આ વાત આગળ વધી નહીં અને તા. ૧૩ એપ્રિલના રોજ ગાંધીજી બિહાર પાછા ફર્યા.

૬. ત્યારબાદ તા. ૧લી મે ના રોજ પં. નહેરૂના આગ્રહથી ગાંધીજી પાછા દિલ્હી ગયા. આ વખતે તેઓએ બીજી દરખાસ્ત મૂકી જે રાજકીય દૃષ્ટિએ સંપૂર્ણ તર્કશુદ્ધ અને વાજબી હતી. તેમણે કહ્યું કે અગાઉના વાઈસરોયના સમયમાં વાઈસરોયના આગ્રહથી

*ઈચ્છાઓને શાંત કરવાથી નહિ, પણ તેને મર્યાદિત કરવાથી જ શાંતિ મળે છે.*

કોંગ્રેસ સાથે સહકારથી સરકાર રચવા મુસ્લિમ લીગ તૈયાર થયેલ પરંતુ તે સરકાર ચાલી શકી નહીં. તેથી હવે ફક્ત મુસ્લિમ લીગની જ સરકાર બનાવો જે બ્રિટિશ હકૂમતનો અંત આવે ત્યાં સુધી રહે અને લીગ તેમ કરવા તૈયાર ન થાય તો ફક્ત કોંગ્રેસની જ સરકાર બને અને છેક સુધી ચાલુ રહે. આમ કરવામાં ગાંધીજીનો હેતુ એવો હતો કે કોઈપણ હિસાબે દેશના ભાગલા અટકે અને બ્રિટિશ હકૂમતનો અંત આવે. તેમના મંતવ્ય મુજબ જ્યાં સુધી બ્રિટિશ હકૂમત ચાલુ હશે ત્યાં સુધી કોમી એખલાસ થશે નહીં અને તેમના ગયા બાદ ફક્ત લીગની જ સરકાર ચાલુ હશે તો પણ કોમી એખલાસ લીગે સાધવો પડશે અને દેશને અખંડ રાખી પ્રગતિ થઈ શકશે.

૭. પરંતુ આ બીજી દરખાસ્ત માઉન્ટબેટનને મંજૂર નહોતી. તેમના મંતવ્ય મુજબ તેવી દરખાસ્ત સ્વીકારવાનું તેમની મર્યાદા બહારનું હતું. કોંગ્રેસ તો પ્રથમની દરખાસ્ત નામંજૂર કરી ચૂકેલ અને તેથી આ બીજી દરખાસ્ત પણ નામંજૂર કરે તે સ્પષ્ટ હતું.

આ રીતે ભાગલાના વિકલ્પ માટે બ્રિટિશ સરકાર જે ઈચ્છતી હતી તેવું તદ્દન નબળું સમવાયતંત્ર જ હતું. પરંતુ એક વાત દીવા જેવી સ્પષ્ટ હતી કે ભાગલા બાબતના તંત્રનો જે ખ્યાલ લઈને માઉન્ટબેટન આવેલ તે પણ મિ. ઝીણાને મંજૂર નહોતો. પણ તે અંગે માઉન્ટબેટને ઝીણાને ઘણા સમજાવેલ અને મુસ્લિમ પ્રજાના હિતમાં કેવી રીતે છે, તેની સુંદર છણાવટ ઘણી મીટિંગોમાં કરેલ. પણ મિ. ઝીણાનો એક જ જવાબ હતો, "No." જ્યારે માઉન્ટબેટને કહ્યું કે સારાએ ભારતનું કોમી ધોરણે જો વિભાજન થવાનું હોય તો તે જ ધોરણે પંજાબ તથા બંગાળનું પણ વિભાજન થશે. ત્યારે મિ. ઝીણાએ ભાર દઈને કહ્યું કે, નામદાર, આપ ભૂલો છો કે દરેક પંજાબી અને બંગાળી પ્રથમ પંજાબી તેમજ બંગાળી છે અને બાદમાં કોમી ધોરણે હિંદુ કે મુસ્લિમ છે. માઉન્ટબેટનને આ જ જોઈતું હતું. તેમણે કહ્યું : મિ. ઝીણા, હું પણ આ જ વાત કરું છું કે દરેક પંજાબી કે બંગાળી પ્રથમ હિંદી (Indian) છે અને પછી હિંદુ કે મુસ્લિમ છે. લીગના સરનશીન 'કાયદે આઝમ' પોતાની દલીલથી ઝડપાઈ ગયા અને ઘણી દલીલને અંતે દેશના ભાગલા જે ધોરણે થશે, તે જ ધોરણે પંજાબ અને બંગાળના ભાગલા થશે તેમ ઠર્યું. ઝીણાના કહેવા મુજબ આ વ્યવસ્થાથી તેમને જે મળતું હતું તે "Mutilated and mouth-eaten Pakistan" હતું. આ ક્ષણે માઉન્ટબેટને કહ્યું કે આવું પાકિસ્તાન લેવાને બદલે હું કહું છું કે તેવું ભારત સ્વીકારો. ત્યારે પણ મિ. ઝીણાનો જવાબ હતો : "I don't want to be part of India. I would sooner lose everything then be under Hindu Raj." (હું ભારતનો એક હિસ્સો બનવા તૈયાર નથી. બહેતર છે કે હું મારું તમામ ગુમાવું. પણ હિંદુ રાજમાં તો નહીં જ રહું. આ રીતે ભારતને અખંડિત રાખવાની વાત ઉપર પૂર્ણવિરામ આવ્યું અને દેશના ભાગલા અનિવાર્ય બન્યા. ત્યારબાદના અડધી સદી ઉપરના બનાવોએ સ્પષ્ટ રીતે બતાવ્યું છે કે દેશના ભાગલા અનિવાર્ય હતા તેટલું જ નહિ પણ જરૂરી પણ હતા. ભાગલા બાદ દેશમાં લોકશાહી પ્રણાલિકા તેમજ વૈજ્ઞાનિક, આર્થિક અને સામાજિક જે પ્રગતિ કરી છે તે પાકિસ્તાની કોમવાદીઓને સાથે રાખીને કદી થઈ શકત નહીં. આજે પાકિસ્તાન ક્યાં છે? કાયદે આઝમ મહમદઅલી ઝીણા તેમજ તેના વફાદાર લિયાકતઅલી આજે જીવતા થઈને પાછા આવે તો શું જોશે? પ્રથમ તો તેઓ જ પાકિસ્તાનની હસ્તી માટે મુખ્ય જવાબદાર હતા. છતાં તેમના જ બનાવેલ દેશમાં બીજા દરજ્જાના નાગરિકો ગણાશે. આપણા માટે તો ભાગલા જરૂરી હતા, તે છેલ્લાં ૬૭ વર્ષના ઇતિહાસે બતાવી આપ્યું છે.

૮. માઉન્ટબેટન સાથેની ગાંધીજીની ઉપરોક્ત મીટિંગ બાદ ગાંધીજી એકલા પડી ગયા. કારણકે પછી જે વાટાઘાટો થઈ તે ભાગલા બાબતની જ હતી. આ બધો સમય ગાંધીજી માટે અસહ્ય હતો, હતોત્સાહનો જ હતો. તે સમયના એક જાણીતા પત્રકાર દુર્ગાદાસ કરીને હતા. તેમની પાસે પોતાની લાગણી વ્યક્ત કરતા તેમણે કહ્યું - 'મને મારા અનુયાયીઓએ ત્યજી દીધો છે. આજે જ્યારે રાજસત્તા આપણા હાથમાં જ આવવાની છે, ત્યારે તેમને મારી સલાહની જરૂર નથી." (અંગ્રેજીનો અનુવાદ) સ્વાતંત્ર્ય દિવસ તા. ૧૫ ઓગસ્ટ પહેલાં પં. નહેરુએ માણસ મોકલી ગાંધીજીને પોતાનો સંદેશ આપવા વિનંતી કરી પણ ગાંધીજીએ સંદેશો આપવા ઈન્કાર કર્યો ત્યારે તે ભાઈએ કહ્યું, "બાપુ, તે સારું નહી લાગે." ગાંધીજીએ ટૂંકમાં જવાબ આપ્યો, "Let it be so." (ભલે તેમ થાય.) બાદ સાંજના પ્રાર્થનાસભામાં દુઃખી હૃદયે વક્તવ્ય આપતા કહ્યું કે મહામહેનતે મેળવેલ આઝાદી ભાગલા પડવાથી ખતરામાં પડશે. પરંતુ ત્યારબાદની પ્રાર્થનાસભામાં ઢીલા પડતા કબૂલ કર્યું કે દેશના નેતાઓને ભાગલા પસંદ નથી, પરંતુ નાખુશ વ્યક્તિઓ સાથે કામ કરવાનું અશક્ય હતું તેથી ભાગલા સિવાય ઉપાય નહોતો.

૯. ઘણા મિત્રો માને છે કે ગાંધીજી પાસે "આમરણ ઉપવાસ"નું સફળ શસ્ત્ર હતું. તેનો ઉપયોગ કરી ભાગલા કેમ અટકાવ્યા નહિ? જવાબ સ્પષ્ટ છે કે સ્વાતંત્ર્ય પહેલાના ઉપવાસો પરદેશી હકૂમત સામે હતા. તે શસ્ત્ર સ્વજનો સામે કેટલું કાર્યરત થાય તે જોવું જોઈએ. ગાંધીજી ઉચ્ચ કક્ષાના ધર્મપુરુષ હતા. તેટલી જ ઉચ્ચ કક્ષાના રાજપુરુષ પણ હતા. તેથી રાજકીય દૃષ્ટિએ શું ઈષ્ટ છે તે જોઈ શકતા હતા. આ પ્રશ્ન બાબત આમરણ ઉપવાસનો વિચાર તદ્દન અવ્યવહારુ હતો. તેથી સ્વાતંત્ર્ય બાદના દિવસો કોમી એકતા અને શાંતિ સ્થાપવામાં તેઓએ પૂરા કર્યા.

*સંદર્ભ : આ લેખકનું પુસ્તક 'India's Fight for Freedom – Navjivan Press Publication'*

*પરમાત્મા મોટાં મોટાં સામ્રાજ્યોથી વિમુખ થઈ શકે છે પણ નાનાં-નાનાં પુષ્પોથી નહિ.*

## રાષ્ટ્રધ્વજની પ્રથમ ડિઝાઈન પિંગલી વૈંક્યાએ ગાંધીજીને આપેલી



દેશને રાષ્ટ્રધ્વજની સૌપ્રથમ વખત ભેટ આપનારા આંધ્ર પ્રદેશના મછલીપટ્ટનમના પિંગલી વૈંક્યાનું નામ ભાગ્યે જ કોઈને યાદ આવે છે.

૧૯૨૧માં વિજયાવાડા ખાતે યોજાયેલા મહાસભાના અધિવેશનમાં પિંગલી વૈંકયાએ સૌપ્રથમ વાર દેશનો રાષ્ટ્રધ્વજ તૈયાર કરીને મહાત્મા ગાંધીને આપ્યો હતો. વૈંક્યાએ જાતે જ તૈયાર કરેલા રાષ્ટ્રધ્વજમાં લાલ અને લીલા રંગનો સમાવેશ થતો હતો. **આથી ગાંધીજીએ સત્ય અને અહિંસાના પ્રતીક સમા સફેદ રંગની પટ્ટી મુકવાનું સૂચન ગાંધીજીએ કરેલું.** જેને વૈંક્યાએ સહર્ષ સ્વીકારી લીધું હતું. ત્યારબાદ ગાંધીજીએ યંગ ઇન્ડિયા અખબારમાં રાષ્ટ્રધ્વજ તૈયાર કરવા બદલ વૈંક્યાના વખાણ કર્યા હતા.

આંધ્ર પ્રદેશના મછલીપટ્ટનમ વિસ્તારના પેનમરૂ ગામમાં ૨જી ઓગસ્ટ, ૧૮૧૬ના રોજ જન્મેલા વૈંક્યા પિંગલી ૨૧ વર્ષની ઉંમરે બ્રિટીશ સૈન્યમાં ભારતીય સૈનિક તરીકે નોકરી કરતા હતા. તેમણે ૧૮૯૯થી ૧૯૦૨ દરમ્યાન દક્ષિણ આફ્રિકામાં ખેલાયેલા બોઅર યુધ્ધમાં ભાગ લીધો હતો. આ દરમ્યાન તેમની મુલાકાત દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ ચલાવતા ગાંધીજી સાથે થઈ હતી. વૈંક્યા ગાંધીજીના વિચારો અને આચરણથી ખૂબ જ પ્રભાવિત થયેલા.

બોઅરની લડાઈ બાદ વૈંક્યાએ સૈનિક તરીકેની નોકરી છોડીને રેલવેના ગાર્ડ તરીકે મુંબઈમાં નોકરી કરવાની શરૂ કરી. આ દરમ્યાન મદ્રાસમાં મરછી નામનો રોગ ફાટી નીકળતાં સેંકડો રોગીઓની સેવા કરવા માટે નોકરી છોડી દીધી હતી.

કોલકાતા ખાતે યોજાયેલા કોંગ્રેસના અધિવેશનમાં અંગ્રેજોના ધ્વજ યુનિયન જેકને ફરકતો જોઈને તેમનું હૃદય દ્રવી ઊઠ્યું હતું. આથી વૈંકયાએ ભારત દેશને પોતાનો રાષ્ટ્રધ્વજ હોવો જોઈએ એવું સૂચન કર્યું હતું. તેઓ સૂચન કરીને બેસી ન રહ્યા પરંતુ ૧૯૧૬થી ૧૯૨૧ દરમ્યાન તેમણે દુનિયાના વિવિધ રાષ્ટ્રધ્વજોનો અભ્યાસ કરીને એક પુસ્તક પણ લખ્યું જેમાં ૩૦થી પણ વધુ રાષ્ટ્રધ્વજના નમૂના આપ્યા હતા. આમ રાષ્ટ્રધ્વજની પ્રથમ કલ્પના પિંગલી વૈંક્યાએ કરી હતી. ૧૯૩૧માં લાહોર ખાતે યોજાયેલા કોંગ્રેસના અધિવેશનમાં તિરંગાને માન્યતા આપવામાં આવી હતી. ■


| યાત્રા | ઈન્ટરનેશનલ ટુર્સ | પ્રવાસ |
|---|---|---|
| શિખરજી<br>સૌરાષ્ટ્ર દર્શન<br>રાજસ્થાન<br>પાલિતાણા - પંચતીર્થ<br>ગીરનાર - સોમનાથ<br>કચ્છ પંચતીર્થ<br>જગન્નાથપુરી<br>નાગેશ્વર (એમ. પી)<br>પુના -કાત્રજ<br>કાવી-ગંધાર-ઝગડીયા<br>કુલપાકજી - હૈદરાબાદ<br>ચારધામ<br>પંજાબ પંચતીર્થી | દુબઈ ફારઈસ્ટ ન્યુઝીલેન્ડ કેનેડા<br>શ્રીલંકા હોંગકોંગ ઓસ્ટ્રેલીયા ચાઈના<br>મોરેશીયસ માલદીવ્સ યુરોપ અલાસ્કા<br>PASSPORT ASSISTANCE \| VISA<br>FOREX \| OVERSEAS INSURANCE<br>Chetan Mota's tmt holyday<br>Bubble gum TOURS & TRAVELS<br>૨૦૬, નેપ્ચ્યુન અપટાઉન, એન. એસ. રોડ, મુલુંડ (વે).<br>૯, હેમુ પ્લાઝા, ડી. જે. રોડ, વિલેપાર્લા (વે).<br>Tel. : 2593 4545 \| 2610 1062 \| 2612 2270<br>Email : info@bubblegumtours.com<br>Web : www.bubblegumtours.com<br>ભારતભરના તમામ યાત્રા તેમજ ગિરિમથકો માટે વ્યક્તિગત કે ગ્રુપમાં ટેલરમેડ કે અમારા બારે માસ ચાલતા આયોજીત ફેમિલિ / હનીમુન પ્રવાસોમાં બધી જ અત્યાધુનિક સગવડતાઓ સાથે... | કાશ્મીર-વૈષ્ણોદેવી<br>લેહ લડાક-કાશ્મીર<br>દાર્જીલીંગ-સીકકીમ<br>હિમાચલ<br>ઉતરાંચલ<br>દક્ષિણ ભારત<br>કેરલા<br>રાજસ્થાન<br>હૈદ્રાબાદ-રામોજી સીટી<br>કોસ્ટલ કર્ણાટક<br>ભૂતાન-નેપાલ<br>આંદામાન-નિકોબાર |

પ્રજાતંત્ર

# નવા અંદાજપત્રની આસપાસ

• યાસીન દલાલ •

આખરે મોદી સરકારનું પહેલું અંદાજપત્ર રજૂ થઈ ગયું. લોકસભાની ચૂંટણી હારેલા શ્રી અરુણ જેટલીએ આ બજેટ રજૂ કર્યું છે. એમાં રેલવેની જેમ જ મૌલિકતા ઓછી અને યુ.પી.એ.ની નકલ વધુ દેખાય છે. કેટલીક બાબતોમાં વિરોધાભાસ જોવા મળે છે. દા.ત. મ ન રે ગા – યોજના યુ.પી.એ.ની હતી. ગ્રામીણ વિસ્તારમાં રોજગાર આપતી આ યોજના સારી હોવા છતાં ભાજપે એનો વિરોધ કર્યો હતો. હવે શ્રી જેટલીએ આ યોજના બંધ કરવાને બદલે એને માટે નાણા ફાળવ્યા છે. એ જ રીતે એફ.ડી.આઈ. એટલે કે વિદેશી મૂડી રોકાણની દરખાસ્તનો પણ ભાજપે વિરોધ કરેલો. હવે રેલવે બજેટમાં બુલેટ ટ્રેન માટે વિદેશી મૂડી રોકાણ લેવાની વાત કરવામાં આવે છે. એક વધુ વિરોધાભાસ જી.એસ.ટી. બાબતમાં છે. આ યોજના મૂળ યુ.પી.એ.ની હતી અને ત્યારે જાહેર થયેલું કે બધા રાજ્યો હા પાડશે તો જ એનો અમલ થશે. ત્યારે મધ્યપ્રદેશ અને ગુજરાતે એનો વિરોધ કરેલો. હવે એ વિરોધ કરનાર શ્રી મોદી ખુદ વડાપ્રધાન બન્યા છે અને અંદાજપત્રમાં એની જોગવાઈ પણ છે. બીજો વિરોધાભાસ એ કે ખુદ જેટલીએ ચૂંટણી પ્રચાર દરમ્યાન જાહેરાત કરી હતી કે અમે સત્તા પર આવશું તો આવકવેરાની મર્યાદા પાંચ લાખ કરી દઈશું પણ અંદાજપત્ર ઘડતી વખતે એ વાત ભૂલાઈ ગઈ.

રાબેતા મુજબ બધા નાણાપ્રધાનો ગંજીપાના પત્તા ચીપે છે અને કોઈક વસ્તુનો વેરો ઘટાડે છે તો કોઈકનો વેરો વધારે છે. આ વખતે પણ એમ જ થયું. મોબાઈલ ફોન, કોમ્પ્યુટર અને ૧૯ ઈંચથી નાના ટી.વી. સસ્તા થયા છે અને ઠંડા પીણા તથા સીગારેટ મોંઘી થઈ છે. વરસોથી આ સીલસીલો ચાલ્યો આવે છે. દરેક વખતે સીગારેટ મોંઘી બને છે. પરિણામે સીગારેટ અને તમાકુના વેપારીઓ કરોડોનો જથ્થો સંઘરી લે છે અને કોઈ જાતના રોકાણ વિના બીજા કરોડો કમાઈ લે છે.

દુનિયાના મોટાભાગના દેશોમાં આજે સરકાર માત્ર પ્રજાને સલામતી આપીને એનું રક્ષણ કરીને બેસી રહેતી નથી, પણ સાથે સાથે પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવાના સઘન પ્રયત્નો પણ કરે છે. અમેરિકાથી માંડીને આફ્રિકા અને લેટીન અમેરિકાના ગરીબ અને પછાત દેશો પણ જાતજાતના કરવેરા લોકો પાસેથી ઉઘરાવે છે અને એ કરવેરાની આવક ગરીબ લોકોની સ્થિતિ સુધારવા ખર્ચે છે. કલ્યાણ રાજ્ય તરીકે ઓળખાતી આ આર્થિક નીતિ આપણે પણ અપનાવી છે અને પરિણામે કેન્દ્ર અને રાજ્ય સરકારો પોતાના બજેટમાં આબકારી જકાત, વેચાણવેરો અને આવકવેરા જેવા ટેક્ષ લાદે છે. લોકો પણ દેશની આમજનતાના વિકાસ માટે આ વેરા જરૂરી છે, એમ માનીને એ ભરતા રહે છે.

**પ્રશ્ન એ છે કે, આ કરવેરાનો ઉપયોગ ખરેખર ગરીબ અને પછાત વર્ગના ઉત્કર્ષમાં થાય છે ખરો? જો જવાબ 'હા'માં હોય તો આઝાદીના ૬૨ વર્ષ પછી આપણી ગરીબી અને પછાતપણામાં કેમ કોઈ નોંધપાત્ર ફેરફાર થયેલો દેખાતો નથી?** બલકે, ઝૂંપડામાં વસનારા અને ફૂટપાથ પર સૂઈ રહેનારા લોકોની સંખ્યા સતત વધતી જ જાય છે. બેકારીથી થતા આપઘાતનું પ્રમાણ પણ સતત વધતું જ રહે છે. આખેઆખા કુટુંબના સભ્યો સામૂહિક આપઘાત કરી લે એવી ઘટનાઓ પણ વધતી જ રહી છે.

બ્રિટિશ યુગમાં વિદેશી હકૂમત અને દેશી રાજ્યો કરવેરામાં મામૂલી વધારો કરે તો ગાંધીજી આંદોલન કરતા હતા. મીઠા પર જ્યારે બ્રિટિશરોએ કર નાખ્યો, ત્યારે ગાંધીજીએ દાંડીકૂચ કરી હતી. સૌરાષ્ટ્રમાં તળાજાના ત્યારના રાજવીએ ટ્રામના ભાડામાં એક પૈસાનો વધારો કર્યો ત્યારે પ્રજાએ મોટું આંદોલન કર્યું હતું. આજે આઝાદ ભારતમાં લગભગ દરેક ચીજવસ્તુ ઉપર એટલા આકરા કરવેરા છે જે વિશ્વભરના કોઈ દેશમાં ન હોય. આંકડા કહે છે કે, **દુનિયામાં સૌથી વધુ કરવેરાનું ભારણ ભારતની પ્રજા વેંઢારે છે.** અમેરિકામાં ૭ લાખની ઉપરની આવક ઉપર ૩૧%નો વેરો લાગે છે. ચીનમાં ૪૫ લાખથી ઉપરની આવક ઉપર ૩૫% વેરો લાગે છે. સીંગાપુરમાં અઢી લાખ ઉપર માત્ર ૨% અને ૧ કરોડ ઉપર ૨૮%નો વેરો લાગે છે. પાકિસ્તાનમાં ૩ લાખની આવક ઉપર ૨૦%નો આવકવેરો છે. બાંગ્લાદેશમાં અઢી લાખની આવક ઉપર ૨૫% વેરો છે. દુબઈ, ઓમાન, મસ્કત જેવા આરબ દેશોમાં આવકવેરા છે જ નહીં. દુનિયામાં બીજા ઘણા આવા દેશો છે, જ્યાં આવક ઉપર વેરો ભરવો જ પડતો નથી. ત્યારે ભારતમાં દોઢ લાખ ઉપરની આવક હોય તો ૩૦.૬% વેરો લાગે છે.

અને આટલા આકરા કરવેરા હોવા છતાં, ભારતમાં માત્ર બે ટકા લોકો જ આવકવેરો ભરે છે. આવકવેરા ઉપરાંત જે બીજા જાતજાતના કરવેરા સરકાર ઉઘરાવે છે એનો કુલ સરવાળો રાષ્ટ્રીય ઉત્પાદનના ઈન્કમટેક્ષમાંથી આવે છે. આ આવકવેરામાંથી પણ અડધોઅડધ ભાગ શહેરી વર્ગ ભરે છે. દુનિયાની એક અજાયબી એ છે કે, ભારતમાં ગામડામાં વસતાં ૭૫% ખેડૂતો ઉપર કોઈ જાતનો વેરો જ નથી! કોઈ સરકારી કર્મચારી વાર્ષિક રૂા. અઢી લાખ કમાય તો એના પર

*ઈશ્વરનો સ્વભાવ છે પ્રેમ અને તેની ભાષા છે મૌન.*

આવકવેરો લાગી જાય પણ કોઈ ખેડૂત પાંચ કરોડ કમાય તો પણ વેરો નહીં ભરવાનો. એક જ દેશના બે નાગરિકો વચ્ચે આવો ભેદભાવ વિશ્વના કોઈ દેશમાં નહીં હોય. બંધારણની કલમ-૧૫ સ્પષ્ટ કહે છે કે, સરકાર એના નાગરિકોને સમાન ગણશે અને કોઈ ભેદભાવ નહીં રાખે. કારણ એ છે કે, અર્થકારણમાં આપણે ત્યાં રાજકારણ ઘૂસી ગયું છે અને કોઈ પણ સરકાર આવડી મોટી વસ્તીના મત ગુમાવવા તૈયાર નથી.

આમાં ખૂબીની વાત એ છે કે અમેરિકા, બ્રિટન કે જર્મની જેવા દેશોમાં ચલણનું મૂલ્ય પણ ઊંચું છે. એ દેશોની પ્રજા ખૂબ કમાય છે અને ત્યાં ચીજવસ્તુઓ ખૂબ જ સોંઘી છે. આપણો દેશ ગરીબ છે. અહીંનો સરેરાશ નાગરિક ખૂબ ઓછું કમાય છે અને છતાં એણે અત્યંત આકરા કરવેરા ભરવા પડે છે. પરિણામે, આ દેશમાં દુનિયામાં સૌથી મોંઘું પેટ્રોલ છે, સૌથી મોંઘા કપડાં છે, સૌથી મોંઘું લાકડું છે, સૌથી મોંઘું લોખંડ છે. અહીં એક જ ચીજ ઉપર જાતજાતના અલગ અલગ કરવેરા લાગે છે. કસ્ટમ અને એક્સાઈઝથી શરૂ કરીને વેચાણવેરો અને એ પછી છેક ઓક્ટ્રોય સુધી કરવેરાની માયાજાળ લંબાતી રહે છે. આ તો આડકતરા વેરા છે. એમાં કેટલાય વેરા તો બેવડાય છે. એક વાહન તમે ખરીદો તો એની મૂળ કિંમત ૩૦ હજારની હોય, પણ જાતજાતના વેરા પછી એની કિંમત વધીને ૫૦થી ૬૦ હજારની થઈ જાય. તમે સિનેમાઘરમાં ફિલ્મ જોવા જાવ તો ટિકિટ ૧૫-૨૦ રૂપિયાની હોય, પણ વેરો લાગ્યા પછી એ ૯૦થી ૧૦૦ રૂપિયાની થઈ જાય! બજારમાંથી કોઈ પણ ચીજવસ્તુ ખરીદો અને એના ટેક્ષનો હિસાબ કરો તો ક્યારેક તો એકસોથી ત્રણસો ટકા જેવો આકરો વેરો આપણે ભરતા હોઈએ છીએ એવું માલૂમ પડશે. અને ૫૦ વર્ષથી આટલા વેરા ભર્યા પછી પણ દેશની આર્થિક સ્થિતિ તો કથળતી જ જાય છે.

આટલા આકરા કરવેરા ભર્યા પછી એ બધો પૈસો જાય છે ક્યાં? સરકાર એમાંથી ગરીબ વર્ગને સડી ગયેલું અનાજ સસ્તા ભાવે આપે છે, જેને સંઘરવા માટે ફુડ કોર્પોરેશન અબજો રૂપિયા એના કર્મચારીઓના પગારમાં અને ગોડાઉનો બાંધવામાં ખર્ચી નાખે છે. એ ઉપરાંત, નકામી બની ગયેલી, શિક્ષક વગરની શાળાઓ, ડૉક્ટર વિનાની હોસ્પિટલોમાં થોડો પૈસો વપરાય છે. આ ઉપરાંત રાજકીય વગ વધારવા માટે પક્ષના મળતિયાઓ મારફતે જવાહર રોજગાર કે બાજપાઈ રોજગાર યોજનાઓ ચલાવાય છે. જેમાંથી મોટો ભાગ લાંચ રુશ્વતમાં ચવાઈ જાય છે. આ ઉપરાંત, સરકારના ૩૫-૪૦ લાખ કર્મચારીઓના પગાર, બોનસ અને ભથ્થામાં એ રકમ ચવાઈ જાય છે. મતલબ કે, આટલા જંગી કરવેરામાંથી ભાગ્યે જ કોઈ રકમ ગરીબી નાબૂદીમાં ખર્ચાય છે.

આપણે ત્યાં માત્ર આવકવેરો જ વધુ છે એવું નથી. રાજ્યોનો વેચાણવેરો પણ એકદમ ઊંચો છે. ક્યાંક તો એ ૧૮થી ૨૪ ટકા જેટલો આકરો હોય છે. માત્ર દિલ્હીમાંથી ૫૦૦૦ કરોડનો વેચાણવેરો ઉઘરાવાય છે. **ગુજરાતમાં પણ દેશનો સૌથી ઊંચો વેચાણવેરો છે.** છતાં, ગુજરાતની પ્રજા પીવાના પાણી વિના ટળવળે છે. સરકાર એના પ્રધાનો, ધારાસભ્યો અને હવે સરકારી કર્મચારીઓને મફતમાં જમીનના પ્લોટ લૂંટાવવામાં મશગૂલ છે. દેશમાં ૨૦ કરોડ લોકોના માથે છાપરું નથી પણ ધારાસભ્યો કે કર્મચારીઓને મફતમાં બંગલા મળી જશે. **આવો સમાજવાદ દીવો લઈને શોધ્યો ક્યાંય નહીં મળે!** આ ઉપરાંત ગુજરાત સરકાર અવારનવાર વિમાનો ખરીદે છે અને પ્રધાનોને માટે નવી નવી કોન્ટેસા ગાડીઓ ખરીદતી રહે છે. **આવા રજવાડાંને ભુલાવે તેવા બેફામ મોટા ખર્ચા થતાં હોય ત્યાં ગરીબી નાબૂદ કરવા માટે પૈસા બચે કઈ રીતે?**

આટલા જંગી કરવેરા ભર્યા પછી આ દેશના નાગરિકને શું મળે છે? તમે ઘર બંધ કરીને એક કલાક બહાર જાવ અને ઘરમાંથી ચોરી થઈ જાય. અચાનક તમારી દુકાનમાં ગુંડા આવીને તમને લૂંટી જાય અને પોલીસ તમારી ફરિયાદ પણ ન નોંધે. તમારા દીકરા-દીકરીને કોઈ સારી નિશાળમાં પ્રવેશ ન મળે અને મેળવવો હોય તો હજારો રૂપિયાનું ડોનેશન આપવું પડે. તમે વાહન ચલાવો તો ભાંગી ગયેલા રસ્તા ઉપર ખાડામાં પડો અને તમારા હાથપગ ભાંગે. તમારી વીજળી અચાનક ખોરવાઈ જાય. તમારો હક્કહિસ્સો કોઈ લૂંટી જાય અને અદાલતમાં જાવ તો ૨૫-૩૦ વર્ષ સુધી એનો કોઈ નીવેડો જ ન આવે. તમારા વિસ્તારમાં ગટર ન હોય અને મચ્છરથી મેલેરિયામાં તમે માંદા પડો કે મરી જાવ તો એની કોઈ નોંધ પણ ન લે. તમે રસ્તા પર ચાલ્યા જતા હો તો ફૂટપાથ પર એટલાં દબાણો હોય કે ચાલી જ ન શકો અને રસ્તા પર ચાલો અને કોઈ વાહનચાલક બેફામ ઝડપથી આવે અને તમને પછાડતો જાય તો તમારે રામશરણ કરવાનું. આટલા જંગી વેરા ભર્યા પછી સરકાર નાગરિકને જીવનની સલામતી, ચોખ્ખું પીવાનું પાણી, આરોગ્યપ્રદ હવાપાણી અને સારું શિક્ષણ કે સારા રસ્તા, ગટર પણ ન આપી શકતી હોય તો નાગરિકે કરવેરા શા માટે ભરવા જ જોઈએ?

**આપણો સરેરાશ નાગરિક દર વર્ષે રૂા. ૩૨૧૭/- જેવો જંગી વેરો ભરે છે.** હોંગકોંગ નામનો ટચુકડો દેશ ૩ લાખની આવક પર માત્ર બે ટકા વેરો ભરે છે. (જે વધીને ૨૦ ટકાએ પહોંચે છે.) અને છતાં આપણા આખા દેશ કરતાં ત્યાં કરવેરાની આવક વધુ થાય છે અને ત્યાં આવકવેરાના સ્ટાફમાં માત્ર એક કમિશનર, બે ડેપ્યુટી કમિશનર અને પાંચ મદદનીશ કમિશનરો છે! આપણે આવા દેશોના અનુભવોમાંથી કોઈ બોધપાઠ લઈશું?

***સૌજન્ય પબ્લિકેશન્સ***
***૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,***
***રાજકોટ-૩૬૦ ૦૦૧.***
***ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭***

*રીતુ : બોલ મનિયા, એવું કયું કામ છે જે ચકલી કરી શકે છે પણ હું નથી કરી શકતી?*

*મનિયો : બેન, તમે કુંડીમાં નાહી ન શકો.* ☺

*ઈશ્વર નિરાકાર છે. તેનું દર્શન આંખથી નહિ પણ શ્રદ્ધાથી થાય છે.*

# ટ્રસ્ટ નોંધણી કચેરીનો વહીવટ જ અનિયંત્રિત!

• શશીકાંત ઠક્કર - એડવોકેટ •

ગુજરાત રાજ્યમાં આવેલા જાહેર અને સખાવતી ટ્રસ્ટોની નોંધણી અને તેના વહીવટને નિયંત્રિત કરવા અને સારી વ્યવસ્થા ગોઠવવાના હેતુથી સન ૧૯૫૦નો મુંબઈનો જાહેર ટ્રસ્ટો બાબતનો કાયદો સૌરાષ્ટ્ર - કચ્છ સિવાયના ગુજરાત રાજ્યમાં તા. ૨૧-૧-૫૨થી અમલમાં લેવાયો છે. જ્યારે સૌરાષ્ટ્ર - કચ્છ વિસ્તારમાં તે ૧-૮-૬૧થી લાગુ કરવામાં આવ્યો છે. આ કાયદાના અમલ માટે સમગ્ર રાજ્યમાં ચેરિટી તંત્રની રચના કરવામાં આવી છે. જેમાં રાજયના ચેરિટી કમિશનર, ઉપરાંત અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરતમાં સંયુક્ત ચેરિટી કમિશનર કચેરીઓ અને ૨૨ જિલ્લામાં મદદનીશ ચે. કમિશનર કચેરી અને બે જિલ્લામાં નાયબ ચેરિટી કમિશનર (અમદાવાદ અને કચ્છ)ની કચેરીઓ રાખવામાં આવી છે.

આ તમામ કચેરીઓના પગાર-ભથ્થા અને અન્ય વહીવટી ખર્ચને પહોંચી વળવા કાયદાની કલમ-૫૮ હેઠળ એવી જોગવાઈ કરવામાં આવી છે કે દરેક ટ્રસ્ટે પોતાને વર્ષ દરમ્યાન થયેલ આવકના બે ટકાની રકમ ફાળા તરીકે તંત્ર પાસે જમા કરાવવી અને વાર્ષિક ઑડિટ રિપોર્ટના આધારે આ રકમ જિલ્લાનું ચેરિટી તંત્ર વસુલ કરવાની કાર્યવાહી કરે છે. આ રકમનું એક અલાયદું ફંડ કલમ-૫૭ હેઠળ રચવામાં આવ્યું છે. જેને જાહેર ટ્રસ્ટોના વહીવટી ફંડનું નામ અપાયું છે. આ ફંડમાં ટ્રસ્ટોનો ફાળો અને અન્ય પરચૂરણ આવકો તથા વધારાના નાણાંના રોકાણમાંથી મળતા વ્યાજને જમા કરાવવામાં આવે છે અને આ રકમમાંથી સમગ્ર ચેરિટી તંત્રનો ખર્ચ ચૂકવવામાં આવે છે. આમ રાજ્ય સરકારને ચેરિટી તંત્ર માટે એક પણ રૂપિયો ખર્ચવો પડતો નથી. સન ૨૦૦૯-૧૦ની આખરે આ ફંડમાં ૮૫ કરોડ ૩૬ લાખ ૪૫ હજાર ૮૩૩ની રકમ જમા પડી છે.

સન ૨૦૦૯-૧૦ના વાર્ષિક વહીવટી અહેવાલ મુજબ તે વર્ષે ૨૫ કરોડ ૩૫ લાખ ૬૧ હજારની આ ફંડમાં આવક થઈ છે જેમાં ૧૦ કરોડ ૪૬ લાખ ટ્રસ્ટ ફાળાના અને ૧૪ કરોડ ૭૩ લાખ વ્યાજના જમા થયા છે. આની સામે સમગ્ર ચેરિટી તંત્રનો ખર્ચ ૭ કરોડ ૩૪ લાખ જેટલો છે જેમાં ૬ કરોડનો ખર્ચ પગાર-ભથ્થાનો છે. આમ વાર્ષિક આવક સામે ખર્ચ બાદ કરતાં તે વર્ષે ૧૮ કરોડની બચત થઈ છે. આ રકમ તે પછી પણ વર્ષોવર્ષ વધતી જ ગઈ હોય તે સ્વાભાવિક છે.

આમ એક બાજુથી રાજ્ય સરકાર બિનજરૂરી બચત કરી ચેરિટી તંત્રની ખાલી જગ્યાઓ પૂરવાના અભાવે સમગ્ર વહીવટ ખોરંભે પાડીને ટ્રસ્ટોને પણ હેરાનગતિ કરે છે, જ્યારે બીજી તરફ જરૂરિયાતથી વધારે આવક હોવા છતાં ટ્રસ્ટ ફાળાની રકમની ટકાવારી ઘટાડવાનું નામ લેતી નથી. દાતાઓના દાનથી ચાલતા આવા સખાવતી ટ્રસ્ટોને મદદ કરવાનું તો એક બાજુ રહ્યું પરંતુ સરકાર તેમની આવકમાંથી બિનજરૂરી રકમ ઉઘરાવી નફાખોરી કરે છે તે ઉપરોક્ત હકીકતોથી તદ્દન સ્પષ્ટ થાય છે. બીજી તરફ ચેરિટી તંત્રે કાયદા મુજબ કરવાની કામગીરી અધિકારીઓ / કર્મચારીઓના અભાવે સમયસર અને પૂરતી રીતે કરી શકાતી નથી તે પણ ઉપરોક્ત અહેવાલના આંકડાઓથી જાણી શકાય છે.

ચેરિટી તંત્રના અધિકારીઓ / કર્મચારીઓની જગ્યાઓના આંકડા તો અહેવાલમાં અપાયા છે પરંતુ કઇ અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે તેની વિગતો ઇરાદાપૂર્વક અહેવાલમાં આપવામાં આવી નથી તેમ જણાય છે. પરંતુ માહિતી મેળવતાં હાલ ૩૭ અધિકારીઓની જગ્યાઓ સામે માત્ર ૨૨ જગ્યા ભરેલી છે. જ્યારે ખુદ ચેરિટી કમિશનર સહિતની ૧૫ જગ્યાઓ ખાલી છે. ભુજની કચેરીમાં એક અધિકારી અને ૧૦ સ્ટાફ સામે માત્ર પાંચ સ્ટાફની જગ્યા ભરેલ છે, બાકી બધી ખાલી છે. પાંચ માંથી પણ બે પટાવાળા છે બાકી માત્ર ત્રણ જણાથી વહીવટ ચલાવાય છે!

### • નોંધાયેલ ટ્રસ્ટો :

સમગ્ર રાજ્યમાં એક લાખ એકાણું હજાર જેટલા ટ્રસ્ટો અહેવાલના વર્ષ સુધી નોંધાયેલ છે, જે પૈકી કચ્છમાં ૬૩૫૨ છે. નોંધાયેલ સોસાયટી રાજ્યમાં ૬૨,૧૦૧ની સામે કચ્છમાં ૧૯૯૪ છે.

### • કાર્યવાહીઓ :

ટ્રસ્ટોની નોંધણીની અરજીઓ, ફેરફાર રિપોર્ટો, પરચૂરણ અરજીઓ તપાસો અને કાનૂની અપીલો / અરજદારોની વિગતો આ સાથેના કોઠામાં આપવામાં આવી છે તે મુજબ મોટાભાગે વર્ષ દરમ્યાન નવી ઉપસ્થિત કાર્યવાહીઓ જેટલો પણ નિકાલ થતો નથી. પરિણામે વર્ષોવર્ષ બૅકલોગ વધતો જાય તે સ્વાભાવિક છે. ભુજની એક જ કચેરીમાં જ આશરે ૮૦૦ જેટલી કાર્યવાહીઓ બાકી છે.

### • ઑડિટ રિપોર્ટ :

ચેરિટી તંત્રની મહત્ત્વની કાર્યવાહી દરેક ટ્રસ્ટના હિસાબોના ઓડિટ રિપોર્ટ મેળવી તેને તપાસી તેમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો અંગે જરૂરી કાર્યવાહી કરવાની રહે છે પરંતુ અહેવાલના વર્ષના આંકડા જોતાં ફક્ત ૫૨,૭૯૯ હિસાબો (ફક્ત ૯.૭૦ ટકા) રજૂ થયા છે જ્યારે ૪,૯૧,૧૦૬ (એટલે કે

*પરમાત્માને એ લોકો વહાલાં હોય છે કે જેઓ એની સૃષ્ટિને વહાલ કરે છે.*

| વિગત | તા. ૧-૪-૦૯ના બાકી સંખ્યા | વર્ષ દરમ્યાન આવેલ સંખ્યા | નિકાલ સંખ્યા | બાકી સંખ્યા | ૧ વર્ષની ઉપરની બાકી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. ટ્રસ્ટ નોંધણી અરજી | ૨૫૮૪ | ૭૧૯૭ | ૭૦૬૪ | ૨૭૧૭ | ૧૨૯૬ |
| ૨. ફેરફાર રિપોર્ટો | ૧૩૭૦૧ | ૧૦૩૭૫ | ૯૪૫૪ | ૧૪૬૨૨ | ૫૦૪૫ |
| ૩. પરચૂરણ અરજી | ૧૨૧ | ૧૯૫૨ | ૧૮૬૬ | ૨૦૭ | એન.એ. |
| ૪. તપાસો | ૧૯૨૬ | ૧૦૪૧ | ૧૧૪૭ | ૧૮૨૦ | એન.એ. |
| ૫. કાનૂની અપીલો | ૩૫૬૮ | ૩૫૧૨ | ૩૪૫૬ | ૩૬૨૫ | ૨૦૭૭ |
| | ૨૧૯૦૦ | ૨૪૦૭૭ | ૨૨૯૮૭ | ૨૨૯૯૧ | |

*નોંધ : આ આંકડાથી સ્પષ્ટ થાય છે કે વર્ષ દરમ્યાન નવી રજૂ થયેલ સંખ્યા જેટલો પણ નિકાલ વર્ષ દરમ્યાન થતો નથી. એટલે બૅકલૉગ વધતો જ જાય છે.*

૯૦.૩૦%) હિસાબો રજૂ જ થયા નથી અને તે માટે પણ કોઈ કાર્યવાહી થઈ શકી નથી ત્યારે આ હિસાબોની યથાર્થતા તપાસી પગલાં લેવાનો તો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી.

- **ફાળાની વસુલાત :**

ટ્રસ્ટ ફાળાની વસુલાત જોઈએ તો વર્ષ દરમ્યાન દસ કરોડ ૪૬ લાખ ઉપરાંતનો (૭૯.૨૦ ટકા) વસુલ થયેલ છે. જ્યારે બે કરોડ ૭૫ લાખ ઉપરાંત (૨૦.૮૦ ટકા) વસુલ બાકી છે. ભુજ કચેરીએ ૬૦ લાખની વસુલાત કરી છે જ્યારે બાકી માત્ર ૧ લાખ જેટલી રકમ છે.

- **ટ્રસ્ટ ફંડનું રોકાણ :**

૨૦૦૯-૧૦ આખરે ૮૫ કરોડ ઉપરાંતની રકમ જે બચત છે તેમાંથી ૮૪ કરોડ જેટલી રકમ વિવિધ થાપણોમાં રોકાણ કરવામાં આવી છે જ્યારે ૧ કરોડ ૩૭ લાખ હાથ પર ઉપલબ્ધ રખાયેલ છે.

- **કચેરી નિરીક્ષણ :**

આ કામગીરીમાં ગંભીર બેદરકારી દર્શાવાઈ છે. વર્ષ દરમ્યાન જુદા જુદા સમયે ૨૭ જેટલી કચેરીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે પરંતુ એક પણ નિરીક્ષણ અહેવાલ રજૂ કરવામાં આવ્યો નથી.

- **ફરિયાદો :**

વર્ષ દરમ્યાન કુલ ૬૨૭ ફરિયાદો પૈકી માત્ર ૮૪નો નિકાલ થયો છે જ્યારે ૫૪૩ બાકી છે.

*'જલિયાણા',*
*જૂના બસ સ્ટેન્ડની બાજુની ગલી,*
*જૂનાવાસ, માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦.*
*મો. ૯૮૨૫૪ ૫૩૯૫૧*

# દુનિયા ઝુકતી હૈ....

એક માણસને શરદી થઈ. તે ગયો ડૉક્ટર પાસે. ડૉક્ટરે તપાસીને જણાવ્યું કે, 'વાઈરલ ઈન્ફેક્શન છે. પાંચ દિવસની એન્ટીબાયોટિક દવા લખી આપું છું, સારું થઈ જશે. ચિંતાનું કારણ નથી.'

પછી તે ગયો એક વૈદ્યરાજ પાસે. વૈદ્યરાજે નાડી તપાસીને કહ્યું કે, 'કફ પ્રકોપ છે. ત્રિકટુ ચૂર્ણની પડીકીઓ આપું છું. સવાર-સાંજ મધ સાથે લેવાની છે. પાંચ-છ દિવસમાં સારું થઈ જશે.'

પછી તે માણસ ગયો એક ખૂબ જાણીતા જ્યોતિષી પાસે. જ્યોતિષીએ ખૂબ ગંભીરતાથી કુંડળી માંડી ગહન અભ્યાસ કરીને કહ્યું કે, 'હાલમાં તમારી ઉપર શનિની દશા ચાલે છે એટલે શરદી થઈ. પંદર દિવસ પછી તમારો ગુરુ મંગળના ઘરમાં પ્રવેશ કરશે. એટલે તમારી શરદી દૂર થઈ જશે.'

પછી તે માણસ ગયો એક ખૂબ પ્રખ્યાત તાંત્રિક પાસે. કાળો શીશમ જેવો રંગ, વિખરાયેલા વાળ, લાલ લાલ આંખોવાળા એ અઘોર તાંત્રિકે ભયાનક સૂરે કહ્યું કે, 'તમારા કોઈ શત્રુએ તમારા ઉપર મેલી વિદ્યાનો પ્રયોગ કરાવ્યો છે. તેની સામે તેનાથી બચવા તમારે થોડી વિધિ કરવી પડશે. આ વિધિ કરવામાં જો તમે વિલંબ કરશો તો પેલાની મેલી વિદ્યાનો પ્રભાવ વધી જશે.'

પછી તે માણસ ગયો એક વાસ્તુશાસ્ત્રી પાસે. વાસ્તુશાસ્ત્રીએ ઘેર આવી બધી દિશાઓ અને બધા ખૂણાઓ તપાસીને કહ્યું કે, 'તમારા રસોડાનું બારણું દક્ષિણ દિશામાં પડે છે અને તમારા બેડરૂમની બારી ઈશાન ખૂણે પડે છે. આ જ છે તમારી શરદીની તકલીફનું કારણ.'

પછી તે માણસ ગયો એક સાધુ મહાત્મા પાસે અને પોતાની તકલીફ જણાવી. સાધુ મહારાજે સ્મિત કરતાં જણાવ્યું કે, 'ભાઈ! આ તો ગયા જનમના કર્મના ફળ છે. તેં તારા ગયા જનમમાં કોઈક પાપકર્મ કર્યું હશે એટલે તને આ ભવમાં ભોગવવાનો વારો આવ્યો છે.'

પેલો માણસ તો મુંઝાઈ ગયો. તેણે કશું જ કર્યું નહીં. એટલે ૫-૬ દિવસ પછી એની શરદી મટી ગઈ.

*(શ્રી રોહિત શાહના એક લખાણને આધારે.)*

**શાંતિલાલ સંઘવી - અમદાવાદ**

# કચ્છ — અલગ કચ્છ રાજ્યથી ફાયદો કે ગેરફાયદો?

• કીર્તિ ખત્રી •

**'મંગલ મંદિર' માસ જુલાઈ-૨૦૧૪ના વિશેષાંકમાં ઉક્ત વિષય પરત્વે કેટલાક તજજ્ઞોના અભ્યાસપ્રદ લેખો પ્રકાશિત થયા હતા. તે બધા લેખોનું વિગતવાર પૃથ્થકરણ કચ્છના વરિષ્ઠ પત્રકાર અને 'કચ્છમિત્ર' અખબારના સલાહકાર શ્રી કીર્તિ ખત્રીએ પોતાની આગવી શૈલીથી તા. ૨૦-૭-૨૦૧૪ના 'કચ્છ મિત્ર'માં કર્યું છે, જે અત્રે પુનઃ પ્રસિધ્ધ કરેલ છે.**

***– તંત્રી મંડળ***

'કચ્છ એક અલગ રાજ્ય : તેના ફાયદા અને ગેરફાયદા' આ વિષયને કેન્દ્રમાં રાખીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મુખપત્ર 'મંગલ મંદિર'નો અષાઢી બીજ વિશેષાંક પ્રગટ થઈ રહ્યો હોવાનો ઉલ્લેખ અગાઉ તા. ૧૫ જૂનના 'કચ્છમિત્ર'ના અંકની આ કટારમાં કર્યો હતો. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન સુરેશચંદ્ર મહેતા, માજી નાણાપ્રધાન સનત મહેતા અને ભૂતપૂર્વ મુખ્ય સચિવ પ્રવીણ કે. લહેરી જેવા ધૂરંધર નિષ્ણાતો તેમાં લખવાના છે, એવી વાત મુખ્યતંત્રી અશોક મહેતાએ કરી હતી. તેથી વિશેષાંક જોવાની ભારે આતુરતા હતી. ગયા અઠવાડિયે એનો અંત આવ્યો. કુલ સત્તર જેટલા નિષ્ણાતો - તજજ્ઞોએ તેમાં લેખ લખ્યા છે અગર તો પ્રતિનિધિને મુલાકાત આપીને પોતાના વિચારો વ્યક્ત કર્યા છે. 'મંગલ મંદિર'ના તંત્રીમંડળે ખૂલતે પાને વિષય સંબંધે સ્પષ્ટતા કરી છે એ ધ્યાન ખેંચે તેવી છે. તેમનું કહેવું છે કે, ઘણા લોકો કચ્છના પ્રશ્નોની, સમસ્યાની કે અન્યાયની વાત કરતી વખતે ફાયદા - ગેરફાયદા જાણ્યા વિના કે ઊંડાણમાં અભ્યાસ કર્યા વિના આડેધડ અલગ રાજ્યની હિમાયત કરી બેસતા હોય છે. પરિણામે લોકો ગેરમાર્ગે દોરાય છે. આ સંજોગોમાં કચ્છી પ્રજાને સાચી અને સર્વગ્રાહી જાણકારી પ્રાપ્ત થાય એ માટે આ નવો વિષય અષાઢી બીજ અંક માટે નક્કી કર્યો. તેમાં કચ્છનું અલગ રાજ્ય હોવું જોઈએ કે નહીં એ વિષય ચર્ચવાનો નહિ, માત્ર તેના ફાયદા અને ગેરફાયદા જ વર્ણવવાના.

આ પ્રકારના આમંત્રણના જવાબમાં ૧૫ તજજ્ઞોએ લેખ લખીને મોકલ્યા છે, તેમાં ચાર રાજકારણી સુરેશચંદ્ર મહેતા, સનતભાઈ મહેતા, માજી નાણાપ્રધાન બાબુભાઈ મેઘજી શાહ અને માજી ધારાસભ્ય જયકુમાર સંઘવી, બે ભૂતપૂર્વ અધિકારીઓ ગુજરાતના મુખ્ય સચિવ પ્રવીણ કે. લહેરી અને કચ્છના માજી નાયબ જિલ્લા વિકાસ અધિકારી શશીકાંતભાઈ ઠક્કર ઉપરાંત પત્રકાર, પ્રોફેસર કે સાહિત્ય સાથે સંકળાયેલા નવ નિષ્ણાતોએ મુદ્દાઓની છણાવટ કરતા લેખ લખ્યા છે. જેમાં યાસીન દલાલ, વિનેશ અંતાણી, અશ્વિન ઝિંઝુવાડિયા, નલીન ઉપાધ્યાય, પૃથ્વી શાહ, ડૉ. એમ.જી. ઠક્કર, નરેશ અંતાણી, ખુશમન ગુ. શાહ અને આ લખનાર (કીર્તિ ખત્રી)નો સમાવેશ થાય છે. તો કચ્છના રાજવી પરિવારના મોભી મ.શ્રી પ્રાગમલજી જાડેજા અને ગુજરાતના નિવૃત્ત મુખ્ય ચૂંટણી કમિશનર પ્રભાકર ધોળકિયાની 'મંગલ મંદિર'ના સંપાદકીય સભ્યોએ અંગત મુલાકાત લઈને અભિપ્રાય જાણ્યા છે અને લખ્યા છે.

આ ૧૭ વ્યક્તિઓએ પોતપોતાની રીતે કચ્છ સંદર્ભે વિચાર કરીને ફાયદા - ગેરફાયદાના લેખાં-જોખાં કર્યા છે. આમ તો સંપાદકે સ્પષ્ટતા કરી છે કે કચ્છ અલગ રાજ્ય હોવું જોઈએ કે નહીં એ વિષય ચર્ચવાનો નથી. આમ છતાં પ્રસિદ્ધ થયેલા લેખો પર નજર કરીએ તો અમુક લેખકોએ એના વિષયે પોતાના અભિપ્રાયો આપી દીધા છે. તો કચ્છના પ્રશ્નોનીયે વિગતે છણાવટ થઈ છે. એટલું જ નહીં, કચ્છની વર્તમાન નેતાગીરી સળગતી સમસ્યાઓ પ્રત્યે સાવ ખામોશ છે, એના પ્રત્યે રોષ સુદ્ધાં વ્યક્ત કર્યો છે. કચ્છ આઝાદી પછી તરત જ 'ક' વર્ગનું એટલે કે કેન્દ્રના શાસન હેઠળનું રાજ્ય હતું ત્યારે એના સર્વાંગી વિકાસનાં પગલાં લેવાયાં હતાં એનીયે ખાસ નોંધ લેવામાં આવી છે. ત્યાર પછી મુંબઈ રાજ્ય સાથે અને અંતે ગુજરાત સાથે કચ્છનું જોડાણ થયું, જે આજેય જારી છે. ગુજરાત સાથેના આ ગાળા દરમ્યાન કચ્છની સમસ્યાઓ ક્રમશઃ વધતી રહી છે અને ખાસ તો નર્મદાના નીરની ફાળવણીમાં તેને થયેલા અન્યાયને લીધે ભારે નારાજી છે. શૈક્ષણિક તેમજ ઔદ્યોગિક ક્ષેત્રેય જરૂરી વિકાસ ન થયો એની વાત જુદા જુદા લેખોમાં લેખકોએ કરી છે. આ પૈકી ત્રણ - ચાર અભિપ્રાય એવા છે, જેમાં જણાવાયું છે કે આ સરહદી જિલ્લાની વર્તમાન સમસ્યાઓ અલગ રાજ્ય થવાથી ઉકેલાઈ જશે એમ માનવું ભૂલભરેલું છે. પ્રશ્ન અસરકારક શાસન પ્રણાલીનો છે. આ ઉપરાંત વિકાસ બોર્ડ, ગુજરાતના પ્રધાન મંડળમાં કચ્છને કેબિનેટ કક્ષાનું સ્થાન અને કચ્છનું વહીવટી વિભાજન જેવા ઉપાયો પણ સૂચવાયા છે. એ જ રીતે અલગ કચ્છ માટે લડત ચલાવવાની અને બધા રાજકીય પક્ષો તેમજ સમાજોને એકમંચ પર ભેગા કરવાની

*હે ઈશ્વર! મારી પ્રાર્થના છે કે હું અંદરથી સુંદર થાઉં.*

હિમાયત પણ થઈ છે.

પ્રશ્નના ઊંડાણમાં ઊતરીને આંકડા સહિત ફાયદા - ગેરફાયદાની સૌથી અસરકારક અને સાચી દિશાની રજૂઆત માજી મુખ્યપ્રધાન અને કચ્છી નેતા એવા સુરેશચંદ્ર મહેતાએ કરી છે. તેમણે કચ્છની આવક સહિતના વિવિધ પાસાંઓની આંકડાકીય માહિતી સરકારી તંત્ર પાસેથી મેળવવાના પ્રયાસ કર્યા છે. કચ્છનો કુલ વિસ્તાર, કાયમી વસતિ, સરકાર ચલાવી શકે એવી સક્ષમ માનવ શક્તિ, પાણીની ઉપલબ્ધિ, ખેતી, પશુપાલન, ખનીજ સંપત્તિ, કરઆવક સહિતના અલગ રાજ્યને સ્પર્શતા પાસાં તેમણે ધ્યાને લીધા છે. પરંતુ તેમનો લેખ હજુ અધૂરો છે. સંભવ છે કે અધિકૃત માહિતી મેળવવામાં વિલંબ થયો હોય પણ એટલું નક્કી છે કે અલગ રાજ્યનાં ફાયદા - ગેરફાયદાનો કયાસ કાઢવા માટે એમનો લેખ સીમાચિહ્ન સમો બની રહે તેમ હોવાથી આપણે વધુ માહિતીની રાહ જોવી પડશે. એ માહિતી મળશે ત્યારે અન્ય રાજકારણીઓ માજી નાણાપ્રધાન સનત મહેતા, બાબુભાઈ શાહ અને જયકુમાર સંઘવીએ વ્યક્ત કરેલા વિચારોની છણાવટ પણ સાથેસાથે કરીશું.

એટલે રાજકારણીઓના લેખોને બાજુએ મૂકીએ તો બાકી રહેતા ૧૩ તજજ્ઞોમાં કચ્છના મહારાવ શ્રી પ્રાગમલજીએ પોતાની મુલાકાતમાં અલગ રાજ્યની સૈદ્ધાંતિક તરફેણ કરી છે, પરંતુ આ માટે જરૂરી એવી ચળવળનો નિર્ણય પ્રજા પર છોડ્યો છે. ત્રણ ભૂતપૂર્વ અધિકારીઓના અભિપ્રાયો પણ જાણવા જેવા છે. ગુજરાતના મુખ્ય સચિવ તરીકે ફરજ બજાવી ચૂકેલા પી.કે. લહેરીએ કચ્છની અનોખી લોકસંસ્કૃતિ, ભૌગોલિક વિશિષ્ટતાઓ, પાકિસ્તાન સાથેની સરહદો અને વિશાળ કદના પ્રમાણમાં વસતિ ઘણી ઓછી હોવા સહિતના મુદ્દાઓનો ઉલ્લેખ કરીને અલગ રાજ્યની તરફેણ વિરુદ્ધની, ફાયદા - ગેરફાયદાની રજૂઆત કરી છે. પણ તેમનો મુખ્ય સૂર એ છે કે કચ્છ જેવા પ્રદેશના ઝડપી અને સંતુલિત વિકાસ માટે અસરકારક શાસન પ્રણાલી જરૂરી છે, નહીં કે અલગ રાજ્ય. પ્રજાની આશા અને આકાંક્ષાઓ વિશેષ કાળજી રાખીને પૂરી કરી શકે એવી શાસન પ્રણાલીની તેમણે તરફેણ કરી છે. યોગાનુયોગ પ્રભાકરભાઈએ પણ ફાયદા - ગેરફાયદાની છણાવટ કરતાં કચ્છના સર્વાંગી વિકાસ માટે જવાબદાર પ્રશાસનિક વ્યવસ્થાનો મુદ્દો સંપાદકીય સભ્ય સાથેની મુલાકાતમાં પેશ કર્યો છે. તેમણે અલગ રાજ્યના ફાયદાના મુદ્દામાં રાજ્યસભા - લોકસભાની વધુ બેઠક, રાજ્ય સરકાર અને વિધાનસભા, અલગ હાઈકોર્ટ, નર્મદાના વધુ પાણી મેળવી શકાય વગેરેની સાથે ગેરફાયદાઓ વર્ણવ્યા છે. પરંતુ તેમનો ઊડીને આંખે વળગે એવો મુદ્દો ૧૯૪૮થી ૧૯૫૬ના કેન્દ્રશાસિત પ્રદેશના સમયગાળાનો છે. તેમના જણાવ્યા અનુસાર આ ગાળામાં કચ્છની સ્થાનિક સ્થિતિ, સરહદ સુરક્ષા અને સામાજિક વિકાસ માટેના આયોજનબદ્ધ વિકાસ વ્યવસ્થાના ભાગરૂપે કચ્છનો ત્યારે સર્વાંગી વિકાસ થયો. કંડલાને મહાબંદરનો દરજ્જો મળ્યો, કચ્છને અન્ય પ્રદેશ સાથે જોડતી રેલવેલાઈનો અને રાષ્ટ્રીય ધોરીમાર્ગોના વિકાસનું પણ આયોજન - નિયોજન થયું. સામુદાયિક વિસ્તરણ કાર્યક્રમ અંતર્ગત લોકકલ્યાણની મુળભૂત પ્રવૃત્તિઓ, સ્વાસ્થ્ય, શિક્ષણ આદિનો ઝડપી અને ગહન પ્રસાર થયો. કૃષિવિકાસ હેતુ વિધવિધ પ્રવૃત્તિઓ તેમજ મહેસૂલી પદ્ધતિમાં કલ્યાણકારી સુધારા થયા.

પણ, પ્રભાકરભાઈના મતે ઝડપી વિકાસનું કારણ અલગ રાજ્યનો દરજ્જો માત્ર નહીં પરંતુ સીધી જવાબદાર પ્રશાસનિક વ્યવસ્થાનું હતું. વહીવટી તંત્રની લોકો પ્રત્યે સીધી 'જવાબદેહી' હતું. ત્યારે જે લોકનેતૃત્વ દેખાતું હતું તે સ્થાનિક પ્રશ્નોને રૂબરૂ સમજી શકતું હતું અને વહીવટી તંત્રને સમજાવી શકતું હતું તેમજ તેના સ્થાનિકે જ નિરાકરણ હેતુ પગલાં ભરવા સ્વતંત્ર હતું.

ત્રીજા નિવૃત્ત અધિકારી શશીકાંતભાઈ ઠક્કરે આઝાદી પછીની ત્રણેય રાજકીય વ્યવસ્થાઓની છણાવટ કરી છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કેન્દ્રના શાસન હેઠળ કચ્છમાં સર્વાંગી વિકાસના મંડાણ થયા તેનો ચિતાર આપીને તે પછીની બંને વ્યવસ્થાઓ એટલે કે મુંબઈ અને ગુજરાત રાજ્ય હેઠળ વિકાસની ગતિ કેમ મંદ પડી ગઈ એની વાત કરી છે. તેમણે તા. ૧-૬-૧૯૪૮ના કચ્છ ભારતીય સંઘનો એક હિસ્સો બન્યો તે પૂર્વે કેન્દ્ર સરકાર દ્વારા જે ખાતરી - કોલ અપાયા તેનો ધરાર ભંગ થયો છે એની યાદ પણ દેવડાવી છે. તેમણે નીચે મુજબ લખ્યું છેઃ

'....કચ્છ રાજ્યનો સમગ્ર વહીવટ ચીફ કમિશનર તેમના બે સ્થાનિક સલાહકારોની મદદથી ચલાવતા. સલાહકારોને વિવિધ ખાતાઓની ફાળવણી કરવામાં આવેલી. આ વ્યવસ્થા કરાઈ ત્યારે કચ્છના મહારાવ સાથે જે કોલ-કરાર કરવામાં આવેલા ત્યારે તા. ૪-૫-૧૯૪૮ના વી.પી. મેનનના પત્ર દ્વારા કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવી હતી. આ પત્રના પારા-૫ માં જણાવ્યા મુજબ ભારત સરકારે 'ભારતના અન્ય રાજ્યો સાથે સરખાવી શકાય તેવું જીવનધોરણ અને વહીવટ' કચ્છી પ્રજાને તે રીતે કચ્છનો વિકાસ કરવાનો કોલ આપ્યો હતો. બીજો એવો કોલ અપાયો હતો કે ભારત સરકારનો ઈરાદો કચ્છને વહીવટના એક જુદા એકમ તરીકે રાખવાનો હતો અને ભવિષ્યમાં જ્યારે પણ વહીવટી બીજા કોઈ કારણે ફેરફાર કરવાની જરૂર ઊભી થશે ત્યારે કોઈપણ પગલું લેતાં પહેલાં મહારાવ સાથે વિચાર વિમર્શ કરવામાં આવશે.'

પણ અફસોસ કે ૧૯૫૬માં રાજ્યોની પુનર્રચના થઈ અને કચ્છને મુંબઈ સાથે જોડી દેવાયું ત્યારે ન તો મહારાવને વિશ્વાસમાં લેવાયા કે ન તો કચ્છી પ્રજાનો કોઈ અભિપ્રાય લેવાયો. તેમ મહારાવે પણ કચ્છી પ્રજાના પ્રતિનિધિ તરીકેના પોતાના હક્કનો ઉપયોગ કરવાનો પ્રયાસ ન કર્યો. શશીકાંતભાઈએ આ મુદ્દાનો ખાસ ઉલ્લેખ કર્યો છે અને લખ્યું છે કે 'એ પછીની બંને

*આ મારું છે અને આ બીજાનું છે એવું સંકુચિત હૃદયવાળા જ સમજે છે. ઉદાર ચિત્તવાળા તો આખા સંસારને પોતાનું કુટુંબ જ સમજે છે.*

વ્યવસ્થાઓમાં કચ્છ એક પ્રદેશને બદલે જિલ્લામાં સમેટાઈ ગયું. ૧-૫-૧૯૬૦થી કચ્છ ગુજરાતનો જિલ્લો બની જતાં ચૂંટાયેલા પ્રતિનિધિઓને બદલે તમામ સત્તા અમલદારો પાસે ગઈ. જિલ્લા લોકલ બોર્ડ જેવી સ્વાયત્ત સત્તાનું વિસર્જન થતાં રચાયેલી જિલ્લા પંચાયત રાજ્યની પોસ્ટ ઓફિસ જેવી બની ગઈ. વિભાગીય કચેરી બંધ થઈ. છાડબેટ અને બળવંતરાય મહેતાને ગુમાવવા પડ્યા. રાજ્યની માનસિકતા સતત કેન્દ્રીયકરણ કરવાની રહી.'

શશીકાંતભાઈએ કેન્દ્રીયકરણની પ્રક્રિયાઓનું ટૂંકમાં પણ બહુ જ સચોટ રીતે વિવરણ કરીને સ્થાનિક પ્રજા અને પ્રતિનિધિઓ કેવી રીતે બિનઅસરકારક બની ગયા એ પણ લખતાં જણાવ્યું છે કે, કેન્દ્રીયકરણનાં મુખ્ય પગલાંઓ જોઈએ તો સન ૧૯૬૧માં પંચાયત મંત્રીની કેડર સરકારી બનાવાઈ. પંચાયતી રાજની રચનામાં તમામ અધિકારીઓ અને નોકરો સરકારના વિવિધ ખાતાઓનાં નિયંત્રણ હેઠળ રખાયા. ચૂંટાયેલી પાંખોને કોઈ વહીવટી અધિકારો અપાયા નહીં. પંચાયતોને સરકારની કઠપૂતળી બનાવી દેવાઈ. વિકાસકામોનું નિયંત્રણ કલેક્ટર હેઠળના આયોજન બોર્ડ પાસે રખાયું અને તે સિવાયની વ્યવસ્થા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ગોઠવાઈ. નગરપાલિકાના ચીફ ઓફિસરોની જગ્યાઓ સરકારી અધિકારીઓથી ભરાઈ. ઓક્ટ્રોયની આવક ઝૂંટવાઈ અને વિવિધ ગ્રાંટો માટે સરકાર પર આધાર રખાયો. ગ્રાંટોની ફાળવણી રાજ્યના ઈશારે અને રાજકીય ગણિતથી, ભૂકંપ બાદ રચાયેલા સત્તામંડળોમાં પ્રજાકીય પ્રતિનિધિઓની સમૂળગી બાદબાકી કરાઈ. ઝોનિંગ વિના આડેધડ ઉદ્યોગની સ્થાપનાનાં પરિણામે પર્યાવરણની નુકશાની વગેરે અનેક બાબતો દ્વારા પ્રજા અને સ્થાનિક સંસ્થાઓની પરેશાનીનો ગુણાકાર થતો રહ્યો.'

આમ તેમણે કચ્છની વ્યવસ્થાઓનો ચિતાર આપીને અલગ રાજ્ય તરીકે ફાયદા - ગેરફાયદાની રૂપરેખા આપી છે. દેખીતી રીતે જ તેમનો સૂર 'ક' વર્ગ વધુ સારો હતો એ કહી જાય છે. હા, એમણે એ વાતનીય નોંધ લીધી છે કે આઝાદી પછી જ્યાં પણ અલગ રાજ્યો રચાયાં છે ત્યાંની પ્રજાએ હિંસક આંદોલનો કર્યા છે. અલગ રાજ્ય આસાન નથી.

આ ત્રણ નિવૃત્ત અધિકારીઓ પછી પત્રકાર, કટારલેખક, પ્રોફેસર અને સાહિત્ય સાથે સંકળાયેલા વિનેશ અંતાણી સહિતના નવ જણે લખેલા લેખ પૈકી આ લખનાર તો પોતાના અભિપ્રાય અગાઉ જૂન મહિનામાં જ જણાવી ચૂક્યા છે. તેમનો સ્પષ્ટ અભિપ્રાય હતો કે કચ્છ અલગ રાજ્ય હોત તો નર્મદાનું પૂરતું પાણી એ મેળવી શક્યું હોત. પણ ભૂકંપ પુનર્વસનમાં ગુજરાતના નેજા હેઠળ તેને મોટો ફાયદો થયો છે. એ જ રીતે કચ્છના પ્રવાસન વિકાસમાં પણ ગુજરાતે જ ભાગ ભજવ્યો છે. બાકી રહેતા નવ તજજ્ઞો પૈકી અશ્વિન ઝિંઝુવાડિયાએ કચ્છના પ્રાણપ્રશ્નોની વાત આવે ત્યારે ગુનાહિત ચૂપકી સેવતા પ્રજાના પ્રતિનિધિઓનો મુદ્દો છેડીને માત્ર કચ્છના દરિયાકાંઠે નાના-મોટા તમામ બંદરોનો પૂરતો વિકાસ થાય તો આખા રાજ્ય માટે જરૂરી આવકનું સાધન ઊભું થાય એવી આંકડાઓ સાથે દલીલ કરી છે. તેમના આ લેખની વિગતો તેમજ અન્ય લેખકોએ પણ જે નવા મુદ્દા પેશ કર્યા છે તેની હવે પછી આવનારા દિવસોમાં વાત કરીશું.

છેલ્લે વાત વિષય પસંદગીની. અમદાવાદ કચ્છી જૈન સેવા સમાજના મુખપત્રમાં કચ્છ વિષયક પ્રશ્નોની અનેકવાર અસરકારક છણાવટ થતી રહી છે. સામાન્ય રીતે કોઈ સમાજના મુખપત્રમાં માત્ર પોતાના સમાજની જ ઉન્નતિની અને પ્રવૃત્તિઓની નોંધ લેવાતી હોય છે પણ 'મંગલ મંદિરે' કચ્છ જેવા ભાતીગળ અને અનેરી લોકસંસ્કૃતિ ધરાવતા મુલકની ખરે જ વિશેષ ધ્યાન રાખીને એક નવી ભાત ઉપસાવી છે. એનું સમગ્ર તંત્રીમંડળ ધન્યવાદને પાત્ર છે. સાથે સાથે એ પણ નોંધનીય છે કે, જૈન સમાજનો આ વિશેષાંક મૂળ ભુજના હાલે અમદાવાદ સ્થિત લોહાણા ઉદ્યોગપતિ શ્રી હરીશ રંગવાલાના સૌજન્યથી પ્રગટ થયો છે. કચ્છના વિકાસમાં રસ લેનાર અને ચિંતા કરનાર દરેક કચ્છીએ આ વિશેષાંક વાંચવા જેવો છે.

*('કચ્છમિત્ર', તા. ૨૦-૭-૨૦૧૪)*

## યુવાનો માટે પુસ્તકો ઓનલાઈન

ગુજરાતી ભાષાનાં પુસ્તકો વિષે સર્વવ્યાપી ફરિયાદ છે કે, આજના યુવાનો પુસ્તકો વાંચતા જ નથી. શ્રેષ્ઠ સાહિત્ય, ફિલસૂફી, જ્ઞાન અને માર્ગદર્શન પુસ્તકોમાં પીરસાયું છે. પરંતુ કોઈ એનું આચમન કરવા જ નથી આવતું. ખૂબ જૂની કહેવત છે કે, **'તરસ્યાએ કૂવા પાસે જવાનું હોય, કૂવો તરસ્યા પાસે ન આવે.'**

પરંતુ ગુજરાતી ભાષાના પુસ્તકરૂપી કૂવામાંથી આચમન કરવા તરસ્યા યુવાનો ન જ આવે તો શું કરવું? કેટલાક નિરીક્ષકોએ અભ્યાસ કર્યો કે, આજના યુવાનો મોટાભાગે પોતાના એન્ડ્રોઈડ ફોનમાં જ ગૂંથાયેલા રહે છે. એમને લેપટોપ કે ટેબ્લેટ વાપરવાની ય તમા નથી. ઈન્ટરનેટ સર્ફિંગ, વોટ્સ ઍપ, વી-ચૅટ વગેરે સેંકડો એપ્લિકેશન્સમાં એ લોકો સતત વ્યસ્ત રહે છે.

કદાચ આ તથ્યના આધારે જ **નવજીવન ટ્રસ્ટ, ગૂર્જર ગ્રંથરત્ન, ઈમેજ પબ્લિકેશન અને સાર્થક પ્રકાશને** મળીને સિગ્નેટ ઈન્ફોટેકની મદદથી ગુજરાતી પુસ્તકો ઓનલાઈન મૂકવાનું સાહસ કર્યું છે. એ પુસ્તકો ખાસ એવા ફોર્મેટમાં પણ મૂકવામાં આવ્યા છે કે, આજના કોલેજિયન અને અન્ય યુવાનો પોતાના એન્ડ્રોઈડ મોબાઈલમાં પણ એનું વાંચન કરી શકે. શરૂઆત ૨૦૦ પુસ્તકોથી કરવામાં આવી છે. આ બધાં પુસ્તકો 'ઈ-શબ્દ.કોમ' નામની વેબસાઈટ પર મૂકવામાં આવ્યા છે. ઈ-પબ અને પી.ડી.એફ. ફોર્મેટમાં મૂકવામાં આવેલા આ પુસ્તકોમાં કવિતા, નવલિકા, ટૂંકી વાર્તા વગેરે વાંચવા મળી શકે. બસોમાંથી ૧૦૦ પુસ્તકો મફત ડાઉનલોડ કરી શકાય એવા છે. ■

# કચ્છની અસ્ત્ર-શસ્ત્ર સુશોભન કલા : તોપોની તવારીખ

• નરેશ અંતાણી •

બબ્બે વિશ્વયુદ્ધ ખેલાયા પછી હવે ત્રીજું વિશ્વયુદ્ધ ન ખેલાય અને વિશ્વમાં શાંતિ સ્થપાય એ માટેના પ્રયાસોમાં દુનિયાના વિવિધ રાષ્ટ્રો અને રાષ્ટ્ર સંગઠનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ એક સમયે યુદ્ધ, એ અનિવાર્ય ઘટના હતી. વિવિધ દેશી રજવાડાંઓ વચ્ચે આ માટે સ્પર્ધાઓ થતી. યુદ્ધ માટેના અનિવાર્ય શસ્ત્રોમાં તોપ પણ એક મહત્ત્વનું સાધન ગણાતી. મોગલોએ હિંદમાં પ્રથમ વિજય તોપની મદદથી જ મેળવ્યો હતો એવું ઇતિહાસ નોંધે છે. આપણે ત્યાં તોપ કેટલાય પ્રકારની બનતી. જયપુર, મૈસુર અને દિલ્હીની બનાવટની તોપો એ સમયે બહુ જાણીતી હતી. તો પોર્ટુગીઝ તોપો પણ ઉત્કૃષ્ટ કામ આપતી. જૂનાગઢના ઉપરકોટમાં રહેલી નિલમ અને માણેક તોપો જાણીતી છે. આ તોપોની બનાવટો પણ જે તે પ્રદેશ અને વિસ્તારના કલા-કૌશલ્યનો પરિચય આપતી હોય છે.

આપણા કચ્છ પ્રદેશની વાત કરીએ તો અનેક કલાઓમાં પ્રવિણ કચ્છી કારીગરો અસ્ત્ર-શસ્ત્ર બનાવવામાં અને તેને શણગારવામાં પણ પાવરધા હતા. સુંદર નક્શીવાળા હથિયારો કચ્છમાં તૈયાર થતા. કચ્છમાં બનતા અસ્ત્ર-શસ્ત્ર અને તે પર કરાતી સુશોભન કલાની વાત માંડીએ છીએ જેમાં આજે તોપની વાત કરવી છે. આજથી ૧૪૦-૧૫૦ વર્ષ અગાઉ કચ્છમાં અન્ય હથિયારોની સાથે તોપ બનાવવાનો ઉદ્યોગ પણ વિકાસ પામ્યો હતો. લુહારી કામની વસ્તુઓ, બારી, દરવાજા, રેલીંગ, ગઢના દરવાજા, ભાલા, ખીલા જેવી વસ્તુઓ કચ્છમાં બનતી. માંડવીમાં લોખંડ ગાળવાનું કારખાનું ૨૫૦ જેટલા મજૂરોથી ધમધમતું હતું. નેણશી વીરજી કંસારા અને મોનજી તુલસીદાસ તોપ ઢાળવાના હુન્નરમાં પાવરધા હતા. ઈ.સ. ૧૮૮૪માં આ કામગીરી બંધ થઈ હતી. કચ્છના અનેક હુન્નરના જનક મનાતા રામસિંહ માલમનું કચ્છના તોપ ઉદ્યોગના વિકાસમાં મહત્ત્વનું પ્રદાન રહ્યું હતું.

કચ્છમાં માંડવી ઉપરાંત ધાણેટી, ડગાળા અને રતનાલ વગેરે સ્થળોએ તોપ ઢાળવાનો ઉદ્યોગ વિકસ્યો હતો. જોકે કચ્છમાં બનતી તોપનો ઉપયોગ યુદ્ધમાં બહુ જ અલ્પ પ્રમાણમાં થયો છે. ઈ.સ. ૧૭૬૧ના ઝારાના યુદ્ધમાં કચ્છી બનાવટની તોપનો ઉપયોગ કરાયો હતો પરંતુ તાલીમ વગરના તોપચીઓને કારણે તે શરૂઆતમાં જ અવળી ફૂટી જતાં કચ્છના જ લશ્કરને હાનિ ભોગવવાનો વારો આવ્યો હતો. જમાદાર ફતેહમહમદે જામનગર સાથેના યુદ્ધમાં કચ્છી બનાવટની તોપનો ઉપયોગ કર્યો હતો. તોપો લડાઈ કરતાં શુભ પ્રસંગોમાં વધુ વપરાઈ છે. ખાસ પ્રસંગોએ આવતા મહાનુભાવોને સલામી આપવામાં, નાગપંચમી, જન્માષ્ટમીની અસવારી, રાજવી પરિવારમાં લગ્ન પ્રસંગે પણ તોપ ફોડવામાં આવતી. ભુજમાં હમીરસર કાંઠે એક તોપ દરરોજ મધ્યાહ્ને ફોડવામાં આવતી, જેનો અવાજ સાંભળી કારીગરો બપોરના આરામ માટે કામ બંધ કરતા તો નગરજનો 'જીયેરા' શબ્દોનો ઉચ્ચાર કરી કચ્છના મહારાવના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરતા.

કચ્છમાં બનતી દેશી તોપો લોખંડની બનતી. મિશ્ર ધાતુની તોપો બહારથી આવતી. કચ્છમાં નાની અને મોટી બન્ને આકારની તોપો બનતી. કેટલીક તોપો તો આઠથી પંદર ફૂટ લાંબી પણ છે. આ મોટી તોપો કચ્છના મોટા શહેરો, ભુજ, અંજાર, માંડવી તથા મુંદ્રાના ગઢ ઉપર ગોઠવવામાં આવતી. તો આધોઈ, તેરા કે કેરા નાના ભાયાતોના ગઢ ઉપર પણ તોપ ગોઠવવામાં આવતી. તોપ રાખવી એ સાર્વભૌમત્વની નિશાની લેખાતી.

કચ્છની તોપોને વિશેષ પ્રકારના નામો પણ આપવામાં આવતાં. સાવ નાના કદની તોપ 'ગુડુદિયો' કહેવાતી. જેનો ઉપયોગ રાજવી પરિવારના તથા શ્રીમંતોના ઘરમાં દિવાળીના સમયે દારૂખાનું ફોડવામાં કરાતો. વધુ અવાજ કરતી મધ્યમ કદની તોપને 'મીરિયમ' તરીકે ઓળખવામાં આવતી. જ્યારે 'સીકરા' નામે ઓળખાતી તોપમાં તો જામગરી ચાંપતાંની સાથે જ પાછળ હટતી અને ફૂટવાની સાથે જ એટલા જ વેગથી આગળ વધતી. વધુ મોટી તોપ 'ચંદન ઘો' તરીકે ઓળખાતી. કદમાં નાની પણ ઘંટ આકારની તોપ 'સુરંગ' કહેવાતી.

લોખંડ સિવાયની મિશ્ર ધાતુની તોપ જેસલમેર, જયપુર, મૈસુર અને દિલ્હીથી કચ્છમાં આવતી. જેની બનાવટમાં પિત્તળ, તાંબુ, કાંસુ અને લોખંડનો ઉપયોગ મોટેભાગે કરાતો. તોપ માટેનો દારૂ સુરોખાર, ગંધક અને કોલસામાંથી તૈયાર કરાતો. દારૂને તોપના નાળચામાં ઠાંસીને તે પર સિંદરીનો ડુચો 'સુજબા' તરીકે ઓળખાતા લાકડાના ધોકા વડે તોપની અંદર ઠાંસવામાં આવતો. તોપના બીજા છેડે નાનું છિદ્ર રહેતું. તેમાં દારૂની વાટ રહેતી, જે સિંદરીના ડુચા સાથે જોડાયેલી રહેતી. દારૂની વાટને કાકડા દ્વારા સળગાવી ફોડનાર તોપચી દૂર ખસી જતો. તોપ ફૂટ્યા પછી તેને સુજબાથી સાફ કરી લેવામાં આવતી.

તોપ માટેનો દારૂ ભુજ, માંડવી, અંજાર અને લખપતમાં બનાવવામાં આવતો. ભુજમાં મહાદેવની જમણી બાજુ શિલેખાનું રહેતું. જેમાં દારૂ રાખવામાં આવતો. તોપ ફોડવાનું કામ કરનાર તોપચી સુમરા, નોડે અને પઠાણ જાતિના મુસ્લિમ જાતિના હતા.

*કંજૂસે દાટેલું ધન ત્યારે જ જમીનમાંથી બહાર નીકળે છે જ્યારે કંજૂસ જમીનની અંદર જતો રહે છે.*

કચ્છના જાણીતા તોપચીઓમાં પઘુ ગુલામદાર અને અજા હવાલદારના નામો જાણીતા છે.

તોપચીઓને તોપ ફોડવા માટે ખાસ તાલીમ આપવામાં આવતી. જેમાં માટીના ગોળાઓનો ઉપયોગ કરવામાં આવતો. તોપને એક સ્થળેથી બીજે સ્થળે વહન કરવા માટે ખાસ પ્રકારની લાકડાની ગાડીઓ બનાવવામાં આવતી. આવી તોપગાડીઓ રાજ્યની અસવારીઓ વખતે કાઢવામાં આવતી, જેને બળદ ખેંચતા. તોપગાડી પર રહેલી તોપ ઊંચી નીચી થઈ શકે, આસપાસ ફરી શકે તેવી પણ ખાસ પ્રકારની રચના તોપગાડીમાં કરવામાં આવતી.

તોપ તૈયાર થઈ જાય પછી તેની શક્તિનું માપ કાઢવા માટે અજમાયશ કરાતી. આવા એક પ્રદર્શન સમયે ભુજના ભુજિયા ડુંગર પરથી ફોડવામાં આવેલી તોપનો ગોળો શહેરથી ૩૦ કિલોમીટર દૂર પદ્ધર ગામની વાડીમાં પડ્યો હતો.

કચ્છ બહારથી દરિયા વાટે આવતી મિશ્ર ધાતુની તોપ તથા કચ્છમાં બનતી દેશી તોપ તથા દારૂગોળાની જાળવણી માટે રાજ્ય એક ખાસ જુદું ખાતું નિભાવતું. જેના ઉપરી મુન્શી તરીકે ઓળખાતા.

કચ્છ બહારથી આવતી તોપોમાં પોર્ટુગીઝ અને મૈસુરની તોપો વિશેષ મહત્ત્વ ધરાવે છે. કચ્છ અને મૈસુર રાજ્ય વચ્ચે ૧૮મી સદીના અંતિમ વર્ષોમાં રાજકીય સંબંધો વિકસ્યા હતા અને આ સંબંધોના ફળ રૂપે મૈસુરના વાઘ ટીપુ સુલતાને આ સંબંધોને વધુ ગાઢ બનાવવા મૈસુરના શ્રીરંગપટ્ટમમાં બનેલી ''હૈદરી'' તોપ કચ્છ રાજ્યને ભેટ આપી હતી જે આજે પણ ભુજના કચ્છ મ્યુઝિયમના પ્રાંગણમાં પ્રદર્શિત કરેલી છે. કચ્છ અને મૈસુર વચ્ચેના સંબંધો વિશે આ કટારમાં અગાઉ ઉલ્લેખ કરાયો હોઈ તેનું પુનરાવર્તન કરતા નથી. અંજારમાં હુસેનમિયાંએ અંગ્રેજો વિરૂદ્ધ કરેલા તોપમારામાં વપરાયેલી તોપ પણ શ્રીરંગપટ્ટમમાં તૈયાર કરાઈ હતી. આમાંની બે તોપ ઇ.સ. ૧૯૭૦માં ભુજના ફતેહમહમદના હજીરામાંથી મળી આવી હતી. જે પૈકી એક પર 'હુકુમતે હૈદરી' એવું લખાણ જોવા મળે છે, જ્યારે બીજી તોપ પર પોર્ટુગીઝી ભાષામાં લખાણ છે.

## • કચ્છ મ્યુઝિયમનો તોપ સંગ્રહ :

ભુજના રાજ્યના સૌથી પ્રાચીન એવા કચ્છ મ્યુઝિયમમાં પ્રદર્શિત કરાયેલી તોપની રસપ્રદ વિગતો મેળવીએ. કચ્છમાં આજે અનેક સ્થળે તોપ જોવા મળે છે. જે પૈકી કેટલીક અગત્યની તોપો ભુજ ખાતે કચ્છ મ્યુઝિયમમાં પ્રદર્શિત કરાઇ છે. આ તોપો મ્યુઝિયમના વિશાળ પ્રાંગણમાં પ્રદર્શિત કરાઈ છે. મ્યુઝિયમમાં સંગ્રહવામાં આવેલ તોપો પૈકી લોખંડની કચ્છી બનાવટની તોપ ૨૭૮ સેન્ટિમીટરની લંબાઈ ધરાવે છે. જેના ઉપર અંગ્રેજીમાં 'આર' લખેલ છે.

ઈ.સ. ૧૬૨૨ની સાલ ધરાવતી પોર્ટુગીઝ તોપ ખૂબજ સુંદર છે. પોણા ચારસો વર્ષ જૂની આ તોપ અહીંના સંગ્રહમાંની શ્રેષ્ઠ તોપ છે. મિશ્ર ધાતુની આ તોપ પર આ મુજબનું પોર્ટુગીઝ ભાષામાં લખાણ કરવામાં આવેલ છે.

DACIDADE DEGOAFES
SENO ADE 1622 PDB.

ઐતિહાસિક દૃષ્ટિએ અતિ મહત્ત્વ ધરાવતી, ટીપુ સુલતાને કચ્છ રાજ્યને ભેટ આપેલ 'હૈદરી' તોપ મ્યુઝિયમના પ્રાંગણમાં સુંદર રીતે લાકડાની તોપગાડી ઉપર પ્રદર્શિત કરાઈ છે. તોપ પર અરબી ભાષામાં લખાણ કંડારવામાં આવેલ છે. આ લખાણ મુજબ આ તોપ હિજરી સન ૧૨૨૬માં મૈસુર રાજ્યના પાટનગર શ્રીરંગપટ્ટમમાં ગુલામ અસદ નામના કારીગરે બનાવેલ. ૭૦૦ રતલનું વજન ધરાવતી આ તોપને ટીપુએ તેના પિતા હૈદર અલીના નામ પરથી 'હૈદરી' નામ આપેલ છે. તોપ પરનું અરબી લખાણ આ મુજબ છે.

*"અસદુલ્લા અલ ગાઝબાર હાર, જમાલસીન જુલુસ બરમી આઅદ*

*સરકાર હૈદરી સાલ શાબાદ સન્હ ૧૨૨૬ સાહત*

*હબહમ કારખાનાં બલ્લાંવ ગુલામ મહમદ અસદ કારીકર સૈયદ હસન*

*હાજરા રતલ વજન તેહહપ્ત સૈદુ જો મજત દારૂત સલ્તનત સામ્તપન હૈદરી"*

આ તોપ ચલાવવાનો કચ્છીઓને અનુભવ ન હોઇને તેને ચલાવવા તથા કચ્છી તોપચીઓને તાલીમ આપવા ટીપુ સુલતાને એક તોપચી પઘુ ગુલામદારને પણ સાથે મોકલેલો હતો. આ તોપચી કચ્છના પેંડાનો ભારે શોખીન હતો. એ શકન તરીકે કે શોખ તરીકે કચ્છી પેંડા ખાધા પછી જ 'હૈદરી'નું સંચાલન કરતો. એનું મૃત્યુ ભુજમાં જ થયું હતું. તેની કબર ભુજમાં જમાદાર ફતેહ મહમદના હજીરાના પ્રાંગણમાં છે.

મ્યુઝિયમના સંગ્રહની સૌથી નોંધપાત્ર ઘંટાકાર મિશ્ર ધાતુની તોપ છે. 'હૈદરી' તોપની નજીક જ મૂકવામાં આવેલી ૨૮૦ સેન્ટીમીટરનું મુખ ધરાવતી ઘંટાકાર (મોર્ટાર) તોપ પોર્ટુગીઝ બનાવટની હોવાનું અનુમાન કરી શકાય છે. કારણ કે, દીવના કિલ્લામાં પણ આ પ્રકારની તોપ આજે જોઈ શકાય છે.

આ તોપ ક્યારે બનાવવામાં આવી તેનો ઉલ્લેખ મળતો નથી. પરંતુ એક અંદાજ મુજબ ભમરેક સો વર્ષ જૂની મનાય છે. તોપની સાથે તેના મોટા લોખંડના ગોળા

"ROLEX" Brand

**Rushabh**
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 2242 7310 • Fax : (022) 3008 0072**
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

પણ સાથે જોઈ શકાય છે. આ ગોળા પોલા છે. અને તેની ઉપર નાનું મોઢું છે. તેના દ્વારા ગોળાના પોલાણમાં ખીલા, કાચ, લોખંડની કરચો ભરીને તેને આ મોર્ટાર તોપ વડે છોડવામાં આવતા. આ તોપની વિશેષતા છે કે તે દૂર અંતરે ગોળા છોડી શકતી નહિ. પરંતુ ખૂબ ઊંચે સુધી ગોળા છોડી શકે છે. એટલે કે કિલ્લાની દિવાલની બહારથી ગોળા છોડતાં તે કિલ્લાની દિવાલ કૂદાવી અંદર જમીન પર પટકાતાં જ ફાટે. તેમાં રહેલ કાચ, કરચો, ખીલા વગેરે સૈનિકોને ઘાયલ કરે. કિલ્લો બહારથી દુશ્મનો વડે ઘેરાઈ જાય ત્યારે અંદરથી પણ તોપના ગોળા છોડી દુશ્મનોને હાનિ કરી શકાતી. તે જમાનાની આટલી મોટી તોપ બીજે ક્યાંય જોવા મળતી નથી. આ પ્રકારની જ નાની લોખંડની તોપ કચ્છમાં બનેલી છે. જે લખપતના ગઢ પર જોવા મળે છે.

નાની 'ગુડદિયો' તોપ પણ મ્યુઝિયમના અસ્ત્ર શસ્ત્ર વિભાગમાં પ્રદર્શિત કરાઈ છે. જે મ્યુઝિયમને સ્વ. દેવેન્દ્રભાઈ માનભાઈ વોરાએ ભેટ આપેલી છે. આ તોપ પર ત્રિશૂળ કોતરાયેલ છે.

આમ ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી તોપોનો સંગ્રહ મ્યુઝિયમની સમૃધ્ધિમાં વધારો કરે છે.

પાછળની લડાઈના સાધનો બદલાયા અને લડાઈઓ પણ નામશેષ થઈ ગઈ. તેમ અન્ય હથિયારોની જેમ તોપ ઉદ્યોગ પણ નામશેષ થઈ ગયો. કચ્છના ભવ્ય ભૂતકાળની યાદ અપાવતી આ તોપો આજે કચ્છમાં ઠેર ઠેર જોવા મળે છે. ભુજ શહેરમાં પોલીસ હેડક્વાર્ટસમાં અનેક પ્રકારની નાની મોટી તોપો સુંદર રીતે ગોઠવવામાં આવી છે. આ તોપોનો ઉપયોગ સરકારી ભવનોના પ્રવેશ દ્વારને શોભાવવામાં પણ કરવામાં આવે છે.

આધોઈ, કેરા, મુંદ્રા અને લખપતના ગઢ ઉપર આજે પણ તોપ જોવા મળે છે. આધોઈની તોપ ખૂબજ સુંદર અને પિત્તળ જેવી ધાતુની છે.

અંજારના મેકમર્ડોના બંગલાના પ્રાંગણમાં તોપના ગોળાઓ ખૂબ જ મોટી સંખ્યામાં જોવા મળતા, જે હાલ નથી. ઈ.સ. ૧૮૧૯માં અંજારમાં થયેલ ધરતીકંપથી તોપના કોઠાને નુકસાન થતાં પાછળથી જીર્ણોધ્ધાર કરાયો હતો. જે અંગેનો લેખ નાયબ કલેક્ટર કચેરીમાં જોવા મળે છે. સાંધાણના કિલ્લામાં તોપમારથી પડેલાં બાકોરાં તોપની તાકાતની ગવાહી આપે છે.

કચ્છમાં ઠેર ઠેર રહેલ અગત્યની મિશ્ર ધાતુની તોપની જાળવણી કરવી અત્યંત જરૂરી છે. બાકી અન્ય સામાન્ય તોપોનો ઉપયોગ સગવડના સાધન તરીકે કરવો જરૂરી છે. ભુજ શહેરમાં તોપ જમીનમાં ઊંધી દાટી કલાત્મક થાંભલા તરીકે તેનો ઉપયોગ અભિનંદનીય છે. સંહારના સાધનને સગવડના સાધન તરીકે ઉપયોગ કરવો એ જ આપણી સિદ્ધિ રહેશે.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાનાયક્ષ મંદિર પાસે,*
*રીંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૭૨*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*





# ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર

## એંકરવાલા અહિંસાધામ

**An ISO 9001 : 2008 Certified**

**મુંબઈ કાર્યાલય : ૫, ગુરૂકૃપા એપાર્ટમેન્ટ, કસ્તુરબા ક્રોસ રોડ નં.-૧, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૬. ફોન : (૦૨૨) ૨૮૬૨૭૭૯૫, ૨૮૬૫૮૨૬૬**
**કચ્છ ઓફિસ : પ્રાગપુર રોડ જંકશન, તા. મુંદ્રા, કચ્છ. (ગુજરાત) મો. ૦૯૯૨૫૧ ૨૫૨૦૨, ૦૯૯૦૪૭ ૫૭૬૪ ફોન : (૦૨૮૩૮) ૨૨૨૩૫૨**
**ઈ-મેઈલ : ahinshadham_kutch@yahoo.co.in ● વેબસાઈટ : www.ahinsadham.org**

**-: સંસ્થાના સંકુલમાં જોવાલાયક વિભાગો :-**

- **મ્યુઝિયમ (અહિંસા, પર્યાવરણ)**
- **ગોપાલ સ્મૃતિ મંદિર**
- **૧૧,૦૦૦ સ્કે.નું વિશાળ ICU**
- **અંધ અને અપંગ પશુઓ માટેના આવાસ**
- **ઓડિટોરીયમ**
- **યાત્રિકો માટે ભોજનશાળા**

**દેવનાર કતલખાનામાંથી મુક્ત કરાયેલાં જય અને વિજય બળદની જોડી.**

**-: સંકુલથી ૫ કિ.મી.ના અંતરે સંસ્થાના જોવાલાયક અન્ય વિભાગો :-**

- **૩૫ એકરનું વિશાળ એંકરવાલા નંદી સરોવર**
- **પશુ-પક્ષીઓ માટે મુક્ત અભયારણ્ય.**

**આપનું યોગદાન પહોંચશે અબોલ જીવોની સેવા માટે....**

**ચેક "ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર"ના નામે લખવો.**

- **Dena Bank, Borivali (East) Branch, SB A/c. No. 055110013650 RTGS/IFSC Code : BKDN0460551**
- **Abhyudaya Co-Operative Bank Ltd., Borivali (East) Branch, A/c. No. CD 024021100005006 RTGS / IFSC Code : ABHY0065024**

વિચાર વિમર્શ

# "સાચું કહું તો એ બધા રસ્તા પર મળ્યા"

• ડૉ. ગિરીશ વીછીવોરા •

કુદરતે સૃષ્ટિ સર્જી. કેટલાક અંગ સ્થિર રાખ્યા. જેવા કે વૃક્ષ, વનસ્પતિ, પથ્થર કે પહાડ. જીવસૃષ્ટિ અને પ્રાણીસૃષ્ટિને હલનચલન બક્ષ્યું. હલનચલન - ગતિ કરી કે એમાં દિશા ભળે. આવનજાવન થાય. ફળસ્વરૂપ ક્યાંક કોઈક 'પગદંડી'નો જન્મ થાય. હર પ્રાણી પોતાના વિહાર માટે માર્ગ શોધે. એ માર્ગ બહુધા સુગમ, સલામત અને શીઘ્ર રાખે. કેડી એની જગ્યાથી પસાર થતી હોય. જ્યાં આ બધા ગુણો મોજુદ હોય. ધરતી પર એક જ ઠેકાણે ચરણ ચંપાતા રહે તો સહેજે ત્યાં વનસ્પતિનો વિલય થાય અને માર્ગ મોકળો બને. આવી કેડીઓ અને પગદંડીઓ સંસ્કૃતિની વાહક બની વિકાસ કરતી રહે. પૈડાંની શોધ મનુષ્યના વિકાસનું એક બહુ જ મહત્ત્વનું સોપાન હતું. પૈડાંની શોધે મનુષ્યને ગતિ બક્ષી. ગતિ પ્રગતિનું મૂળ છે. રસ્તાની પ્રગતિનો વિકાસ રસ્તા જેટલો જ રોમાંચક છે. સપાટ મેદાનનો સરકતો રસ્તો, ડુંગરાળ પ્રદેશનો વાંકોચૂંકો ઉર્ધ્વગામી રસ્તો કે રણ પ્રદેશનો ઝાંઝિયાનાં જળને મહાત કરતો રસ્તો થતો ગયો. નદીઓ પાર કરવા નાવ અને પછી પૂલો આવ્યા. વિકાસે રસ્તો હથેળી જેવો સપાટ થયો. પૂલ પર પુરપાટ વહેતા વાહનો અને પર્વતોના પેટ ચીરતો સુગમ થતો ગયો. જળમાર્ગની પ્રગતિ એટલી જ રોમાંચક. હવાઈ માર્ગ અને હવે તો અવકાશ ભેદતા રસ્તા સરિયામ થતા જાય છે.

દરેકને રસ્તા પર ચાલવું પડે છે. રસ્તો સૌનો સંગાથી છે. રસ્તો સૌનો રાહબર છે. રસ્તો સૌનો મિત્ર છે, રસ્તો સૌનો પથદર્શક છે. એકલા અટુલા વટેમાર્ગુનો સંગાથી છે, તો ટોળાનો એક અંશ છે. એકલા અટુલા મુસાફરની સંવેદના, એના આનંદ, દુઃખ કે સુખનો સહભાગી છે. રસ્તે વહેતા વાહનોનો વાહક તો ખરો, માર્ગદર્શક અને હિતચિંતક પણ બની રહે. પોતાની કોઈ ખોડ કે ખામીની અગમચેતી આપતો જ રહે. એનું સાંભળનાર કોઈપણ ક્યારેય દુઃખી થતું નથી. એનો ઉપહાસ કરનારા દંડાય છે ત્યારે રસ્તો મૂક બની પ્રેક્ષક બની કંપારી વહાવતો રહે છે.

દૂરના સ્થળોને નજીક લાવે. સંસાર, સંસ્કૃતિ અને વ્યવહારનો વાહક. કોઈ ઉપજતી અલભ્ય ચીજની વહેંચણી હસતે વદને સૌને કરતો રહે. નવી ઓળખાણો, નિત નવા આદાન પ્રદાનનો સાક્ષી. આનંદોત્સવમાં ઉલટભેર ભાગ લે, દુઃખમાં સધિયારો દે.

રસ્તો માવજત માંગે. માગ્યું મળે તો કોણ રાજી ન થાય? એવો રાજીનો રેડ થયેલો રસ્તો સૌને આવકારવા તત્પર થઈ બેઠો જ હોય. એની સપાટ સપાટી પર કોઈના ડગલા પડ્યાં કે ખુશીમાં નાચી ઊઠે. હર વટેમાર્ગુ, હર વાહનને ઉમંગથી આવકારતો રહે. એનાં ઊર્મિસભર અંગથી દુભાય નહિ, છોલાયેલા અંગને છુપાવે નહિ, રસ્તાનું બધું ખુલ્લે ખુલ્લું. ખુલ્લી કિતાબ. બધો હિસાબ ચોખ્ખો ચણક. બે નંબરની બુકથી એ અજાણ છે.

હાલકડોલક થતું શિશુ એના પર ડગ માંડે ત્યારે હર્ષોલ્લાસે હરખાય. એના જીવનચક્રનો સાક્ષી બની રહે. એની યુવાનીના ઠેકડા ને ઠાગાઠૈયા, કે વાર્ધક્યના ઠેબાં કે ઠુસકાં, બધાનો સાક્ષી. એવો ઈસમ જ્યારે રસ્તા પર કોઈ અન્યોના આધારે ચાલતો રહે ત્યારે સૌના દુઃખનો ભાગીદાર થઈ રહે. ક્યારેક રસ્તે છંટાતી અશ્રુધારમાં એની ધાર ભળે. ફટાફટ દોડતી મદભરી માનુની મોટર ખોટકાય કે ભટકાય, રસ્તો એને સધિયારો આપે. અંગભંગ થઈ, ભરયુવાનીમાં ભંગાર થયેલી ભામિનીને ભાવભરી વિદાય પણ આપતો રહે. છોલાયેલા શરીરને સ્વસ્થ મને સંકોરતો રહે.

ક્યાં વધુ, ક્યાં ઘટું, પણ અવરજવર તો ખરી જ. વધુ કે ઘટુ, એને મન બધું સરખું. સંતકોટીએ પહોંચેલ રસ્તો નાનો કે મોટો, પહોળો કે સાંકડો સમભાવમાં જ રહે. સૌને મંઝિલે પહોંચાડવાનું કામ નિઃસ્પૃહ બની કરતો રહે. ઓછી અવરજવરવાળા રસ્તે રોબર્ટ ફ્રોસ્ટની જેમ કોઈ પગલા પાડે તો એને આવકારે. સરભરા કરે. હરખાઈ હવા છોડે ને પોતાના અંગ પરનાં સૂકા પાંદડાં કે ઘાસને ઉડાડી, માર્ગ મહાલવા લાયક કરતો રહે. એકલપંથીને આવો આવકાર અવશ્ય આકર્ષે. રસ્તા સંગ એની ગોઠડી શરૂ થઈ જાય. એ ઉજ્જવળ, અવાવરૂ રસ્તો જ એનો માર્ગદર્શક બની રહે.

પગલાં તો સૌના પડે રસ્તા પર. રસ્તો બધું જાણે. ચોર - ડાકુ, સામાન્ય વ્યવહાર, વ્યક્તિ કે સાધુ, બધાના પગલાનો ભાર વહન કરતો રહે. સંતોની ચાખડી, ચમચમતા ચંપાતા બુટ કે કોઈના ઉઘાડા પગ, એને બધું સરખું. સંતનો સમાગમ કોને ન ગમે? આવા સંતની ઉર્ધ્વગામી મુસાફરીનો સાક્ષી બનવામાં પોતાનું જીવનસાફલ્ય શું કામ ન સમજે? છતાં નિઃસ્પૃહભાવ એનો સ્થાયી સ્વભાવ. સંતના તપનું તેજ, વાર્ધક્યની વણઝાર, યુવાનીનો તરવરાટ કે બાળપણનું ડગમગતું ડોલન બધું માણે ને ઘડીના છઠ્ઠા ભાગમાં સાપની કાંચળીની જેમ ઉતારી નાખે.

રસ્તો કોઈને કંઈ ઉપદેશ આપતો નથી. મૌન એનો સ્થાયીભાવ છે. મૌન રહી સૌનું સાંભળતો રહે છે. મૌનમાં જ મહાન ઉપદેશક બની રહે છે. રસ્તાની કોરે કોઈ નાનકડી શિલા પર સ્થાયી થઈ સ્વસ્થ મને અને ચૂપકીદીથી એનું ચાતુર્ય માણતા રહીએ તો જીવનનો અર્થ સમજાય. રસ્તો મૌન રહી કહેતો જ રહે છે - મને સ્વીકારો, મારા પર પગલાં પાડો, ભ્રમણ કરો, સમભાવમાં જ રહો. જીવનની આળપંપાળ અને આંટીઘૂંટી ભૂલી જઈ અનંતનું લક્ષ્ય ધરો.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૯ ઉપર)**

*દાનની હાથથી શોભા વધે છે, આભૂષણોથી નહિ.*

# લગ્ન સાદાઇથી કરી શકાય... ઑપરેશન સાદાઇથી કરી શકાતું નથી!

• દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ •

માણસ રિટાયર્ડ થાય ત્યારે તેને પેન્શન બાંધી આપવામાં આવે છે. પેન્શન ઘડપણની જીવાદોરી હોવાથી એને માટે 'જીવાઇ' શબ્દ પણ વાપરવામાં આવે છે. જુવાનીમાં માણસ જેટલું વધારે કમાયો હોય તેટલી ઘડપણમાં નિરાંત રહે. ક્રિકેટ મેચમાં ઓપનિંગ બેટ્સમેન ઢગલાબંધ રનનો જુમલો ખડકી દે તો પૂંછડિયા ખેલાડીઓએ ઓછી મહેનત કરવી પડે. આ વાત શારીરિક તંદુરસ્તીને પણ લાગુ પડે. જેણે જુવાનીમાં દેહ સાચવ્યો હોય તે ઘડપણમાં રોગો સામે ટકી રહે છે. એક ચિંતકે કહ્યું છે : 'જુવાનીમાં માણસ કસરત કરે એ ઘડપણમાં વીમાનું પ્રીમિયમ ભરવા બરાબર છે.' જુવાનીમાં માણસ વ્યાયામને બદલે વારાંગનાગામી બને, જીવન જુગારમાં અને પગાર શરાબમાં વેડફે તેનો આખો પરિવાર મુશ્કેલીમાં મુકાઈ જાય છે. જેમણે દારુ, બીડી, સિગરેટ, તમાકુ, માવા-મસાલા અને ગુટકા કે ચરસ-ગાંજા જેવા વ્યસનો વડે જુવાનીમાં દેહની પાયમાલી કરી હોય, સમજો તેણે સ્વહસ્તે પોતાની ચિતા ખડકી દીધી છે.

એક વડીલે કહ્યું : 'ઘરમાં અમે ત્રણ ચાર વૃદ્ધો રહીએ છીએ. એક નિયમિત પ્રેશરની ગોળી લે છે. બીજો વીસ વર્ષથી ડાયાબિટીસની દવા લે છે. ઘરડી માને દર મહિને એક ટાયગર બામની શીશી જોઇએ છે. મોટાભાઇ દર મહિને એસિડીટીની ૫૦૦ એમ.એલ.ની એક આખી બોટલ પૂરી કરે છે. ૯૭ વર્ષના કાકીને દમ, ડાયાબિટીસ અને પ્રેશર તો છે જ, સાથે વા પણ છે. તેમને દીકરો દર મહિને દવાના પંદરસો રૂપિયા જુદા આપે છે. આથમતી અવસ્થામાં જુવાનીની બચત અને ડાહ્યા દીકરા એ બેની બહુ જરૂર પડે છે. ઘડપણમાં દેહને જીવાડવા માટે ટેબ્લેટ અને કેપ્સ્યુલ્સનું માસિક પેન્શન બાંધી આપવું પડે છે. 'જીવાઇ' શબ્દ અહીં ખરા અર્થમાં સાર્થક થાય છે.

એક વૃદ્ધ વડીલની નાદાની જાણવા જેવી છે. મીલમાંથી એ રિટાયર્ડ થયા. થોડા પૈસા મળ્યા. એમાંથી સૌ પ્રથમ વહુ-દીકરાને પૈસાની લહાણી કરીને વાહવાહી મેળવી. ત્યારબાદ એમને અમરનાથની યાત્રાએ જવાની બહુ વખતથી ઇચ્છા હતી. દીકરાઓએ ત્યાં ન જવા સમજાવ્યા, પણ ન માન્યા. જાત્રામાં ત્રીસેક હજારનો ખુરદો બોલાવી આવ્યા. દુઃખદ ઘટના એ બની કે અમરનાથમાં વીસ હજાર રૂપિયા ભરેલી બેગ ચોરાઇ ગઇ. એમને ઍટેક આવી ગયો. હોસ્પિટલનું બીલ દસ હજાર આવ્યું. ઓછા સમયમાં પૈસાનું નાકુ આવી ગયું. હવે બીજો ઍટેક આવ્યો તો પૈસા ક્યાંથી લાવીશું એ ચિંતા પરિવારને સતાવી રહી છે. તેમની સ્થિતિ એવી થઇ છે માનો બંદુકમાં ગોળી ખૂટી ગઇ હોય અને સામે લૂંટારાઓ ઊભા હોય! ભૂલતો ના હોઉં તો મનુભાઇ પંચોળીએ તેમની નવલકથા 'જનમટીપ'માં કંઇક એવી જ સ્થિતિ દર્શાવી છે. જેની કમાણી પર આખું ઘર નભતું હતું એ દીકરાને જનમટીપની સજા થાય છે. આખું કુટુંબ પાયમાલ થઇ જાય છે. દીકરાને તો જેલમાં ખાવાનું મળે છે પણ ઘરના માણસોએ ભૂખનો ભયંકર સામનો કરવો પડે છે. લેખક વેધક પ્રશ્ન પૂછે છે સાચી જનમટીપ કોને... દીકરાને કે કુટુંબીજનોને....?

એક વાત સમજાય છે. જીવી જવાના મહત્ત્વના સાધન તરીકે પૈસો સૌથી અગ્રક્રમે રહેતો હોય ત્યારે તેને નકામી બાબતોમાં વેડફી ન મારવો જોઇએ. આવા પ્રસંગે દક્ષિણ ગુજરાતમાં એક કહેવત બોલાય છે - 'લંગોટી વેચીને પાઘડી ના ખરીદવાની હોય!' (ઘડપણને અનાથ કરીને અમરનાથની જાત્રા ના કરવાની હોય) અનુભવીઓ કહી ગયા છે- 'ધન વિના ધડકન અટકી જાય છે!' પૈસા અને ફેફસાં એકમેકના પૂરક છે. ફેફસાં ન ચાલે તો પૈસા કમાઇ શકાતાં નથી. અને પૈસાના પ્રાણવાયુ વિના ફેફસાં ચાલી શકતાં નથી. હવા મફત મળે, દવા મફત મળતી નથી. બચુભાઇ કહે છે : 'ઘડપણમાં દૈનિક આરતી કે શ્લોકો યાદ ન રહે તો નુકસાન નથી પણ બેંકનો ખાતા નંબર અચૂક યાદ રાખવો. ગીતા આડીઅવળી મુકાઇ જશે તો નુકસાન નથી પણ બેંકની પાસબુક ન ખોવાવી જોઇએ.' યાદ રહે, દીકરાઓને ઓશિકા તળે મૂકેલી ગીતામાં નહીં, પાસબુકમાં રસ હોય છે. તેઓ માને છે સંસારની અસલી ગીતા પાસબુક છે.

એ સારી આદત ગણાય કે ખરાબ એ ચર્ચાનો વિષય છે, પણ જુવાનીમાં ૯૫ ટકા લોકો કર્મકાંડોમાં, જૂનવાણી રીતરિવાજોમાં અને સામાજિક વ્યવહારોમાં પૈસાનું પાણી કરી નાખે છે. ઘરમાં એક કમાનાર હોય, ખાવાવાળા ઘણા હોય. ઉપરથી અનેક પ્રકારના ખર્ચાળ રીતરિવાજો તથા કર્મકાંડોમાં પૈસા વેડફાતાં રહે છે. દેખાદેખીથી પૈસાની પીંખાપીંખી થતી રહે છે. રહેઠાણ અને ખોરાકની જરૂર માણસને હોય, ભગવાનને ન તો મંદિરની જરૂર છે ન નૈવેદ્યની, છતાં માણસે આજ પર્યંત ભગવાનના ભરણપોષણ માટે પારાવાર પૈસો વેડફ્યો છે. ધર્મની અદાલતના જજો (ધર્મગુરુઓ) માણસને ભક્તિની ખાધાખોરાકી નક્કી કરી આપે છે અને તે જીવનપર્યંત તેના હપ્તા ભરતો રહે છે. બીજી તરફ જીવતા માણસો ઘરબાર વિના ટાઢ-તડકામાં ભૂખ્યા પેટે મૃત્યુ પામે છે. ટૂંકમાં પરમેશ્વરને પેન્શન અને માણસને ટેન્શન! એક વાત સ્વીકારવી પડશે : ઘડપણમાં અને માંદગીમાં પૈસા વિના જીવન

*ઉદારતા વ્યક્તિઓના દુર્ગુણોને છૂપાવી દે છે જ્યારે કંજુસાઈ વ્યક્તિઓના સદ્‌ગુણોને છુપાવી દે છે.*

અટકી પડે છે. માણસ પ્રખર શ્રદ્ધાળુ હશે તો ય હોસ્પિટલનું બીલ ચૂકવવા બેંક બેલેન્સ જ કામ લાગે છે. શ્રદ્ધાનું બેલેન્સ કામ લાગતું નથી. ઘણા શ્રદ્ધાળુઓ નવરાત્રિમાં આરતીના ચઢાવામાં હજાર પંદરસો આપીને આરતી કરે છે. આને આધ્યાત્મિક ઉડાઉગીરી કહી શકાય.

અમારા સ્વ. નરસિંહકાકા કહેતા : 'તમે ગમે તેટલા શ્રદ્ધાળુ હો તો પણ એટલુ યાદ રાખજો, ઘડપણ બધા રોગોનું જંક્શન બની રહે છે. એથી તમારી બચતમાંથી બાયપાસ સર્જરી, સોનોગ્રાફી, માઇલોગ્રાફી, એન્જિયોગ્રાફી, એક્સ-રે, સિટીસ્કેન કે બ્લડ ટેસ્ટ વગેરેના પૈસા પહેલા જુદા કાઢો. નવચંડી યજ્ઞ, સત્ય નારાયણની કથા, અમરનાથની યાત્રા, હજયાત્રા કે હોમહવન જેવા કર્મકાંડો વિના જીવી શકાય છે, પરંતુ બીમારીમાં તબીબી સારવાર વિના ચાલી શકતું નથી. લગ્ન સાદાઇથી કરી શકાય, ઓપરેશન સાદાઇથી કરી શકાતું નથી. લગ્નમાં દસ હજાર ફટાકડાની લૂમ નહીં સળગાવો તો ચાલશે, પણ હોસ્પિટલમાં સંખ્યાબંધ બાટલા ચઢાવવાનું અનિવાર્ય બનશે ત્યારે તેમાં કરકસર કરી શકાવાની નથી. દીકરાના લગ્ન ટાણે ૫૦૦ માણસોનું રસોડુ નહીં કરશો તો ચાલશે પણ હોસ્પિટલમાં ડોક્ટરને એમ નથી કહી શકાવાનું - ભઇલા, પાંચ હજારવાળું ઇંજેક્શન પરવડે એમ નથી, ૧૦૦ રૂપિયાવાળા ઇંજેક્શનથી કામ ચલાવો. સ્પેશિયલ રૂમને બદલે જનરલ વોર્ડમાં રહી શકાશે, પણ રોજ ૫૦ રૂપિયાની એક ટેબ્લેટ લેવાની હશે તેમાં કરકસર થઇ શકવાની નથી. પૈસો, એ પૃથ્વીલોકનો પાસપોર્ટ છે. એથી મહોલ્લાના મહાદેવથી સંતોષ માનજો, અને અમરનાથની ખર્ચાળ તીર્થયાત્રાથી દૂર રહેજો. પૈસાની જરૂર ઘડપણમાં જ નહીં, જીવનમાં ડગલે ને પગલે પડે છે. એથી પૈસા પ્રભુભક્તિ માટે નહીં, પ્રભુએ આપેલી જિંદગીની જાળવણી માટે બચાવવા જરૂરી છે.'

નરસિંહ કાકાની અનુભવવાણી સાચી છે. સમજો તો સીધી વાત છે. દેવની મૂર્તિને ગુલાબનું ફૂલ નહીં ચઢાવો તો જાશવંતીના ફૂલથી કામ ચાલી શકશે. પણ બીમારીમાં લોહીની જરૂર હશે ત્યાં પાણીથી ચાલી શકવાનું નથી. ચશ્માના કાચ તૂટશે તો બારીના કાચ ફીટ કરી શકાવાના નથી. શરીરના તૂટેલા હાડકાં ફેવિકોલથી સાંધી શકાતા નથી. કેન્સરના ગૂમડા પર જખ્મેરૂઝ લગાડવાથી સાજું થવાતું નથી. નરસિંહ મહેતાના ઘરે પધારેલા સાધુઓને જમાડવા સ્વયં ભગવાને નરસિંહ મહેતાનું રૂપ ધારણ કરીને સાધુને જમાડ્યા હતા. પરંતુ માનવી ગમે તેટલો શ્રદ્ધાળુ હશે તો ય ભગવાન હોસ્પિટલનું બીલ ચૂકવવા આવવાના નથી. એથી સત્સંગો, કર્મકાંડો, ખર્ચાળ તીર્થયાત્રાઓ કે સામાજિક કુરિવાજોમાં પૈસો વેડફતા પૂર્વે એટલું વિચારી લઇએ કે ભગવાન શ્રદ્ધાના ભૂખ્યા છે. શ્રદ્ધા તેને સમર્પિત કરીએ અને સિક્કાઓ પર્સમાં સાચવી રાખીએ. માંદગીમાં કે અન્ય પ્રસંગે તે જ ભગવાનની સાચી કૃપા બનીને કામ આવશે.

*સી/૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી - ૩૯૬ ૪૪૫.*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

☺ *ડૉક્ટર છગન મહિલા દર્દીના ઑપરેશન રૂમમાં ગયો અને બે મિનિટમાં બહાર આવીને કાતર માંગી.*

*નર્સે કાતર આપી.*

*એ લઈને ફરી અંદર ગયો અને પાંચ મિનિટમાં બહાર આવીને સાણસી માંગી.*

*નર્સે એ આપી એટલે એ લઈને અંદર ગયો.*

*વળી પાંચ મિનિટમાં બહાર આવીને નર્સ પાસે હથોડી માંગી.*

*હથોડી લઈને ડૉ. છગન અંદર જતો હતો ત્યારે ઑપરેશન રૂમની બહાર મહિલા પેશન્ટનો ગભરાયેલો પતિ બહાર બેઠો હતો એ બોલ્યો, 'સાહેબ, મારા વાઈફને શું થયું છે?'*

*ડૉ. છગને જવાબ આપ્યો, 'ખબર નહીં. હજી તો હું મારી બેગ જ ઉઘાડી શક્યો નથી.'*

## સાચું કહું તો એ બધા રસ્તા પર મળ્યા....

**(અનુસંધાન : પાના નં.-૩૭ ઉપરથી ચાલુ)**

રસ્તો એવા લક્ષધારીને સહજભાવે સ્વીકારશે, એને વહેતો કરશે, આગળ વધારશે, મંઝિલે પહોંચાડશે, મંઝિલે પહોંચ્યાના એના આનંદનો સાક્ષી પણ બનશે, ભાગીદાર નહિં થાય. કારણ રસ્તો તો સંતોનો સંત છે. એને બધું સહજ છે. બધું સાક્ષીભાવે જોઈ ભૂલી જશે અને બીજો યાત્રી ક્યારે આવે છે એની સમભાવે પ્રતીક્ષા કરતો રહેશે.

કેવા કેવા ઇતિહાસનો સાક્ષી છે રસ્તો! જગ જીતવા બહાર પડેલો સિકંદર, રોમનોની રખડપટ્ટી, મહમદ ગઝનવીની ઘોર કરપીણ કત્લેઆમ, સમ્રાટ અશોકનો મડદાંનો ગંજ ખડકી મળેલો કલીંગનો વિજય, મોઘલો અને યુરોપિયનોનું રક્ત સ્નાન, વિશ્વયુધ્ધોની ધણધણાટી કે ભાગલાની ખૂનરેજીનો થયેલ સાક્ષી રસ્તો, પાદત્રાણ વિનાના પગે વનવિહાર કરવા ભગવાન રામચંદ્ર અને લક્ષ્મણને શબરી જેવી પરમ ભક્તની કુટીરે દોરી જતો, મહાભારતના યુધ્ધમાં સત્ય અને ધર્મને પક્ષે રહી અર્જુનના રથનાં સારથી બની ભગવાન શ્રીકૃષ્ણને યુધ્ધના મેદાન તરફ દોરી જનાર, રાજમહેલ, કુટુંબ કબીલા સૌનો ત્યાગ કરી મહાભિનિષ્ક્રમણ કરી આત્મોન્નતિના માર્ગે વિકટ પંથે નીકળી પડનાર ભગવાન મહાવીર કે બુધ્ધને આવકારનાર, ફાંસીના માંચડા સુધી ખીલા વડે જડાયેલા ક્રોસનો ભાર વહેતા, રક્તરંજીત ભગવાન ઇસુ ખ્રિસ્તને મંઝિલે પહોંચાડનાર, કે કાબાથી કરબલા ધગધગતા રણમાં હિજરત કરતો પાણી વિના તરફડનાર ને યુધ્ધમાં પોતાના વહાલસોયા દીકરાની શહાદત દેનાર પયગંબર હઝરત મોહંમદને વહાવનાર કે માટીપગા માનવીને, જેની પાસે કંઈ નો'તું સિવાય કે સત્ય અને નિષ્ઠા, પોતાના સાથીઓ સાથે ઉઘાડે પગે ધગધગતા ધોમ તડકામાં વિચરતા રહી, ધરાસણા પહોંચી મુઠ્ઠીભર મીઠું ઉપાડી જે સામ્રાજ્ય પર સૂર્યાસ્ત નો'તો થતો એવી અંગ્રેજ સલ્તનતને પડકારનાર મહાત્મા ગાંધીનો વાહક રસ્તો જ હતો.

*૫૦/૪, રામસદન,*
*માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*

*સેંકડો હાથેથી ભેગું કરો અને હજાર હાથોથી વહેંચી દો.*

સમાજની ક્ષિતિજો

## નર-નારીના સંબંધો અને લગ્નસંસ્થા (પ્રકરણ-૮)

# લગ્નસંસ્થાની આવશ્યક્તા છે

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

મનુષ્યોનાં સુખદુઃખનો સૌથી મોટો આધાર નર-નારીના સંબંધો સાથે જોડાયેલો છે. જો આ સંબંધોને સુંદર - મધુર બનાવી શકાય તો ભૌતિક અગવડો વચ્ચે પણ નર-નારી સુખી થઇ શકે છે. પણ જો આ સંબંધોને બગાડવામાં આવે તો અમાપ ભૌતિક સગવડો વચ્ચે પણ નર-નારી દુઃખી થઈ શકે છે. નર-નારીના સંબંધોને સુખદાયી બનાવવા માટે આટલું જરૂરી છે :

૧. કામવૃત્તિને મહાપાપ માનીને તેનો સર્વાંશમાં ત્યાગ કરાવવાની પ્રેરણા આપતું દર્શન (ધર્મ) ન હોવું જોઇએ.

૨. કામવૃત્તિને સતત ઉશ્કેરીને બેફામ ભોગવૃત્તિ જગાડનારું ભોગવાદી દર્શન પણ ન હોવું જોઇએ.

૩. કામવૃત્તિ અને કામશક્તિનો યથાયોગ્ય સ્વીકાર કરી નર-નારી બન્નેના આવેગો અને લાગણીઓનું યથોચિતરૂપે વ્યવસ્થાપન કરનારું દર્શન હોવું જોઇએ.

૪. લગ્નસંસ્થા અને તેની મર્યાદાઓને સ્વીકારવામાં આવે.

૫. નર-નારી વચ્ચેના પ્રેમને સ્વીકારીને તેને પવિત્રતાનું સ્વરૂપ આપવામાં આવે.

૬. લગ્નજીવન ટકી શકે, મજબૂત બને તેવી ભાવુકતાને પોષણ આપવામાં આવે.

નર-નારી પ્રત્યે જે કુદરત સહજ પ્રબળ આકર્ષણ છે, તેનો પાયામાંથી જ વિરોધ કરીને બંનેને એકબીજાથી દૂર કરનારું દર્શન અકુદરતી જીવન-વ્યવસ્થા સ્થાપિત કરે છે. આવી વ્યવસ્થા સુખદાયી નથી બનતી પરંતુ દુઃખદાયી બને છે. આવી વ્યવસ્થા પ્રસ્થાપિત કરનારા દર્શનનો ત્યાગ કરવો જોઇએ. સતત દબાણમાં અને અનાવશ્યક કઠોરાતિકઠોર નિયમોમાં જકડી દેનારી જીવન વ્યવસ્થાને પરિહરવી જરૂરી છે.

બીજી બાજુ, કુદરતી આવેગો અને લાગણીઓને બેફામ રીતે ભડકાવીને અતિભોગવાદી દર્શનથી પણ મુક્ત થવું જોઇએ. મર્યાદા વિનાનો અતિ ભોગવાદ અંતે તો આત્મવિનાશક જ બને છે. તેમાં ક્રમે ક્રમે આવેગો વધતા જાય છે અને લાગણીઓ ઘટતી જાય છે. એક સમય એવો આવે છે કે, માણસ લાગણીહીન થઇને માત્ર આવેગોનો દાસ બની જાય છે. અને અંતે આવેગો તો રહી જાય છે, પણ કામશક્તિ સમાપ્ત થઈ જાય છે. કામશક્તિ વિનાના આવેગો મહાદુઃખદાયી થઇને વ્યક્તિને દુઃખી દુઃખી કરી નાખે છે, એટલે આ બીજો છેડો પણ વર્જ્ય છે. મર્યાદા વિનાના ભોગવાદમાં ચેપી રોગો થવાની પણ શક્યતા રહે છે. એટલે પણ આ બીજો માર્ગ ત્યાજ્ય સમજવો જોઇએ.

ત્રીજો માર્ગ છે મધ્યનો, નથી તો ત્યાગ કરવો કે નથી અતિરેક કરવો. મધ્યમ માર્ગથી જીવનની વ્યવસ્થા કરવાની છે. આવેગોનું શમન થાય અને લાગણીઓને સ્થાયી, વિશ્વાસપાત્ર કેન્દ્ર મળે તો આવેગો અને લાગણીઓ ત્રાસ આપવાની જગ્યાએ ઔષધ બનીને આનંદ અને આરોગ્ય બન્ને આપતાં થઈ જાય. એ યાદ રહે કે નર-નારીના કુદરત સહજ આવેગો અને લાગણીઓને જો મર્યાદાપૂર્વક યથોચિત પ્રશ્રય મળે તો તેથી બન્નેને આરોગ્ય, શાંતિ, આનંદ અને તેજસ્વિતા પ્રાપ્ત થાય છે. પ્રેમ એ મોટું ઔષધ છે. તેમાંથી એવા હોર્મોન ઉત્પન્ન થાય છે કે સેંકડો દવાઓ જે કામ ન કરી શકે તે પ્રેમ નામનું ઔષધ કરી શકે છે. આવો વિશુદ્ધ પ્રેમ એ જ અમૃત છે. તેની પ્રાપ્તિ અને સિદ્ધિ એ જ મોટી પ્રત્યક્ષ ફળદાયી સાધના છે. તેનાથી વિમુખ થઇને ઉપર આકાશની કોઇ કાલ્પનિક વસ્તુ મેળવવા કઠોર સાધના કે તપસ્યા કરવી તે ફાંફાં મારવા જેવું છે.

કામવૃત્તિ અને કામશક્તિ, પ્રચંડ આંધી જેવાં તત્ત્વો છે. જો તેને નિયંત્રિત કરવામાં ન આવે તો તે હજારો વૃક્ષોને (જીવનોને) ઉખેડીને ખેદાનમેદાન કરી શકે છે. એટલે તેમને નિયંત્રિત કરવા લગ્નસંસ્થા જરૂરી છે. લગ્નસંસ્થા એટલે કામવૃત્તિ અને કામશક્તિને નિશ્ચિત મર્યાદામાં ગતિ કરાવનારી વ્યવસ્થા. વિશ્વભરમાં લગભગ બધી જ પ્રજાઓએ પોતપોતાની રીતે આવી લગ્નસંસ્થા પ્રસ્થાપિત કરેલી છે. જોકે સૌની વ્યવસ્થા એકસરખી નથી, તેમ છતાં સૌએ પોતપોતાની રીતે કાંઈ ને કાંઈ વાડ બાંધવાનો પ્રયત્ન કર્યો જ છે. આ આખી વ્યવસ્થા ધર્મ વિના સ્થિર ન થઈ શકે એટલે ધર્મનું તત્ત્વ જરૂરી છે. ધર્મ હોય એટલે પાપ-પુણ્ય પણ હોય જ. પાપપુણ્ય હોય એટલે વિધિ-નિષેધ પણ હોય જ. આ વિધિ-નિષેધ જ જીવનને વ્યવસ્થા આપે છે. કેટલાક લોકોએ બહુપત્નીત્વને ધાર્મિક સ્વીકૃતિ આપી તો કેટલાક ધર્મે, નિશ્ચિત સંખ્યામાં જ પત્નીઓ કરવાની છૂટ આપી. વળી કેટલાક ધર્મોએ માત્ર એક જ પતિ અને એક જ પત્નીને લગ્નસંસ્થાનું રૂપ આપ્યું. પણ કોઈ પણ ધર્મે બેફામ થવાની છૂટ આપી નથી. લગ્નસંસ્થાને તોડીને મુક્ત કામની વ્યવસ્થા ઇચ્છનારા ઘણા થયા છે. ઘણી દલીલો પણ આપી છે, પણ આવા લોકો, લોકોનાં ઘર ઉજ્જડ કરવા સિવાય ખાસ કાંઈ કરી શક્યા નથી. મોટા

*ઉદાર હૃદયવાળો મનુષ્ય આજીવન આનંદથી જીવે છે અને કંજૂસ હૃદયવાળો મનુષ્ય આજીવન દુઃખી રહે છે.*

ભાગે આવા લોકો ધર્મને નહિ માનનારા નાસ્તિકો રહ્યા છે. આ મુક્ત કામવૃત્તિમાં સ્ત્રીને જ વધુ સહન કરવાનું રહે છે, કારણ કે તેમની પાછલી જિંદગી હૂંફ વિનાની - એકાકી - નિરાધાર જેવી વીતે છે. મેં સ્કેન્ડેનેવિયન દેશો તથા રશિયા વગેરે દેશોમાં સ્ત્રીઓની આવી દુર્દશા જોઈ છે. એટલે મુક્ત કામવૃત્તિ નહિ પણ ધર્મ - સમાજ અને રાષ્ટ્રથી બંધાયેલી મર્યાદાપૂર્ણ લગ્નસંસ્થા જ વધુ અને સ્થાયી કલ્યાણકારી થઈ શકે છે.

જોકે પશુ-પક્ષીઓની કુદરતી વ્યવસ્થામાં બે ભાગ જોવા મળે છે. એક બહુપત્નીત્વવાળો અને બીજો એક પત્નીત્વવાળો. સિંહ, વાઘ વગેરે હિંસક પ્રાણીઓમાં બહુપત્નીત્વ હોય છે. ઘણી સિંહણો વચ્ચે એકાદ સિંહ હોય છે. આવી જ રીતે ગાય-ભેંસ, બકરાં-ઘેટાં, વાંદરા વગેરે ઘાસાહારી પ્રાણીઓમાં પણ બહુપત્નીત્વપણું દેખાય છે. દસ-વીસ વાંદરીઓ વચ્ચે એકાદ નર વાનર હોય છે. જે પ્રજોત્પત્તિની સાથે પોતાના યુથ ઉપર નિયંત્રણ પણ કરે છે.

બીજી તરફ કેટલાંક પક્ષીઓમાં એક પત્નીત્વ જોવા મળે છે. ખાસ કરીને સારસ જેવાં કેટલાંય પક્ષીઓ હંમેશાં જોડામાં જ જોવા મળે છે. પ્રકૃતિમાં બન્ને પ્રકારની વ્યવસ્થા જોવા મળે છે. માણસ પણ પહેલાં પશુ જ હતો એટલે તેણે પણ પહેલાં બહુપત્નીત્વ-વ્યવસ્થા ચલાવી હતી એટલું જ નહિ, યુદ્ધ વગેરે દંગાઓમાં વસ્તુઓની માફક સ્ત્રીઓને પણ લૂંટી લાવવાની અને તેમને ભોગવવાની છૂટ હતી. કેટલાક ધર્મોએ આવી લૂંટને પણ ધર્મની વ્યવસ્થામાં સ્થાન આપ્યું હતું. ક્રમે ક્રમે માણસ સુધરતો ગયો અને તેણે જે નવી વ્યવસ્થાઓ અપનાવી તેમાં સ્ત્રીઓની સ્થિતિ સુધરતી ગઈ. હવે સભ્ય સમાજોમાં એક પુરુષ અને એક સ્ત્રીની વ્યવસ્થા પ્રસ્થાપિત થઈ છે, તે ઉત્તમ છે. પણ ધર્મ અને સમાજની પકડ કમજોર થવાથી કેટલાક બુદ્ધિવાદીઓ આ વ્યવસ્થાને તોડવા માટે આચારો અને વિચારો બન્નેથી કામે લાગ્યા છે. હવે બહુપત્નીત્વ-પ્રથા ફરી પાછી લાવવાનો પ્રયત્ન નથી થતો પણ લગ્ન વિના જ અનેક પુરુષો અને અનેક સ્ત્રીઓ (પતિ-પત્ની થયા વિના જ)ની હવા ચલાવી છે. કારણ કે ધર્મ નથી એટલે પાપ-પુણ્ય પણ નથી, એટલે વિધિ-નિષેધ પણ નથી. આ તથાકથિત કામસ્વતંત્રતા અથવા કહો કે સ્વચ્છંદતામાં બુદ્ધિવાદી સ્ત્રીઓ પણ ભળી છે. આ બધાએ મળીને એઇડ્ઝ જેવા રાક્ષસી રોગને પેદા કર્યો છે. પોતાનો જ પેદા કરેલો આ રાક્ષસ હવે આખા વિશ્વને ભરખી જવા તૈયાર થયો છે અને વિશ્વ થરથર કંપી રહ્યું છે. તો હવે શું કરશો? કોરા બુદ્ધિવાદથી - સ્થિર લાગણીઓ વિનાના આવેગોથી પાછા વળો અને એક પતિ અને એક પત્નીવાળી લગ્નસંસ્થાનો સ્વીકાર કરો.

*ભક્તિ નિકેતન આશ્રમ, પો.બો. નં.-૧૯,*
*પેટલાદ (દંતાલી), જિલ્લો : આણંદ-૩૮૮ ૪૫૦.*

*કલ્પેશે લેડી ડોક્ટરને કહ્યું, 'તમે તો મારું હૃદય ચોરી લીધું!'* ☺

*લેડી ડૉક્ટર : તમારું હૃદય ચોરી લીધું હોત તો તમે જીવતા જ ન રહો. આ તો ફક્ત એક કિડની જ ચોરી છે.*

ઘર ઘરની મીઠાઈ..



હાથી છાપ ગોળ

REGD.T.M.

શાહ હાથીભાઈ અજરામલદાસ
જુના માધુપુરા, અમદાવાદ. ફોન : ૨૨૧૨૩૬૫૪

કચ્છજો માડુ...
કચ્છજો માડુ ભુખ્ખ સૈંયેં ડુખ્ખ સૈંયેં, પણ કઢીયેં ન પિંઢજો કંધ;
માડુ મીળે હેંમથ વારા, તડેં રશ્મિન્ પુજેતાં પિંઢજે પંધ.
*– રશ્મિન્ ખોના (મુંબઈ)*

**MAYUR PEER**

**NATIONAL ENTERPRISES**

**CLEARING, FORWARDING**
**SHIPPING & TRANSPORT AGENT**

277, Sahid Bhagat Singh Road, 1st Floor,
Suite No. 16, Hansraj Damodar Trust Building,
Fort, Mumbai-400 038.
**Tel. : (022) 2266 3097, 3254 7879**
**Fax : (022) 2267 3098**
**E-mail : mumbai@burleighintl.com**
**E-mail : mp@nealmp.com**
**Website : www.burleighintl.com**
**Website : www.nealmp.com**

# તું અને હું – આ દાસ્તાન સનાતન : (૪)

• માવજી કે. સાવલા •

'તું અને હું'ની દાસ્તાન આજે (૨૯-૬-૨૦૧૪ રવિવાર) ફરી આગળ લખી રહ્યો છું. ધૂપસળીની રાખ-ભસ્મની વાત ભલે આજે થોડીક આગળ ચાલે. એ ધૂપસળીની ભસ્મનું કપાળે તિલક કરવાનું તો હવે જાણે કે મારા રોજિંદા વ્રત સમાન થઈ ચૂક્યું છે. એ તિલક કરતાં કરતાં જાણે કે હું તારો સ્પર્શ પણ અનુભવતો હોઉં છું. એ રાખની વાતનો મર્મ મને ઘણે ઊંડે સુધી તાણી જાય એમ લાગે છે.

કપાળે તિલક કર્યા પછી બાકી વધેલી ભસ્મ રોજેરોજ એક સુંદર ડબ્બીમાં હું ભરી રાખું છું. એ ડબ્બી ભરાઇ જશે ત્યારે મારું મન એમ કહે છે કે એક દિવસે આખા શરીરે એ ભસ્મ લગાવીને ફક્ત અડધો કલાક તારું નામ સ્મરણ કરતો રહું અને પછી જ સ્નાન કરીને તૈયાર થાઉં. આ સંસારના ખેલમાં પંચમહાભૂતો જ મુખ્ય ઘટકો છે અને હું જોતો રહ્યો છું કે આ પાંચેય મહાભૂતોનું અંતિમ રૂપાંતર ભસ્મમાં થઇ શકે છે. અરે, આ પીંજણમાં વળી હું ક્યાં ફસાયો? મારે રાજા ભરથરીની જ વાત કરવાની છે.

રાણી પીંગળાની પ્રચલિત કથા કરતાં રૂપાંતરિત કહી શકાય એવી વાર્તા મિત્ર રજનીકાંત મારૂના પિતાશ્રી નૌતમલાલભાઇએ મને સંભળાવેલ. એમના જીવનનો મોટો ભાગ નાટકોની દુનિયામાં પસાર થયેલ. એ નાટકની જ કથા એમણે મને આમ સંભળાવી :

'રાજા ભરથરીની રાણી ભાનુમતી. એ રાણીને રાજા પર અવર્ણનીય પ્રેમ હતો. નગર બહાર તૈયાર કરાવેલ એક મહેલમાં રાજા-રાણી રહેતા હતા. રાણી ભાનુમતીનું અણધાર્યું (એની કથા જુદી છે) અવસાન થતાં અગ્નિ સંસ્કાર પછી રાજા ભરથરી, એ સ્મશાનભૂમિમાં જ રાણી ભાનુમતીની ચિતાની ભસ્મ આખા શરીરે ધારણ કરીને સંન્યાસી થઈ રહ્યો.' તારા અગ્નિસંસ્કાર વખતે મારા હૃદયમાં એ કથા જાણે કે આહ્વાન કરી રહી હતી. અધ્યાત્મ ક્ષેત્રે ભસ્મ - રાખ માટેનો શબ્દ છે વિભૂતિ.

તારી છબી સામે ધૂમ્રસેરો વચ્ચે આ દાસ્તાન લખી રહ્યો છું. તારી વિદાયને આજે ૨૬૨ દિવસ થયા. ધૂમ્રસેરો સામે જોતાં થાય છે કે એને સહારે કદાચ તારા સુધી હું પહોંચી શકું.

આજે સાંજે પાંચ વાગ્યાથી ઘરમાં હું એકલો જ છું. બેઠકરૂમમાં તારી એક મોટી છબીની સામે જ બેઠો છું. કોણ જાણે સંગીતની કોઇક ધૂને મને ઉત્તેજિત કર્યો અને તારી છબી સામે હું પાંચેક મિનિટ નાચતો જ રહ્યો. તું મારો આ બધો લવારો ખરેખર સાંભળતી તો નથી ને? હું એ રોકી પણ કેમ શકું?

કૃષ્ણભક્ત રેહાના તૈયબજીને મળવા આવનાર કોઇ કશી ભેટ મૂકે તો તેઓ એ ભેટ પ્રથમ 'ઠાકોરજી'ને ધરાવે. મને થાય છે કે હવે કમ સે કમ બપોરે જમતાં પહેલાં હું પ્રથમ તને થાળ ધરાવું અને પછી જ હું જમું.

યાદ છે તને? છેલ્લે તારી અઢી વર્ષની માંદગી દરમિયાન તારી સ્મૃતિ તો લગભગ નષ્ટ જેવી હતી, છતાં જમવા ટાણે તારી પાસે આવીને હું તને કહેતો - 'મારી થાળી પીરસાઈ છે - જમીને હમણાં જ - જલદી તારી પાસે પાછો આવું છું.'

તારી માંદગીના છેલ્લા દસેક વરસ બાદ કરતાં વ્રત નિયમ અનુસાર તું સૂર્યાસ્ત પહેલાં જમી લેતી, પરંતુ બપોરે તો મારા આવ્યા પહેલાં કદી પણ જમવા બેસતી નહિ. મારે તો દુકાને કોઈ કામસર કે મિત્રો સાથેની ગોષ્ટિઓમાં ક્યારેક વધુ મોડું થઇ જાય, એટલે હું તને ખાસ વીનવતો કે મારી રાહ જોયા વગર તારે સમયસર જમી જ લેવું, પણ તું કદી તારા આ નિયમમાંથી ચલિત ન જ થઇ.

છેલ્લી માંદગી વખતે હોસ્પિટલમાંથી ઘરે આવ્યા પછી થોડાક દિવસો તો તને એવી ભ્રમણા જ રહી કે જાણે તું હજી હોસ્પિટલમાં જ હોય, અને વારંવાર અમને તું કહેતી કે 'મને આપણા ઘરે તેડી જાઓ.' પછી તો પુત્ર જયેશ અને પુત્રવધૂ ભારતીએ તને ફરી ફરી સમજાવીને ખાતરી કરાવી કે તું આપણા ઘરમાં જ, પરિવાર વચ્ચે છે. એ પછી તું મને તો રોજેરોજ કહેતી રહેતી - 'મને તેડી ચાલશો?' હું તને જવાબમાં અમસ્તું જ કહેતો કે આપણે ફરાદી ચાલશું - ભદ્રેશ્વર ચાલશું વગેરે. જવાબમાં તું 'ભલે' એટલું જ માત્ર કહેતી.

હવે રોજેરોજ તારી છબી સામે નત મસ્તકે મનમાં જ હું તને કહેતો રહું છું - 'મને તેડી ચાલશે? (આપણા ઘેર નહિ) તારે ઘેર મને લઇ જશે?'

તારું ઘર હવે ક્યાં છે એ તો હું જાણતો નથી. ન તો હું તારું સરનામું જાણું છું કે ન તો તારા સુધી પહોંચવાનો કોઇ માર્ગ, વ્યવહારુ રીતે ઉચિત નહિ એવા માર્ગ તો હાથવગાં જ છે, છતાં... ના, હું તારા હુકમની બા-અદબ ધૈર્યપૂર્વક રાહ જોઇશ. તારા સહિત સૌ જાણે જ છે કે મારામાં ધૈર્યનો અભાવ છે, પણ તારી વાણીથી નહિ પણ તારા જીવનમાંથી જ શીખવા મળેલ પાઠ થકી જ ધીરજપૂર્વક તારા દિવ્ય આદેશની હું રાહ જોઇશ. તારું પરોક્ષ સાનિધ્ય પણ મને જીવનના નીત નવાનવા પાઠ શીખવે છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૮ ઉપર)**

*દયા કરવી એ આપણી ફરજ નહિ પણ આનંદ છે કેમકે તેનાથી આપણી તંદુરસ્તી અને કીર્તિમાં વધારો થાય છે.*

વાર્તા

# વ્યક્ત મધ્ય-તત્ર કા પરિદેવના!

● હરેશ ધોળકિયા ●

**એક આધુનિક, સ્વસ્થ અને સ્વતંત્ર સ્ત્રી વાસ્તવમાં કેવી હોઈ શકે તેની કલ્પના કરતી આ વાર્તા વાચકવર્ગને જરૂર ગમશે.** – *તંત્રી મંડળ*

છેલ્લાં લોકો ઊભાં થયાં.

પ્રજ્ઞા પણ ઊભી થઈ. તે બધા સામે હાથ જોડી ઊભી રહી.

વીણા માસીએ પ્રજ્ઞાનો હાથ પકડીને કહ્યું, "બેટા પ્રજ્ઞા, થયું તે બહુ જ ખરાબ થયું છે. મારું તો હૈયું ફાટી જાય છે." તેમણે એક ધ્રુસકું પણ ભર્યું. "પણ બેટા, ભગવાનની ઈચ્છા આગળ આપણે લાચાર છીએ. હવે તો તારે જ સ્વસ્થ થવું પડશે."

પ્રજ્ઞાની નણંદ કલ્પનાએ પણ રડતાં રડતાં કહ્યું, "પ્રજ્ઞાભાભી, અમને પણ ખૂબ જ દુઃખ થાય છે. મારો તો એકનો એક ભાઈ ચાલ્યો ગયો. હજી તો તેની ઉંમર પણ નાની હતી. હૈયે અરમાનો હશે, પણ શરીરનો કોઈ જ ભરોસો નથી હોતો." કહી તે જોરથી રડી પડી.

વાતાવરણમાં ગંભીરતા છવાઈ ગઈ. બાકીનાં બધાં પણ આંખ લૂછતાં હતાં.

પ્રજ્ઞા નીચું મોં કરી ચૂપચાપ ઊભી હતી.

વીણા માસી બોલ્યાં, "પ્રજ્ઞા, કહેતી હો તો રાત રોકાઈ જાઉં."

પ્રજ્ઞાએ માથું હલાવી ના પાડી.

"પણ બેટા, રાતે તો વધારે...!"

પ્રજ્ઞાએ ફરી ના પાડી. માસીનો હાથ દબાવ્યો.

"તો પછી બેટા, રજા આપ. તારા માસા ઘેર એકલા છે. તો નીકળું."

"અમે પણ નીકળીએ," કલ્પના બોલી.

પ્રજ્ઞાએ બધા સામે ફરી હાથ જોડ્યા. બધાએ તેનો હાથ પકડી લીધો. પછી બારણા પાસે ગયાં. બહાર નીકળી સામેની લિફ્ટ ખોલી અને અંદર પ્રવેશ્યાં. તેનો દરવાજો બંધ કર્યો. ગ્રાઉન્ડ ફલોરની સ્વીચ દબાવી. લિફ્ટ દસમા માળથી સરેરાટ કરતી નીચે ઉતરી ગઇ.

લિફ્ટ નીચે ઉતરી ત્યાં સુધી પ્રજ્ઞા સામે જોતી રહી. તે ગઈ એટલે ફ્લેટનો દરવાજો બંધ કર્યો. પછી બારી પાસે ગઈ. દસમા માળની બારીમાંથી શહેર ખૂબ નીચે દેખાતું હતું. શહેરનો આ વિસ્તાર હજી નવો નવો વિકસતો હતો. તેથી થોડાં બહુમાળી મકાનો તૈયાર થયાં હતાં. તે બધાં એકબીજાથી દૂર દૂર હતાં. એટલે દરેક બહુમાળી મકાન આસપાસની જગ્યા ખાલી હતી. સામે થોડે દૂર હાઈ-વે પસાર થતો હતો. તેના પર બન્ને તરફ વાહનો ફૂલ સ્પીડથી પસાર થતાં હતાં. હાઈ-વેની સામે બાજુ શહેર હતું. ત્યાં હાઈરાઈઝ મકાનોની હારમાળા દેખાતી હતી. શહેર હવે આઈ.ટી. હબ બનતું જતું હતું, એટલે શહેરનો ઝડપી વિકાસ થઈ રહ્યો હતો. તે ગીચ થતું જતું હતું. તેથી ધીમે ધીમે મૂળ શહેર ચારે તરફ ફેલાઈ રહ્યું હતું. પ્રજ્ઞાનું બહુમાળી મકાન એવા જ એક નવા વિસ્તારમાં હતું.

પ્રજ્ઞા બારી પાસે ઊભી રહી જોઈ રહી. તેના સંબંધીઓ નીચે ઉતરી ગયાં હતાં. બહાર નીકળી પોતપોતાની ગાડીઓમાં બેસતાં હતાં. સામે સૂર્ય તદ્દન પશ્ચિમ કોર પર હતો. આકાશ લાલઘૂમ થઈ ગયું હતું. આ લાલાશમાં પક્ષીઓનું ઉડ્યન એક છાયાચિત્ર ઊભું કરતું હતું. અદ્‌ભુત દૃશ્ય હતું. રસ્તા પરનો વાહનોનો ગણગણાટ, પાસેનાં મંદિરમાંથી આવતો ઘંટારવનો નાદ, લાલાશથી છવાયેલ આકાશ! પ્રજ્ઞા તો આ અદ્‌ભુત સૌંદર્ય જોઈ ગદ્‌ગદ થઈ ગઈ. તેણે હાથ જોડી સૂર્યને નમસ્કાર કર્યા. તેની આંખમાં ભીનાશ આવી ગઈ.

તે બારી પાસેથી ખસી ડ્રોઈંગ રૂમની છેડે લટકાવેલ હીંચકા પર બેસી ગઈ. હળવેથી તેને ઝુલાવવા લાગી.

આ આંખની ભીનાશ શેની હતી? - તેને વિચાર આવ્યો.

વિચાર આવતાં તેની આંખ છલકાઈ જ ગઈ.

અચાનક જ ઘટના બની ગઈ હતી. હજી કાલે સાંજે તો મયંક નાચતો નાચતો ઘરમાં આવ્યો હતો. આવીને પ્રજ્ઞાને વળગી જ પડ્યો હતો. તેને ચુંબનોથી નવડાવી દીધી હતી. પછી બોલ્યો હતો, "પ્રજ્ઞા, મને આજે ખૂબ મોટો પ્રોજેક્ટ મળ્યો છે."

પ્રજ્ઞા પણ હરખાઈને બોલેલી, "શેનો વળી?"

"મેં તને વાત નહોતી કરી?" મયંકે જવાબ આપ્યો, "ઈન્ફોસીસ નવાં સોફ્ટવેર તૈયાર કરવા માગે છે. સેમ્પલ માગ્યાં હતાં. મેં તૈયાર કરી મોકલેલ. આજે અમને બધાને હોટેલ સનસેટમાં બોલાવેલા. બધાં ચકાસ્યાં. પછી મને પસંદ કર્યો છે. પચાસ લાખનો પ્રોજેક્ટ છે, પ્રજ્ઞા! આઈ વોન ધેટ!" તેણે ફરી પ્રજ્ઞાને ચુંબન કરી લીધું.

"તો, ચાલ થઈ જાય પાર્ટી," પ્રજ્ઞાએ

*જેમ ખેતર વગર વાવેલું બી નકામું બને છે તેવી રીતે પુરુષાર્થ વગર પ્રારબ્ધ સિદ્ધિ મેળવતું નથી.*

કહ્યું.

"બોલ, ક્યાં ચાલવું છે? જરૂર ચાલીએ."

"પહેલાં ફ્રેશ તો થઈ જા. પછી નિરાંતે બેસી વાત કરીએ." પ્રજ્ઞાએ કહ્યું.

"હા, આજે તો ખૂબ થાક લાગ્યો છે. જબરો સ્ટ્રેસ હતો. પચાસ લાખ, પ્રજ્ઞા! નાની રકમ નથી."

"નથી જ. પણ ફ્રેશ થઈ આવ."

"હા" કહી તે પ્રજ્ઞાથી અળગો થયો અને બેડરૂમમાં ગયો.

પ્રજ્ઞા બારી પાસે ઊભી રહી. તે પણ ખુશ હતી. મયંક તેજસ્વી કમ્પ્યુટર ઇજનેર હતો. સરસ પ્રોગ્રામ્સ બનાવતો હતો. સારું કમાતો હતો.

થોડી મિનિટો નીકળી ગઈ.

પ્રજ્ઞાને નવાઈ લાગી કે ઉતાવળિયો મયંક ફ્રેશ થવામાં આટલો સમય લેતો હતો. પાછો આજે શાંતિથી તૈયાર થતો હતો. નહીં તો અંદરથી પણ બોલબોલ કર્યા જ કરે. સરખો થાક્યો લાગે છે.

થોડી મિનિટો વધારે ગઈ. પ્રજ્ઞાને વધારે નવાઈ લાગી. જિજ્ઞાસાવશ અંદર ગઈ. પ્રવેશતાં જ તે ચમકી ગઈ. મયંક શેટી પર સૂતો હતો. તે ખૂબ ધ્રુજતો હતો. શ્વાસ લેવામાં તકલીફ પડતી હોય તેમ લાગતું હતું. આંખો પણ ફાટી ગઈ હતી.

પ્રજ્ઞા તો દોડીને પાસે ગઈ. જોયું તો તે તરફડિયાં મારતો હતો. સખત ધ્રુજતો હતો. આખા શરીરમાં પરસેવો વળતો હતો. તેની આંખો પ્રજ્ઞા તરફ ફરી. તે ચકળવકળ હતી. બોલી શકતો ન હતો.

પ્રજ્ઞા સમજી ગઈ કે કંઈક ગંભીર સ્થિતિ હતી. તરત પાસેનો ફોન ઉપાડી પોતાની ડૉક્ટર મિત્ર અંજનાને ફોન કર્યો. મયંકની સ્થિતિનું વર્ણન કરી ઝડપથી આવવા વિનંતી કરી.

ફોન નીચે મૂકી તે મયંક પાસે બેસી ગઈ. તેનું માથું ખોળામાં લીધું અને માથાં પર હાથ ફેરવવા માંડી. મયંકના હોઠ ફફડતા હતા, પણ અવાજ નીકળી શકતો ન હતો. પ્રજ્ઞા પણ ધ્રુજવા માંડી. તે તેના સામે જોઈ રહી.

"મયંક, શું થાય છે તને?" બોલી.

મયંકની આંખો ચકળવકળ થતી રહી.

ત્યાં ડોરબેલ વાગી. પ્રજ્ઞા દોડી. બારણું ખોલ્યું. ડૉ. અંજના ઊભી હતી. પ્રજ્ઞા તેને બેડરૂમ તરફ દોરી ગઈ. અંજના જોતાં જ સમજી ગઈ કે મયંકને મૅસિવ હાર્ટ ઍટેક આવ્યો હતો. પળભર તો તે પણ મૂંઝાઈ ગઈ. પણ તરત સજ્જ થઈ પોતાની બેગ ખોલીને ઇન્જેક્શન કાઢ્યું. તેમાં દવા ભરી મયંકને આપવા તેના તરફ ફરી.

તેણે જોયું કે મયંકે ઊંડો શ્વાસ લીધો, પણ તે લઈ ન શક્યો. તેને જ કારણે એક ઝાટકો લાગ્યો અને તે અર્ધો ઊંચો થઈ ગયો. આંખો વધારે વિસ્ફારિત થઈ ગઈ. તરત નીચે પછડાયો. ફરીવાર એવું થયું. પછી તેણે માથું ઢાળી દીધું.

ડૉ. અંજના તો જોતી જ રહી. ઇન્જેક્શન હાથમાં જ હતું. તેણે તે બાજુમાં મૂકી સ્ટેસ્થોસ્કોપ લીધું. મયંકની છાતી પર મૂક્યું. તપાસવા લાગી. તેનો હાથ પણ ધ્રુજતો હતો. બે-ચાર વાર તપાસી અટકાવી દીધું. સીધી થઈ. પ્રજ્ઞા સામે જોવા લાગી.

પ્રજ્ઞાને તેની આંખમાંથી આંસુ પ્રગટતાં દેખાયાં.

પ્રજ્ઞા સમજી ગઈ.

તે સ્તબ્ધ થઈ ગઈ. અરે! દસ મિનિટ પહેલાં તો કેવો નાચતો હતો મયંક! હજી તો તેનાં ચુંબનનો સ્પર્શ પણ વિલાયો ન હતો. અજ્ઞાતપણે તેનો હાથ પોતાના ગાલ પર ફરી ગયો.

દસ જ મિનિટમાં બધું ખતમ!

એમ કેમ બને?

"અંજના શું થયું?" તેણે પૂછ્યું.

ડૉ. અંજનાએ પ્રજ્ઞાનો હાથ પકડી લીધો. એક ડૂસકું ખાતાં બોલી, "પ્રજ્ઞા, મયંક ઈઝ નો મોર."

પ્રજ્ઞા સમજી તો ગઈ જ હતી. છતાં ધ્રુજતા અવાજે બોલી, "પણ વ્હાય?"

"પ્રજ્ઞા, તેને મૅસિવ હાર્ટ ઍટેક આવ્યો. તે સહન જ ન કરી શક્યો."

"પણ અંજના, જસ્ટ દસ મિનિટ પહેલાં તો તે આવ્યો હતો. હી વોઝ ટૂ મચ હેપ્પી. ફ્રેશ થવા તો બેડરૂમમાં આવ્યો હતો."

"હા, પણ અહીં જ તેને મૅસિવ હાર્ટ ઍટેક આવ્યો હશે. બસ! ગયો!"

પ્રજ્ઞા તો લગભગ જડ થઈ ગઈ.

મયંક ગયો! અનબીલીવેબલ!

તેનાથી ધ્રુસકું લેવાઈ ગયું. અંજનાએ તેના ખભા પકડી લીધા. પ્રજ્ઞાએ તેના ખભા પર માથું મૂકી દીધું અને રડવા લાગી. અંજના પણ રડતી જ હતી.

થોડી ક્ષણો નીકળી ગઈ. અંજના ઝડપથી સ્વસ્થ થઈ ગઈ. તે પ્રોફેશનલ હતી. તેણે પ્રજ્ઞાને બહાર લઈ જઈ ખુરશી પર બેસાડી. તે તેનાં સંબંધીઓને ઓળખતી હતી. તેણે પ્રજ્ઞાનો સેલફોન માગ્યો. પ્રજ્ઞાએ ટેબલ તરફ આંગળી ચીંધી. અંજના તેમાંથી નંબરો શોધતી ગઈ અને કોલ કરતી ગઈ. પ્રજ્ઞા રડતી આંખે જોતી રહી.

થોડીવારમાં તો સંબંધીઓ અને મિત્રો દોડતાં આવી પહોંચ્યાં. કોઈ માની શકતું ન હતું કે મયંક ગયો. તે તો સ્વસ્થ હતો. તરવરિયો હતો, બુધ્ધિશાળી હતો. અને હજી

neelam
STEEL CENTRE
G-75, Sarvoday Nagar,
1st Panjrapole Lane, C.P. Tank,
Mumbai-400 004.
**Tel. : 022-2242 0227 / 7128, 32428386**
**E-mail : neelamsteel@yahoo.com**

તો પાંચમા દાયકામાં પ્રવેશતો હતો. તેને વળી હાર્ટ એટેક! પણ તેને સૂતેલો જોઈ માનવું પડતું હતું.

પછી તો વિધિઓ શરૂ થઈ. સ્મશાને લઇ ગયા. બધાં પ્રજ્ઞાને વીંટળાઈને બેઠાં. પ્રજ્ઞા તો મૂઢ થઇ ગઇ હતી. બધાં તેને આશ્વાસન આપતાં રહ્યાં.

આજે સવારથી આવ-જા રહી. પ્રજ્ઞા ચૂપચાપ બેસી રહી. આશ્વાસનો સાંભળતી રહી. બપોરે બધાએ તેને ખાવાનો આગ્રહ કર્યો, પણ તેણે ના પાડી. માંડ ચા પીધી.

છેવટે અત્યારે બધાએ વિદાય લીધી. હવે તે એકલી પડી હતી.

ચોવીસ કલાક પૂરા થતા હતા. કાલે આ લાલાશ દરમ્યાન જ મયંકને હાર્ટ એટેક આવેલ. આજે ફરી લાલાશ છે વાતાવરણમાં. માત્ર મયંક નથી.

પ્રજ્ઞાનું મન ભરાઈ આવ્યું. તે જોરથી રડી પડી. ડુસકાં ભરવા લાગી. થોડી વાર તે રડતી રહી. સમગ્ર શરીર ધ્રુજતું હતું. તેણે પણ રડવાનું ન અટકાવ્યું.

ધીમે ધીમે તે શાંત થઈ. ઊઠીને કીચનમાં ગઈ. પાણી પીધું. મોં ધોયું. લૂછ્યું. ફરી બહાર આવી. સૂર્ય આથમી ગયો હતો. લાલાશ ઘટતી હતી. વાતાવરણમાં અંધકાર પથરાવાની શરૂઆત થતી હતી.

પ્રજ્ઞાએ લાઇટ કરી. રૂમમાં ટ્યુબનો બ્લુ પ્રકાશ પથરાઈ ગયો. પ્રજ્ઞા ફરી ખૂણામાં થઈ અને સોફા પર બેસી ગઈ. કાલથી સતત બેસવાથી તેનું શરીર અકડાઇ ગયું હતું. એટલે તે થોડી આડી થઈ અને પગ લંબાવ્યા.

તેણે આંખો બંધ કરી દીધી.

તેને વીણા માસીના શબ્દો સંભળાયા, ‘પ્રજ્ઞા, હવે તારે એકલા જ જીવવાનું છે. વિધવાની સ્થિતિ વિચિત્ર છે. ક્યાંયની નથી રહેતી તે. માનસિક દયાજનક રીતે જીવે છે.’

પ્રજ્ઞાને વિચાર આવ્યો- પોતાની સ્થિતિ વિચિત્ર થશે? પોતે દયાજનક સ્થિતિમાં જીવશે? વિધવાપણાનો બોજો સહન કરશે તે?

તેને ભીની આંખમાં પણ સ્મિત આવી ગયું. આવી કરૂણ સ્થિતિમાં પણ તેને મનોમન હસવું આવી ગયું. વિધવા! વિચિત્ર સ્થિતિ! દયાજનક! પોતાને આ શબ્દો લાગુ પડે? વીણા માસી મોટા ભાગે પોતાથી- કુટુંબથી-દૂર જ રહ્યાં છે. તેમને ખબર નથી કે પોતે કેમ ઉછરી છે! કેમ જીવી છે! કેમ વિચાર્યું છે! ખબર હોત તો આમ બોલત ખરાં? કદાચ આશ્વાસન પણ ન આપત! અરે, કદાચ આપવા પણ ન આવ્યાં હોત! કલ્પના પણ!

બંધ આંખોવાળો પ્રજ્ઞાનો ચહેરો એક અદૃશ્ય ગૌરવથી ઝગમગી ઉઠ્યો. તે લાંબી જ પડી હતી. છતાં થોડી ટટ્ટાર થઈ. તેના સમગ્ર શરીરમાંથી એક ઊર્જા પ્રગટીને અદૃશ્ય થઇ ગઇ.

તેને તેનો ભૂતકાળ યાદ આવી ગયો. તેની આંખ અચાનક ઉઘડી ગઈ. નજર બારીને વીંધીને બહાર અનંત આકાશમાં પ્રસરી ગઈ. બહાર હવે પૂરો અંધકાર હતો. આકાશમાં તેજસ્વી શુક્રનો ગ્રહ દેખાતો હતો. ટ્યુબને કારણે તેની તેજસ્વીતા થોડી ઝાંખી દેખાતી હતી, છતાં ઝાંખો પણ શુક્ર હતો. આકાશમાં પોતાનું વ્યક્તિત્વ પ્રગટ કરતો!

પોતાના પિતા જેવો!

પ્રજ્ઞાને શુક્રમાં પોતાના પિતાનો ચહેરો દેખાયો. જાણે શુક્ર અદૃશ્ય થઈ ગયો અને તેજસ્વીતા પિતાની આંખોમાં ફેરવાઈ ગઈ.

પ્રજ્ઞાથી તેજ સહન ન થયું. તે ઊભી થઈ અને હિંચકા પર બેસી ગઈ. આંખો ફરી બંધ કરી નાખી. પગથી ઠેલો માર્યો અને હિંચકો ઝુલવો શરૂ થયો.

તેની આંખો સામેનો અંધકાર પણ હલી ગયો. તેમાં વમળ પેદા થયાં. વમળ મોટા થતાં ગયાં અને ફેલાતાં જ ગયાં. વર્ષો પાછળ ખસતાં ગયાં. તેને પોતે ફ્રોક પહેરીને ઊભી હતી તેવું દૃશ્ય દેખાયું. બાજુમાં પિતા ઊભા હતા. તેણે તેમની આંગળી પકડી હતી. પ્રજ્ઞાને થયું કે પોતે ત્યારે ધ્રુજતી હતી. પિતાની આંગળી સખત રીતે પકડી હતી.

શું બન્યું હતું?

પોતે શાળામાં હતી. કોઈ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમાં કોઈ સંદર્ભમાં આચાર્યા સામે દલીલ કરી હતી. પોતે સાચી હતી તેમ કહ્યું હતું. આચાર્યા ગુસ્સે થયાં હતાં અને પિતાને બોલાવ્યા હતા. તે ગભરાઈ ગઈ હતી. પિતાએ આવીને ઘટના જાણી હતી. ત્યારે આચાર્યાને કહેલ, “મેડમ, તમને નથી લાગતું કે પ્રજ્ઞા સાચી છે?”

આચાર્યા પણ જાણતાં હતાં કે પ્રજ્ઞા સાચી હતી. પણ તેથી કંઈ આચાર્યા સાથે દલીલ કરાય?

તેમણે જવાબ આપેલ, “કદાચ હશે, પણ તેથી આચાર્યા સામે દલીલ ન કરાય.”

“મેડમ, મને લાગે છે કે તેણે દલીલ નહોતી કરી. પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવ્યું હતું.”

“તે સમજાવવા હજી નાની છે તે. શિસ્ત તો શીખવું જ જોઇએ.”

“મેડમ, શિસ્ત અવશ્ય શીખવાનું છે પણ બાળકને પોતાનું દૃષ્ટિબિંદુ કહેતાં પણ શીખવવાનું છે.”

“તો તો છોકરાં સ્વચ્છંદી બની જાય.”

“તો તેમને ચોક્કસ અટકાવવાં. પણ તેના ભયે અભિવ્યક્તિને તદ્દન અટકાવી ન દેવાય.” પિતાએ દલીલ કરેલી.

“જુઓ ભાઈ, મારે દલીલ નથી કરવી. આને દલીલ કરતાં જોઈ કાલે બીજી છોકરીઓ દલીલ કરતાં શીખી જશે. અમારે તો શિસ્ત જાળવવાનું છે.”

પિતા મૂંગા રહ્યા હતા.

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

સાંજે પ્રજ્ઞા પિતા પાસે રડી પડી હતી. પિતાએ તેને ખોળામાં બેસાડી કહ્યું, "જો પ્રજ્ઞા, નાની બાબતમાં રડવાની મનાઈ છે. પોતે સાચા હોઈએ તો કદી ન ગભરાવું. સ્પષ્ટ બોલી દેવું."

"પણ પપ્પા, તમે આવ્યા તે પહેલાં તેમણે મને ધમકાવી હતી."

"ભલે ધમકાવે. તેથી પોતે સાચા હોઈએ તો ન ગભરાવું. કદાચ આપણી વાત ન સ્વીકારે તો વાંધો નહીં, પણ પોતાની સચ્ચાઈ તો ન જ છોડવી."

પ્રજ્ઞાને યાદ આવ્યું કે પપ્પા હંમેશ તેને સ્વતંત્ર વિચારવાની સલાહ આપતા. કોઈના પ્રભાવમાં ન આવવાનું કહેતા. તે તેને ખૂબ વંચાવતા. ખાસ કરીને ચરિત્રો. તેની ચર્ચા પણ કરતા. દરેકમાંથી કહેતા, "જો પ્રજ્ઞા, ગાંધીજી હોય કે વિવેકાનંદ, બધા સ્વતંત્ર વિચારકો હતા. સ્પષ્ટતાથી વિચારતા હતા. કોઈના પ્રભાવમાં આવતા ન હતા."

"પણ પપ્પા, વિવેકાનંદ તો રામકૃષ્ણને ગુરુ માનતા," તે દલીલ કરતી.

"હા, ચોક્કસ માનતા, પણ તેથી તેમણે સ્વતંત્ર રીતે વિચારવાનું છોડ્યું ન હતું. ખુદ ગુરુ સામે પણ જોરદાર દલીલ કરતા."

કોલેજમાં પ્રજ્ઞાએ અંગ્રેજી સાહિત્ય લીધેલું. સાથે વિશ્વના ધર્મોનો પણ અભ્યાસ કરતી. તે પૂછતી, "પપ્પા, કયો ધર્મ સારો?"

"બેટા, બધા જ ધર્મો સારા છે. તેમની જગ્યાએ. પણ કોઈ ધર્મ સંપૂર્ણ નથી. જ્યાં માણસના હાથમાં ધર્મ હોય, ત્યાં મર્યાદા તો આવવાની જ."

"તો શું કરવું? કયો ધર્મ સ્વીકારવો?"

"સંપૂર્ણ રીતે એક પણ નહીં. બધાના પાયાના સનાતન વિચારો સ્વીકારવા. પ્રાસંગિક વિચારો, વિધિવિધાનો - વગેરેથી દૂર રહેવું. તે જાણવા, સ્વીકારવા નહીં. તટસ્થ રહેવું. વેદ ના આ વિચારને સૂત્ર તરીકે સ્વીકારવું- "અમને બધી જ દિશાઓમાંથી શ્રેષ્ઠ વિચારો પ્રાપ્ત થાવ." અને તે વાંચી-જાણતી વેળા વિનોબાને યાદ રાખવા - "સાર લો, અસાર છોડો. બધું તેની જગ્યાએ યોગ્ય છે. સર્વાંગી દષ્ટિએ અપૂર્ણ છે. વાદ-વિવાદમાં ન પડવું."

"પણ કહેવાનો પ્રસંગ ઊભો થાય તો?"

"તો સાચું હોય તે જ કહેવું. નિંદા કર્યા વિના તટસ્થતાથી યોગ્ય હોય તે જ બોલવું. તેમાં ન ડરવું."

"વિરોધ થાય તો?"

"થાય! સાંભળવો. સ્વીકારવાની જરૂર નથી. પોતાનો મત રજૂ કરી ચૂપ થઈ જવું. પોતે સાચા હોઈએ તો ડરવાની જરૂર નથી."

પ્રજ્ઞા સ્વતંત્ર રીતે ઉછરતી હતી. તેના પિતા તેના સાથે બધા જ વિષયોની ચર્ચા કરતા. ઉપનિષદ હોય કે સેક્સ-બધું ચર્ચતા. બાયોલોજી, એનેટોમી પણ શીખવતા. જાતિય ગ્રંથો વંચાવતા. સાથે કૃષ્ણમૂર્તિ, રજનીશ, ફ્રોઇડ, હેવલોક એલીસ, રસેલ વગેરે પણ વંચાવતા. અભિપ્રાયો કેળવતાં શીખવતા.

"કશું ખરાબ પણ નથી અને કશું સારું પણ નથી. માત્ર છે! યોગ્ય બુધ્ધિ હશે તો યોગ્ય નિર્ણય જ આવશે" - કહેતા.

પિતાએ પ્રજ્ઞાને પ્રખર રેશનલ બનાવી હતી. ક્યારેક તે છોકરીઓમાં સ્વભાવગત હોય તેવા લાગણીવેડા પ્રગટ કરે, તો ઠપકો આપતા- "પ્રજ્ઞા, લાગણી અને બુધ્ધિમાં સમતુલા હોવી જોઇએ. અને પસંદગી કરવી હોય, તો બુધ્ધિની કરવી. બુધ્ધિમાં તાકાત છે કે તે લાગણીને સમતુલિત કરી શકશે, પણ લાગણીમાં એ શક્તિ નથી કે જાતે સ્વસ્થ થઈ શકે. તે તો આવેશમાં પલટાઈ જશે. વહી જશે. તો બુધ્ધિ પણ ધૂંધળી થઇ જશે અને ખોટા નિર્ણયો લેવાશે."

"પપ્પા, સાચા નિર્ણયો લેવા એટલે શું?"

"નિર્ણય પર વ્યક્તિ, ઘટના કે વસ્તુનો પ્રભાવ પડવો ન જોઇએ. તે તટસ્થ, વિવેકયુક્ત, સ્વસ્થ, સમતોલ, લાંબાગાળામાં લાભદાયી હોવો જોઇએ. આ ત્રણમાં રાગ હોય તો નિર્ણય એકાંગી થશે. શુધ્ધ તર્કથી નિર્ણય લેવાય. કામ ભલે પ્રેમ અને લાગણીથી કરાય, પણ વિચાર તો શુધ્ધ વૈજ્ઞાનિક રીતે જ કરાય. તો જ સાચા નિર્ણયો લઈ શકાશે."

"પપ્પા, માની લો કે તમે ભૂલ કરી. ત્યારે મારે નિર્ણય લેવો પડે તો?"

"તો પણ તટસ્થ નિર્ણય જ લેવો. ત્યારે હું તારો પિતા છું તે ભૂલી જવાનું. ત્રીજી વ્યક્તિ તરીકે જ મને જોવાનો. તો જ યોગ્ય નિર્ણય લેવાશે."

"દાખલા તરીકે?"

"માની લે કે તારી મમ્મીનું મેં અપમાન કરી લીધું યા તો અન્યાય કરું, તો તરત તારે મને ટકોરવાનો કે આ તો ખોટું છે."

"પપ્પા, આ શિસ્તભંગ નથી?"

"ના, નથી. હા તે વખતે ભાષા સ્વસ્થ અને વિનયી હોય, તાર્કિક હોય તે જરુરી છે. પણ વડીલને ન કહેવાય તેવું નથી વિચારવાનું. સ્પષ્ટ જ કહેવું."

સ્વતંત્ર વિચારવા સાથે સ્વતંત્ર જીવવાની પણ તાલીમ આપતા. વારંવાર શિબિરો, કેમ્પો, મિટિંગોમાં, પ્રવાસોમાં મોકલતા. એકલા જ મોકલતા. સ્વતંત્ર કામો સોંપતા. ક્યાંય સાથે ન જાય જેથી એકલી રહેતાં શીખે. જાતે જ નિર્ણયો લે. પુરુષો વચ્ચે ન ગભરાય. કરાટે પણ શીખવેલ જેથી સ્વરક્ષણ પણ કરી શકે.

પરિણામ એ આવ્યું કે પ્રજ્ઞા આત્યંતિક સ્વતંત્ર વ્યક્તિત્વવાળી થઈ ગઈ. આવેશયુક્ત છોકરીઓના ટોળામાં તે અલગ પડી જતી. કોઈ છોકરી રડે તો ધમકાવતી. કોઈ છોકરો આગળ વધે તો ડરાવતી. મિટિંગો વગેરેમાં

AMBA
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
HIRALAL DAGHA
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E),
Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

સ્વતંત્ર અભિપ્રાયો વ્યક્ત કરતી. બધા તેનાથી દલીલ કરવામાં દૂર રહેતા.

"પપ્પા, મારે પરણવું જોઇએ?" એક વાર તેણે પૂછેલ.

"એ નિર્ણય તો તારે લેવાનો છે. હું કેમ લઉં?" પિતાએ હસીને જવાબ આપેલ.

"છતાં અભિપ્રાય તો આપો."

"પરણવાના બે-ત્રણ હેતુ છે : હુંફ મેળવવી, સલામતી મેળવવી, શારીરિક તૃપ્તિ મેળવવી વગેરે. આવું હોય તો પરણવું."

"માત્ર શારીરિક તૃપ્તિ જ મુદ્દો હોય તો?"

"તો પણ તારે જ નિર્ણય લેવો."

"શું લેવો?"

"તૃપ્તિ મેળવવી કે નહીં."

"લગ્ન બહાર મેળવી શકાય?"

"તને વાંધો ન હોય તો મેળવાય."

"પણ તે અનીતિ ન કહેવાય?"

"તે સાપેક્ષ છે. હા, તેને કારણે કોઈ પરિણિતનું જીવન ન બગાડાય. પણ સ્વતંત્ર રીતે નિર્ણય લઈ શકે છે."

તેની મા તો આ વાતથી ગભરાઈ જતી. પતિને ઠપકો આપતી. "બગાડો છો તમે તો પ્રજ્ઞાને," કહેતી. પિતા હસતા.

પ્રજ્ઞાએ એકલા જ રહેવાનું નક્કી કર્યું. પિતાએ તેને આત્મતૃપ્તિ અને સ્વતંત્રતાનું શિક્ષણ આપ્યું હતું. તેને બંધન નહીં ફાવે. પિતાને વાત કરેલ, તો બોલ્યા હતા, "તું જે નક્કી કરે તે. હા, કાલ નિર્ણય બદલવાની ઇચ્છા થાય, તો તેને જડતાથી વળગી ન રહેજે. મુક્ત બુધ્ધિથી કરજે."

પ્રજ્ઞાએ એમ.એ. કર્યું. વિવિધ તાલીમો લીધી. અનેક સંસ્થાઓમાં પ્રોફેશનલ સેવાઓ આપતી. સરસ કમાતી. પોતાની રીતે રહેતી. અનેક મિત્રો હતા. પણ ક્યાંય ન બંધાતી. કામ-પ્રવાસ-વાચન-મનનમાં મસ્ત રહેતી.

ચાર દાયકા નીકળી ગયા. માતા પિતાએ વિદાય લીધી. એક જ સંતાન હતી. તેથી બીજું કોઈ ન હતું. શાંતિથી સર્જનાત્મક રીતે જીવતી હતી.

એક વાર એક કામ સંદર્ભે એક મિટિંગમાં મયંકનો પરિચય થયો. વાતચીત પછી તેને તેની તેજસ્વીતા ગમી. ઉત્સાહ પણ ગમ્યો. કામના સંદર્ભમાં વારંવાર મળતાં રહ્યાં. તે તેને ગમતો. અલબત્ત, લગ્નનો વિચાર ન આવતો.

અચાનક એક વાર મયંકે પૂછ્યું, "પ્રજ્ઞા, તું મને પરણે ખરી?"

પ્રજ્ઞા તો નવાઈથી તેના સામે જોઈ રહી.

બોલી, "એવો વિચાર મને આવ્યો નથી."

"પણ મને આવ્યો છે."

"કેમ? મૈત્રી પૂરતી નથી."

"છે. છતાં મન થાય છે."

"વિચારીશ," પ્રજ્ઞાએ જવાબ આપ્યો.

ઘેર જઈ તેણે વિચાર કર્યો-ચાર દાયકાની સ્વતંત્રતા પછી બંધન ફાવશે?

પછીની મિટિંગમાં મયંકે ફરી પૂછેલ.

પ્રજ્ઞાએ પોતાનો વિચાર કહ્યો.

"પ્રજ્ઞા, આપણે બંધન નહીં બનાવીએ. મુક્ત જ રહીશું." મયંકે જવાબ આપેલ.

"મયંક, હું અતિ સ્વતંત્ર છું."

"માટે તો મને ગમે છે."

"મને બાળકો પસંદ નથી. તે માથાકૂટમાં ન પડું."

"ન પડવું. ન બંધન. ન બાળકો. કામ પણ કરજે. મુક્ત જ રહેજે. તો?" મયંકે લુચ્ચી આંખે કહ્યું.

પ્રજ્ઞા તો વિચારમાં પડી ગઈ. પિતા પણ ન હતા કે પૂછાય.

પણ પૂછત તો? તો પિતા જવાબ આપત-કરી જો પ્રયોગ. ફાવે તો ચાલુ રાખજે. ન ફાવે તો મુક્ત થઈ જવું.

પ્રજ્ઞાએ મયંકને આ વાત કરી.

"કબૂલ," મયંકે જવાબ આપેલ.

કોઈ પણ વિધિ વિના, માત્ર નોંધાવી, બન્ને પરણી ગયાં. થોડા જ મિત્રોને હાજર રાખેલ. પ્રજ્ઞાના મિત્રોને નવાઈ લાગેલ.

બન્ને પોતાની રીતે, છતાં સાથે, જીવવા લાગ્યાં. મયંક પણ સ્વસ્થ, તેજસ્વી હતો. પ્રેમ અને આમન્યા-બન્ને રાખતો. પ્રજ્ઞાને પણ તે ગમી ગયો. બન્ને ભરપૂર જીવતાં હતાં. પ્રજ્ઞાએ કામ ઘટાડી નાખ્યું. મયંકને જ મદદ કરવા લાગી. પૈસા વધતા ગયા. ફ્લેટ લીધો. ખૂબ ફર્યાં. મુક્ત રીતે જીવતાં હતા. પ્રજ્ઞા મયંકમાં પરોવાઈ ગઈ. ભૂલી જતી કે તે એકલી જીવવા માગતી હતી.

અને અચાનક મયંક અદશ્ય થઈ ગયો.

પ્રજ્ઞાને જબરો ખાલીપાનો અનુભવ થયો. ચોવીસ કલાકમાં તો તે સ્તબ્ધ થઈ ગઈ હતી. આટલું પ્રેમાળ વ્યક્તિત્વ આમ ચાલ્યું જાય! હવે? ખરેખર તે સ્વસ્થ થશે? અને નહીં થાય તો દયાજનક નહીં બને? ભલે પૈસાની તકલીફ ન હતી, પણ હુંફ, પ્રેમ, કંપની, સહઅસ્તિત્વ?

પોતે એકલી નહીં થઈ જાય? અને હવે એકલું ગમશે?

પ્રજ્ઞાએ અકળાઈને આંખ ખોલી નાખી. શુક્ર ટમટમતો હતો. પિતાનો હસતો ચહેરો ફરી દેખાયો.

-પપ્પા, શું કરવું મારે? તેણે પૂછ્યું.

પિતાનું સ્મિત ગાઢ બન્યું.

-પપ્પા, જવાબ તો આપો.

-બેટા, મેં તને વિચારવાની તાલીમ આપી છે.

-પણ આ સ્થિતિમાં કેમ વિચારવું?

-યાદ કર...

પ્રજ્ઞાને પપ્પાના શબ્દો યાદ આવ્યા... વ્યક્તિ, ઘટના અને વસ્તુના પ્રભાવથી તટસ્થ રહી વિચારવું!

સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....
MRL GROUP
MRL CLEARING AND FORWARDING PVT. LTD.
(CHA No. 11/374)
13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com
Clearing, Forwarding & Shipping Agents

મને લાગે છે કે હું મયંકના સંદર્ભમાં જ વિચારું છું... તેને વિચાર આવ્યો.

પિતાની આંખો ટમટમતી દેખાઈ.

- તો મારે તેના વિશે ન વિચારવું?

- તારાં ભાવિ માટે તે ઉપયોગી છે?

- પણ પપ્પા, મયંકને ભૂલવો?

- બેટા, વાત ભૂલવાની નથી. રાગની છે.

- એટલે કે યાદ રાખું, પણ સ્વતંત્ર રહીને.

- શાબાશ!

- પણ કેમ?

- વિચાર.

પ્રજ્ઞા વિચારવા લાગી. તેને અચાનક વિચાર આવ્યો- અરે! દસ વર્ષ પહેલાં તે એકલી જ હતી ને. અરે, ચાર દાયકા પણ તે એકલી જ હતી ને. આ દસ વર્ષ એક નવો અનુભવ મળ્યો. મજા આવી. માણ્યો. ત્યારે સહભાગી સ્વતંત્રતા હતી. ફરી મૂળ સ્વતંત્રતા આવી છે. માની લે કે પ્રયોગ પૂરો થયો. બેક ટુ પેવેલિયન!

- પણ પપ્પા, હવે એકલું નહીં લાગે?

શુક્રમાં તેને ઠપકાનો ભાવ દેખાયો.

લાગણીવેડા! - તે ટમટમતાં બોલ્યો.

પ્રજ્ઞા હસી પડી. આ તો પપ્પાના શબ્દો.

તે સમજી ગઈ. ઘટના પૂરી થઈ. વ્યક્તિએ વિદાય લીધી. આનંદ આવ્યો. પણ જીવન તો નદીનો પ્રવાહ છે. તે તો ચાલુ જ છે. પિતા-માતા-શાળા-કાર્યો... તે જ રીતે મયંક પણ તેના જીવનમાં આવ્યો. તે સમયે મજા કરી. પૂરું જીવાયું. બસ! હવે ફરી નવી વાત.

- પળમાં જીવો... પપ્પા કૃષ્ણમૂર્તિનું વાક્ય ટાંકતા તે સંભળાયું. Live Here And Now.

પ્રજ્ઞાએ હિંચકો ઝુલતાં અટકાવ્યો. તેનું મન પણ સ્થિર અને સ્વસ્થ થઈ ગયું.

ગીતાનું વાક્ય મનમાંથી પસાર થઈ ગયું - 'સ્થિતોડસ્મિ. ગતસંદેહ'!

- થેન્ક યુ પપ્પા-તે ગણગણી.

તે ઊભી થઈ. તેને લાગ્યું કે હવે ભૂખ લાગી હતી. ચોવીસ કલાકથી પેટ ખાલી હતું. મયંકનું સેલિબ્રેશન અધૂરું રહી ગયું હતું.

- મયંક, તારી કંપની બદલ આભાર માનવા થોડું ખાઈને સેલીબ્રેટ કરું.

તેણે ફોન નંબરો જોયા. કાલે કામ શરૂ કરી દઈશ, વિચાર્યું.

-ખાઈને બધાને ફોન કરું.

પ્રજ્ઞા કીચન તરફ આગળ વધી.

*ન્યુ મિન્ટ રોડ, ભુજ, કચ્છ - ૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૨૭૯૪૬*

*Ramesh Savla*
*Manish Savla*
M. 94260 77479

AI

**ARIHANT INDUSTRIES**

Mfg. : Bakelite Moulding & Pannel Board Accessories, Push Buttons, Connector Strip & Cooker Handles

5/33, G.I.D.C. Ind. Estate,
Phase-1, Vatva,
Ahmedabad-382 445.
**Ph. : (F) 25831205 (R) 25464948**



***Isha Shah***
**+91-9638414481**

*I Creative*

**Trousseau Packing**

- **Home Decor**
- **Trousseau Packing**
- **Sparking Wax / Gel Candles**
- **Chocolates**
- **Events Managements of Party's**
- **Classes of Creative Creation**



*Marriage and rajwada theme packing. Heavy decorated Trays, ring ceremony trays, Saree & Suit Packing, Flowers (related to the packing and event), Bunch making, Origato floers, Pooja Thalis, Bandarwal, Shubh-labh, Ready Rangolis, Envelopes and many more exciting things.*

*E-mail Id : ishashahcreation@gmail.com*

# કન્યા વિદાય

• ડૉ. ઊર્મિલા શાહ •

*ધીરે રે છેડો રે ઢોલી ઢોલકા*
*એક વેલથી પાન પીંખાઈ રે ગયું*
*મંગલ ટાણાની મેંદીને પીસતાં પીસતાં*
*એના ટહુકા જરી તો જડી ના રહ્યાં*
*મન પીંખાઈ રે ગયું*

દાદાની વાડીનો એ ટહુકાર વિદાય લઈ રહ્યો હતો.

એક બાજુ ધીમા ધીમા સૂરે વાગતી શરણાઈ હૃદયની લાગણીઓના તંતુને ઝણઝણાવી રહી હતી. બીજી બાજુ કન્યાના વિદાયગીતના એ લાગણીથી નીતરતા ભાવવાહી સૂરે ગવાતા શબ્દો, એ શબ્દો કાને પડ્યા.

*રોકો રે બેનાને રોકો*
*કોઈ એને રોકો.*
*રોકી ના રોકાય આ કેવી સગાઈ*
*કે મહિયરની માયા મૂકી*
*બેની ચાલી સાસરિયે,*
*સાસરે જાય રે*
*નમણું તે ઘરનું રૂપ*
*સાસરે જાય રે*
*અણમૂલ અવસર આંગણીએ*
*ત્હોય માની આંખે આંસુની ધાર*
*સાસરે જાય રે, નમણું તે ઘરનું રૂપ.*

અને હું ઘડીભર સંસારની આ ઘટમાળ અંગે વિચારતી વિચારતી અતીતમાં ખોવાઈ ગઈ.

દીકરી જન્મે ત્યારે 'લક્ષ્મી પધાર્યા' કહી તેને વધાવી લઈએ. ઊંડે ઊંડે દીકરા માટેની ઈચ્છા હોય તોય 'પહેલા ખોળાની લક્ષ્મી સારી' કહી તેને આવકારીએ. ઈશ્વર મા-બાપ પર વિશ્વાસ મૂકી બાળક જેવી મહામૂલી ભેટ તેને આપે છે, માના હૃદયમાં ઈશ્વરે મમતા મૂકી તેને ધન્ય બનાવી દીધી છે. રાત-દિવસ, ભૂખ-તરસ કે ટાઢ-તડકો કશું જ જોયા વિના તે પોતાના હૃદયના ટુકડાની જેમ તેનું જતન કરે છે. અરે! ઘડી વાર પણ એ તેને આંખથી અળગી કરી શકતી નથી. દીકરી તો એનું પોતાનું સર્જન. એની રગેરગમાં એનું પોતાનું લોહી ધબકી રહ્યું હોય એને હૃદયથી અળગી શી રીતે કરાય!

અને છતાંય એ મોટી થાય એટલે એને યોગ્ય પાત્ર શોધી તેને સાસરે વળાવવાની ચિંતામાં પડે. ક્યારેક તો ચેનથી ઊંઘી પણ ન શકે અને જ્યારે યોગ્ય પાત્ર મળે ત્યારે તેના આનંદને ક્યાંય અવધિ ન રહે. લગ્નની તૈયારીઓ ચાલુ થાય. કેટકેટલી ઝીણવટ! દીકરી જન્મી ત્યારથી પળે પળે તેનું જીવની જેમ જતન કર્યું છે. હવે પારકે ઘેર વિદાય કરીશું ત્યારે! ત્યાં મારી એ લાડકી દીકરી મૂંઝાશે તો નહીં ને! કરમાશે તો નહીં ને! માનું હૃદય સતત ઉચાટ અનુભવે છે. આટલી મોટી કરી અંતરનાં અમી પાઈને પાળીપોષીને આવડી મોટી કરી. હવે તેને પારકાને સોંપી દેવાની! જીવ કેવી રીતે ચાલે?

અરે! આપણી મનગમતી એકાદ નાની ચીજ કોઈને આપવાની આવે તો આપણું મન માને છે ખરું? ત્યારે આ તો દીકરી આપણે માટે વહાલનો દરિયો, આપણા દિલનો ટુકડો. એને બીજાને સોંપતાં માબાપના હૃદયની શી પરિસ્થિતિ થતી હશે!

*પેલા વિદાયગીતના શબ્દો :*

*સાચો સાસરિયાનો સંગ*
*પુણ્ય સ્વરૂપ છે સાસુને*
*પરમેશ્વર છે કંથ*
*જુગ જુગ તપે તારો સોહાગી ચાંદલો*
*ને કંથ સોહાગી સોહાય...*

માના હૃદયની આ કેવી શુભભાવના, કેવી શીખ. ઘડી પહેલાં જે માંડવો આનંદમંગળથી ગાજી રહ્યો હતો એ પળભરમાં જાણે સૂમસામ બની ગયો. વિદાય લેતાં દીકરી બાપુને ખભે માથું મૂકી રડે છે. માને ગળે વળગી ડૂસકાં લે છે. ભાઈભાંડુ અને સહિયરોને વળી વળી ભેટીને વસમી વિદાય લે છે. વાતાવરણ આખુંય ભારેખમ અને ગમગીનીભર્યું બની જાય છે.

ત્યાં પાછળથી અવાજ સંભળાયો. 'દીકરીનો બાપ સદાય નીચો એટલે નીચો જ. કન્યાદાન દીધું ને દીકરી વળાવી. હવે માબાપ બિચારાં એકલાં પડી જવાનાં ને મને મનમાં વિચાર ઘૂમરાવા લાગ્યો. શું આપણા સમાજમાં હજુય દીકરીનું સ્થાન નીચું જ છે? ને થોડા જ દિવસ ઉપર રાકેશભાઈ સાથે થયેલી વાત યાદ આવી.

"બહેન, કાલે મારાં સાસુની વર્ષગાંઠ હતી. પુનિતાએ કહ્યું, ચાલોને બાને પગે લાગતાં આવીશું ને એકાદ નાનકડી ભેટ આપતાં આવીશું, બાને ખૂબ સારું લાગશે."

"ના, ના, એવું જવાની શી જરૂર છે?" વર્ષગાંઠ તો વર્ષે વર્ષે આવે. હવે તો તું પરણીને અહીં આવી. હવે ત્યાં આખો વખત જવાની શી જરૂર છે? એમ કંઈ હું તારે ઘેર ન આવું." ને એ સાંભળી પુનિતા ઉદાસ થઈ ગઈ.

"પણ હેં બહેન! આપણે છોકરાવાળા થઈને એમ છોકરીવાળાને ત્યાં વળગતાં જવાની શું જરૂર? આપણે તો ઊંચા. છોકરીનાં માબાપ ગમે તેમ કરે તોય નીચાં તે નીચાં ખરું કે નહીં? ને રાકેશભાઈ મારા મોં પરના પ્રતિભાવની પ્રતીક્ષા કરતાં મારી સામે જોઈ રહ્યા. પણ મારા મોં પર ન કળી શકાય તેવા ભાવો ઉપસ્યા. ચારેય બાજુથી સમાજમાં સમાન હક્ક અને પુરુષ સમોવડી

*અસફળતાથી ગભરાયા વગર લગાતાર પ્રયત્ન કરવાવાળા લોકોના ખોળામાં સફળતા જાતે જ આવીને બેસી જાય છે.*

સ્ત્રીની જોરશોરથી વાતો ચાલે છે ત્યારે આ શું? કન્યાદાન માટે જ મારો તો સખત વિરોધ છે. કન્યા એ તે શું કાંઈ ચીજ કે વસ્તુ છે? કે એનું દાન અપાય છે? આ પ્રથા, આ શબ્દ જ બંધ કરવાં જોઇએ.''

પણ ત્યાં તો મારા હૃદયમાંથી અંતરાત્મામાંથી એક અવાજ પ્રગટ્યો. આપણી ભારતીય સંસ્કૃતિની ઉદાત્ત ભાવનાએ મારા મનને ઢંઢોળ્યું. દીકરીને એક વસ્તુ તરીકે સ્વીકારવી મને પણ ન જ ગમે. હું પણ એક સ્ત્રી જ છું ને? પણ છતાંય મારાં માતાપિતાએ સુપાત્ર જોઈને મારું કન્યાદાન દીધું ને મને સાસરે વળાવી તો દાંપત્યના એ સાહચર્યમાંથી મેં સ્વર્ગીય સુખની અનુભૂતિ માણી. અને એટલે જ એક કવિએ કહ્યું છે કે : 'પરણવું એટલે પ્રભુતામાં પગલાં પાડવાં.' પ્રભુતાના પંથના એ પ્રયાણને આમ ઊંધી રીતે કેમ જોવાય!

કન્યાદાન જેવું ઉત્તમ તો એક્કેય કાર્ય નથી. તમે ગમે તેટલી મિલકતનું કે તમારી વહાલામાં વહાલી ચીજનું દાન આપો, અરે! કર્ણ દાનેશ્વરી ય કેમ ન બની શકો! પણ દીકરીનું દાન દેવું એ કંઈ નાનોસૂનો ત્યાગ નથી. હૃદય કેટલું વિશાળ હોય ત્યારે જ હૃદયના ટુકડાનું એ દાન દઈ શકાય! દીકરીની વસમી વિદાય વેળાએ વાતાવરણ આખું જ ગમગીન બની ગયું હતું. સૌની આંખમાં આંસુ હતાં, સૌનાં મોં પર હૃદયનું દુઃખ ડોકાતું હતું. પણ એ બધું હોવા છતાં મારી દૃષ્ટિએ તો કંઇક જુદું જ નિહાળ્યું. મારાં આંતરચક્ષુ સમક્ષ તો દીકરીનાં મા અને બાપનાં દરિયા જેવા વિશાળ દિલની જ ઝાંખી થતી હતી. તૃષાતુર ધરતી પર વરસી વરસીને શુભ્ર બની ગયેલી વાદળીઓ કેવી હળવી ફૂલ લાગે છે! તેવી જ ઝાંખી મને એ મા-બાપ બંનેનાં હૃદયમાં થતી લાગી.

દીકરી છૂટી પડે તેનું દુઃખ કોને ન હોય! પણ સુપાત્રને પોતાની વહાલી દીકરીનું દાન આપીને ધન્યતા અનુભવતાં, પ્રસન્નતા પામતાં એ માબાપને જોઈ મને શકુંતલાને વિદાય કરતાં કણ્વ ઋષિ યાદ આવી ગયાં.

*''પુત્રી ગણાય ધન તો નકી પારકાનું,*
*સોંપ્યો સ્વયંવર હવે મુજ અંતરાત્મા,*
*આપી વિદાય હળવું મુજ થાય હૈયું.*
*શાંતાનુકુલ પવનશ્ચ ચ શિવાસ્તે પંથા.''*

મારું મન, મારું શિશ તેમને માટે આદરથી નમી પડ્યું.

આમેય દાન લેનાર કરતાં દાન દેનાર જ હંમેશાં મહાન હોય છે. દાન લેનારનો હાથ હંમેશાં નીચો હોય ત્યારે દેનારનો હાથ હંમેશાં ઊંચો જ રહે છે. દીકરીનો બાપ તો કર્ણ દાનેશ્વરી કરતાંય મહાન છે. એનું સ્થાન નીચું હોઈ જ કેમ શકે! કન્યાદાન જેવું એકેય ઉત્તમ દાન નથી અને વિદાય થતી દીકરીને અંતરના આશિષ, એથી મહાન એક્કેય ભેટ નથી.

*હોજો સદા સુખ, શાંતિ ને વૈભવ તમારા સાથમાં*
*હોજો સદા જ્યોતિ ભલે જલતી તમારા રાહમાં*
*હોજો સદાય સ્નેહની સોડમ તમારા હાર્દમાં*
*હોજો સદા મંગલ બધા અવસર તમારા માર્ગમાં*
*મંગલ હજો તુજ ભાવના*
*મંગલ હજો તુજ કામના*
*મંગલ તારા જીવનમાંહી*
*મંગલ હજો તુજ સાધના*

કન્યાવિદાયનો એ વસમો પ્રસંગ પણ હૃદયની ભાવનાથી ભર્યો ભર્યો અને ભવ્ય બની ગયો. મનમાં ક્યાંય વિષાદને સ્થાન ન રહ્યું. કન્યાને વિદાય આપતાં એ માતાપિતા મને કર્ણ દાનેશ્વરી કરતાંય અધિક મહાન લાગ્યાં ને આખોય પ્રસંગ ધન્ય બની ગયો. ■

## ગોઠવણી

એક અધિકારી ઘરે બેસીને એક અગત્યની મીટિંગની તૈયારી કરી રહ્યા હતા. એમનો પાંચ વર્ષનો દીકરો વારેઘડીએ આવીને એમને ડિસ્ટર્બ કરતો હતો. થોડીવાર આવું ચાલ્યા કર્યું. છોકરાને સમજાવ્યો પણ એ માન્યો નહીં. એટલે અધિકારીએ કંટાળીને એક રસ્તો કાઢ્યો. એમણે એક છાપું શોધી કાઢ્યું. એના પર દુનિયાનો નકશો ચીતરેલો હતો. એમણે એ છાપાના ટુકડે ટુકડા કરી નાખ્યા અને પછી દીકરાને એ ફરી વ્યવસ્થિત ગોઠવી આપવાનું કહ્યું. એમને થયું કે છોકરો આ નકશો ગોઠવવામાં બે ચાર કલાક સુધી વ્યસ્ત થઈ જશે અને એ દરમ્યાન એ પોતાની મીટિંગનું કામ પૂરું કરી દેશે.

અરે, આ શું! છોકરો તો ત્રણેક મિનિટમાં જ નકશો ગોઠવીને પિતા પાસે હાજર થઈ ગયો. પિતાને આશ્ચર્ય થયું. કલાકોનું કામ આ છોકરાએ મિનિટોમાં કેવી રીતે કરી નાખ્યું? એમણે એને કારણ પૂછ્યું. નાનકડા બારકસે જવાબ આપ્યો, 'પપ્પા, આની પાછળની બાજુએ એક માણસનું ચિત્ર હતું. એટલે મેં કાગળને ઉલટાવીને આખો માણસ બનાવી દીધો. માણસ બરાબર ગોઠવાઈ ગયો તો આખી દુનિયા પણ બરાબર ગોઠવાઈ ગઈ.'

જીવનનું પણ આવું જ છે. બહુ મુશ્કેલ જણાતા જીવનના કોયડા આ જ રીતે થોડી બુધ્ધિ વાપરીને ઉકેલી શકાય છે. કોયડો ભલે ગમે તેવો વિકટ હોય પણ આપણને બાજી ખેલતા આવડવી જોઈએ. જીવનની બાજીમાં તમે તમારી જાતને બરાબર ગોઠવો તો જીવન પણ બરાબર ગોઠવાઈ જશે અને એ રીતે આખી દુનિયા પણ. ■

॥ क्षमा वीरस्य भूषणम् ॥
રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી
''ધુલ્લા વિલા'', બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# અભિન્ન હૈયાં

• ડૉ. ચંદ્રકાન્ત મહેતા, પૂર્વ ઉપકુલપતિ - ગુજરાત યુનિવર્સિટી •

મેં કેટકેટલી વિનંતીઓ કરી, પણ પવિધરના વર્તનમાં કશું જ પરિવર્તન ન થયું. જવાબદારી જેવી કોઈ વાત તેના ભ્રમણપ્રિય સ્વભાવને મંજૂર નહોતી. નહીં તો પોતાના પપ્પાજીની છ મહિનાની માંદગીમાં પણ એ નફિકરો બનીને ફરતો હોત!

લગ્ન અગાઉ પ્રેમ અને લાગણી વિશે કેટકેટલી વાતો એ કરતો હતો! હું મુગ્ધ બનીને તેના લાગણીભીના શબ્દો માણતી હતી! મને આપેલા સમયમાં એક મિનિટ પણ મોડો નહીં પડનાર પવિધર ઘરના દરેક કાર્યોમાં પ્રમાદી અને બહાનાખોર હશે, એની તો હું કલ્પના પણ કેવી રીતે કરી શકું?

પોતાના ડાબા પગે ફ્રેક્ચર થવાને કારણે પપ્પાજી પથારીવશ હતા, એ દરમિયાન મારાં સાસુએ કેટલી આત્મીયતા અને એકાગ્રતાથી તેમની સારવાર કરી હતી! પોતાની જિંદગીનાં સંસ્મરણો સંભળાવતાં તેઓ કહેતાં : 'વાર-તહેવારે' રજાઓમાં મારા પિતાજી મને પિયર બોલાવતા, પણ પવિધરના પપ્પાના કામનો પથારો ભારે! એમને એકલા મૂકીને એક દિવસેય મને બહાર રહેવાનું કેવી રીતે પોસાય? પવિધર છવ્વીસ વર્ષનો થયો, એમણે ક્યારેય તેને કોઈ પણ વાતનો ઠપકો નથી આપ્યો! હું ટી.બી.ની બીમારીમાં સપડાઈ ત્યારે એમણે પોતાનાં સઘળાં કામો બાજુએ મૂકીને એક માની જેમ મારી સેવાચાકરી કરી છે. ઓફિસમાં પણ ત્રણ મહિનાની રજા મૂકી હતી એમણે! એમનું ઋણ કયા ભવે ચૂકવીશ?

હું મનોમન વિચાર કરતી : સસરાજી અને એમના લાડકા પવિધરમાં કેટલું બધું અંતર છે! મને તાવ આવે કે માથું દુઃખે એની સાથે એને કશી લેવાદેવા નથી! એણે ક્યારેય મારી લાગણીપૂર્વક ખબર પણ નથી પૂછી! શું અમારું દાંપત્ય કેવળ એક સ્ત્રી-પુરુષના સહનિવાસથી આગળ નહિ વધી શકે? એક નિસાસો નંખાઈ જતો મારાથી.

મારા સાસુ, સસરાજીની તમામ જવાબદારીઓ સાથે ઓતપ્રોત થઈ ગયાં હતાં. મારાં મોટાં નણંદની પુત્રી અજિતાની સગાઈ થઈ ત્યારે ઘરમાં કેટલા બધાં લોકો મહેમાન તરીકે ઊભરાયાં હતાં! હું કંટાળતી, ગુસ્સો વ્યક્ત કરતી પણ મારાં સાસુ કહેતાં : 'ગૃહસ્થનું ઘર તો પાણીની પરબ કહેવાય. તરસ લાગે તો તેને ત્યાં પાણી પીવાનો હક્ક! માણસથી કંટાળે એને સમાજમાં રહેવાનો અધિકાર નથી! સગાથી કંટાળે એને સંસાર જ ન માંડવો જોઇએ!'

હું ચૂપ થઈ જતી! ઘરની જવાબદારીમાં હું મદદરૂપ ન થાઉં તો પણ તેઓ ક્યારેય નારાજ ન થતાં! તેઓ કહેતાં : 'છોડવાને ઝૂમવાની છૂટ. ઝાડવાંએ તો જગતને ટાઢો વાયરો આપવો જ પડે! નહિ તો એમને ઝાડ કોણ માને? દીકરી, તારે દુઃખી નહિ થવાનું!'

મેં મમ્મી અને પપ્પાને ક્યારેય લાંબીલચ વાતો કરતાં જોયાં નથી! પણ એમની લાગણી નીતરતી આંખોમાં સ્નેહના સાતેય સમંદર જાણે કે છુપાયા હોય એવું ઊંડાણ અને ગાંભીર્ય અવશ્ય જોયું છે! એમને અમારી જેમ ભલે શબ્દોમાં પ્રેમ વ્યક્ત કરવાનું મુનાસિબ ન લાગતું હોય, પ્રેમ જીવવામાં એમણે ક્યારેય પાછી પાની કરી નથી!

પપ્પાજીને એકલા મૂકીને ક્યારેય ક્યાંય એકાદ રાત માટેય નહિ રોકાનારાં મમ્મીને અજિતાના લગ્નપ્રસંગે બહારગામ જવાનું થયું. તેમનું મન નહોતું માનતું, પણ પપ્પાજીથી ચલાતું નહોતું એટલે અંતે એમણે એકલા જ જવું પડ્યું! દસેક દિવસ મમ્મીએ રોકાવાનું હતું, પણ પોતાની ગેરહાજરીમાં પપ્પાજીની કાળજી માટેનું તેમનું આયોજન કેવું અદ્ભુત! દસ દિવસની દવા, દસ જોડી કપડાં, તાવ-ઉધરસ, માથાના દુખાવા વગેરેની સામાન્ય ટીકડીઓ, મફલર, સ્વેટર, પુસ્તક, સામયિકો, નાસ્તાનાં નાનાં-મોટાં પેકેટ્સ, પપ્પાજીના શયનકક્ષમાં એમને ખપ લાગતી ચીજવસ્તુઓ હાજર! તેઓ પપ્પાજીને ક્ષણ માટેય લાચાર જોવા તૈયાર નહોતાં! બાથરૂમમાં પાંચ ટુવાલ, દસ નેપકિન પણ હાજર!

મમ્મીજીના ગયા બાદ પપ્પાજીની દુનિયા સાવ બદલાઈ ગઈ હતી! એક ઘેરી ઉદાસી તેમને ઘેરી વળી હતી! એમણે નથી મારી પાસે ક્યારેય વહેલા ઊઠીને ચા માંગી કે નથી ક્યારેય સવાર-સાંજના ભોજનમાં રૂચિ દેખાડી. ઘરમાં જાણે કે તેમની હાજરી જ ન હોય એવું નિષ્પ્રાણ વાતાવરણ સર્જાઈ ગયું હતું! પવિધરને હું વારંવાર કહેતી કે પપ્પાજી એકલા છે, તું એમને કંપની આપ. પણ પવિધર વારંવાર એક જ વાત કહેતો : 'પપ્પાજી એકાંતપ્રિય છે... તેઓ 'ડલ' છે... મમ્મીને તેમની જોડે કેમ ફાવે છે, એ જ સવાલ છે!'

આઠ દિવસ જોતજોતામાં વીતી ગયા. મમ્મીનો પત્ર આવ્યો હતો. તેઓ રવિવારે સાંજની ગાડીમાં આવવાનાં હતાં, એટલે જરૂરી ચીજવસ્તુઓની ખરીદી કરવા માટે શનિવારે ઓફિસના નોકરને બોલાવ્યો હતો.

ખરીદી કરીને હું બે કલાકે પાછી વળી, ત્યારે બારણે તાળું લટકતું જોઈ હું ચિંતિત થઈ ગઈ! ક્યાં ગયા હશે પપ્પાજી? પડી ગયા હશે? એમને દવાખાને ખસેડવામાં આવ્યા હશે? એમને પડવાને કારણે નાની મોટી ઈજા થઈ હશે તો હું મારાં સાસુને મોં કેવી રીતે દેખાડીશ? મન દુઃખી દુઃખી

*પરિશ્રમ આપણને ત્રણ આફતોથી ઉગારે છે : કંટાળો, કુટેવ અને જરૂરિયાત.*

થઈ ગયું!

હું હાંફળી-ફાંફળી પડોશનાં રત્ના આન્ટીને ઘેર ગઈ! આન્ટીને પણ પપ્પાજી વિષે કશી ખબર નહોતી!

હું તેમને લઈને નીચે આવી. બારણું ખોલીને ટેબલ પર પપ્પાજીએ કશી ચિઠ્ઠી લખી છે કે નહિ તેની તપાસ કરવા લાગી! એટલામાં પડોશના ટીનુએ કહ્યું કે 'દાદાજીને મેં ટેક્સીમાં બેસીને બહાર જતા જોયા હતા.'

ટીનુએ આપેલા સમાચારથી ચિંતામાં વધારો થયો... ડોક્ટરે હજી પપ્પાજીને હરવા ફરવાની છૂટ નહોતી આપી! એકલા એકલા તેઓ ક્યાં ગયા હશે?

એટલામાં એક ટેક્સીએ અમારા બંગલાના કમ્પાઉન્ડમાં પ્રવેશ કર્યો! પપ્પાજી આવી ગયા, એમ માની હું દોડીને કમ્પાઉન્ડમાં ગઈ! ટેક્સીનું બારણું ખૂલ્યું. મારાં સાસુમા મરક મરક હસતાં નીચે ઊતર્યાં. અને એમના ખભાનો ટેકો લઈને પપ્પાજી પણ નીચે પગ ટેકવી રહ્યા હતા! મેં દોડીને પપ્પાજીને ટેકો આપ્યો, પણ તેમણે કહ્યું, 'તું સામાન અંદર મૂકવા લાગ, દીકરી. હવે ચિંતા નથી! તારાં મમ્મી આવી ગયાં છે.'

હું સ્વગત બોલી, 'હા, પપ્પાજી હા, મમ્મીથી મોટો ટેકો તમારા માટે બની પણ કોણ શકે?'

પણ બીજી જ ક્ષણે મને યાદ આવ્યું, 'અરે, મમ્મી તો કાલે રવિવારે આવવાનાં હતાં! આજે કેવી રીતે આવ્યાં? પપ્પાજી એમને સ્ટેશને લેવા કેવી રીતે ગયા?'

પરંતુ મેં કશું જ પૂછ્યું નહિ. પપ્પાજીને આરામથી સુવાડવા માટે અમે એમને એમના શયનકક્ષમાં લઈ ગયાં.

કાલ સુધી ઉદાસીનાં વાદળો વચ્ચે અટવાયેલા પપ્પાજીનો કરમાયેલો ચહેરો આજે ખીલી ઊઠ્યો હતો! માંદગીનો થાક અને કંટાળાનું તેમના ચહેરા પર નામનિશાન નહોતું.

મમ્મી-પપ્પાને સરસ મઝાની ચા પીવડાવી હું કામમાં પરોવાઈ!

પવિધર ક્યારે આવ્યો તેની મને ખબર જ ન પડી.

પણ એણે આવીને મારી આંખો દાબી દીધી! એના સ્પર્શમાં આજે મને કોઈક નવી જ ઉષ્મા અને લાગણીની અનુભૂતિ થઈ. પવિધરે કહ્યું, 'પાલવ, મારે મન પણ એ વાતનું આશ્ચર્ય હતું કે મમ્મી આજે કેવી રીતે આવી અને પપ્પા એને સ્ટેશને લેવા કેવી રીતે ગયા?'

હું મમ્મીને મળવા પપ્પાના ઓરડામાં પ્રવેશવાની તૈયારીમાં જ હતો, ત્યાં મમ્મી-પપ્પાની વાતચીતના શબ્દો મારા કાને પડ્યા! પપ્પા મમ્મીને લાગણી નીતરતા શબ્દોમાં કહી રહ્યા હતા, 'તારો તાર મળ્યો ત્યારે ગાડી આવવાને એક જ કલાકની વાર હતી... મેં તરત જ ટેક્સી મંગાવી. ઊભું થવાનું મારે માટે મુશ્કેલ હતું, પણ હિંમતપૂર્વક ઊભો થયો! આજના પવિત્ર દિવસે તો મારે તને લેવા માટે દોડી આવવું જોઈએ ને!'

'અને હું પણ એટલે જ રવિવારને બદલે આજે શનિવારે આવી પહોંચી! લગ્ન પછી આપણી લગ્નતિથિએ હું ક્યારેય તમારાથી અલગ રહી નથી!' પછી એ નિયમ જતી જિંદગીએ શું કામ તોડું ?..... વગર રિઝર્વેશને હું ગાડીમાં બેસી ગઈ! મમ્મી કહી રહી હતી.

પવિધરે વાત કરતાં કરતાં કહ્યું, 'પાલવ, મમ્મી-પપ્પાની વાત સાંભળી હું હચમચી ઊઠ્યો છું. તેઓ કેવાં મહાન છે અને આપણે કેટલાં વામણાં! આપણા પ્રેમનું સરનામું હોઠે છે અને એમના પ્રેમનું સરનામું હૈયે!... પલુ, ચાલ એ પવિત્ર યુગલના મંગલમય જીવનની ધન્ય તિથિએ એમને વંદન કરી પાવન થઈએ!'

...અને તે દિવસથી મને મારો પવિધર એક નવા જ સ્વરૂપે પ્રાપ્ત થયો. ■

## જીવન : તાસની બાજી

આમ જોવા જાવ તો જીવન તાસની બાજીની એક રમત જેવું જ છે. ફરક એટલો છે કે ન તો આપણે એ પત્તાં બનાવ્યા છે, ન તો રમતના નિયમો બનાવ્યા છે, કે ન તો એ પત્તા વહેંચવા પર આપણી પહોંચ છે. ઉપર બેઠેલા વિધાતા જે રીતે આપણને પત્તાઓ વહેંચે એ રીતે આપણે રમવાનું હોય છે. તાસની બાજીમાં પત્તા હાથમાં આવે છે અને જીવનની બાજીમાં હસ્ત રેખાઓમાં. અહીં પણ કોઈની હસ્તરેખામાં હલકાં પત્તા આવે છે, તો કોઈની હસ્ત રેખાઓમાં ભારે પત્તા. પણ બસ એટલું જ. પછી વિધાતાની, નસીબની, પ્રારબ્ધની બધાની પહોંચથી દૂર થઈ જાય છે.

એ માત્ર પત્તા જ સારા કે ખરાબ આપી શકે છે. પછી બાજી કેવી રમવી એનો આધાર આપણા પર છે. ઘણીવાર સારા પત્તાઓ મેળવ્યા હોય એ માણસ પણ અહીં હારી જાય છે અને હલકા પત્તા મળ્યા હોય, એ જીતી જાય છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે જીવનમાં જો નાની મોટી મુશ્કેલી હોય તો નસીબનાં દોષ કાઢીને બેસી ન રહેશો. કારણકે ઉપરવાળાએ તો પત્તા વહેંચી દીધા છે. જીવનની બાજી ખેલવી આપણા હાથમાં છે. જે સારી રીતે ખેલી જાણશે, એ જરૂર જીતશે અને જીવનને આનંદમય બનાવી શકશે. કોઈ નસીબ કે પ્રારબ્ધ એનું કાંઈ જ નહીં બગાડી શકે. ■

*આ દુનિયામાં પ્રેમથી મહાન બીજો કોઈ ચમત્કાર નથી. લોખંડના ટુકડામાંથી સોનું બની જાય એ ચમત્કાર છે પણ લોખંડ જેવું કઠોર હૈયું પ્રેમને લીધે મલમલ જેવું મુલાયમ બની જાય, એ એના કરતાં મહાન ચમત્કાર છે.*

Gala Agencies
EXCLUSIVE SAREES
Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)
EXCLUSIVE FANCY KOTA
EXCLUSIVELY
(RETAIL ONLY ON SATURDAY)
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

ઇતિહાસ

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો ઇતિહાસ

## પ્રકરણ-૩૧

● સંકલન : પ્રતાપ નારાણજી દંડ ●

★ તા. ૨૫-૫-૨૦૦૮ના રોજ અમદાવાદ - ગાંધીનગર સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોની એક મીટિંગનું આયોજન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે થયું.

★ અષાઢી બીજ નિમિત્તે 'મંગલ મંદિર' જુલાઈ-૨૦૦૮નો અંક 'અમદાવાદ - ગાંધીનગર વિશેષાંક' તા. ૪-૭-૨૦૦૮ના રોજ એક ભવ્ય કાર્યક્રમ દરમ્યાન વિમોચન કરવામાં આવ્યું.

★ આ અવસરે 'મંગલ મંદિર'ના આરંભથી કાર્યક્રમના સુધીના તમામ અંકોનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું.

★ 'ગુજરાતી પર્યાય કોશ' પુસ્તક તૈયાર કરવા માટે શ્રી સૂરજલાલભાઈ મહેતાનું કાર્યક્રમ દરમ્યાન બહુમાન કરવામાં આવ્યું હતું.

'મંગલ મંદિર'ના જુલાઈ-૨૦૦૮ના અંકને અષાઢી બીજ તથા અમદાવાદ - ગાંધીનગર વિશેષાંક તરીકે પ્રસિધ્ધ કરવાનું નક્કી કરવામાં આવ્યું. જેમાં અમદાવાદ - ગાંધીનગર સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજો, સંસ્થાઓ, ઉદ્યોગ ગૃહો, વ્યાપાર ગૃહો, ડેવલોપરો, બિલ્ડરો, કોન્ટ્રાક્ટરો, વર્તમાનપત્રો, મુખપત્રો, સામયિકો તથા ઉપરોક્ત વિસ્તારમાં પ્રવૃત્ત વિવિધ કચ્છી પ્રોફેશનલ્સ જેવા કે ડૉક્ટર્સ, વકીલો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, વિવિધ પ્રકારનાં કન્સલ્ટન્ટસ, આર્કિટેક્ટસ, એન્જિનિયર્સ વગેરેની વિગતો, કચ્છી કર્મચારીઓ તથા અધિકારીઓ, હોસ્ટેલ્સ કે પેઈંગ ગેસ્ટ તરીકે રહેતા વિવિધ કચ્છી વિદ્યાર્થીઓ / વિદ્યાર્થિનીઓની વિગતો એકઠી કરી છાપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તે બદલ અલગ અલગ વિભાગનાં ફોર્મ્સ છપાવીને લાગતા વળગતા સમાજો તથા સંસ્થાઓને મોકલી આપવામાં આવ્યા હતા. આ વિશેષાંકમાં અમદાવાદ - ગાંધીનગર સંબંધિત વિવિધ લેખો પણ પ્રસારિત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેના અંતર્ગત જે તે વિષયોનાં નામાંકિત લેખકોને તેઓનાં લેખો લખી મંગલ મંદિર કાર્યાલય ઉપર વહેલાસર મોકલી આપવા માટે વિનંતી કરવામાં આવી હતી.

ઉપરોક્ત અંકના અનુસંધાને શ્રી કચ્છી જૈન સેવા સમાજનાં હોદ્દેદારો તથા મંગલ મંદિર વ્યવસ્થાપક ટીમનાં સભ્યોએ અમદાવાદના લગભગ બધા જ ઘટક સમાજનાં હોદ્દેદારોની રૂબરૂ મુલાકાત લીધેલ હતી અને અષાઢી બીજ અંકમાં પ્રસારિત કરવામાં આવનાર વિગતોની ચર્ચા કરેલ હતી. બધા જ સમાજોનાં અગ્રણીઓએ આ અંક બદલ જે કંઈ પણ સહયોગની જરૂરત પડશે તેવા પ્રકારનો તમામ સહયોગ આપવા ખાતરી આપી.

સમાજ ઘટકનાં મુખપત્રો 'કચ્છશ્રુતિ', 'લોહાણા પ્રકાશ' તથા 'જ્ઞાતિસેતુ'એ આ અંક અંગે સમજ આપતી જાહેરાત વિના મૂલ્યે પ્રસારિત કરી હતી.

તે દરમ્યાન રવિવાર, તા. ૨૫-૫-૨૦૦૮નાં રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર અમદાવાદ ગાંધીનગર સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજોનાં હોદ્દેદારો તથા સભ્યોની એક મીટિંગનું આયોજન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળે અમદાવાદ ગાંધીનગર સ્થિત વિવિધ કચ્છી કુટુંબો વચ્ચે ભાતૃભાવના કેળવાય અને સહકારની ભાવના કેળવાય એ હેતુથી સમાજનાં શ્રી કચ્છી જૈન ભવન ખાતે ચાલતા મેડિકલ સેન્ટરના ચાર્જીસમાં વ્યક્તિદીઠ વાર્ષિક રૂા. ૧૦૦૦/-ની મર્યાદામાં રહીને ૨૫% કન્સેશન આપવાનું નક્કી કરેલ હતું. આ નિર્ણયના અમલીકરણ કરવાના અનુસંધાને આ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

મીટિંગની શરૂઆત થતા અગાઉ ઉપસ્થિત વિવિધ કચ્છી આગેવાનોને મેડિકલ સેન્ટર અને તેના વિવિધ વિભાગો બતાવવામાં આવેલ હતા. અને અહીં ચાલતા પરીક્ષણોની માહિતી આપવામાં આવેલ હતી. ત્યારબાદ યોજેલ મીટિંગમાં સંસ્થાનાં ઉપપ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ સહુને આવકારી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ દ્વારા લેવાયેલ નિર્ણયની વિગતવાર માહિતી આપેલ હતી. અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી કુટુંબોને અહીં ચાલતા મેડિકલ સેન્ટરનો લાભ લેવા અનુરોધ કરેલ હતો તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી શ્રી કચ્છી જૈન ભવન સ્થિત મેડિકલ સેન્ટરમાં સારવાર લે તો કોઈપણ કચ્છી સમાજનાં ઘટક સમાજોનાં સભ્યોને ૨૫% કન્સેશન વ્યક્તિદીઠ રૂા. ૧,૦૦૦/-ની મર્યાદામાં રહીને આપવાની જાહેરાત કરી હતી. આ જાહેરાતના અનુસંધાને તેનાં અમલીકરણ અંગેના સૂચનો ઉપસ્થિત વિવિધ ઘટક સમાજોનાં આગેવાનો પાસેથી જાણવા માંગેલ હતા.

*પરિશ્રમ કરવો તે પ્રાર્થના છે.*

સોમપુરા સમાજના શ્રી ધીરજભાઈ સોમપુરા, શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિનાં શ્રી અતુલભાઈ સોની, શ્રી લોહાણા સમાજની કારોબારી સમિતિનાં સભ્ય શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી કચ્છી હાલાઈ ભાટિયા સમાજનાં ઑડિટર શ્રી વિરેન પમાણી અને શ્રી કચ્છી હાલાઈ સમાજનાં પ્રમુખશ્રી માનસિંહભાઈ વેદ વગેરે સૌ આગેવાનોએ પોતાનાં મંતવ્યો તથા સૂચનો કરેલ હતા. વિગતવાર ચર્ચાને અંતે સભાનાં પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાએ જણાવેલ કે ઉપસ્થિત મહાનુભાવો તરફથી ખૂબ જ ઉપયોગી માર્ગદર્શન મળેલ છે અને અનુકૂળતા મુજબ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મેડિકલ સેન્ટર સમિતિ આ અંગે જરૂરી નિર્ણય લઈ, દરેક સમાજોને વિગતવાર માહિતી મોકલી આપીશું.

બીજા તબક્કાની ચર્ચામાં મંગલ મંદિરના આગામી અષાઢી બીજ વિશેષાંક અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ ચર્ચાની શરૂઆત કરતાં શ્રી અશોકભાઈ મહેતાએ જણાવેલ હતું કે દરેક ઘટક સમાજો પોતાના શુભ સંદેશા તથા વિશેષાંકમાં છાપવામાં આવનાર માહિતી અંગેના ફોર્મ ભરાવીને શક્ય તેટલા વહેલા મોકલાવી આપે. જેથી વિશેષાંકનું કાર્ય ઝડપથી આગળ વધારી શકાય. આ સભામાં ઉપરોક્ત ઘટક સમાજો ઉપરાંત શ્રી કચ્છી પાટીદાર સમાજનાં વિવિધ ઘટકોના આગેવાનો, શ્રી કચ્છી મેમણ સમાજ તથા શ્રી કચ્છી નાગર મંડળના આગેવાનો ઉપસ્થિત રહેલ હતા. મીટિંગનાં અંતે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે ઉપસ્થિત રહેલ સહુનો આ કાર્યવાહીમાં સહકાર આપવા બદલ આભાર માનેલ હતો અને સભા બરખાસ્ત જાહેર કરેલ હતી. ત્યારબાદ સમૂહ ભોજન લઈ સહુ છૂટા પડેલ હતા.

અષાઢી બીજ એટલે કચ્છી નવું વરસ. જેને કચ્છી લોકો ધામધૂમપૂર્વક ઉજવતા હોય છે. આવા શુભ પ્રસંગને અવસરે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા છેલ્લા ૩૩ વર્ષથી નિયમિત પ્રસિધ્ધ થતાં મુખપત્ર 'મંગલ મંદિર' જુલાઈ-૨૦૦૮ અષાઢી બીજ વિશેષાંકને અમદાવાદ - ગાંધીનગર વિશેષાંક તરીકે બહાર પાડવામાં આવ્યું હતું. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં શ્રી કચ્છી જૈન ભવનનાં સાંસ્કૃતિક હોલમાં તા. ૪-૭-૨૦૦૮ના રોજ આયોજિત એક વિશેષ સમારંભમાં નવનીત પબ્લિકેશન્સવાળા અને જાણીતા દાતા શ્રી શાંતિલાલ રામજી ગાલાના વરદ્ હસ્તે આ વિશેષાંકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ સમારંભના પ્રમુખ સ્થાને જાણીતા ઉદ્યોગપતિ શ્રી હરીશભાઈ રંગવાલા બિરાજમાન હતા.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પ્રમુખ ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, ઉપપ્રમુખ અને મંગલ મંદિરના મુખ્યતંત્રી શ્રી અશોકભાઈ મહેતા, બીજા ઉપપ્રમુખ શ્રી કાંતિભાઈ સાવલા, માનદ્ મંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડ, મંગલ મંદિર તંત્રી મંડળના સભ્ય શ્રી મનુભાઈ શાહ અને સૂરજલાલભાઈ મહેતા તેમજ અતિથિ વિશેષ તરીકે શ્રી કચ્છી સમાજ - અમદાવાદનાં ઉપપ્રમુખ શ્રી ધીરજભાઈ સોમપુરા, શ્રી કચ્છી લેવા પટેલ સમાજનાં ઉપપ્રમુખ શ્રી મેઘજીભાઈ ખેતાણી, શ્રી કચ્છી ભાનુશાલી સમાજનાં ભૂતપૂર્વ પ્રમુખ શ્રી રવજીભાઈ ભાનુશાલી, શ્રી કચ્છી મેમણ ઘટકના શ્રી ભોલાભાઈ ગોલીબાર અને શ્રી કચ્છી વડનગર મંડળનાં પ્રમુખ શ્રી અશોકભાઈ ધોળકિયા, વિશેષાંકના વિમોચનકાર અને સમારંભનાં પ્રમુખશ્રી સાથે સ્ટેજ ઉપર બિરાજમાન હતા. આ સર્વે અતિથિ વિશેષશ્રીઓનું સમાજનાં વિવિધ ટ્રસ્ટીઓ દ્વારા પુષ્પગુચ્છથી બહુમાન કરવામાં આવ્યું હતું.

સમાજનાં ઉપપ્રમુખ તથા મંગલ મંદિરના મુખ્યતંત્રી શ્રી અશોકભાઈ મહેતાએ જુલાઈ-૨૦૦૮નાં અષાઢી બીજનાં અવસરે મંગલ મંદિરનો અંક 'અમદાવાદ ગાંધીનગર વિશેષાંક' તરીકે શા માટે બહાર પાડવામાં આવ્યો હતો તેની અગત્યતા જણાવતાં કહ્યું કે આજે અમદાવાદ અને તેની આજુબાજુના વિસ્તારમાં વિવિધ કચ્છી સભ્યોની માલિકીવાળા અથવા જેની સાથે તેઓ સંકળાયેલા હોય તેવી શૈક્ષણિક, ઉત્પાદન ક્ષેત્રના અથવા તેવા લોકોની સાહસિકતાવાળા યુનિટો કે સંસ્થાઓની જાણકારી આપવા માટેનો છે. જેથી આપણા લોકો તેનો લાભ લઈ શકે. આ વિશેષાંક એક કાયમી સંભારણા તરીકે રહેશે. ઉપરોક્ત માહિતી આપ્યા બાદ શ્રી શાંતિલાલભાઈ ગાલાએ સ્ટેજ ઉપર ખાસ તૈયાર કરવામાં આવેલ સ્ટેન્ડનાં પડદાને ખેંચીને મંગલ મંદિર વિશેષાંકનું વિમોચન કરેલ હતું. જેને હાજર રહેલા સૌ મહેમાનોએ તાળીઓનાં ગડગડાટથી વધાવ્યું હતું.

વિમોચનકાર શ્રી શાંતિલાલભાઈ ગાલાએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે કોઈપણ ક્ષેત્રમાં પ્રગતિ સાધવી હોય તો ધીરે ધીરે આગળ વધતાં રહેવું જોઈએ અને માર્ગમાં આવતી તકલીફોને દૂર કરતા રહી પ્રગતિના શિખર તરફ પહોંચવું જોઈએ. સ્વાભાવિક રીતે તેઓનો નિર્દેશ 'મંગલ મંદિર'ની પ્રગતિ તરફ હતો.

ચકમ-ચંદન સાપ્તાહિકના તંત્રી શ્રી ભોલાભાઈ ગોલીબારે અષાઢી બીજ જેવા શુભ અવસરે મંગલ મંદિરના વિશેષાંકના વિમોચન પ્રસંગે સૌ કચ્છી ઘટક સમાજોનાં પરિવારજનોને એકત્ર કરવા બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને તેના મુખપત્ર મંગલ મંદિરની પ્રશંસા કરી હતી.

આ પ્રસંગે સમાજના પ્રથમ મુખપત્ર 'પ્રેરણા' (મંગલ મંદિર)નાં પ્રથમ તંત્રી શ્રી પ્રભુલાલભાઈ સંઘવી ગાંધીધામથી ખાસ ઉપસ્થિત

*મહેનત એ એવી સોનેરી ચાવી છે જે ભાગ્યનાં દ્વાર ઉઘાડી નાખે છે.*

રહ્યા હતા. તેઓએ તથા ત્યાર પછીનાં નોંધનીય લાંબાગાળાના તંત્રી શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયાએ 'મંગલ મંદિર'ની શરૂઆતથી અત્યાર સુધીની કાર્યવાહી અને જુદા જુદા વિભાગોની સમીક્ષા કરતું પ્રવચન કર્યું હતું. શ્રી સંઘવી બાદ મંગલ મંદિરનાં તંત્રીપદની જવાબદારી સંભાળનાર સ્વ. પ્રમીલા કુરુવાની સેવાઓને તે અવસરે ખાસ યાદ કરી તેની નોંધ લેવામાં આવી હતી.

પધારેલા સૌ અતિથિ વિશેષોએ પોતાના પ્રાસંગિક પ્રવચનોમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ અને તેની પ્રવૃત્તિઓ તેમજ મુખપત્ર મંગલ મંદિરની ખૂબ જ પ્રશંસા કરી હતી. વિશેષાંકમાં સમાવિષ્ટ સમગ્ર વિગતોની સર્વે આગેવાનોએ તારીફ કરતાં જણાવ્યું હતું કે સમગ્ર કચ્છી સમાજનાં પરિવારજનોને સતત જાગૃત રાખવા અને એક તાંતણે બાંધવા આ પ્રકારની વિગતો મદદકર્તા બની રહે છે. પ્રસંગોપાત વિશેષાંકો પ્રસિધ્ધ થતા રહે તેવી શુભેચ્છા તેઓશ્રીએ વ્યક્ત કરી હતી.

મંગલ મંદિરના સહતંત્રી શ્રી સૂરજલાલભાઈ મહેતાએ અનેક વર્ષોની મહેનત બાદ ગુજરાતી પર્યાય કોશનું પુસ્તક તૈયાર કરતાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ બહુમાન, સમારંભ પ્રમુખ શ્રી હરીશભાઈ રંગવાલા અને જાણીતા લેખક શ્રી વિનેશ અંતાણી અને તેમના ધર્મપત્ની શ્રીમતી પુષ્પાબેન અંતાણી દ્વારા તેઓશ્રીને શાલ ઓઢાડીને કરવામાં આવ્યું હતું.

આ પર્યાર કોશની રૂપરેખા અને તેના ઉપયોગ સંબંધી માહિતી સમાજના પ્રમુખ ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ બહુમાન અગાઉ રજૂ કરી હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનાં માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે સંસ્થાની પ્રવૃત્તિ અને જુદી જુદી યોજનાઓ વિશે વિગતવાર માહિતી આપી હતી.

સમારંભ પ્રમુખ શ્રી હરીશભાઈ રંગવાલાએ પ્રમુખકીય પ્રવચન કચ્છીમાં આપેલ હતું અને તેઓશ્રીએ અત્યાર સુધીની શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કાર્યવાહી તથા મંગલ મંદિરની કાર્યવાહીને ખૂબ જ લાગણીસભર ભાષામાં બિરદાવી હતી.

સમારંભને અંતે આભારવિધિ સમાજનાં માનદ્ મંત્રી શ્રી પ્રતાપભાઈ દંડે કરેલ હતી. સમારંભની ઉદ્‌ઘોષણાની જવાબદારી શ્રીમતી અલ્પાબેન શાહે સંભાળેલ હતી જ્યારે સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા 'સંકલ્પ'ના હોદ્દેદારો તથા કાર્યકર્તાઓએ સંસ્થાનાં સ્ટાફની સાથે રહી સુચારૂ રૂપે સંભાળેલ હતી. આ પ્રસંગે મુખપત્ર મંગલ મંદિરના આરંભથી અત્યાર સુધીની પ્રગતિ દર્શાવતા અંકોનું એક પ્રદર્શન પણ સમારંભના હોલમાં ગોઠવવામાં આવ્યું હતું. સમારંભમાં ઉપસ્થિત કચ્છી સમાજનાં સર્વે પરિવારજનોએ મંગલ મંદિરે તબક્કાવાર સાધેલી પ્રગતિ જોઈને તે માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યકર્તાઓ તથા મંગલ મંદિરનાં કાર્યકર્તાઓની પ્રશંસા કરેલ હતી.

અંતમાં અષાઢી બીજના પ્રસંગને અનુરૂપ પ્રીતિભોજન ગ્રહણ કરી સૌ છૂટા પડેલ હતા.

*(ક્રમશઃ)*

**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa Electronics**
An ISO 9001-2000 COMPANY
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
**Phone : 02646-226257 Fax : +91-2646-252759**
**Mobile : 9824101111, 9824762141**
**E-mail : viketa53@rediffmail.com**

**Dalal**
**S. Nitinkumar & Co.**
CANVASSING AGENT
115/1-B, Sindhi Commercial Market,
Kalupur, Chokha Bazar, Ahmedabad-380 002.
**Ph. : (O) 22120051, 22124474, 22123210**
**(R) 22867064, 22865433**
**M. : 93761 14024 (Nitinbhai),**
**93772 09530 (Dhami)**

★

• *Sister Concern* •

**SUCHIT TRADING CO.**
Gali L, No.-12, A.P.M.C. Market No.-2,
Phase-II, Sector-19, Vashi,
New Mumbai-400 703.
Ph. : (022) 27651033, 27651037, 32997068
M. : 93200 89056 (Suchitbhai)

તંદુરસ્તી

### હવે 'મીનીઝ'ની ફેશન છે

# મિનિમલી ઈન્વેઝીવ કાર્ડિયાક સર્જરી (એમ.આઈ.સી.એસ.)

● ડૉ. ધીરેન શાહ, MB, MS, MCH (CVTS) ●
કાર્ડિયોથેરાસીક અને વાસ્ક્યુલર સર્જન

આખું વિશ્વ આજે વિરાટ (Macro) થી સૂક્ષ્મ (Micro) તરફ જઈ રહ્યું છે ત્યારે કાર્ડિયાક સર્જરીનું પણ કંઈક એવું જ છે. હૃદય સર્જરી પણ મેક્સીમલી ઈન્વેઝીવ (લાંબી વાઢકાપવાળી) માંથી મિનિમલી ઈન્વેઝીવ સર્જરીમાં પરિવર્તિત થઈ ગઈ છે.


કાર્ડિયાક સર્જરીનો ઈતિહાસ ફક્ત એક શતાબ્દી જેટલો જૂનો છે :

✦ પ્રથમ સફળ હાર્ટ ઑપરેશન : રેહન ૧૮૯૬. પ્રથમ વખત હૃદયની શસ્ત્રક્રિયા કરી.
✦ સૌ પ્રથમ પી.ડી.એ. ક્લોઝર ૧૯૩૮માં ગ્રોસે કર્યું.
✦ સૌ પ્રથમ એ.એસ.ડી. ક્લોઝર ૧૯૪૮માં રોસે કર્યું.
✦ હાર્ટ લંગ મશીનનો સૌ પ્રથમવાર ઉપયોગ ૧૯૫૩માં કરવામાં આવ્યો.
✦ સૌ પ્રથમ સફળ સી.એ.બી.જી. ૧૯૬૩માં સંપન્ન થઈ.
✦ સૌ પ્રથમ રોબોટિક સર્જરી ૧૯૯૮માં કોર્પેન્ટિયરે કરી.

હૃદયનો લુબ-ડુબ ધબકાર સંવેદનશીલ, સૂચક, સ્વાયત્ત અને નિયમિત હોય છે. કાર્ડિયાક સર્જરી (હૃદયની શસ્ત્રક્રિયા) ઘણી જ જટીલ પ્રક્રિયા છે. કાર્ડિયાક સર્જરી દરમ્યાન ખૂબ ઝીણવટ અને ચોક્સાઈ રાખવી આવશ્યક છે. તેથી જ આજ સુધીમાં લેપ્રોસ્કોપીક સર્જરી જેટલી વ્યાપક રીતે વિકસી તેટલી એન્ડોસ્કોપિક કે થોરેકોસ્કોપિક કાર્ડિયાક સર્જરી વિકસી નથી. કાર્ડિયાક સર્જરી એ ક્ષતિરહિત શસ્ત્રક્રિયા છે. તાજેતરમાં છેલ્લા પાંચેક વર્ષોથી મિનિમલી ઈન્વેઝીવ કાર્ડિયાક સર્જરીએ આશાસ્પદ પરિણામો આપ્યા બાદ આ સર્જરી લોકપ્રિય થઈ છે. જો કે મિનિમલી ઈન્વેઝીવ કાર્ડિયાક સર્જરી (એમ.આઈ.સી.એસ. - મિક્સ) શીખવામાં વધારે સમય લાગતો હોવાને કારણે આ સર્જરી ટેકનીકલી ભારે કુશળતા માંગી લે તેવી હોવાને કારણે હજી દુનિયાભરમાં ફેલાઈ નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં 'મિક્સ'નો વ્યાપ ભારતમાં વધ્યો છે અને હવે કાર્ડિયાક સર્જરીના ક્ષેત્રે તે અભિન્ન અંગ બની ગઈ છે.

## ● પરંપરાગત પધ્ધતિ :

સ્ટાન્ડર્ડ મિડલાઈન સ્ટર્નોટોમી ઈન્સીઝન જેમાં છાતીના ભાગે લાંબો ચીરો પાડવામાં આવે છે. જે આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે આઠથી બાર ઈંચ લાંબો હોય છે.




મિડલાઈન સ્ટર્નોટોમી પધ્ધતિ દ્વારા હૃદયની શસ્ત્રક્રિયા.

## ● આ પધ્ધતિના ફાયદા :

૧. હૃદય આપણા હાથમાં હોય છે. એટલે પરિસ્થિતિ નિયંત્રણમાં રહે છે.
૨. પ્રમાણમાં મુશ્કેલ અને જોખમી ગણાય તેવી પ્રક્રિયાઓથી સર્જરી સફળ કરી શકાય છે.
૩. સર્જરી દરમ્યાન આવતી તમામ પ્રકારની અડચણો અને આકસ્મિક મુશ્કેલીઓને પહોંચી વળાય છે.
૪. સર્જરી કરી રહેલા તબીબો (સર્જન)ને હળવાશ રહે છે.

## ● આ પધ્ધતિના ગેરફાયદા :

૧. પાંસળીના ફ્રેક્ચરને લીધે થતો દુઃખાવો અને વર્ટીબ્રો કોસ્ટલ જોઈન્ટ્સ (સાંધા) પર પડતા ભારને લીધે થતો પીઠનો દુઃખાવો.
૨. ઘાવ રુઝાવા દરમ્યાન ઘણી તકલીફો થાય છે.
૩. છાતીમાં આગળનો હિસ્સો ખોલી નાખવો પડે છે. જેનાથી સર્જાતા હાડકાના ફ્રેક્ચરને ઠીક થતાં ત્રણેક મહિનાનો સમય લાગે છે. જે દરમ્યાન સંપૂર્ણ આરામ કરવો જરૂરી છે. સાથોસાથ કોઈપણ ઑપન હાર્ટ સર્જરી પછી દર્દીને સૂચવવામાં આવતી તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહે છે.

*સાચો પ્રયાસ કદી નિષ્ફળ જતો નથી.*

૪. સાજા થવામાં વધારે સમય લાગે છે અને સતત આરામ કરતા રહેવું પડે છે. જેથી આઈ.સી.યુ. અને હોસ્પિટલમાં વધુ સમય રહેવું પડે છે.

૫. શારીરિક સૌંદર્યને હાનિ પહોંચે છે. (મુખ્યત્વે યુવાન મહિલા દર્દીઓ માટે)

- **મિનિમલી ઈન્વેઝીવ કાર્ડિયાક સર્જરી (MICS) પધ્ધતિથી સર્જરી કરવાના ઉદ્દેશ :**

✦ હૃદયની શસ્ત્રક્રિયાને કારણે દર્દીએ નિષ્ક્રિય રહેવો પડતો સમય ઘટે છે.

✦ પરંપરાગત પધ્ધતિઓની મર્યાદાઓ નડતી નથી.

- **મિનિમલી ઈન્વેઝીવ કાર્ડિયાક સર્જરી (મિક્સ) માટેની પધ્ધતિ :**

મિનિમલી ઈન્વેઝીવ કાર્ડિયાક સર્જરી એક એવી કાર્ડિયાક સર્જરી (હૃદયની શસ્ત્રક્રિયા) છે કે જેમાં – છાતી પર હાડકામાં મોટો કાપો પાડવામાં આવતો નથી (જેનસ્ટર્નોટોમી કહેવાય છે) પરંતુ પાંસળીઓને એકબીજાથી છૂટી પાડી સર્જરી કરવામાં આવે છે.

*એટલે કે :*

**૧. સર્જરીની અસર ઓછી કરવા માટે :**

(એ) સ્ટેર્નોટોમી (સ્ટર્નલ બૉન (હાડકા)ની મધ્યમાં પાડવામાં આવતો ચીરો) પધ્ધતિથી સર્જરી માટે ઉપયોગમાં ન લેવાનો છે. સર્જરી ન કરાવવી એ એક રસ્તો છે. સ્ટર્નોટોમી પ્રકારે સર્જરી ન કરી હોય તો દર્દી ઝડપથી સાજો થઈ જાય છે અને દુઃખાવો ઓછો થાય છે. તેમજ ઘાવ પાકવાની શક્યતા બહુ રહેતી નથી. કેટલાક બાયપાસ અને વાલ્વની સર્જરીમાં સ્ટર્નોટોમી વિકલ્પ ઉપલબ્ધ છે. આ પ્રકારે સર્જરી કરવામાં છાતીનો આખો હિસ્સો ખોલવો પડતો નથી અને માંસપેશીઓને સ્વસ્થ થવામાં હાડકાં કરતાં ઓછો સમય લાગે છે. આમ દર્દી ઝડપથી સ્વસ્થ થઈ જાય છે. છાતીનું હાડકું અસંતુલિત (Unstable) થવાની શક્યતા પણ રહેતી નથી.

**૨. MICS (મિક્સ) પધ્ધતિ દ્વારા કરાતી સર્જરીઓ :**

✦ હૃદયમાં કાણું (ASD) માટેની સર્જરી.

✦ માઈટ્રલ વાલ્વ રીપેર અથવા વાલ્વ બદલવા માટેની સર્જરી છાતીની જમણી બાજુની પાંસળીઓ અલગ પાડીને (Rt Thoracotomy)

✦ એઓટીક (Aortic) વાલ્વ સર્જરી અથવા બે નળીઓમાં બ્લોકેજવાળા દર્દીઓની મેમરી આર્ટરી અને રેડિયલ આર્ટરીના ઉપયોગથી ચોથી અને પાંચમી પાંસળીને અલગ પાડી વચ્ચે જગ્યામાંથી કરાતી સર્જરી.

- **આ સર્જરી માટેના ફેરફારો :**

**૩. MICS (મિક્સ) પધ્ધતિ :**

એમ.આઈ.સી.એસ. ઑપન હાર્ટ પ્રોસીજરમાં કાર્ડિયોપલ્મોનરી બાયપાસ અન્ય માર્ગે કરવામાં આવે છે. પરંપરાગત પધ્ધતિમાં મહાધમની (Aorta)ને જમણી કર્ણક (Rt Atrium)માં કેન્યુલા નાખવામાં આવે છે. જ્યારે મિક્સ પધ્ધતિમાં ગળામાંથી એક કેન્યુલા (SVC) તથા થાપામાં નસ અને ધમની (Femoral Vein & Artery)માં એક એક કેન્યુલા નાખવામાં આવે છે.

**૪. MICS (મિક્સ) પધ્ધતિના ફાયદા :**

✦ નાના ચીરાને લીધે ઓછો દુઃખાવો, આઈ.સી.યુ. તથા હોસ્પિટલમાં રોકાણ ઓછું રહે છે.

✦ વધારે જોખમ સાથેના દર્દીઓ કે જેમના ફેફસાં નબળાં હોય, લકવો વગેરે.

✦ લકવાગ્રસ્ત દર્દીઓ ઝડપથી હલનચલન યોગ્ય બને છે.

✦ ઝડપી સાજા થવાને લીધે જલ્દી દૈનિક પ્રવૃત્તિઓ ચાલુ કરી શકે છે. જેથી રોજિંદા કારીગરો જેમકે ઈલેક્ટ્રિશિયન, સુથાર એક મહિનામાં કામ પર જઈ શકે છે.

✦ સ્ત્રી દર્દીઓ માટે ખાસ પ્રકારની ચીરો (Bikini Scar) કે જેમાં એક ચીરો સ્તનની નીચે અને બીજો થાપાના ભાગમાં જે લગભગ અદશ્ય હોય છે, યુવા દર્દીઓ પૂરા આત્મવિશ્વાસ સાથે, લઘુતાગ્રંથિથી પીડાયા વગર ફેશનેબલ વસ્ત્રો (Minis) પહેરી શકે છે.

**MICS (મિક્સ) પધ્ધતિની મર્યાદાઓ :**

✦ ખર્ચ, ખાસ શિક્ષણ અને શીખવામાં લાગતો સમય.

✦ જરૂરિયાત મુજબનો હૃદયનો હિસ્સો નજર સમક્ષ રહે છે.

✦ અનિયમિત ધબકારા અને રક્તસ્ત્રાવ જેવા કોમ્પ્લિકેશન્સ.

✦ કેટલીકવાર આ પ્રકારના કોમ્પ્લિકેશન્સને કાબૂમાં લેવા પરંપરાગત પધ્ધતિ (Sternotomy)થી સર્જરીમાં તબદીલ કરવી પડે છે.

✦ સાધનોનો ઉપયોગ કાર્યકુશળતા માંગી લે છે.

✦ કાર્યક્ષેત્ર ઘણું નાનું હોય છે અને હાથના પ્રમાણમાં સાધનોને ફેરવવામાં તકલીફ પડે છે.

✦ સર્જનને માટે માનસિક રીતે થકાવટભરી પધ્ધતિ છે.

DEEP JYOT
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

**૬. દર્દીની પસંદગી :**

✦ યુવાન દર્દીઓ.

✦ હાથપગની ધમનીઓ સામાન્ય હોવી.

✦ ઑપરેશન પૂર્વે દર્દીની કાળજીપૂર્વક તપાસ જેથી ઑપરેશન વખતના આશ્ચર્યો ટાળી શકાય.

✦ દર્દીની મરજી

આ માટે ખાસ સાધનો અને કેન્યુલાઓની જરૂર પડે છે અને ટ્રાન્સ ઈસોફેગલ ઈકોકાર્ડિયોગ્રાફી (ટી.ઈ.ઈ.) ઑપરેશન થિયેટરમાં હોવા જોઈએ તેમજ ખાસ તાલીમની તો જરૂર ખરી જ. બધા કેન્યુલા ઓપરેટીવ એરિયાની બહાર હોવાને લીધે સર્જરી દરમ્યાન ઓછી ઓપરેટીવ સ્પેસ જોઈએ છે. જેથી ચીરાની લંબાઈ ઓછી (૩-૪ ઈંચ) થાય છે અને આ માટે એક ખાસ લાંબા ઉપકરણનો ઉપયોગ કરવામાં આવે છે.

● **દર્દીની પસંદગી :**

✦ દરેક નિર્દિષ્ટ દર્દીઓને પહેલેથી જણાવી દેવામાં આવે છે.

✦ યુવા દર્દીઓ હોય તે વધુ સારું છે.

✦ નોર્મલ પેરીફેરલ વસ્ક્યુલર સિસ્ટમ.

✦ ઑપરેશન અગાઉ ટેબલ પર સ્થિતિ નિયંત્રણમાં રહે છે.

✦ દર્દીની માંગણી.

**૭. આમના માટે એમ.આઈ.સી.એસ. શક્ય નથી :**

✦ મલ્ટીપલ પેથોલોજી.

✦ પેરીફેરલ વસ્ક્યુલર ડિસીઝ.

✦ સંલગ્ન જન્મજાત ખામીઓ.

✦ સી.એ.બી.જી.ના કિસ્સામાં મલ્ટીવેસલ ડિસીઝ.

✦ ખૂબ જાડા દર્દી માટે થોરેકોટોમી મુશ્કેલ છે.

● **હાર્ટકેર ક્લિનિક અને સીમ્સ હોસ્પિટલ ખાતેનો અમારો અનુભવ :**

✦ પશ્ચિમ ભારત અને અમદાવાદમાં સંપૂર્ણ સુસજ્જ એમ.આઈ.સી.એસ. પ્રોગ્રામ શરૂ કરનાર પ્રથમ સત્તાવાર કેન્દ્ર.

✦ ડાયરેક્ટ આઈ જેવી / એસ.વી.સી. કેન્યુલેશનનો પ્રારંભ કરનાર પશ્ચિમ ભારતનું એકમાત્ર કેન્દ્ર.

✦ છેલ્લા એક વર્ષમાં એમ.વી.આર., એ.એસ.ડી. (વાલ્વ સર્જરી, હાર્ટમાં હોલ) અને સી.એ.બી.જી. (બાયપાસ)ના ૨૫થી વધારે કેસોનો સફળતાપૂર્વક ઉપચાર કર્યો છે.

✦ ઑપરેશનમાં મૂકાતા કાપાની લંબાઈ ઘણી ઓછી હોય છે – સરેરાશ ચાર ઈંચ.

✦ આઈ.સી.યુ.માં સામાન્ય રીતે ૨ દિવસ અને હોસ્પિટલમાં સામાન્ય રીતે ૫ દિવસ રહેવું પડે છે.

● **સંક્ષેપમાં :**

સર્જન તેમજ હાર્ટના ઑપરેશન માટેના દર્દીઓ માટે ઉપલબ્ધ નવીન પધ્ધતિઓ દુઃખાવો અને સાજા થવા માટેનો સમય ચોક્કસરૂપે ઘટાડી શકે છે. MICS (મિક્સ) પધ્ધતિ યુવા દર્દીઓની સુંદરતા જળવાઈ રહે અને ઝડપથી સ્વસ્થ થઈ શકે તે માટે હૃદયરોગના દર્દીઓ માટે ખરેખર આશીર્વાદરૂપ પધ્ધતિ છે. જૂની સર્જરી માટે નવા અભિગમો અને નવીન પધ્ધતિઓ આવનારા દિવસોમાં અનેક દર્દીઓ માટે ઉપયોગી નીવડશે. જો આ પ્રણાલી ચાલુ રહેશે તો આવનારા દિવસોમાં જૂના માટે નવી પધ્ધતિઓ અને સંશોધનો થતા રહેશે.

*સીમ્સ હોસ્પિટલ, શુકન મોલની સામે,*
*સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ*
*મો. ૯૮૨૫૫ ૭૫૯૩૩* ● *Email : dhiren.shah@cims.me*

## તું અને હું – આ દાસ્તાન સનાતન

**(અનુસંધાન : પાના નં.-૪૨ ઉપરથી ચાલુ)**

પાંચેક વર્ષ પહેલાં પુત્રી દક્ષાની હાજરીમાં તે સંભળાવેલ એક રમૂજી પ્રસંગ આજે હું તને જ યાદ કરાવું છું. ત્યારે મારી ઉંમર તો ૧૩ વર્ષ. અમારે છ એક મહિના વતનને ગામ તુંબડી રહેવાનું થયેલ. તપગચ્છના મુનિશ્રી મોહનવિજયજીનું ગામમાં ચાતુર્માસ હતું અને હું એમના શિષ્ય રામવિજયજી પાસે રોજ સવારમાં પિતાશ્રી સાથે પૂજા કર્યા પછી એક કલાક જૈન સૂત્રો ભણતો. રોજ પચીસ ગાથાઓ કંઠસ્થ કરતો. ચાતુર્માસ પૂર્ણ થયેથી એ મુનિશ્રી વિહારમાં પ્રથમ તારા ગામે (પિયરનું ગામ) ફરાદી આવ્યા. તમારે ઘેર ગોચરી (માધુકરી) માટે આવીને તારા બાને એમણે કહ્યું - 'તમારો જમાઈ માવજી તો અમારી પાસે દીક્ષા લેવાનો છે.' એ મુનિશ્રીએ તો એવી વાત મજાકમાં જ કરી હશે! પણ તારા બા (સૌના પુરી મા) એ શૌર્યપૂર્વક જવાબમાં કહ્યું - 'જમાઈ દીક્ષા લેશે તો દીક્ષા મહોત્સવમાં હું પાંચ હજાર કોરી ખર્ચીશ!'

આજે એ મજાકિયા પ્રસંગને કંઈક ગંભીરતાપૂર્વક કદાચ સમજ્યો છું. લગ્ન એક અર્થમાં તો દીક્ષાવિધિ જ છે. આજે હવે એમ કહી શકું છું કે તારી દીક્ષા પામ્યો એ મારું સૌથી મોટું સદ્‌ભાગ્ય છે.

*(ક્રમશઃ)*

*એન-૪૫, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.*
*ફોન : (૦૨૮૩૬) ૨૨૧૫૨૬, ૨૨૦૮૭૭*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા

લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી

એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨

E-mail : kaykay_industries@yahoo.com

# હાસ્ય અને નિર્ભયતામાં રોગપ્રતિકારક શક્તિ છે

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ •

આજે વિજ્ઞાન ગમે તેટલું આગળ વધે તો પણ તે મૃત્યુને ક્યારેય રોકી શકે તેમ નથી. હાર્વર્ડ યુનિવર્સિટીના કાર્ડિયોલોજીના પ્રો. શ્રી બર્નાર્ડ લૉન, M.D. હૃદયના રોગ, કેન્સર જેવા ભયાનક રોગોની ચિકિત્સામાં આશાવાદી વલણો, દર્દીનો જીવન પ્રત્યેનો હકારાત્મક અભિગમ, માનવીના દેહમાં રહેલી હિલીંગ સુષુપ્ત શક્તિઓની વાત કરતાં વર્ણવ્યું છે કે, "માનવીનું શરીર આપમેળે સાજું થવા સર્જાયેલું છે. માનવીની પીડા ઓછી કરવા દર્દ નાબૂદ કરવા દવાના સહારા ઉપરાંત દર્દીના પોતાના માનસને સુધારીને કે તેના મનને દ્રઢ કરીને તેમાંથી કેટલીક પીડાશામક શક્તિઓ પેદા કરવી પડશે."

આવી વાત કિંગ સોલોમને પણ કરેલી. પ્રફુલ્લિત હૃદય કે આનંદિત હૃદય દવાની ગરજ સારે છે. જ્યારે શોકમાં ડૂબેલા અનેક રોગોને આમંત્રણ આપે છે. ઈ.સ. ૧૯૯૩માં આયરીશ પેઈન્ટર ફ્રાંસીસ બૉનની આત્મકથા પ્રગટ થઈ. તેમણે લખ્યું કે, 'જીવન તો અમીરસનો પ્યાલો છે. માનવીની અંદર જ ગંગા વહે છે. એ ગંગાના નીરનું હસતાં રમતાં પાન કરવું જોઈએ.'

સેટરડે રિવ્યુના ભૂતપૂર્વ તંત્રી શ્રી નોર્મન કઝીન્સને બબ્બે હૃદયરોગના હુમલા આવ્યા. ડૉક્ટરોએ તેમને ત્વરિત બાયપાસ સર્જરી કરાવી લેવાની સલાહ આપી. કઝીન્સે આત્મબળથી મનને શાંત રાખી, હરાકાત્મક વલણો અને હાસ્યના સહારે હૃદયને લોહી પહોંચાડતી નસોના ભરાવા સાફ કરી તંદુરસ્ત બની 'ધ હિલીંગ હાર્ટ' નામનું પુસ્તક લખ્યું. આજે તે પુસ્તક જગમશહુર છે. ઈ.સ. ૧૯૭૬માં નોર્મન કઝીન્સને કરોડરજ્જુના મણકાની તકલીફો થઈ તે તેમણે આ રીતે જ મટાડી.

માનસશાસ્ત્રી ઈ.બી. વ્હાઈટ વર્ણવે છે કે, 'હાસ્ય, એ એક મોટું ઔષધ છે. તેનાથી મગજની તાણ ઓછી થાય છે. હાઈપર ટેન્શન ઓછું થાય છે. હાસ્યથી રોગપ્રતિકારક શક્તિ વધતી રહે છે. હાસ્ય અને આનંદમાં રહેવાની કોઈ આડઅસર નથી. 'ધ સાયન્સીસ' નામના વિજ્ઞાનના મેગેઝીનમાં ડૉ. જેફ્રી ગોલ્ડ સ્ટેને લખ્યું એ મુજબ, 'હાસ્યથી માનવીની આવરદા વધે છે. હાસ્યને કારણે લોહીની અંદરનું એડ્રિનાલીન વધે છે, જે પીડાશામક સ્થિતિનો અનુભવ કરાવતી 'બેટા એન્ડોરફીન્સ' હાસ્યથી વધતું રહે છે.

ડૉ. વિલિયમ ફ્રાય જણાવે છે કે, 'હાસ્ય, એ તો ઊભા ઊભા દોડવાનો વ્યાયામ છે. જેની કાયમી શુભ અસર રહે છે. કેલિફોર્નિયાના એક કાર્ડિયોલોજિસ્ટ હૃદયરોગીઓનું કન્સલ્ટેશન કરતા. ૨૦ વર્ષ પછી તેમની નજર તેમની ચેમ્બર બહારની ખુરશીઓ પર પડી. ખુરશીઓ આગળના ભાગમાં થોડી ઘસાઈ ગયેલી જણાઈ. તેમણે અનુમાન કર્યું કે હાર્ટના દર્દીઓ ટેન્શનમાં અધીરા થઈને આગળ બેસી રહે છે. ડૉક્ટર શું કહેશે? રોગ કેટલો આગળ વધ્યો હશે? આવા વિચારોમાં જ પેશન્ટ અટવાઈને અધીરા થઈ આગળના ભાગમાં બેઠા હોય છે. પીઠ દઈને શાંતિથી બેસી શકતા જ નથી."

લગભગ અઢી હજાર વર્ષ પહેલાં હીપોક્રિટ્સે માનવ શરીરમાં રહેલી રોગનાબૂદી કે હિલીંગની કુદરતી સુષુપ્ત શક્તિઓની જાણકારી મેળવી હતી. ડૉક્ટરોના આશાસ્પદ શબ્દો કે નિરાશાભર્યા શબ્દોની અસર દર્દીઓ પર અચૂક થવા પામે છે." મેડિકલ કોલેજોમાં ડૉક્ટરોને માનવતાનું ભણતર સવિશેષ અપાય તે આવશ્યક બની રહેશે. ડૉક્ટરોએ સ્ટ્રીનબર્ગ, સાર્ત્ર, ટોલ્સટોય, કામુસ આદિના પુસ્તકો વાંચવા જોઈએ. ડૉક્ટરો નિદાનના અંગો પર જ ખૂબ ભરોસો રાખે છે. સાહિત્ય અને કલા દ્વારા, આધ્યાત્મિકતા દ્વારા ડૉક્ટરોને નવી દૃષ્ટિ અવશ્ય સાંપડે તેમ છે. દર્દી પ્રત્યે એક વાત્સલ્ય અને ખાસ તો દયાનો ભાવ ડૉક્ટર રાખે તે જરૂરી છે. વિજ્ઞાન વાઈરસને સમજાવી શકે છે પરંતુ આંખમાંથી આંસુ કેમ ટપકે છે તે સમજાવી શકતું નથી. ૧૭મી સદીના વિખ્યાત તબીબ ડૉક્ટર સીડનહામે સ્વયં વિજ્ઞાન પર કેટલાક પ્રશ્નો કર્યા છે.

ડૉ. બર્નાર્ડ લૉને ડૉક્ટરોના શબ્દોની દર્દીઓ પર થતી અસરો અંગે પોતાના અનુભવો વર્ણવ્યા છે. તેઓ એક સમયે હાર્વર્ડ મેડિકલ સ્કૂલમાં ફેલોશિપ કરી રહ્યા હતા ત્યારે ડૉ. એસ.એ. લેવીન તેમના પ્રોફેસર હતા. તેઓ હંમેશાં શિખામણ આપતા કે, 'દર્દીઓને ઔષધો કરતાં પણ તેમની સાથે સહાનુભૂતિથી જે વર્તન થાય, તે વધુ મહત્ત્વનું છે. ડૉ. લૉનને હૃદયરોગના દર્દીઓ પાસે જઈને તેમના કેસના સ્ટડી કરવાનો હતો. ચિકિત્સા પણ કરવાની રહેતી. એક લાઈબ્રેરિયન તરીકે વ્યવસાય કરતા શ્રીમતી શૈલી હાર્ટ ઍટેકને કારણે એડમિટ થયેલી. તેણીના હૃદયના જમણા ભાગ ઉપરનો વાલ્વ સાંકડો થઈ ગયેલો. તેણીને ડીજાટાલીસની ટીકડી તથા અઠવાડિયે એક ઈન્જેક્શન અપાતું. એક સમયે અમે ડૉ. લેવિના સાથે આ મહિલા પાસે આવ્યા. ડૉક્ટરે કહ્યું કે, 'શ્રીમતી શેલીને ટી.એસ.ની સ્થિતિ છે. તેણીએ શબ્દો સાંભળ્યા કે તરત જ તેનો ચહેરો ઉદાસ, ખિન્ન અને ચિંતામાં ફિક્કો થઈ ગયો. પરસેવો વળવા લાગ્યો. ધબકારા વધી ગયા. તબીબી ભાષામાં ટી.એસ.ને 'ટ્રાયકુસપીડ - સ્ટનોસીસ' કહે છે. તેણીએ ડૉક્ટરને કહ્યું કે, 'હું ભણેલી છું. મને ટર્મિનલ સિચ્યુએશન છે. હવે હું બચવાની નથી.' ડૉક્ટરે તેણીને ખૂબ સમજાવી. આખરે નિરાશામાં જ તેનું મૃત્યુ થયું.

આશાવંત શબ્દો જે ડૉક્ટર બોલે છે

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૧ ઉપર)

*કાંઈ ન કરવા કરતાં કંઈક કરવું વધારે સારું છે કારણકે કર્તવ્ય, કર્મ ન કરનાર જ સૌથી મોટો પાપી છે.*

સંસ્થા/વ્યક્તિ વિશેષ

## આંતરરાષ્ટ્રીય સહકાર દિન

# સૌના માટે ટકાઉ વિકાસ સાધતી સહકારી સંસ્થાઓ

• કિરણ ચાંપાનેરી 'સેતુ' - ફ્રીલાન્સ પત્રકાર •

ખેડૂત મિત્રો! આપણી ભારતીય સંસ્કૃતિ ઋષિ અને કૃષિનાં સંસ્કારોથી સિંચાયેલ છે. કૃષિ એટલે કે ખેતીવાડીની સાથોસાથ જરૂરત પ્રમાણે પશુપાલન પણ કરતા થયા. સમયાંતરે જેમની પાસે ખેતીલાયક જમીન ન હોય તેઓ પશુપાલન થકી જ રોજીરોટી મેળવતા થયા. અને આજે તો કૃષિના પૂરક વ્યવસાય ગણાતો પશુપાલનનો વ્યવસાય મુખ્ય બની ગયો છે! આઝાદી પૂર્વે વીસમી સદીના પ્રારંભકાળે આપણા દેશમાં ખેડૂતોની સ્થિતિ સુધારવા માટે ૧૯૦૪માં સહકારી પ્રવૃત્તિ કાયદાના સ્વરૂપે અસ્તિત્વમાં આવી. જો કે વિશ્વમાં તો ૧૮૪૪માં ઇંગ્લેન્ડના રોશડેલ ગામે ગ્રાહક સહકારી ભંડારથી સહકારની શરૂઆત થયેલ. રોશડેલની ગ્રાહક સહકારી ભંડારની વિગતવાર વાત ક્યારેક કરીશું... અને આ સંસારમાં સૃષ્ટિના સર્જનકાળથી જ સંપ અને સહકારની ભાવના તો હતી જ! આમ સહકારી પ્રવૃત્તિ, એ માનવ જીવનને સ્થિર અને ટકાઉ વિકાસ સાધવામાં અમૂલ્ય ભૂમિકા અદા કરી રહી છે.

સહકારી પ્રવૃત્તિની વાત કરીએ તો આજે ગુજરાતમાં પચ્ચીસેક જેટલા વિવિધ ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિ વિસ્તરી છે અને છેક છેવાડાના ગામડાંથી માંડી શહેર સુધીની નાની મોટી ૭૦,૦૮૯ સહકારી મંડળીઓ સાથે ૧.૩૦ કરોડ સભાસદો જોડાયેલ છે. ભારતમાં ત્રીસેકથી વધુ ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિ ફેલાયેલ છે. દેશમાં વિવિધ પ્રકારે ૬ લાખથી વધુ સહકારી મંડળીઓ સાથે ૨૬ કરોડથી વધુ સભાસદો સંકળાઈને આર્થિક લાભ મેળવે છે. તો વિશ્વસ્તરે ૧ અબજથી વધુ લોકો સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલ છે!

ગામડાંથી માંડી જિલ્લા, રાજ્ય, રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય સ્તરે સહકારી પ્રવૃત્તિ સુગ્રથિત રીતે જોડાયેલ છે. વિશ્વમાં સહકારી પ્રવૃત્તિને વેગ આપવા ૧૮૯૫માં આંતરરાષ્ટ્રીય સહકારી સંઘ (આઈ.સી.એ.) જીનિવામાં સ્થપાયેલું. આંતરરાષ્ટ્રીય સહકારી સંઘ સહકાર વિચારધારાને બળવત્તર બનાવવા પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે. તેના ભાગરૂપે, સહકારી પ્રવૃત્તિના પ્રચાર - પ્રસાર અને ઉત્કર્ષાર્થે અને સહકારી સંસ્થાઓ પ્રત્યે લોકજાગૃતિ સર્જવા માટે તથા સહકાર ભાવના થકી વૈશ્વિક ઐક્ય અને શાંતિ સર્જવા માટે આઈ.સી.એ. દ્વારા દર વર્ષે જુલાઈ માસના પ્રથમ શનિવારે આંતરરાષ્ટ્રીય સહકાર દિન ઉજવાય છે. તે પ્રમાણે આઈ.સી.એ. દ્વારા સૌ પ્રથમવાર ૧૯૨૩માં આંતરરાષ્ટ્રીય સહકાર દિનની ઉજવણી કરવામાં આવેલ. વૈશ્વિક સ્તરે માનવ જીવનમાં સહકારના મહત્ત્વને પહેચાનીને સંયુક્ત રાષ્ટ્ર સંઘે પણ ૧૯૯૪થી આંતરરાષ્ટ્રીય સહકાર દિન ઉજવણીમાં સામેલ થયું અને તે પ્રમાણે આ વર્ષે પાંચમી જુલાઈ, ૨૦૧૪ એ સમગ્ર વિશ્વમાં "સૌના માટે સ્થિર - ટકાઉ વિકાસ સાધતી સહકારી સંસ્થાઓ"ના વિચાર વિષયને લઈ ૯૨મા આંતરરાષ્ટ્રીય સહકાર દિન અને ૨૦મા સંયુક્ત રાષ્ટ્ર સંઘ આંતરરાષ્ટ્રીય સહકાર દિનની ઉજવણી કરવામાં આવી. જોકે, આપણા કૃષિપ્રધાન દેશમાં આ સમયગાળામાં ખેડૂતો વાવણી અને રોપણીના કાર્યમાં પરોવાયેલા હોવાથી સહકાર દિનની ઉજવણી જુલાઈને બદલે નવેમ્બર માસમાં ઉજવાય છે. સહકારી પ્રવૃત્તિના પુરસ્કર્તા જવાહરલાલ નહેરુના જન્મદિન ૧૪મી નવેમ્બરથી પ્રારંભ કરી ૨૦મી નવેમ્બર દરમ્યાન સમગ્ર દેશમાં અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવાય છે.

આ વર્ષે પાંચમી જુલાઈએ આંતરરાષ્ટ્રીય સહકાર દિને "સૌના માટે ટકાઉ વિકાસ સાધતી સહકારી સંસ્થાઓ" વિષયના આધારે ઉજવણી થઈ... ખેડૂત મિત્રો! ગામની સેવા સહકારી મંડળી અને દૂધ ઉત્પાદક સહકારી મંડળી દ્વારા આપણે આર્થિક સેવા મેળવીને જીવનમાં ઉત્કર્ષ સાધ્યો છે તેનો તો અનુભવ છે. ખેતીમાં પાક ઉત્પાદન કરવા ખાતરો વાપરીએ છીએ. રાસાયણિક ખાતરો અને બિયારણ ઉપલબ્ધ કરાવવામાં ગામની સેવા સહકારી મંડળી, જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘો અને ગુજકોમાસોલ સંસ્થાની આગવી ભૂમિકા રહી છે. તો ખાતરનું ઉત્પાદન કરતી સહકારી સંસ્થાઓ 'ઈફ્કો' અને 'કૃભકો' કારખાનાઓની દેશમાં હરિયાળી ક્રાંતિ સર્જવામાં આગવી ભૂમિકા રહી છે. તે જ પ્રમાણે સમગ્ર દેશમાં દૂધ સહકારી પ્રવૃત્તિએ ડૉ. કુરિયનના આપેલા વિચારમાંથી શ્વેતક્રાંતિ સર્જી છે. ડેરી અમૂલ અને સેવા સહકારી મંડળીઓ, સહકારી બેંકો, ગુજકોમાસોલ, ઈફ્કો અને કૃભકો, સહકારી ખાંડ કારખાના - સંસ્થાઓએ કૃષિ અને તેના પૂરક ધંધા પશુપાલનને પ્રોત્સાહન આપી સભાસદો - ખેડૂતો - માનવીના જીવનમાં આર્થિક પૂર્તતા કરી જીવનને વિકાસને માર્ગે દોર્યું છે. માનવ જીવનને ટકાઉ અને સ્થિર વિકાસ બક્ષ્યો છે.

શહેરી વિસ્તારમાં ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેંકો અને નાગરિક સહકારી બેંકોએ વેપાર ઉદ્યોગ માટે આર્થિક જરૂરત પૂર્ણ કરતું સહકારી બેન્કિંગ ક્ષેત્ર અને ક્રેડિટ સહકારી મંડળીઓ નાના અને મધ્યમ વર્ગના લોકોના આર્થિક - સામાજિક ઉત્કર્ષમાં આગવું યોગદાન આપી રહેલ છે. સમગ્ર દેશ અને દુનિયામાં સહકારી બેન્કિંગ ક્ષેત્ર દ્વારા

*આળસથી કટાઈ જવા કરતાં મહેનતથી ઘસાઈ જવું વધું સારું છે.*

આર્થિક જરૂરત મેળવીને માનવીએ વિકાસ કર્યો છે. એટલે સહકારી બેંકો અને ક્રેડિટ સોસાયટીઓએ સૌના માટે ટકાઉ વિકાસ હાંસલ કર્યો છે!

ભારત દેશના ભૌગોલિક વિસ્તાર પ્રમાણે ડુંગરાઓ અને દરિયાઈ કાંઠે પણ જરૂરત પ્રમાણે જંગલ કામદાર મંડળીઓ, મત્સ્યપાલન સહકારી મંડળીઓ, તામિલનાડુમાં મદ્રાસ - ચેન્નાઈ નજીક દેશની એક માત્ર 'ઈરૂલા સાપ પકડનાર સહકારી મંડળી'એ ઇરૂલા આદિવાસી જાતિમાં આર્થિક બદલાવ આણીને તેમના જીવનને સ્થિર બનાવી ભાવિ પેઢીના જીવનમાં ઉમંગ પાથર્યો છે.

ગુજરાતના ડાંગ જિલ્લામાં જયાં પ્રકૃતિએ ભરપૂર વન સંપત્તિ પાથરી છે ત્યાં સ્થાનિક ડાંગી ભુવાઓની મદદથી વન ઔષધિઓ ઓળખીને આહવામાં ડાંગ જિલ્લા આયુર્વેદિક ફાર્મસી સહકારી મંડળી સ્થપાઈ. આ મંડળીએ સ્થાનિક લોકોને રોજગારી તો આપી જ છે પણ નવી પેઢીને સ્થિર જીવન આપ્યું છે! સુરત જિલ્લાના કામરેજ તાલુકાની સેવણી સેવા સહકારી મંડળી અને ઓરણા ગામની સેવા સહકારી મંડળીઓએ તો જીવનજરૂરી સઘળી ચીજવસ્તુઓ મંડળી દ્વારા પૂરી પાડી સભાસદોની આગવી સેવા કરી રહેલ છે. આણંદ જિલ્લામાં ચરોતર ગેસ સહકારી મંડળી લિ. વલ્લભવિદ્યાનગરે ઘરેઘરે રાંધણ ગેસ વિતરણનું કામ કરતી પણ થઈ છે.

મહારાષ્ટ્રમાં સહકારી ધોરણે ચાલતા ખાંડ કારખાનાઓની તો વાત જ ઓર છે! કોલ્હાપુરથી પાંત્રીસેક કિલોમીટર દૂર આવેલ કડોલી ગામની આસપાસ પ્રથમ સહકારી ખાંડ કારખાનું, પછી સહકારી બેંક, પછી સહકારી ગ્રાહક ભંડાર... એમ વિકાસ થતાં આજે તો 'વારણાનગર'નું નામ પ્રસિદ્ધ થયું છે. ભારતના ગ્રામીણ વિસ્તારમાં સૌથી મોટો અને ગ્રામીણ વિસ્તારનો એકમાત્ર ડિપાર્ટમેન્ટલ સ્ટોર અને તેય સહકારી ધોરણે ચાલતો હોય તો તે છે વારણા બજાર ગ્રાહક સહકારી ભંડાર! મુખ્ય વાત એ છે કે ગ્રામીણ વિસ્તારમાં સહકારી સ્ટોર થતાં લોકોને કોલ્હાપુરના ફેરા મટ્યા, સમય અને ભાડું બચ્યું! પોતાના ગામમાં જોઈતી - મનપસંદ વસ્તુ તેઓને સહકારી ગ્રાહક ભંડાર - 'વારણા બજાર' દ્વારા મળતી થઈ... વારણાનગર અને આસપાસના બાવન ગામનું સઘળું જીવન સહકારમય...!

આજ પ્રમાણે વિશ્વના વિવિધ દેશોમાં જે તે પ્રદેશની સ્થાનિક જરૂરત મુજબ સહકારી મંડળીઓ રચાઈ અને લોકોએ આર્થિક વિકાસ સાધ્યો. આ રીતે, સમાજ પ્રત્યેની નિસ્બત એ સહકારી પ્રવૃત્તિના પાયાનું મૂળભુત તુલ્ય છે. જનસમુદાયોને, લોકોને સુરક્ષિત, સાનુકૂળ અને સ્થિર આવાસ પૂરા પાડવા, એ બધી સહકારી મંડળીઓના કાર્યક્રમનું લક્ષ્ય છે. માનવ જરૂરતને કેન્દ્રમાં રાખી સહકારી મંડળીઓએ વિશિષ્ટરૂપે 'શેરમૂલ્ય' આપીને સ્થિરતાની વર્તમાન કટોકટીનો જવાબ આપ્યો છે.

વૈશ્વિક સ્તરે સહકારી પ્રવૃત્તિ અને સહકારી સંસ્થાઓની અસરકારકતાને તપાસવા આઈ.સી.એ. નિમેલા પંચના અહેવાલમાં દર્શાવ્યું છે કે 'સહકારી સંસ્થાઓએ તેની આગવી નમૂનારૂપ કાર્યપ્રણાલી અને મૂલ્યોમાં સ્થિરતાને જડી દીધી છે!' અને આ વાતને સંયુક્ત રાષ્ટ્ર સંઘે પણ સમર્થન આપ્યું અને એટલે જ વર્તમાન આર્થિક કટોકટી અને ખાનગી ક્ષેત્રોના સ્પર્ધાત્મક માહોલમાં સહકારી સંસ્થાઓ પુનઃ ટકાઉ વિકાસની પુરોગામી બની છે. ત્યારે પાંચમી જુલાઈએ આંતરરાષ્ટ્રીય સહકાર દિન ઉજવણી પ્રસંગે આઈ.સી.એ. વિશ્વભરની સહકારી સંસ્થાઓને અપીલ કરી છે કે - સ્થિરતા અને ટકાઉ વિકાસ ઘડતરમાં સહકારી સંસ્થાઓ કઈ રીતે શ્રેષ્ઠત્તમ સાહસો બની રહે તે દેખાડી આપવાનું છે.

*૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર, સૈજપુર બોઘા,*
*અમદાવાદ-૩૮૨ ૩૪૬.*
*મો. ૯૬૬૨૮ ૩૩૨૬૮*

## હાસ્ય અને નિર્ભયતામાં રોગ પ્રતિકારક શક્તિ

**(અનુસંધાન : પાના નં.-૫૯ ઉપરથી ચાલુ)**

તેની હકારાત્મક અસરો વિષે ડૉ. બર્નાર્ડ લૉને અનુભવ વર્ણવ્યો કે હોસ્પિટલમાં એક ખૂબ ગંભીર હાર્ટ ઍટેકનો કેસ આવ્યો. ઑક્સિજન સતત આપવો પડતો. મારી સાથેની નર્સો અને ડૉક્ટરોને મેં કહ્યું કે, 'આ દર્દીનું હૃદય "હોલસમ થર્ડ સાઉન્ડ ગેલપ" બતાવી રહ્યું છે. અમને એમ કે તે અમારી વાત સાંભળી - સમજી શકતો નથી. તેને ઑક્સિજન માસ્ક પહેરાવેલ હતો. તેની તબિયત એકદમ સુધરતી રહી અને થોડા દિવસમાં સાજો થઈ ગયો. તેણે અમને કહ્યું કે, 'મને ઘણી તકલીફ હતી. પરંતુ આપ ડૉક્ટરોએ કહ્યું કે મારું હૃદય 'હોલસમ ગેલપ' અનુભવે છે એટલે કે ઉછાળા મારી રહ્યું છે તેથી હું નિર્ભય બની ગયો. અને મને એમ સમજાયું કે હવે હાર્ટની કોઈ ટ્રબલ રહી જ નથી.

ડૉ. વિલિયમ હાર્વે જણાવે છે કે હૃદય અને માનવીના મનને સીધો સંબંધ છે. એક હૃદયરોગીએ તેમને પૂછ્યું કે 'સાહેબ, હું જીવીશ કે નહિ?' ડૉ. હાર્વેએ કહ્યું કે, 'તમો જરૂર જીવશો. તમારું હૃદય સારી પ્રગતિ કરી રહ્યું છે.'

જવાબમાં દર્દીએ કહ્યું કે 'સાહેબ, કેટલાક મુલાકાતી ડૉક્ટરો કહે છે કે તમોને મેસિવ ઈન્ફીરીઅલ વોલ ઈન્ફાક્ટ છે. કાર્ડિયોલાજી ફેલોશિપ કરનાર ડૉક્ટર કહે છે કે તમને 'મેજર કોરોનરી આર્ટરી'નું ઓકલ્યુમેન છે. હોસ્પિટલના અન્ય ડૉક્ટર કહે છે કે તમને 'કોરોનરી થ્રોમ્બોસિસ' છે. નર્સને પૂછું, તો તે પૂછવાની ના પાડે છે. વાસ્તવમાં ડૉ. હાર્વેની ગંભીરતાપૂર્વકની સમજાવટ આશાસ્પદ નીવડી.

જગતમાં અનેક ઘટના એવી પણ બને છે કે કોઈ મોટા સત્પુરુષ, સંત કે યોગીએ દર્દીને આશીર્વાદ પાઠવ્યા હોય અને તે સ્વસ્થ બનવા પામ્યો હોય. આ એક યોગીક થેરાપી છે. જેમાં ઔષધની આવશ્યક્તા રહેતી નથી.

*૬/એ, લીમડા લાઈન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૫૨૫૨૩૪૩૪૬*

*વારંવાર પ્રયત્ન કરવાથી અસંભવ પણ સંભવ બની જાય છે.*

સાહિત્ય આચમન

# અખંડ દીવાનાં શાશ્વત અજવાળાં

• હંસરાજ કંસારા •

તાજેતરમાં એક મનનીય પુસ્તક વાંચ્યું. એનો રસાસ્વાદ અત્રે પ્રસ્તુત છે. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા પ્રકાશિત આ પુસ્તકનું ટાઈટલ છે, 'અખંડ દીવાનાં શાશ્વત અજવાળાં.' એના લેખક છે, ડૉ. કાંતિ ગોર. ગ્રામ્ય શાળાનાં શિક્ષક તરીકે, અધ્યાપન શિક્ષણ સંસ્થાના વડા તરીકે અને કચ્છ યુનિવર્સિટીના કુલપતિ તરીકે તેઓશ્રીએ શિક્ષણ જગતને નજીકથી જોયું, જાણ્યું અને માણ્યું છે. અભ્યાસપૂર્ણ લેખન થકી તેઓશ્રી શિક્ષણના શાશ્વત દીવડાની વાટ સંકોરતા રહેવાના સમયાનુરૂપ પ્રયાસો કરતા રહ્યા છે. આ પુસ્તકમાં એમના આ પ્રયાસોના કેટલાક પ્રતિબિંબ છે.

પુસ્તકના પ્રથમ લેખમાં વિદ્યાનું મહિમાગાન છે. મનુસ્મૃતિથી લઈને, ભર્તૃહરિ, કૌટીલ્ય, કન્ફ્યુશિયસ, એરિસ્ટોટલ અને તિરુવલ્લુવર જેવા વિદ્વાનોના વિદ્યાનું મહત્ત્વ ઉજાગર કરતાં વિધાનો પ્રસ્તુત કરી સમાપનમાં ડૉ. ગોર લખે છે કે, વિદ્યા 'સ્વાન્ત સુખાય' છે. એની ઉપાસના થકી માનવ સંસ્કૃતિનું જતન, સંવર્ધન, સંક્રમણ અને પરિમાર્જન થતું રહ્યું છે. વિદ્યા માનવને 'માનવ' બનવા પ્રેરે છે. બીજા લેખમાં વિદ્યા થકી અર્જિત 'જ્ઞાન'નું સરળ અર્થઘટન છે. જે માહિતી સત્ય આધારિત, તર્કસંગત અને વિશ્વસનીય હોય, જે સમજણ સ્તરે આત્મસાત્ થયેલી હોય અને જે સરળતાથી અભિવ્યક્ત થઈ શકે તેમજ જેનો સમષ્ટિના હિતમાં વ્યાપક ઉપયોગ થઈ શકે, તે 'જ્ઞાન.' આ જ્ઞાનાર્જન પ્રક્રિયામાં શિક્ષણની અહમ્ ભૂમિકા છે અને શિક્ષણ પ્રક્રિયામાં ધ્યાનયુક્ત શ્રવણ અને સૂક્ષ્મ નિરીક્ષણ આવશ્યક છે. ડૉ. ગોર કહે છે કે આજની શિક્ષણ પ્રણાલીમાં આ બાબતની ઉપેક્ષા થઈ રહી છે.

જ્ઞાનની ઉપાસના અને આમ જનસમૂહમાં એના પ્રભાવી પ્રસારનાં એક ઉમદા ઉદાહરણરૂપે, લેખકે, 'જ્ઞાનેશ્વરી ગીતા'ની વિગતે વાત કરી છે. તેરમી સદીના સંત જ્ઞાનેશ્વર દ્વારા તળપદી મરાઠી ભાષામાં ઉદ્‌બોધિત 'જ્ઞાનેશ્વરી ગીતા'ની ઓવીઓ આજે પણ મહારાષ્ટ્રના અંતરિયાળ ગામોમાં જન જનને હૈયે અને હોઠે વસેલી છે. ભારતની અનેક ભાષાઓમાં એના અનુવાદ થયા છે. અહીં કચ્છના ગણમાન્ય સાહિત્ય સર્જન અને વિવેચક પ્રભાશંકર ફડકેએ કરેલા 'જ્ઞાનેશ્વરી ગીતા'ના તળપદી કચ્છી ભાષામાં સમાશ્લોકી અનુવાદની ગૌરવભેર નોંધ લેતાં લેખક કહે છે કે, ભારતના છેવાડાના વિસ્તાર એવા કચ્છ સુધી 'જ્ઞાનેશ્વરી' પહોંચી છે. આ અનુવાદ થકી, કચ્છી ભાષાની વિપુલ ક્ષમતા પણ સિધ્ધ થઈ છે.

જ્ઞાન અને એના વ્યાપક પ્રસાર તેમજ અસરકારક પ્રભાવની ઉપરોક્ત પૃષ્ઠભૂમિમાં લેખક લોકતાંત્રિક ભારતમાં શિક્ષણની હાલની દિશાવિહીન અવદશા વિષે ચિંતા વ્યક્ત કરે છે. તેઓશ્રી કહે છે કે, આજના શિક્ષણમાં 'શ્રમ' અને 'નિષ્ઠા'નો અભાવ છે. એમના મતે શિક્ષણનો ઉદ્દેશ માણસને એવી રીતે દોરવાનો છે કે એના ઉચિત વિકાસ સાથે એને સ્વસ્થતા અને શાંતિ મળે. આ માટે લેખક યોગ શિક્ષણ પર ભાર મૂકે છે. યોગ, યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ સુધીની સંયુક્ત પ્રક્રિયા છે. શાંતિની વાત કરતાં ડૉ. ગોર પ્રશ્ન કરે છે કે, શું માત્ર પુસ્તકિયા જ્ઞાન થકી સમાજ શાંતિ અપનાવશે? જો શિક્ષિત વ્યક્તિ આતંકવાદી બની શકતી હોય તો શિક્ષણમાં શ્રધ્ધા કેવી રીતે રાખવી? અને એટલે જ, લેખક શાંતિ સાથે શક્તિનું શિક્ષણ આપવાનું પણ જરૂરી માને છે.

જ્ઞાન અને શિક્ષણની મુળભૂત અવધારણાઓ પ્રાચીન ભારતનાં જે વિદ્યાધામોમાં પુષ્ટ થઈ, તેમાંની કેટલીક સંસ્થાઓનો પરિચય આપતો એક લેખ પણ આ પુસ્તકમાં છે. સાતમી સદીમાં ટોચની શિક્ષણ સંસ્થા તક્ષશિલા, અગિયારમી સદીના વિખ્યાત જ્ઞાન કેન્દ્રો કાશી અને કાશ્મીર, જૈન અને વેદાંતી પરંપરાનું કેન્દ્ર કાંચી, શિક્ષણના ગુરુશિખર સમું નાલંદા તેમજ વિક્રમશીલા અને વલ્લભી વિદ્યાપીઠ આદિનો આછેરો પરિચય આપતાં ડૉ. ગોર કહે છે કે આ વિદ્યાધામોમાં શિક્ષાર્થી માટે કોઈ જાતિ કે વર્ગભેદ નહોતો. વ્યાકરણથી લઈને વૈદક, દર્શન અને કાનૂન, ખગોળ અને જ્યોતિષ, યુધ્ધ તેમજ લલિતકળાઓ આદિ વિવિધ વિદ્યાશાખાઓમાં અભ્યાસ સાથે, શ્રમ અને સાદગીના સંસ્કાર પણ આ જ્ઞાનપીઠો દ્વારા અપાતા હતા.

શિક્ષણ ઉપરાંત પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, સભ્યતા અને સંસ્કાર વિષે પણ થોડું ચિંતન આ પુસ્તકમાં પ્રસ્તુત છે. "...સંસ્કૃતિને સમાજનો આત્મા કહેવો જોઈએ..." કાકા કાલેલકરના આ વિધાન ઉપરાંત અન્ય ગણમાન્ય વિદ્વાનોના સંસ્કૃતિ સંબંધી વિચારો પ્રસ્તુત કરી, અંતે ચક્રવર્ત રાજગોપાલાચારીનો દૃષ્ટિકોણ... **"સંસ્કૃતિ સમાજ દ્વારા સામાન્ય રૂપે સ્વીકૃત જીવન જીવવાની આચાર પધ્ધતિ છે..."**નો ઉલ્લેખ કરી, લેખક કહે છે કે સંસ્કૃતિની વ્યાખ્યા કઠિન છે. **સંસ્કૃતિ અને સભ્યતા એક બીજાના પર્યાય નથી. સંસ્કૃતિ વ્યક્તિનો આંતરિક વિકાસ છે, જ્યારે સભ્યતા, માનવ સમાજે વિકસાવેલી બાહ્ય વ્યવસ્થા છે. સભ્યતા સંસ્કૃતિની અનુગામી છે.** સંસ્કૃતિ અને સંસ્કાર વચ્ચે

*પ્રતિભા મહાન કાર્યોનો પ્રારંભ કરે છે પણ એને પૂરાં તો પરિશ્રમ જ કરે છે.*

ગાઢ સંબંધ છે. લેખક સંસ્કાર શબ્દનો અર્થ સુધારવું, સુસજ્જ થવું, પરિમાર્જન કરવું તેવો કરે છે. 'વ્યાસ-સ્મૃતિ'માં મહર્ષિ વેદવ્યાસે, ગર્ભાધાનથી લઈને અંત્યેષ્ઠિ સુધીના જે સંસ્કારો દર્શાવ્યા છે, તેનો મર્મ સમજાવતાં લેખક કહે છે કે આ સંસ્કારોનું સમયાંતરે મૂલ્યાંકન તેમજ નવસંસ્કરણ સાથે નવી પેઢીને હસ્તાંતરણ થવું જોઈએ. આ માટે તેઓશ્રી ડિજીટલ દસ્તાવેજીકરણનું સૂચન કરે છે. અત્રે એક અન્ય લેખ 'માતા : ગુરુણાં ગુરુ'નો ઉલ્લેખ આવશ્યક છે. **માતૃવંદના કરતા આ લેખમાં લેખક કહે છે કે, 'માનવતા અને સંસ્કૃતિનું મહાવિદ્યાલય માતાના ચરણોમાં છે. કાચી ઉંમરે બાળકના મન પર અંકિત સંસ્કાર ભુંસાતા નથી. ઘરની નૈતિકતા બાળકને વારસામાં મળે છે...'**

પુસ્તકના બારમા અધ્યાયમાં લેખકે મહદાંશે ગીતાનો આધાર લઈ, 'કર્મનો મર્મ સરળ બાનીમાં સમજાવવાનો પ્રયાસ કર્યો છે. સાત્ત્વિક, રાજસિક અને તામસિક પ્રકારના કર્મોના દૃષ્ટાંતો આપી, લેખક વિષ્ણુપુરામ સમર્થિત વિધાન '...જે બંધનથી મુક્ત કરે તે કર્મ...' પ્રસ્તુત કરે છે.

કર્મના સિધ્ધાંતના પ્રણેતા, પૂર્ણાવતાર શ્રીકૃષ્ણની પ્રશસ્તિરૂપે પણ એક લેખ, આ પુસ્તકમાં છે. કૃષ્ણ ચરિત્ર ઉજાગર કરતાં વિપુલ સાહિત્ય, હરિવંશ, ભાગવત પુરાણ અને મહાભારત જેવા પુરાણો તેમજ કૃષ્ણ ગોપીપ્રેમ ભક્તિભાવ વર્ણવતા દૂત કાવ્યોના રસપ્રદ અવતરણો, બાણ શૈય્યા પર અંતિમ શ્વાસ લેતા પિતામહ ભીષ્મે નીરખેલા કૃષ્ણનું શબ્દચિત્ર, શંકરાચાર્યજીના 'ગોવિંદાષ્ટકમ્‌'નો એક શ્લોક ઉપરાંત કવિ ભાસના 'ઉરુભંગ' નાટકના આરંભની કૃષ્ણ વંદના તેમજ મીરાં, નરસિંહ મહેતા, પ્રેમાનંદ, દયારામ આદિ કૃષ્ણભક્તોના કવન ઉપરાંત આધુનિક ગુજરાતી સાહિત્ય સર્જકો, કનૈયાલાલ મુન્શી, પન્નાલાલ પટેલ, ઉમાશંકર જોશી, સુરેશ દલાલ અને હરિન્દ્ર દવે આદિનું કૃષ્ણ ચરિત્ર કવન અને આ લેખનનો આ પુસ્તકમાં માહિતીપ્રદ ઉલ્લેખ છે.

આ પુસ્તકનો શિરમોર લેખ, ગુરૂદેવ ટાગોર વિષેનો છે. ગુરૂદેવની સર્વતોમુખી પ્રતિભાના પરિચય સાથે, એમના લલિત કલા અને સાહિત્યક્ષેત્રે વિપુલ અને અણમોલ યોગદાનનું અવતરણો સહિત રસપ્રદ માહિતીસભર વર્ણન છે. તદુપરાંત શિક્ષણ ક્ષેત્રે સમસ્ત વિશ્વને શિક્ષણનો આદર્શ અને આદર્શ શિક્ષણનો બોધ કરાવતી, ગુરૂદેવે સ્થાપેલી શિક્ષણ સંસ્થાઓ 'શાંતિનિકેતન, વિશ્વભારતી અને શ્રીનિકેતનનો પરિચય આપ્યો છે. ગુજરાતના ગણમાન્ય સાહિત્ય સર્જકો જેમણે 'શાંતિનિકેતન'માં અભ્યાસ કર્યો છે. તેમનો નામોલ્લેખ પણ છે.

એક અન્ય લેખ, ગાયત્રી મંત્રના ઉદ્‌ગાતા અને ઋગ્વેદના તૃતીય મંડળના મંત્રદાતા બ્રહ્મર્ષિ વિશ્વામિત્રનું ચરિત્ર ચિત્રણ છે. આ લેખમાં વ્યક્તિ રાગદ્વેષ અને અહંકારથી મુક્ત ન બને ત્યાં સુધી શક્તિ અને જ્ઞાનની સાધના અધૂરી રહે છે, એ સત્ય ઉજાગર થયું છે.

અંતમાં આ પુસ્તકનો એક લેખ 'વાંચન' 'વાંચે ગુજરાત' અભિયાન સંદર્ભે છે. પ્રસ્તુત પુસ્તક અવલોકનનો ઉદ્દેશ પણ વાચકોને આ પુસ્તક તેમજ એમાં ઉલ્લેખિત વિપુલ સાહિત્ય વાંચવા માટે પ્રેરવાનો જ છે.

*એ-૧/૧/૪, સમૃધ્ધિ, રામેશ્વર એપાર્ટમેન્ટ,*
*દેવાશિષ સ્કૂલ પાસે, રામદેવનગર,*
*સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

# વિદેશી ઠંડા પીણાં — ધીમું ઝેર.....

*વિદેશી ઠંડાં પીણાં ગળામાં ઊતરતાંની સાથે જ જે અસર કરે છે એ કોઈ ધીમા ઝેરથી કમ નથી. ત્યારે એક નજર એ વિશેની અસર પર....*

★ ઠંડાં પીણાંની એક બોટલ પીધા બાદ ૧૦ મિનિટમાં ૧૦ ચમચી જેટલી ખાંડ આપણા શરીરની અંદર જતી હોય છે. પરંતુ આ પીણાઓમાં રહેલું ફોસ્ફરિક એસિડ આપણને આ વધારાની મીઠાશનો અનુભવ થવા દેતું નથી. જો આ એસિડ તેમાં ન હોય તો આપણું શરીર ઊલટી દ્વારા એ મીઠાશને બહાર ફેંકી દે છે.

★ ૨૦ મિનિટ બાદ બ્લડસુગર ઝડપથી વધવા માંડે છે. જે શરીરને આટલી ખાંડ પચાવવા માટે ઈન્સ્યુલિન વિસ્ફોટ માટે મજબૂર કરે છે. લીવર તેની પ્રતિક્રિયાના ભાગરૂપે શર્કરાને ફેટમાં પરિવર્તિત કરે છે. એટલે સફળતા વધે છે.

★ ૪૦ મિનિટ બાદ સોફ્ટ ડ્રિંકનું કેફીન શરીરમાં સમાઈ જાય છે. આંખોની કીકીઓ વધુ ખુલ્લી થાય છે. બ્લડપ્રેશર વધી જાય છે. હૃદયને વધુ ઊર્જાની જરૂર પડે છે. પરિણામે લીવર શર્કરાને લોહીમાં પંપ કરે છે.

★ ૪૫ મિનિટ બાદ શરીરમાં ડોપામાઈન નામનું કેમિકલ બને છે. હેરોઈનનો નશો કર્યા બાદ પણ આ જ રીતે ડોપામાઈન પેદા થાય છે. તેનાથી મગજને નશાની અનુભૂતિ થાય છે અને મગજને ધીમે ધીમે આ પીણાંઓની લત લાગી જાય છે.

★ ૬૦ મિનિટ બાદ ફોસ્ફરિક એસિડ શરીર માટે મહત્ત્વપૂર્ણ એવા કેલ્શિયમ, મેગ્નેશિયમ અને ઝીંકને આંતરડામાં બાંધી દે છે. તેના પર કેફીન અસર કરે છે અને પેશાબ દ્વારા તેને શરીરની બહાર ફેંકી દે છે. એટલે થાક અને ડિહાઈડ્રેશન થાય છે. ■

*આજે જે પુરુષાર્થ છે તે જ કાલનું ભાગ્ય છે.*




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : આંઉ નીચે ઊભો વો તેર મહુબાપા પંઢજે પોતરે કે રૂપિયે જો સિક્કો ડેનાં ને ચ્યાં ક હકડો બાકસ ગેને અચ. જરા ચેક કરેને ગેને અચીજ. કાનીયું હવાયેલીયું નવેં. પોતરો બાકસ ગેનેલા વ્યો ને આંઉ પાંજે ઘરે આવ્યો... પણ આંઉ હેવર મથાનું દઠો ત મહુબાપા અનજે પોતરે કે હકડો ઠુંસો માર્યા ને ચ્યાં ક તોમેં ત જરા પણ મીઠો નાય... સાવ માઠો અઇંયે. સે જરા તપાસ ત કર મહુબાપા પંઢજે પોતરે કે કુલા માર્યા? પોતરો કુરો માઠાઈ જા કમ કેં?

બચુડો : (તપાસ કેનેં ચે) અધા... પોતરો રૂપિયેજો બાકસ ત ગેણે પણ પોય મડે કાનીયું સરગાયને ચેક કેં ને પોય બાકસમેં ભરેને ખણે આવ્યો. મહુબાપા સે નેર્યાં ને ચ્યાં હી કુરો કેં? તડે ચેં આંઉ મળે કાનીયું ચેક કરેને જ આનીયુ આંઈ. મડે કાનીયું ભરાભર સરગીયું વ્યું ને હાણે આંઈ મુંકે માર્યોં તા....

## ખિલજા મ ભલા

પ્રોફેસર (ચાલુ વર્ગમાં) : એય પેલો છોકરો ચાલુ ક્લાસે બહાર કેમ જતો રહ્યો?

આદિત્ય : જવા દો ને સાહેબ... એમાં પડવા જેવું નથી. એને ઊંઘમાં ચાલવાની બીમારી છે.

પ્રોફેસર : ચાલુ વર્ગમાં પણ તે ઊંઘી જાય છે?

આદિત્ય : હાસ્તો! એટલે જ તો તે ચાલીને બહાર જતો રહ્યો.

☺ ☺ ☺ ☺ ☺

ચીન્ટુ : (દૂધવાળાની દુકાને જઈ) આ તપેલીમાં પાંચ લીટર ભેંસનું દૂધ આપો.

દૂધવાળો : અલ્યા બુધ્ધુ, આટલી નાની તપેલીમાં એટલું દૂધ ન આવે.

ચીન્ટુ : સારું. તો પછી પાંચ લીટર બકરીનું દૂધ આપો. હવે તો આવશે ને?

☺ ☺ ☺ ☺ ☺

અમથાલાલ : (ભિખારીને) અલ્યા આમ સાવ કોરી રોટલી કેમ ખાય છે? લાવ ઘી લગાડી આપું.

ભીખારી : ના ભાઈ ના... કાલે તમે શાક ગરમ કરવા લઈ ગયા હતા તે હજુ પાછું નથી આપ્યું.

☺ ☺ ☺ ☺ ☺

પિતાજી : મોન્ટુ, તું અડધી રાતે ઉઠીને આમ લાકડી કેમ વિંઝે છે અને કોની સામે વિંઝે છે?

મોન્ટુ : એ તો ભૂતની સામે.

પિતાજી : કેમ ભૂતે તારું શું બગાડ્યું છે?

મોન્ટુ : મારો લેંઘો.

☺ ☺ ☺ ☺ ☺

હજારીમલ : આજે તો મેં એક ભિખારીની જિંદગી બચાવી.

કરોડીમલ : એ વળી કઈ રીતે?

હજારીમલ : મેં ભિખારીને પૂછ્યું કે હું તને ૫૦૦/-ની નોટ આપું તો તું શું કરે? એટલે ભિખારીએ કહ્યું કે હું તો ખુશીનો માર્યો મરી જાઉં. એટલે પછી મેં કહ્યું, જા તને નથી આપતો બસ, તું જીવતો રહે!

☺ ☺ ☺ ☺ ☺

જગન : ન્યુઝ ચેનલ અને પત્નીમાં શું સરખું છે?

મોહન : બંને જણા એકની એક વાત ૧૦-૧૫ વાર કરે નહીં ત્યાં સુધી ચેન નથી પડતું!

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : જો એક છત્રીની નીચે છ જણા ઊભા હોય તો પણ કોઈ પલળે નહીં એવું કઈ રીતે બન્યું?

પર્વ : સાહેબ, ત્યારે વરસાદ નહોતો પડતો!

☺ ☺ ☺ ☺ ☺

લેડી ડૉક્ટર : (દર્દીને) ચાલો ઊંડા શ્વાસ લો... મૂકો... ઊંડા શ્વાસ લો... મૂકો... ઊંડા શ્વાસ લો... મૂકો... બોલો હવે કેવું લાગે છે?

દર્દી : સરસ... હું ફ્રેશ થઈ ગયો. તમારા બોડી સ્પ્રે નું નામ કહેશો?

☺ ☺ ☺ ☺ ☺

એક સુંદર છોકરી : (ચાર કોલેજિયનોને) અહીંથી આઘા ખસો... કોઈએ સાંભળ્યું નહીં. ફરીથી કહ્યું. કોઈ હલ્યું નહીં. આથી કંટાળીને તેણે છોકરાઓને એવું કહ્યું કે બધા ખસી ગયા બોલ ચમન, છોકરીએ શું કહ્યું હશે?

ચમન : 'આઘા ખસો, મારે પોતું કરવું છે' એમ કહ્યું એટલે ચારે જણા ખસી ગયા.


☺ ☺ ☺ ☺ ☺

મજનુ : (લયલાને) તાર હોઠ પરથી શબ્દો ચોરી લઉં. તારી આંખમાંથી નજર ચોરી લઉં. તારા દિલમાંથી ધડકન ચોરી લઉં.

લયલા : ચાલતી પકડ... બધું કાંઈ તારા બાપનું નથી.. આવ્યો મોટો ચોરી લેવા...

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*પરિસ્થિતિને અનુકૂળ બનાવવાના પ્રયત્નો આજ સુધી ખૂબ કર્યા, હવે પરિસ્થિતિને અનુકૂળ બનવાના પ્રયત્ન કરતા જાવ.*




### કચ્છ : ફાયદા - ગેરફાયદા

આપના તા. ૧૧-૬-૨૦૧૪ના પત્ર બદલ આભાર.

'કચ્છ એક અલગ રાજય : ફાયદા તથા ગેરફાયદા' પર તુલનાસભર, આપે આપેલ મુદ્દા પ્રમાણે સર્વગ્રાહી લેખ લખવા સમયની જરૂરિયાત હોવાથી તે માટે મારી અશક્તિ દર્શાવેલ.

બદલતા સમય અને સંજોગો જોતાં - વિગતો એકઠી કર્યા બાદ તુલનાત્મક લેખ લખી શકાય.

આપ કચ્છ વિશે જે રજૂઆત સમય - સમય પર કરી રહ્યા છો તે બદલ અભિનંદન.

મારા શક્ય પ્રયાસોથી હું આપના કાર્યમાં સહયોગી થવા પ્રયત્નશીલ રહીશ.

***મોહન એન. શાહ - ભુજ***
***માજી ધારાસભ્ય - ગુજરાત***

★

### મુઠ્ઠી ઊંચેરો

અમે નાના હતા ત્યારે અમારી આખી ટોળકી ભારે નટખટ તેમજ તોફાની હતી અને લગભગ બધાને જ હેરાન કરતા. મને બરાબર યાદ છે કે એક ભગત જેવો માણસ જે કાયમ આનંદમાં જ રહેતો અને હંમેશાં હસતો જ રહેતો, તે અમારી કોલોનીમાં બોર, બદામ, આમળા વગેરે વેચવા આવતો. અમારી મોટી ટોળકી તેને ઘેરી લેતી અને ૧૦ પૈસાના બોરના બદલામાં બધા જ ભેગા મળી કોઈ એક બાજુથી બદામ સેરવતું, તો કોઈ બોર, તો કોઈ આમળા! અમે લોકો એમ માનતા કે તેનું ધ્યાન નથી. અને આ રીતે ચોરી કરીને એ વસ્તુઓ ખાતા. બાળપણની નાદાનિયતમાં આ રીતે ચોરીને ખાવામાં મજા પણ આવતી. તે ફેરિયાને ખબર ન હતી તેવું નથી પણ ક્યારેક અમારી ચોરી પકડીને પણ હસતા મુખે એટલું જ કહેતો, આજે તો લઈ જાવ છો. પણ હું તેની વસુલાત કરી લઈશ. પરંતુ તે જરાપણ ગુસ્સો કરતો નહીં. તેવા સમયે અગર કોઈ વડીલ આવીને ધમકાવતા, તો તે કહેતો, 'હશે, જવા દો વડીલ, હશે કોઈ આગલા જન્મના લેણદાર. આ રીતે ખૂબ જ સસ્તામાં મારું દેવું ફીટે છે.'

આજે આ વાતને ઘણાં વર્ષો વીતી ગયા છે. આજે જ્યારે હું પોતે ધંધામાં છું અને વેપાર કરતા જાત અનુભવ થયા છે કે જ્યારે કોઈ વેપારી કે કોઈ દલાલ કે કોઈ અજાણી વ્યક્તિ પણ ધંધામાં કે વેપારમાં જાણતા કે અજાણતા કંઈક પણ નુકશાન કરાવી જાય છે ત્યારે નાનામાં નાની નુકશાની પણ મનની શાંતિ હરી લે છે. ત્યારે ઘણીવાર ખૂબ જ નાની નુકશાનીમાં પણ સંયમ ખોઈ બેસીએ છીએ. હવે ખબર પડે છે કે આટલું ભણતર અને કહેવાતી ડિગ્રીઓ લઈને પણ તેની સામે પેલા અજ્ઞાન ભગત ફેરિયાનું જ્ઞાન વધારે ઊંચું છે. જે દારુણ ગરીબીમાં પણ તેને સંયમિત ને શાંત રાખી શકે છે. બાળપણમાં જેને તુચ્છ અને વામણો સમજતા હતા, તે વામણા સામે આજે જગત વામણું લાગે છે. અને તે એક મુઠ્ઠી ઊંચેરો લાગે છે.

***મયુર ચંદ્રકાંત દેઢિયા***

★

### 'મંગલ મંદિર' માસ જુલાઈ-૨૦૧૪નો ઉત્કૃષ્ટ અંક – અભિનંદન.

'મંગલ મંદિર'નો જુલાઈ-૨૦૧૪નો અંક મળેલ છે. જેમાં 'કચ્છ : એક અલગ રાજય – તેના ફાયદા અને ગેરફાયદા' અંગેના લેખો પ્રસિધ્ધ કરીને બહુ સરસ - લાભદાયી કાર્ય કર્યું છે.

નિષ્ણાતો દ્વારા અભ્યાસ, માહિતી મંથન કર્યા બાદના પૃથક્કરણ સાથેનું એક વાસ્તવિક ચિત્ર રજૂ કરી કચ્છી પ્રજાને તાર્કિક રીતે વિચારણા માટે સમૃધ્ધ સામગ્રી પૂરી પાડી છે.

ખંત, પરિશ્રમ અને કચ્છ પ્રત્યેની ઉત્કૃષ્ટ લાગણીથી મૌલિક તારવણી કરી વિવિધ ક્ષેત્રે જિલ્લાના વિકાસ માટેના મુદ્દાઓ રજૂ કરીને કચ્છી પ્રજાને વાસ્તવિક પરિસ્થિતિથી વાકેફ કરવા માટે હાર્દિક ધન્યવાદ. આપના પ્રયત્નો સફળ રહે એવી શુભેચ્છા.

***કિશોર જે. શાહ - ભુજ***

★

### આપણે ત્યાં આવું બની શકે ખરું?

ગુજરાતના એક મંદિરમાં ભગવાનની મૂર્તિને ચડાવાતા દાગીના અને જરઝવેરાતનું પૂજારી ઉપર વિશ્વાસ મૂકતા ગયેલા ટ્રસ્ટીઓને પસ્તાવાનો વારો આવ્યો છે. દાગીના ચડાવવા ઉતારવાનો સંપૂર્ણ વહીવટ એકલા હાથે સોંપી દેવાયો. તેમાંથી તેને લલચામણી લાલચની હાય લાગી અને ધીમે ધીમે અસલીની જગ્યાએ નકલી

Aristo™
STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

દાગીના ચડાવાતા ગયા અને અસલી સાચા દાગીના ઘર કરી ગયા.

ટ્રસ્ટીઓ કે અધિકારીઓ બદલાતાં આ વાત પ્રકાશમાં આવી. સીસીટીવી કેમેરાથી પણ ટ્રસ્ટીઓએ ચકાસી જોતાં, સીસીટીવી કેમેરા પણ તેની મર્યાદામાં મદદરૂપ બન્યું.

અન્યત્ર એક મંદિરમાં ટ્રસ્ટી મહાશયની દાનત બગડી અને ત્યાં પણ લગભગ આવું જ કંઈક થયું. ત્યારે આપણે સૌ કોઈ સજાગ થઈ જઈએ.

આજે દેશાવરોમાં આપણી સૌ કોઈની અવરજવર ઓછી થઈ ગઈ છે. પૂજારી કે એકાદ ટ્રસ્ટીના ભરોસે બધાય વહીવટ હોતાં, કોઈને ખબર નહીં પડે અને જ્યારે ખબર પડશે ત્યાં સુધી લાખોની ઝવેરાત છૂમંતર થઈ ગઈ હશે.

આપણા સૌ કોઈ દેરાસરોમાં નવેસરથી ચાંદીના વાસણો, જરઝવેરાત, રોકડ અને દસ્તાવેજો વગેરે સ્ટોક ઉપરાંત જાળવણી અને તેના વહીવટ અંગેના નીતિ નિયમો ઘડી કાઢીએ અને તેની કડક અમલ બજવણી બાબત ચોક્સાઈ રાખીએ તો?

બોલીના બાકી પૈસા અંગે ખાસ લખવાનું કે આજે લખેલું વંચાય અને તેને ડોક્યુમેન્ટરી પ્રુફ તરીકે જરૂર પડે ત્યાં રજૂ કરી શકાય.

તે માટે એક સ્ટાન્ડર્ડ ફોર્મ, જેમાં કોણ બોલી બોલ્યા અને કેટલી રકમ, કેટલા મણ, કયો પ્રસંગ, તારીખ - વાર, સમય, બોલી બોલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર જેવી વિગતો અને સાથે એક સાક્ષીની સહી બોલી બોલનારની સહી, પૂજારી / ટ્રસ્ટીની સહી વગેરે બાબતોને આમેજ કરી શકાય.

આજના કલિયુગમાં જરાય બેધ્યાન બન્યા તો આવી જ બન્યું! થોડીસી ગફલત આપણાં દેરાસરોને લાખોના નુકસાનમાં નાખી શકે.

ઉપરાંત પૂજન, અનુષ્ઠાન, પૂજા, વ્યવહાર કે પર્યુષણ પર્વના દિવસોમાં તિજોરીમાંથી જરઝવેરાત કાઢવા - મૂકવા વખતે બે જણાંની સહી સાથેનું પેપર વર્ક, રજિસ્ટર એન્ટ્રી વગેરે રોજબરોજની કામગીરી જવાબદારીપૂર્વક સ્વીકારાય તો યોગ્ય કહેવાય?

*કુલીનકાંત ચાંપશી લુઢિયા - મુલુંડ (વેસ્ટ), મુંબઈ*
*મો. ૯૮૨૦૦ ૩૯૪૬૯*

☺ *ચંપા (પ્રેમીને) : તમે તો કામમાં બહુ જ બિઝી રહ્યા કરો છો.*

*છગન : ના ચંપા, એવું નથી.*

*ચંપા : તમે મારી જરા પણ પરવા કરતા નથી.*

*છગન : ના ચંપા, એવું જરાય નથી. એક વાત સાંભળ, પ્રેમ કરનાર, ક્યારેય દુનિયાની પરવા કરતા નથી.*

## બિલ ગેટ્સના નિયમો

- ★ જીવનની તકલીફોથી ટેવાઈ જાઓ.
- ★ વિશ્વને તમારા કામથી જ મતલબ છે, વિચારોથી નહીં.
- ★ તમારે જીવનમાં જે જોઈતું હોય તેને દિવસ અને કલાકોમાં વિભાજિત કરીને કામે લાગી જાઓ.
- ★ પ્રયત્નો કરતા રહેવામાં કોઈ શરમ નથી.
- ★ તમારી ભૂલો માટે કોઈને દોષ આપવાને બદલે તેના કારણો શોધો.
- ★ તમારા મા-બાપ તમારા ખર્ચ ઉઠાવી ઉઠાવીને થાકી ગયા છે તે હકીકત બને તેટલી વહેલી સમજી લો.
- ★ કોઈ તક ફરી મળતી નથી પરંતુ નવી તકો જરૂર મળે છે.
- ★ જીવન કદી ધોરણો પ્રમાણે તમને પાસ કરીને આગળ જઈ શકતું નથી અહીં વેકેશન પણ હોતા નથી.
- ★ ટી.વી., ફિલ્મો અને નવલકથાઓમાં દેખાડાતા માનવીઓથી કોઈ જ પ્રેરણા ન લેશો.
- ★ સફળતા માટે ધ્યેય નક્કી કરીને સતત કામ કરતા રહો.
- ★ તમને ન ગમતા માનવી સાથે પણ સૌજન્યથી વર્તો. શી ખબર તેની સાથે જ કામ કરવાના દિવસો આવી જાય. ■

## દમ લગા કે હૈસા....

જીવન જીવવું અને એમાં સફળતા મેળવવી બહુ અઘરી છે. એમાંય ખાસ કરીને જ્યારે તમે જીવનમાં આગળ વધી રહ્યા હો, સફળતાના શિખરો સર કરવા માટે પગથિયા ચડતાં હો ત્યારે એવા વિઘ્નસંતોષી માણસો પણ તમને મળશે, જે તમને તોડવાનો પ્રયત્ન કરશે. તમને ગભરાવશે, તમને ડરાવશે, તમને નીચે ને નીચે ખેંચવાનો પ્રયત્ન કરશે. જો તમે એની વાત કાને ધરશો તો જીવન બરબાદ કરી બેસશો. પણ જો તમે એવા ઈર્ષ્યાળુ લોકોની વાતની અવગણના કરશો તો જીતી જશો. કામચોર અને બીજાના સુખે દુઃખી થતાં બેકાર લોકો સાથે લડવા માટે તમારે એમના જેટલા નીચે ઉતરવું પડે છે. એ લોકો એવું જ ઈચ્છતા હોય છે. અને એટલે જ તમને નીચે ખેંચવાનો પ્રયત્ન કરતા હોય છે. આવા લોકો "દમ લગા કે હૈસા..."ના નારા સાથે હંમેશાં બીજાને પાડી દેવા જ રચ્યાપચ્યા રહેતા હોય છે. જેથી તમે એમનામાંના એક બની જાઓ. માટે આવા લોકોની વાત બિલકુલ કાને ના ધરશો.

તમે તમારી રીતે જ જીવન જીવો. આવા લોકો તમને ખેંચીને નીચે પાડી દે એવું ના થવા દેશો. તો જ જીવનમાં સફળ થશો. ■

**Meera Marketing**

**Mfg. Exporters & Suppliers of Stainless Steel & Aluminium Utensils**
**Specialised in Manufacture of Items of Specific Requirements of Exporters & Institutions**

30/2nd Panjrapole Lane, C.P. Tank, Mumbai-400 004. INDIA
Tel. : +91-22-22425857, 22421830 Fax : 91-22-22423281
email id : meeramkt@gmail.com

# અન્ય સંસ્થાઓના સમાચાર

## ફંડ રેઇઝિંગ પ્રોગ્રામ નિમિત્તે
## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન

પોતાની પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવા શ્રી કચ્છી સમાજ - અમદાવાદે ચાલુ વર્ષ દરમ્યાન ૧૦ જેટલી વિવિધ સમિતિઓનું ગઠબંધન કરેલ છે અને જરૂરિયાત અનુસારની હજુ પણ નવી સમિતિઓના ગઠબંધનની વિચારણા ચાલુ છે.

આ સમિતિઓ દ્વારા સામાજિક ઉત્કર્ષના વિવિધ કાર્યક્રમો હાથ પર લેવાની ગણના રાખવામાં આવેલ છે. તેના અનુસંધાને સામાજિક પ્રવૃત્તિઓનો વ્યાપ સારા એવા પ્રમાણમાં વધારી શકાશે. આ કાર્યોના અમલીકરણ માટે સ્વાભાવિકપણે તેને થોડા ફંડની આવશ્યક્તા રહે. જરૂરી ફંડની આવશ્યક્તાના અનુસંધાને તે એક ફંડ રેઇઝિંગ કાર્યક્રમ દ્વારા આપશ્રી સમક્ષ ઉપસ્થિત થઈ રહેલ છે. આશા રાખવામાં આવે છે કે તેને આપશ્રીનો સંપૂર્ણ સહકાર પ્રાપ્ત થઈ શકશે.

અમદાવાદ - ગાંધીનગર સ્થિત વિવિધ કચ્છી ઘટક સમાજના યુવા - યુવતીઓના વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમોની વિવિધ આઈટમો દ્વારા આ કાર્યક્રમ રજૂ કરવામાં આવનાર છે. તેના અનુસંધાને રવિવાર, તા. ૧૯-૧૦-૨૦૧૪ના સાંજના ૩.૦૦થી ૬.૦૦ના શો માટે અમદાવાદનું ટાઉનહોલ બુક કરાવી લેવામાં આવેલ છે.

ગરબા, રાસ, વિવિધ પ્રકારના ડાન્સ (સોલો તેમજ ગ્રુપ), નૃત્ય નાટિકા, નાટિકા, ગીત, ફેશન શો વગેરે પ્રકારની વિવિધ આઈટમો આ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા રજૂ કરી શકાશે. લગભગ ૨.૩૦ કલાકના આ કાર્યક્રમના આયોજનમાં વિવિધ ઘટક સમાજ અને તેના સંસ્થાઓના યુવક - યુવતીઓને આ કાર્યક્રમમાં ભાગ લેવા આમંત્રિત કરવામાં આવે છે. આઈટમોની રજૂઆત જેઓ કરવા માંગતા હોય તેઓને નીચેની વ્યક્તિઓનો સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં દરેક વિભાગોમાં ઈનામ / ઍવોર્ડસ રાખવામાં આવશે.

| | | |
|---|---|---|
| *ભરત ઓઝા* | *માનદ્ મંત્રી* | *૯૮૨૫૭ ૧૪૮૩૩* |
| *હિમાંશુ ઠક્કર* | *ટ્રસ્ટી* | *૯૮૭૯૩ ૦૧૦૦૪* |
| *કૈલાસદાન ગઢવી* | *પૂર્વ પ્રમુખ અને ટ્રસ્ટી* | *૯૮૨૫૩ ૨૫૧૪૫* |
| *વર્ષાબેન મહેતા (ગાંધીનગર)* | *કારોબારી સભ્ય* | *૯૪૨૮૦ ૪૯૦૦૮* |

ઉપરોક્ત કાર્યક્રમનો મુખ્ય હેતુ ફંડ રેઈઝ કરવાનો હોવાથી જ્યારે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના કાર્યકરો આપની સમક્ષ જરૂરી પાસ લઈને ઉપસ્થિત થાય ત્યારે તેઓને સહકાર આપવા ખાસ અપીલ કરવામાં આવે છે. રૂા. ૨૫૦૦/-, રૂા. ૧૫૦૦/-, રૂા. ૧,૦૦૦/-, રૂા. ૭૫૦/- અને રૂા. ૫૦૦/-ના ડોનેશન્સ સામે યોગ્ય પાસનું વિતરણ કરવામાં આવશે.

અમદાવાદ - ગાંધીનગર સ્થિત દરેક કચ્છી પરિવારને શ્રી કચ્છી સમાજ - અમદાવાદના આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લેવા અપીલ કરવામાં આવે છે.

*ભરત ઓઝા*
*માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ*

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### અષાઢી બીજ સ્નેહમિલન અહેવાલ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા અષાઢી બીજ ઉજવણી નિમિત્તે ૯, જુલાઈ, ૨૦૧૪ના રોજ, વાર્ષિક સ્નેહ મિલનનો ભવ્ય કાર્યક્રમ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં સંપન્ન થયો.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અગ્રણી શ્રેષ્ઠીશ્રી શાંતિભાઈ ગાલાના અધ્યક્ષપદે આયોજિત આ કાર્યક્રમ, કચ્છી પરિવારોના અંદાજે ૭૦૦થી વધુ સભ્યો તેમજ માનવંતા આમંત્રિતો, તાજેતરમાં ચૂંટાયેલા કચ્છનું પ્રતિનિધિત્વ કરતા, ગુજરાત વિધાનસભાના ધારાસભ્યો તેમજ કચ્છમાંથી પધારેલ વિશિષ્ટ આમંત્રિતોએ સાથે મળીને સ્નેહ મિલનનો ભરપૂર આનંદ માણ્યો હતો.

આ કાર્યક્રમની શરૂઆતમાં ગીત-સંગીત અને નૃત્યોની સુંદર રજૂઆત કરવામાં આવી હતી.

ગીત-સંગીતના કાર્યક્રમ બાદ માંડવી વિભાગના ધારાસભ્ય તેમજ રાજ્યમંત્રી શ્રી તારાચંદ છેડા, અબડાસા વિભાગના ધારાસભ્ય શ્રી શક્તિસિંહ ગોહીલ, રાપર વિભાગના ધારાસભ્ય શ્રી પંકજ મહેતા તેમજ ગાંધીધામ વિભાગના ધારાસભ્ય શ્રી રમેશભાઈ મહેશ્વરીનું કચ્છી સમાજ - અમદાવાદના આગેવાનો દ્વારા સ્વાગત તેમજ બહુમાન કરવામાં આવ્યું હતું.

સન્માનના પ્રતિભાવમાં મંત્રીશ્રી તારાચંદ છેડાએ અમદાવાદમાં વસતા કચ્છીઓનો 'વતનપ્રેમ' બિરદાવ્યો. તેઓશ્રીએ કહ્યું કે અહીં વસતા કોઈ પણ કચ્છીઓ માટે એમના ગાંધીનગરના સત્તાવાર નિવાસ સ્થાને 'કચ્છી ભવન'ના બારણા સદૈવ ખુલ્લા છે.

મંત્રીશ્રીના ઉદ્‌બોધન અગાઉ માનવંતા મહેમાનોને આવકારતાં શ્રી કચ્છી સમાજ - અમદાવાદના વર્તમાન પ્રમુખ શ્રી અશોક મહેતાએ કચ્છી સમાજ - અમદાવાદની સ્થાપનાથી લઈને વર્તમાન સુધીનો ઈતિહાસ પ્રસ્તુત કર્યો. કચ્છી સમાજની પ્રવૃત્તિઓ ઉલ્લેખતાં તેઓશ્રીએ ભાવિ આયોજનમાં કચ્છથી આવતી વિદ્યાર્થીનીઓ માટે અમદાવાદમાં હોસ્ટેલ વ્યવસ્થા, કચ્છથી આવતા દર્દીઓ માટે મેડિકલ - માર્ગદર્શન સુવિધા અને વ્યવસાયલક્ષી માહિતી પ્રસારણ વ્યવસ્થા વિકસાવવાના સંકેત આપ્યા.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની તાજેતરમાં સ્થાપિત 'વેબસાઈટ'નું શ્રી વી.આર. ગોપાણીના હસ્તે લોકાર્પણ થયું. જ્યારે આ વેબસાઈટ અંગેની તમામ વિગતો શ્રી હિમાંશુ ઠક્કરે આપી હતી.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી ભાઈલાલભાઈ પટેલે કાર્યક્રમના અધ્યક્ષ વતી શ્રી શાંતિલાલ ગાલાનું એમનું અધ્યક્ષીય પ્રવચનનું વાંચન કર્યું.

આ કાર્યક્રમમાં સંસ્થાના આમંત્રણને માન આપીને અનેક મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

*— હંસરાજ કંસારા*

## BMC બેંકના સ્થાપક ચેરમેન શ્રી મહેન્દ્ર મોરબિયાને મળેલો લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ

ધી ભુજ મર્કેન્ટાઈલ કો.ઓ. બેંકના ડિપોઝિટર્સ માટે છેલ્લા બે વર્ષથી ઉમદા કામગીરી કરવા બદલ બેંકના ફાઉન્ડર ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ મોરબિયાને તાજેતરમાં ન્યુ દિલ્હી ખાતે CSR Times Group અને ઈન્ડિયન એચિવર્સ ફોરમ દ્વારા યોજાયેલા સમારંભમાં લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

આ એવોર્ડ તેમણે તેમના સાથી મહાનુભાવો અને સમર્થકોને અર્પણ કર્યો હતો.




*CSR Times અને IAF - New Delhi દ્વારા આયોજિત સમારંભમાં લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી ભુજ મર્કેન્ટાઈલ બેંકના ફાઉન્ડર ચેરમેન શ્રી મહેન્દ્ર મોરબિયાને એવોર્ડ અર્પણ કરતાં જ્યુરી ચેરમેન દિલ્હી હાઈકોર્ટના માજી જસ્ટિસ શ્રી MAS સિદ્દીક્કી તથા શ્રી શક્તિ સિન્હા, IAS અને CSR Timesના એક્ઝિક્યુટિવ એડિટર અને IAF, New Delhi ના ચેરમેન ડૉ. સિધ્ધાર્થ દાસગુપ્તા.*

## શ્રી કચ્છી જૈન સમાજ - વાપી

### કચ્છી નવા વર્ષની ઉજવણી

શ્રી કચ્છી જૈન સમાજ - વાપી દ્વારા અષાઢી બીજ કચ્છી નવા વર્ષ નિમિત્તે સમાજ પરિવારજનોનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ છેડાએ પોતાના પ્રવચનમાં સ્થાનિક ચારે સમાજના પધારેલા સૌ ભાઈ-બહેનોનું હાર્દિક સ્વાગત કરી આવકાર આપેલ. મોટાભાગના લોકો કચ્છી ડ્રેસ કોડમાં ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે સમાજના જ કલાકારો દ્વારા તૈયાર થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ. જેમાં કચ્છી રાસ, સમૂહ નૃત્ય, ફેશન શો, નાટક વગેરેની રજૂઆતથી પ્રેક્ષકો ખૂબ પ્રભાવિત થયા હતા. કાર્યક્રમ દરમ્યાન સમાજના સ્થાપક શ્રી અમૃતલાલભાઈ ધરમશી ગાલાની અવિરત સામાજિક સેવાઓ બદલ તેમનું ઉચિત સન્માન પણ કરવામાં આવ્યું હતું. વાપી, સિલ્વાસા, દમણ જેવા સ્થળોએથી પધારેલા ભાઈ-બહેનોની હાજરી ખાસ ધ્યાનાકર્ષક હતી.

## અભિનંદન



મુંબઈ સ્થિત એડવોકેટ શ્રી શશાંકભાઈ અને શ્રીમતી પૂનમબેનના પુત્ર ચિ. મૌલિકે આઈ.સી.એસ.ઈ. ધોરણ-૧૦ની પરીક્ષામાં ૯૮.૪ ટકા (બેસ્ટ ઑફ ફાઈવ) મેળવીને મહારાષ્ટ્ર રાજ્યમાં પ્રથમ અને રાષ્ટ્રીય કક્ષાએ બીજો ક્રમાંક પ્રાપ્ત કરીને ઝળહળતી સિધ્ધિ હાંસલ કરી છે.

ચિ. મૌલિકને ખૂબ ખૂબ અભિનંદન અને કારકિર્દી ક્ષેત્રે ઉચ્ચત્તમ શિખરો સર થતા રહે તેવી શુભેચ્છા.

## ડો. કુમારપાળ દેસાઈને ઇમેરિટ્સનું વિશિષ્ટ સન્માન

ગુજરાતના પ્રસિદ્ધ સાહિત્યકાર અને જૈન દર્શનના આંતરરાષ્ટ્રીય વિદ્વાન પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ અત્યાર સુધીમાં જૈન ધર્મ વિશેના ગુજરાતી, હિંદી અને અંગ્રેજીમાં કુલ એંસી ગ્રંથો લખ્યા છે. દેશ-વિદેશમાં જૈન ધર્મ વિશે વ્યાખ્યાનો આપનાર કુમારપાળ દેસાઈના માર્ગદર્શન હેઠળ વીસ વિદ્યાર્થીઓએ મહાનિબંધ લખીને પીએચ.ડી.ની પદવી મેળવી છે. જેમાં સાધુ-સાધ્વીજીઓનો પણ સમાવેશ થાય છે.

તાજેતરમાં રાજસ્થાનના લાડનૂમાં આવેલી જૈન વિશ્વભારતી સંસ્થાએ ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ડીન શ્રી કુમારપાળ દેસાઈને એક વિશિષ્ટ સન્માન આપ્યું છે. જૈન વિશ્વભારતી ઈન્સ્ટિટ્યૂટ સમગ્ર વિશ્વમાં જૈન દર્શનનો વિસ્તૃત અભ્યાસ કરાવતી એકમાત્ર સંસ્થા છે. એના જૈનોલોજી ડિપાર્ટમેન્ટમાં પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની પ્રોફેસર ઈમિરેટ્સ તરીકે નિમણૂક કરવામાં આવી છે અને જૈન વિશ્વભારતીના જૈન ફિલોસોફીના ઈતિહાસના મેગા પ્રોજેક્ટમાં તેઓની સેવાઓ લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. જૈન વિશ્વ ભારતીમાં આવું પદ પામનાર તેઓ ગુજરાતના સૌપ્રથમ વિદ્વાન છે.

***'મંગલ મંદિર' પરિવારના ડૉ. કુમારપાળ દેસાઈને ખૂબ ખૂબ અભિનંદન.***

*જે જે કામ કરવાથી આત્માને આનંદ થાય તે તે કામ પ્રયત્નપૂર્વક કરો અને બાકીનાં કામ છોડી દો.*

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

(૧) થોડા સમય પહેલાં મહારાષ્ટ્ર વિધાનસભામાં ખુદ સ્ત્રી બાળ કલ્યાણ ખાતાના મંત્રીશ્રીએ જણાવ્યું કે છેલ્લા ૫ મહિનામાં, રાજ્યની અંદર પોષણ અને તબીબી સારવારના અભાવે ૨૦૦ કરતાં પણ વધારે બાળકોનાં મરણ થયા છે.
*(દિવ્ય ભાસ્કર, તા. ૧૧-૬-૧૪)*

(૨) લાલ રંગના દુશ્મન એવા બંગાળના મુખ્યમંત્રીને સફેદ અને વાદળી રંગ ગમે છે. તેથી કલકત્તા મ્યુનિસિપાલિટીએ એક નવી સ્કીમ અમલમાં મૂકી છે કે જે લોકો પોતાના ઘર કે ઓફિસ - દુકાનને સફેદ અથવા વાદળી રંગે રંગશે તેને તે વર્ષના પ્રોપર્ટી ટેક્ષમાંથી મુક્તિ મળશે!
*(સંદેશ, તા. ૧૨-૬-૧૪)*

(૩) હરિયાણા રાજ્યમાં યુવાન છોકરાઓ કરતાં છોકરીઓની સંખ્યા ઘણી ઓછી છે. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી દરમ્યાન ત્યાં 'કુંવારા યુનિયન' નામની સંસ્થાએ સૂત્ર બનાવ્યું હતું કે 'બહુ દિલાઓ, વોટ પાઓ!'
*(અભિયાન, તા. ૫-૪-૧૪)*

(૪) વર્લ્ડ રિસોર્સિસ રિપોર્ટ મુજબ વિશ્વના ૧૨૨ દેશોમાંથી એકઠા કરવામાં આવેલા પાણીના નમૂનાઓમાં ગુણવત્તાની દૃષ્ટિએ ભારતનો ક્રમ ૧૨૦મો હતો! એનું કારણ ભારોભાર ગંદકી અને પ્રદૂષણ. *(ચિત્રલેખા, તા. ૨૩-૬-૧૪)*

(૫) લખનૌમાં રહેતાં મનોજસિંહની પુત્રી માહીએ માત્ર સાત જ વર્ષની ઉંમરે 'તાઈક્વાન્ડો' (દક્ષિણ કોરિયાની કરાટેના જેવી જ એક યુધ્ધકળા)માં બ્લેક બેલ્ટ મેળવી હવે તે ચેમ્પીયનશીપ હરીફાઈમાં ભાગ લેવા દ.કોરિયા જવાની છે.
*(સાંવરી, તા. ૧૬-૧૧-૧૩)*

(૬) માયાવતીની બહુજન સમાજ પાર્ટી (બી.એસ.પી.)ને આ વખતની લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાંથી સૌથી વધારે મત ૨૧,૨૩૦ જેટલા મત, કચ્છમાંથી મળેલ છે.
*(દલિત અધિકાર, તા. ૧-૬-૨૦૧૪)*

(૭) દક્ષિણ ભારતમાં 'The Hindu' અખબાર ખૂબ જાણીતું છે. એ અખબારના સંચાલક મંડળે અખબારના ભોજન માટેના ડાઈનિંગ હોલમાં માંસાહારી વાનગીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. *(સાધના, તા. ૭-૬-૧૪)*

(૮) ગ્લાયફોઝેટ એક ઝેરી રસાયણ છે જેની મોટામાં મોટી ઉત્પાદક કંપની મોન્સાન્ટો છે. અમેરિકાના માતાઓના સંગઠન 'Moms Across America' દ્વારા થયેલ સંશોધન મુજબ માતાના ધાવણમાં ગ્લાયફોઝેટની માત્રા પીવાના પાણીમાંના ધોરણો કરતાં પણ ૭૬૦થી ૧૬૦૦ ગણી માત્રામાં મળેલ છે. *(ભૂમિપુત્ર, તા. ૧-૬-૧૪)*

(૯) ગુજરાતના નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના સામોટ ગામના છેવાડાના ઘરમાં રહેતા ઈશ્વરભાઈ વસાવાના ઘરનું આગળનું બારણું ગુજરાતની હદમાં પડે છે અને પાછળનો દરવાજો મહારાષ્ટ્રની હદમાં ખૂલે છે.
*(અભિયાન, તા. ૧૯-૪-૧૪)*

(૧૦) ગુજરાતના વડનગર તાલુકાના કેસીક્યા ગામના સરપંચ તરફથી ગામમાં પ્રવેશ કરનાર માટે ગામને નાકે એક બોર્ડ મૂકવામાં આવેલ છે કે "બહારગામથી આવનાર ફેરિયા, સેલ્સમેન તથા એજન્ટોએ ગામમાં પ્રવેશતાં પહેલાં સરપંચશ્રીની પરમીશન લેવી." *(અભિયાન, તા. ૧૯-૪-૧૪)*

(૧૧) ચીનના શી પિંગ નામના માણસ પાસે ચાર લાખને સાંઈઠ હજાર મધમાખી છે. આ મધમાખીઓને શી પિંગે એવી તાલીમ આપી છે કે પિંગ કહે ત્યારે તેના શરીર પર આવીને બેસી જાય અને કહે ત્યારે જતી રહે.
*(અભિયાન, તા. ૨૬-૪-૧૪)*

(૧૨) છત્તીસગઢના ગૌરખુરી ગામમાં ધોરણ એકથી પાંચ સુધીની શાળા છે. આ શાળામાં ૨૫ વિદ્યાર્થીઓ ભણવા આવે છે પણ શાળામાં કોઈ શિક્ષક જ નથી. ગામલોકોએ બ્લોક એજ્યુકેશન ઓફિસર પાસે ફરિયાદ કરી. ઓફિસરે શાળાના ટોઈલેટની સફાઈ કરવા આવતા રવિકુમારને હુકમ કર્યો કે તે હવે વિદ્યાર્થીઓને ભણાવશે. *(અભિયાન, તા. ૨૬-૪-૧૪)*

(૧૩) તામિલનાડુના કિલ્વેન શહેરમાં ૪૨ દલિત શ્રમજીવીઓને જીવતા સળગાવી મૂકેલા. આ કેસમાં મદ્રાસ હાઈકોર્ટ દ્વારા એવો અદ્ભુત જજમેન્ટ આપવામાં આવ્યો કે આવા કારધારકો હોય એવો કોઈ જમીનદાર આવો કાંડ કરે જ નહિ! એટલે બધા આરોપીઓને છોડી મૂકવામાં આવ્યા.
*(દલિત અધિકાર, તા. ૧૬-૬-૧૪)*

(૧૪) વોશિંગ્ટન ટાઈમ્સ - અમેરિકાના એક અહેવાલમાં જણાવવામાં આવેલ છે કે છેલ્લા ચાર વર્ષમાં ઈસ્લામી કટ્ટરવાદી જૂથોની સંખ્યામાં ૬૦ ટકા જેટલો વધારો થયો છે તથા અલ કાયદા અને અન્ય જુથો દ્વારા થતા હુમલાઓની સંખ્યામાં ૩૦૦ ટકાનો વધારો થયો છે.
*(સાધના, તા. ૧૪-૬-૧૪)*

(૧૫) એક એન.જી.ઓ. દ્વારા કરવામાં આવેલ આર.ટી.આઈ.ના જવાબમાં જણાવવામાં આવેલ છે કે આ વર્ષના જાન્યુઆરી માસથી અત્યાર સુધીમાં કાશ્મીરમાં ત્રાસવાદીઓ સાથેની લડાઈમાં ૧૫ જવાનો શહીદ થયા છે. જ્યારે તેની સામે આત્મહત્યાને કારણે ૨૫ જવાનોનાં મોત થયા છે.
*(સાધના, તા. ૧૪-૬-૧૪)*

*સફળતાની વાતો કરવા કરતાં કામ કરીને નિષ્ફળ જવું લાખ દરજ્જે સારું છે.*

(૧૬) જોધપુરની એમ.ડી.એચ. હોસ્પિટલમાં ૩૦૦થી વધારે દર્દીઓને જાનવરો માટેનું ઈન્જેક્શન આપવામાં આવેલ છે. (દરેક ઈન્જેક્શન પર લખેલું હતું કે 'આ ઈન્જેક્શન માનવો માટે નથી.') ***(નવગુજરાત સમય, તા. ૨૫-૬-૧૪)***

(૧૭) વિશ્વ આરોગ્ય સંગઠને હમણાં ૨૦૧૨ માટેના આંકડા બહાર પાડ્યા છે. એ મુજબ એ વર્ષ દરમ્યાન આશરે ૩૩ લાખ લોકો દારૂ પીવાના કારણે થતી બીમારીઓથી મૃત્યુ પામ્યા છે. ***(ચિત્રલેખા, તા. ૭-૭-૧૪)***

(૧૮) ***નાગાલેન્ડનું 'ગરિફેસા' નામનું એક ગામ સંપૂર્ણ નશામુક્ત બની ગયેલ છે. ગામમાં એક પણ વ્યક્તિ તમાકુ કે દારૂનો નશો કરતી નથી.*** ***(સાધના, તા. ૨૮-૬-૧૪)***

(૧૯) અમદાવાદના કેન્સર સ્પેશિયાલિસ્ટ ડૉ. કૌસ્તુભ પટેલે જણાવ્યું છે કે આખા દેશમાં ૨૭ કરોડ લોકો તમાકુનું સેવન કરે છે. તે પૈકી ગુજરાતમાં એક કરોડ ત્રીસ લાખ લોકો કેન્સર પીડિત છે. ***(લોક સ્વરાજ, જુલાઈ ૨૦૧૪)***

(૨૦) ***તાજેતરમાં જ બ્રિટનની સંસદમાં જનતાને તેના ચૂંટાયેલા સાંસદને પરત બોલાવી શકવાના અધિકારનો ઐતિહાસિક અધિકાર આપતા કાયદાને મંજૂરી આપી દીધી છે.*** ***(સાધના, તા. ૫-૭-૧૪)***

# જાણવા જેવું

***સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)***

★ સીરિયાનું દમાસ્કસ શહેર વિશ્વનું સૌથી જૂનું શહેર છે. ઈ.સ. પૂર્વે રોમ પહેલાં વસેલું આ શહેર આજે પણ સમૃધ્ધ છે.

★ યુરોપ એકમાત્ર એવો ખંડ છે કે જ્યાં એક પણ રણ નથી.

★ પેસિફીક સમુદ્રમાં વિશ્વના પાણીનો ૪૬ ટકા હિસ્સો આવેલો છે. એટલાન્ટિકામાં ૨૩ ટકા અને હિંદ મહાસાગરમાં ૨૦.૩ ટકા જથ્થો સમાયેલો છે.

★ ચીનના સીયુઆન પ્રાંતનું વેનયુઆન શહેર દરિયાની સપાટીથી ૧૬,૭૩૦ ફૂટની ઊંચાઈએ વિશ્વનું સૌથી ઊંચું શહેર છે.

★ વિશ્વની સૌથી લાંબી રેલવે લાઈન ટ્રાન્સ સાઈબીરિયન ૯૨૮૮ કિલોમીટર લાંબી છે. તે ૮ ટાઈમ ઝોનમાંથી પસાર થાય છે.

★ કેલિફોર્નિયાના સાનડિયેગો ઝુ માં વિશ્વમાં સૌથી વધુ ૩૭૦૦ પ્રાણીઓ જોવા મળે છે.

★ વિશ્વનો સૌથી નાનો દેશ વેટિકન સીટી છે. જેમાં લગભગ ૧૦૦૦ માણસોની વસતિ છે. વેટિકનમાં જન્મનું પ્રમાણ શૂન્ય છે.

★ પૃથ્વી પર એન્ટાર્કટિકા ખંડ એવો છેકે જ્યાં માનવ વસતિ નથી.

★ આર્કટિક કે ઉત્તર ધ્રુવ પર જમીન નથી પરંતુ થીજેલો દરિયો છે.

★ એશિયા પૃથ્વી પરનો સૌથી મોટો ખંડ છે. જે ઉત્તર ધ્રુવથી ભૂમધ્ય રેખા સુધી ફેલાયેલો છે.

★ અમેરિકા ખંડનું નામ ઈટાલિયન સાહસિક અમેરિગો વેસ્પુસીના નામ ઉપરથી પડ્યા છે.

★ આફ્રિકા ખંડમાં સૌથી વધુ દેશો આવેલા છે.

★ દક્ષિણ અમેરિકાનો બ્રાઝિલ દેશ તે ખંડનો અર્ધા ઉપરાંત વિસ્તાર રોકે છે.

★ આફ્રિકામાં થતાં લેડી ઈન ધ વેઈલ નામના મશરૂમ ૨૦ મિનિટમાં ૨૦ સેન્ટીમીટર વધે છે અને તે ફૂટે ત્યારે તેનો અવાજ પણ સાંભળવા મળે છે.

★ રેડવુડ વૃક્ષના થડની છાલ એટલી મજબૂત હોય છે કે જંગલમાં આગ લાગે ત્યારે થડની અંદરનો ભાગ સળગે છે પણ છાલ સલામત રહે છે.

★ વિનય ફલાય ટ્રેન નામના છોડના ફૂલ ઉપર માખી કે પતંગિયા બેસે ત્યારે બીડાઈ જઈ તે તેનો શિકાર કરે છે. નવાઈની વાત એ છે કે આમ કરતાં પહેલાં તે લગભગ અડધો કલાક જીવડાંને રસ ચૂસવા દે છે.

★ પાઈનના વૃક્ષના મૂળ જમીનમાં ૪૮ કિ.મી. સુધી ફેલાયેલા હોય છે.

★ ગ્રીન લેન્ડમાં થતું ડ્વાર્ફ વિલો સૌથી નાનું વૃક્ષ છે. તે માત્ર બે ઈંચ ઊંચાઈ ધરાવે છે.

★ એમેઝોનના જંગલમાં થતું વોકિંગ પામ વૃક્ષ પોતાની જગ્યા બદલી શકે છે. ૭૦ ફૂટ ઊંચું આ વૃક્ષ વળીને તેની ટોચ જમીનમાં બીજે સ્થળે ખોસીને પોતાની મૂળ જગ્યા છોડી દે છે અને નવેસરથી વિકાસ પામે છે.

★ માણસ જ એવું પ્રાણી છે કે જે આંસુ સારીને રડી શકે છે.

★ આંખ પટપટાવીએ ત્યારે ૨૦૦ સ્નાયુઓનો ઉપયોગ થાય છે.

★ ફિંગર પ્રિન્ટની જેમ માણસની જીભની પ્રિન્ટ પણ અલગ અલગ હોય છે.

★ આપણી ચામડીના એક ચોરસ ઈંચ ભાગમાં ૧૩૦૦ જ્ઞાન કોષો હોય છે તેમજ પરસેવાની ૧૦૦ ગ્રંથિઓ હોય છે.

Prakash®


**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

**MFG. ST. STEEL UTENSILS**

## શબ્દ રમત-૯૬

*સંકલન : રજનીકાંત પારેખ*



શબ્દ રમત ભરનારનું નામ : ______

સરનામું : ______

______ ફોન/મો. ______

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૦-૮-૨૦૧૪)*

### આડી ચાવીઓ

૧. રેકેટ વડે રમવામાં આવતી એક રમત (૫)
૪. પરદેશ, યુરોપના લોકોનો દેશ (૪)
૭. ગુલાબનું અંગ્રેજી (૨)
૮. ભારતનું ઉત્તર દિશામાં આવેલું સુરક્ષા કવચ (૪)
૧૦. રન્નાદે ને તેડવા જવારા કરવા, જગ્યા (૨)
૧૧. માછલી, બારમી રાશિ (૨)
૧૨. શીતળા........... (૩)
૧૩. .... તેમ અવ્યવસ્થિત; કેરી (૨)
૧૪. 'કલરવ' શબ્દ વિખરાયેલો છે (૪)
૧૫. સૌરાષ્ટ્રમાં થતી તેલ બીની એક સીંગ (૪)
૧૬. તક સાધી લેવાની વૃત્તિવાળું (૪)
૧૭. છોકરીનું ઓઢવા-પહેરવાનું વસ્ત્ર (૩)
૧૮. નોકર, સેવક (૨)
૨૦. મક્કમ, ડગે નહિ તેવું (૩)
૨૧. એક બેઠક જેમાં એક સંખ્યા છૂપાયેલી છે (૪)
૨૩. અહીં 'કાર' ઊલટી પડી છે (૨)
૨૪. ૧૩ + ૧૧ માત્રાવાળો એક છંદ (૩)
૨૬. દલાલ, આડતિયો (૪)
૨૯. ચામડીનો એક રોગ (૩)
૩૧. .... કપાઈ જવું, આબરૂ જવી (૨)
૩૨. પગથી માથા સુધી (૪)
૩૩. પાણી જવાનો રસ્તો, ધારિયો (૨)
૩૬. યંત્ર (અંગ્રેજી) (૩)
૩૭. એક પ્રખ્યાત સખાવતી આરબ (૫)
૩૮. ભક્તિ ગીત, ભૂખ્યા પેટે ..... ન થાય (૩)

### ઊભી ચાવીઓ

૧. હવાનું દબાણ માપવાનું યંત્ર (૫)
૨. બારનો સમૂહ (૩)
૩. નહિ તો, ધમકીપત્રમાં વપરાતો શબ્દ (૪)
૪. વસિયતનામું (અં.) (૨)
૫. યોગ્ય પાત્ર, બંધબેસતું (૩)
૬. શરીર, અવયવ (૨)
૯. વહીવટદાર, તાલુકા અમલદાર (૫)
૧૦. જમરૂખ (૪)
૧૨. સફાઈ કરવાનું એક સાધન (૪)
૧૩. અગ્નિ (૨)
૧૫. ગળ્યું, પ્રિય, સુંદર, મીઠું (૩)
૧૭. અન્ન તેવો ..... (૪)
૧૯. હયાતિ, હસ્તી (૨)
૨૦. અભિલાષા, ઈચ્છા (૪)
૨૧. ખેતરમાં પશુ પક્ષીને બીવડાવવા કરેલો એક આકાર (૩)
૨૨. દિવસ (૨)
૨૪. પાપ કરવાથી અહીં વાસ થાય, નરક, દુઃખથી ભરપૂર કોઈ જગ્યા (૩)
૨૫. ડાયરી, વાસરિકા (૪)
૨૬. આબરૂ, આદર, તોલમાપ, પરિમેય (૨)
૨૭. નાશ પામેલું, પાયમાલ (૨)
૨૮. નિયમ વગેરેમાંથી છટકવાની યુક્તિ (૪)
૨૯. દુઃખ, ખોટું, ન ગમતું (૨)
૩૦. ઢગલો, ગણિતનો આંકડો (૨)
૩૨. નવીનતા, અચરજ (૩)
૩૪. સોનું, ધનદૌલત, ધતૂરો (૩)
૩૫. માઘ, માહ મહિનો, મોટું (૨)
૩૬. અંતઃકરણ, દિલ, ઈચ્છા, મરજી (૨)

JNK Lifters Pvt. Ltd.
Kunal Gala - Director
Cel : +91 9833118836
Jayantilal Gala - Director
Cel : +91 9821070747
302, Godrej Coliseum, 3rd Floor, Somaiya Hospital Road, Off Eastern Express Highway, Sion (E), Mumbai-400 022.
Tel. : (022) 24013311 • Fax : (022) 24013322
E-mail : info@jnklifters.com • Web : www.jnklifters.com

॥ શ્રી મહાવીરાય નમઃ ॥

# શ્રી કાનજી શિવજી ઓસવાળ જૈન બોર્ડિંગ હાઉસ (ગુરૂકુળ)

રજિ. નંબર : એ-૧૬૪ ● સ્થાપના : ૧૯૨૨

કાર્યાલય : જિલ્લા પેઠ, બી.એસ.એન.એલ. ઓફિસની પાસે, જલગાંવ, મહારાષ્ટ્ર-૪૨૫ ૦૦૧.

**અધ્યક્ષ : શ્રી દલિચંદજી હસ્તીમલજી ચોરડિયા**
**ઉપાધ્યક્ષ : શ્રી વિજયરાજજી કપૂરચંદજી કોટેચા**
**શ્રી અનિલકુમાર કેવલચંદજી દેસડા**

**સચિવ : શ્રી પ્રદીપભાઈ જ્ઞાનચંદજી રાયસોની**
**પ્રબંધક સમિતિ અધ્યક્ષ તથા સહસચિવ :**
**શ્રી દિલીપ હસ્તીમલજી ચોપડા**

જલગાંવ (મહારાષ્ટ્ર)માં જ્યારે એક પણ કોલેજ અસ્તિત્વમાં ન હતી ત્યારે સમગ્ર જૈન જ્ઞાતિની શૈક્ષણિક પ્રવૃત્તિને પોષકરૂપ અને સંવર્ધક કહી શકાય તેવી આ અગ્રિમ હરોળની સંસ્થા શ્રી કાનજી શિવજી ઓસવાળ જૈન બોર્ડિંગ હાઉસ (ગુરૂકુળ)ની સ્થાપના આજથી ૯૨ વર્ષ અગાઉ એટલે કે વર્ષ ૧૯૨૨માં થઈ હતી. જે એક દંતકથારૂપ કહી શકાય. દાનવીર શ્રી કાનજીભાઈ શિવજી ગામ બારોઈ - કચ્છનાં છે, જે સમગ્ર કચ્છ માટે ગૌરવની વાત છે.

હાલે જલગાંવમાં વિદ્યા મેળવવા ક્ષેત્રે જુદા જુદા વિષયોની લગભગ ૧૬ જેટલી કોલેજો કાર્યરત છે અને તેનો લાભ લેનાર છાત્રોની સંખ્યા મોટા પ્રમાણમાં છે.

ઉપરોક્ત કોલેજોમાં અભ્યાસ માટે દાખલ થનારને રહેવા માટે આ સંસ્થા બોર્ડિંગની સગવડ આપે છે.

- ધોરણ-૧૧થી ઉપરના છાત્રોને આ બોર્ડિંગમાં પ્રવેશ મળશે.
- જલગાંવ સ્થિત ઉત્તર મહારાષ્ટ્ર વિદ્યાપીઠ પણ ચાલુ છે.
- ભારતભરના જૈન છાત્રો માટે ઉપરોક્ત સગવડતા ઉપલબ્ધ છે.

***પ્રવેશપાત્ર છાત્રો નીચે જણાવેલ ફોન પર સંપર્ક કરી શકે છે.***

**મેનેજર : શ્રી રમેશચંદ્ર જૈન**
**(૦૨૫૭) ૨૨૩૯૪૫૩**
**મો. ૦૯૯૭૦૦ ૩૯૮૦૮**

**કાર્યકારી સભ્ય : શ્રી રાઘવજી લાલજી સતરા**
**(૦૨૫૭) ૨૨૨૧૨૪૫**
**મો. ૦૯૬૭૩૩૬૪૨૯૦**

## Nano 9 Sudoku

**શરતો :**

૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.

૨. ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

**જૂન-૨૦૧૪ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૫૦ના ઉકેલ મોકલનારના નામ**

| | | | |
|---|---|---|---|
| ૧. | ધારા નાગડા | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | ગીતા વિનોદ મહેતા | - અમદાવાદ | બધા સાચા |
| ૩. | રમેશ ઉમરશી સાવલા | - અમદાવાદ | બધા સાચા |
| ૪. | મિતેશ જયંતીલાલ દેઢિયા | -અમદાવાદ | બધા સાચા |
| ૫. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૬. | હર્ષદ ખેતશી ગાંધી | - બેંગ્લોર | બધા સાચા |
| ૭. | અરવિંદ રતનશી દેઢિયા | - ભુજપુર | બધા સાચા |
| ૮. | હસમુખ દામજી દેઢિયા | - અડાલજ | બધા સાચા |
| ૯. | નેહા ભાવેશ પારેખ | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૧૦. | અવંતી દેવેશ દંડ | - અમદાવાદ | ૧ ભૂલ |
| ૧૧. | જીનલ પ્રવીણ નાગડા | - મુંબઈ | ૨ ભૂલ |

ઉપર્યુક્ત પૈકી ૮ સાચા જવાબ મોકલનારાઓના લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. જેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી છે.

**★ વિજેતાઓ ★**

- *ધારા નાગડા - અમદાવાદ*
- *અરવિંદ રતનશી દેઢિયા - ભુજપુર*
- *મિતેશ જયંતીલાલ દેઢિયા - અમદાવાદ*

***સોનાની થાળી આપણને આકર્ષી શકે છે પણ જ્યારે ભૂખ લાગે ત્યારે એ થાળી ખાલી જ હોય તો એનું આકર્ષણ ટકી શકતું નથી.***

## Nano 9 Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૫૨ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૨૦-૮-૨૦૧૪ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ સપ્ટેમ્બર-૨૦૧૪ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૦૫૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | ૨ | | | | | |
| ૨ | ૧ | | | | | | | |
| | | | ૮ | ૪ | ૩ | | | |
| | | ૨ | ૩ | | | | ૮ | ૬ |
| ૧ | | ૬ | | ૮ | | ૯ | | ૩ |
| ૯ | ૩ | | | | ૨ | ૪ | | |
| | | | ૫ | ૩ | ૬ | | | |
| | | | | | | | ૫ | ૭ |
| | | | | | ૪ | | | ૯ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૮ | | | | | |
| ૬ | | | ૪ | | | | ૩ | |
| ૭ | | | | ૩ | | ૯ | | ૬ |
| ૪ | ૧ | | | | | | | |
| | ૯ | | ૬ | | ૧ | | ૭ | |
| | | | | | | | ૨ | ૫ |
| ૯ | | ૨ | | ૪ | | | | ૧ |
| | ૭ | | | | ૩ | | | ૪ |
| | | | ૫ | | ૬ | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૭ | | ૫ | | ૨ |
| | ૨ | | | | | | | |
| ૯ | | | ૮ | | | ૧ | ૭ | |
| | | | | ૩ | | | ૨ | |
| | | ૪ | ૬ | | ૨ | ૯ | | |
| | ૧ | | | | ૯ | | | |
| | ૯ | ૧ | | | ૬ | | | ૭ |
| | | | | | | | ૮ | |
| ૪ | | ૭ | ૩ | ૧ | | | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૬ | | | | ૨ | | ૮ | |
| | | ૯ | ૩ | | | ૧ | ૬ | ૪ |
| | | | | | | | ૭ | ૨ |
| | | ૩ | ૫ | ૪ | | | ૯ | |
| | | | ૨ | | ૬ | | | |
| | ૯ | | | ૩ | ૭ | ૫ | | |
| ૯ | ૧ | | | | | | | |
| ૭ | ૮ | ૫ | | | ૧ | ૬ | | |
| | ૩ | | ૭ | | | | ૧ | |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૫૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૪ | ૮ | ૬ | ૧ | ૨ | ૫ | ૭ | ૩ |
| ૧ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૮ | ૨ | ૯ |
| ૨ | ૫ | ૩ | ૯ | ૮ | ૭ | ૧ | ૬ | ૪ |
| ૪ | ૩ | ૭ | ૨ | ૫ | ૧ | ૯ | ૮ | ૬ |
| ૫ | ૮ | ૧ | ૭ | ૯ | ૬ | ૪ | ૩ | ૨ |
| ૬ | ૯ | ૨ | ૪ | ૩ | ૮ | ૭ | ૧ | ૫ |
| ૩ | ૨ | ૯ | ૧ | ૭ | ૪ | ૬ | ૫ | ૮ |
| ૭ | ૬ | ૪ | ૮ | ૨ | ૫ | ૩ | ૯ | ૧ |
| ૮ | ૧ | ૫ | ૩ | ૬ | ૯ | ૨ | ૪ | ૭ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૭ | ૪ | ૯ | ૫ | ૩ | ૮ | ૬ |
| ૩ | ૪ | ૮ | ૭ | ૧ | ૬ | ૨ | ૯ | ૫ |
| ૬ | ૫ | ૯ | ૨ | ૮ | ૩ | ૭ | ૧ | ૪ |
| ૮ | ૯ | ૬ | ૧ | ૫ | ૭ | ૪ | ૩ | ૨ |
| ૫ | ૭ | ૨ | ૮ | ૩ | ૪ | ૯ | ૬ | ૧ |
| ૪ | ૩ | ૧ | ૬ | ૨ | ૯ | ૫ | ૭ | ૮ |
| ૨ | ૧ | ૪ | ૯ | ૭ | ૮ | ૬ | ૫ | ૩ |
| ૭ | ૬ | ૫ | ૩ | ૪ | ૧ | ૮ | ૨ | ૯ |
| ૯ | ૮ | ૩ | ૫ | ૬ | ૨ | ૧ | ૪ | ૭ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૮ | ૩ | ૯ | ૧ | ૪ | ૭ | ૫ |
| ૫ | ૯ | ૪ | ૬ | ૨ | ૭ | ૮ | ૩ | ૧ |
| ૧ | ૭ | ૩ | ૫ | ૮ | ૪ | ૯ | ૨ | ૬ |
| ૭ | ૮ | ૨ | ૧ | ૬ | ૯ | ૩ | ૫ | ૪ |
| ૯ | ૫ | ૬ | ૪ | ૩ | ૨ | ૧ | ૮ | ૭ |
| ૩ | ૪ | ૧ | ૭ | ૫ | ૮ | ૬ | ૯ | ૨ |
| ૮ | ૧ | ૭ | ૨ | ૪ | ૩ | ૫ | ૬ | ૯ |
| ૬ | ૨ | ૯ | ૮ | ૧ | ૫ | ૭ | ૪ | ૩ |
| ૪ | ૩ | ૫ | ૯ | ૭ | ૬ | ૨ | ૧ | ૮ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૯ | ૮ | ૪ | ૭ | ૨ | ૬ | ૧ |
| ૪ | ૬ | ૧ | ૩ | ૫ | ૨ | ૭ | ૮ | ૯ |
| ૨ | ૮ | ૭ | ૯ | ૬ | ૧ | ૫ | ૪ | ૩ |
| ૧ | ૩ | ૮ | ૫ | ૭ | ૪ | ૬ | ૯ | ૨ |
| ૫ | ૭ | ૬ | ૨ | ૩ | ૯ | ૮ | ૧ | ૪ |
| ૯ | ૨ | ૪ | ૧ | ૮ | ૬ | ૩ | ૭ | ૫ |
| ૭ | ૧ | ૨ | ૬ | ૯ | ૩ | ૪ | ૫ | ૮ |
| ૬ | ૯ | ૫ | ૪ | ૨ | ૮ | ૧ | ૩ | ૭ |
| ૮ | ૪ | ૩ | ૭ | ૧ | ૫ | ૯ | ૨ | ૬ |

Nano 9™
Insulated Stainless Steelware
Mfg by:
Shree Balaji Metal Industries, Vasai
www. ninemetal.com | ninemetal@gmail.com
Ahmedabad Authorised Distributor :- Shahil Marketing - 9426177138
Mumbai Authorised distributor : Vasant Marketing - 9820672501 , K K Associates - 9323404736

## જિંધગીમેં કડેંક....

(POSITIVE THINKING)

**(હકારાત્મક વિચાર) (૧)**

સદાંય સમતા રખી રોંધો, ભલેં સુખ મિલે યા ન મિલે કડેંક,
ધીરજ-પ-ઈતરીજ રખધોં જે, ભલેં, કેળા-પ-ડુખ અચેં કડેંક.
જીવન કેફ રખધોં હંમેશ, ભલેં વિખ્ખ-પ-મિલે કડેંક,
કુધરતજી કૃપા મનીંધો સદા, ભલેં અવકૃપા - વે - કડેંક.
જિંધગીજે પંથમેં ભલેં અચેં ખડ્ડા - ટેકરાને કંઢા, જે પાર કરીંધો સે કડેંક.
વા ભલેં સામું અચે વાટ ઓખી -પ કપ્પેજી જ અય, ત મંજીલ ડિસાબી કડેંક.
'હિંમતે મર્દા ત મદદે ખુદા' ત-પાં, જરૂર પુજી વેબો મંજીલતેં કડેંક,
'રશ્મિન્' થીયે વીતરાગ હંમેશ, ભલેં રાગ-દ્વેષ સતાંઈયેં કડેંક.

## જિંધગીમેં નિ-ત ના, પણ કડેંક....

(NEGATIVE THINKING)

**(નકારાત્મક વિચાર) (૨)**

જીંયણ આયત જીવાંતો કડેંક,
મોત આયત મરાંતો કડેંક.
હીંયત જીંયણ જ મરેલે જેળો આય,
છતાંય જીવધો જે જન્મ્યો અંયાં કડેંક.
ફરિયાધ કરેનેંય કુરો કેણું મુંકે?
કોય કિડાં સુણેવારો આય મુંજો કડેંક.
હિંયત મોં ભંધ આય દંભી ધુનિયામેં,
છતાંય થોડો થોડો કુછી ગિના કડેંક.
સહન કંયાતો મીળે ધીરજજી હધ તાંઈ,
પોય કઈધો કુરો તૂટી વેંધો આંઉ કડેંક.
હીંયત નાંય આધત મુંકે ખીલેજી દોસ્ત,
છતાંય પિંઢકે ઠગેલા ખિલાંતો કડેંક.
રૂંધો 'રશ્મિન્' ત હલકો થૈ વેંધો ભાર,
ઈજાણી રૂંગાય નતા અચેં કડેંક.

*આ ઉપરની બંને કવિતાઓ 'રશ્મિનજો રણકાર : ભાગ-૩' માંથી સાભાર*


*M/s. Jethabhai Doongarshi Transport Pvt. Ltd.*



*M/s. J. D. Roadlines*
*M/s. J. D. Logistics*
*M/s. J. D. Transport Co.*



**TRANSPORT CONTRACTORS & FLEET OWNERS**

**DAILY SERVICE FROM**

**RAJKOT, JAMNAGAR, AHMEDABAD, SURAT, VAPI**
**TARAPURE, MUMBAI TO PUNE & CHINCHWAD**

**Full Truck Load Service All Over Maharashtra & Gujarat**

| PUNE | CHINCHWAD | MUMBAI |
| --- | --- | --- |
| 708/18, Bhavani Peth, Gurunanak Nagar, Pune-411 042 | 128/B, Mohan Nagar, Sanghvi Compound, Chinchwad, Pune-411 019. | Khajurwala Chambers, Gr. Floor, 313/315, N.N. Street, Mumbai - 400 009. |
| Ph. : 26434611 | Ph. : 27471378, 27475167 | Ph. : 23426818, 23448705, 23400597 |

- **VAPI** : (0250) 3244993, 2023291
- **SURAT** : (0261) 2367670, 2367287
- **BHIWANDI** : (02522) 270194, 271987
- **ANDHERI** : (022) 28509760, 93703 19692
- **VASHI** : (022) 27889527, 69517538
- **WAGOLI** : (020) 27052309
- **FURSUNGI** : (020) 26980361
- **VADGAON MAVAL** : (02114) 225629, 9372074359

E-mail : jdtcompany@gmail.com

## શબ્દ રમત-૯૫નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| હા | લ | ર | ડું | | બા | ચ | કો | | બો | ડ | |
| થ | પ્પી | | ગ | | જ | | થ | ડિ | યું | | ચ |
| લા | | વ | ર | તા | રો | | મી | | | | ર |
| ક | મ | ળ | | સ | | ત | ર | જુ | મો | | ણા |
| ડી | | ગ | ર | ક | બા | રી | | ગમ | | | મૃ |
| | મ | ણ | | | ઇ | | ફુ | | વ | સં | ત |
| | હો | | પ | ર | બ | | | ક | | ગ | |
| | બ | ર | ડ | | લ | ખ | ચો | રા | શી | | સા |
| પો | તે | | સા | દ | | | | મ | શ | | વ |
| | | ન | ળ | | | શ | ર | ત | | વ | ધ |
| ચે | ત | ક | | | ખાં | ગ | | | પા | ર | |
| ન | | લ | ય | | ભ | ર | ભ | રા | ટી | | ખ |

*માસ જૂન-૨૦૧૪ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૯૪ના ઉકેલ મોકલાવનારના નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | બધા સાચા |
| ૨. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | - વલસાડ | બધા સાચા |
| ૩. | કિશોર જે. શાહ | - ભુજ | ૧ ભૂલ |
| ૪. | ગીતા વિનોદ મહેતા | - અમદાવાદ | ૨ ભૂલ |
| ૫. | હેમલતા હસમુખ દેઢિયા | - અડાલજ | ૨ ભૂલ |
| ૬. | નવીન શામજી લાલકા | - ગદગ | ૨ ભૂલ |

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

જુલાઈ - ૨૦૧૪ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- ડૉ. રાઘવ શિવલાલ પુજારા — મેમનગર, અમદાવાદ
- હિતેશ હીરાલાલ સંઘવી — મલાડ (ઈસ્ટ), મુંબઈ

#### ૩ વર્ષનું લવાજમ

- વિજય દેવશી ડાઘા — ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ
- ડૉ. ભરત નાથાલાલ શાહ — આદિપુર, કચ્છ

#### ૫ વર્ષનું લવાજમ

- આઈ. ડી. નંદુ — અંધેરી (વેસ્ટ), મુંબઈ

#### આજીવન

- અશ્વિન પી. માલદે — મુલુંડ (વેસ્ટ), મુંબઈ
- શાંતિલાલ આર. શાહ — ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ

### રીન્યુ થયેલ લવાજમો

#### ૩ વર્ષનું લવાજમ

- ચંદુભાઈ સી. શાહ — અંજાર, કચ્છ
- સુરેશ નાનજી ધરોડ — અંધેરી (વેસ્ટ), મુંબઈ

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકોની યાદી

*લેખક શ્રી કીર્તિ ખત્રીના નીચે પ્રમાણેના પુસ્તકો શ્રી ગોરધન પટેલ 'કવિ' તરફથી ભેટ મળેલા છે.*

| ક્રમ | પુસ્તકનું નામ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| ૧. | પાંજી પીડા પાંજી ગાલ | ૨૧૬ |
| ૨. | જળ - મૃગજળ | ૩૧૨ |
| ૩. | જોયું જાણ્યું લખ્યું | ૩૪૪ |
| ૪. | રણના રંગ બેરંગ | ૨૪૦ |
| ૫. | ધરતી તાંડવ | ૨૧૬ |
| ૬. | દરિયાની આંખે આંસુ | ૧૮૪ |
| ૭. | વાહ કચ્છીયતને | ૨૨૪ |
| ૮. | પાંજા પ્રશ્ન, પાંજી ગાલ | ૨૨૪ |
| ૯. | માણસ વલો કચ્છી માડુ | ૩૨૮ |

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA



**સંકલન : દિનેશ આર. મહેતા**

★ **'સેઝ'ને લીલી ઝંડી :** કચ્છના મુંદ્રા ખાતે ખાનગી ક્ષેત્રનું સૌથી મોટું બંદર ધરાવતા અને દેશના એકમાત્ર બંદર આધારિત સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (સેઝ) ધરાવતા અદાણી પોર્ટ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન દ્વારા તાજેતરમાં જણાવાયું હતું કે, તેમના મુંદ્રા પોર્ટને સમાવતા **કુલ ૮૪૮૧ હેક્ટરમાં** પથરાયેલા એસઈઝેડને કેન્દ્ર સરકાર તરફથી પર્યાવરણ અને કોસ્ટલ રેગ્યુલેશન ઝોનની મંજૂરી મળી ગઈ છે. આ પગલાથી હવે જંગી **ડિસેલિનેશન પ્લાન્ટ** (જળ શુધ્ધિકરણ) તથા **એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ** (કચરાના શુધ્ધિકરણ)ની સ્થાપના તથા નિકાસને ઉત્તેજનનો માર્ગ મોકળો થશે.

★ **ડૉ. દર્શનાબેનને પુરસ્કાર :** ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિ.ના ગુજરાતી વિભાગના અધ્યક્ષ **ડો. દર્શનાબેન ધોળકિયા**ને દિલ્હીનું રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયું તે બદલ તાજેતરમાં દિલ્હી સાહિત્ય અકાદમીના સલાહકાર સદસ્ય રમણિક સોમેશ્વરના મુખ્ય અતિથિપદે ગુજરાતના પ્રતિષ્ઠિત કવિ દિલીપ ઝવેરીના હસ્તે તાજેતરમાં સન્માનિત કરાયા હતા.

★ **કચ્છી લોકપ્રતિનિધિઓ મુંબઈમાં :** કચ્છી લોકપ્રતિનિધિઓ **રાજ્યમંત્રી તારાચંદભાઈ છેડા** અને **સાંસદ વિનોદભાઈ ચાવડા**નો લોક અભિવાદન કાર્યક્રમ કચ્છ યુવક સંઘ દ્વારા તાજેતરમાં દાદર ખાતે યોજાયો હતો. આ જાહેર કાર્યક્રમમાં ૧૦૦થી વધુ સંસ્થાઓએ જોડાઈ હાર્દિક વધામણા કર્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને કચ્છી ઉદ્યોગપતિ **દાનવીર દામજીભાઈ એન્કરવાલા** હતા. સન્માનનો પ્રતિભાવ આપતા મંત્રી તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતું કે, આવનારા દિવસો કચ્છના વિકાસ માટેનાં છે. મુંદ્રા સેઝની મંજૂરી, માંડવી બંદરને ફરીથી ધમધમતું કરવા પોતે પ્રયત્નશીલ છે. બાગાયતી ખેતી કરતા ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે તે માટે સતત ચિંતિત હોવાનું જણાવ્યું હતું. ૨૦૧૫-૧૬ દરમ્યાન કચ્છમાં નર્મદાના નીર રેલાતાં થાય તે માટે ગુજરાત સરકાર અત્યંત પ્રયત્નશીલ છે. કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ પ્રતિભાવમાં જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ખુદ કચ્છના વિકાસ માટે અત્યંત રસ લઈ રહ્યા છે ત્યારે કચ્છનો વિકાસ હવે અટકશે નહીં. આ અવસરે મુંબઈના તમામ કચ્છી અગ્રણીઓ, વિવિધ સંસ્થાઓના પદાધિકારીઓ, ટ્રસ્ટીઓ સહિત અનેક આગેવાનો ઉપસ્થિત હતા.

★ **સાહિત્યમાં વિશેષ પ્રદાન માટે એવૉર્ડ :** ગુજરાતી સાહિત્યમાં વિશેષ પ્રદાન માટે **માવજી મહેશ્વરી**ને "ડૉ. જયંત ખત્રી બકુલેશ ઍવોર્ડ" જ્યારે કચ્છી સાહિત્યમાં વિશેષ પ્રદાન માટે "ડૉ. મનુભાઈ પાંધી ઍવોર્ડ" **માધવ જોશી 'અશ્ક'**ને ડૉ. દિલીપ ઝવેરી દ્વારા તાજેતરમાં ભુજ ખાતે એનાયત થયા હતા.

★ **મહેશભાઈ ઠક્કરનું પુસ્તક 'પથદર્શક' :** છેલ્લા દાયકામાં કચ્છના વિકાસના બીજ રોપાયા છે. આમ છતાં સરહદી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે કંઈક ખૂટે છે જે પૂરવા કચ્છના જાહેર જીવનના અગ્રણીઓ અને કચ્છી પ્રજાને એકજૂટ થવું જરૂરી છે તેવો સૂર તાજેતરમાં ભુજ ખાતે અબડાસાના પૂર્વ ધારાસભ્ય અને જાહેર જીવનના **અગ્રણી મહેશભાઈ ઠક્કર**ના પુસ્તક **'પથદર્શક'**ના વિમોચન માટે યોજાયેલા સમારંભમાં વિવિધ વક્તાઓએ દર્શાવ્યો હતો. સમારંભના **પ્રમુખ કીર્તિભાઈ ખત્રી**એ પોતાના વક્તવ્યમાં કચ્છના સર્વાંગી વિકાસ માટે અલગ કચ્છ રાજ્ય કરતાંય અસરકારક શાસન પ્રણાલીની આવશ્યક્તા દર્શાવેલ હતી. અબડાસાના ધારાસભ્ય અને કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા **શક્તિસિંહ ગોહીલે** કચ્છને ગુજરાતની કલગી સાથે સરખાવી કચ્છની ખૂટતી સમસ્યાઓ માટે સૌએ એક થવાની જરૂર પર ભાર મૂક્યો હતો. સમારંભના અતિથિ વિશેષ કચ્છ યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ **ડો. તુષારભાઈ હાથી**એ પુસ્તકનું વિવેચન કરતાં ૧૯૮૦થી કચ્છની સમસ્યાઓની ચર્ચા થતી હોવા છતાં તેને યોગ્ય મંચ પર લઈ જઈ શકાતી નથી, તેની આક્રોશ સાથે ચિંતા વ્યક્ત કરી હતી. અતિથિ વિશેષ કચ્છના પૂર્વ સાંસદ **પુષ્પદાન ગઢવી**એ કહ્યું કે, પથદર્શક પુસ્તક ભાવિ પેઢી માટે ઉપયોગી બનશે. અન્ય અતિથિ વિશેષ કચ્છમિત્રના તંત્રી **દીપકભાઈ માંકડે** જણાવ્યું હતું કે, જાહેર જીવનમાં પડેલી વ્યક્તિ પુસ્તક લખે ત્યારે એ સમાજ માટે સાચો રાહબર બનતો હોય છે. પુસ્તકના લેખક મહેશભાઈ ઠક્કરે કહ્યું હતું કે કચ્છના પ્રશ્નો માટે રાજકીય પરિણામની પરવા કર્યા વિના કેન્દ્ર સરકાર અને આયોજન પંચ સુધી પહોંચાડવામાં પાછીપાની કરી નથી.

★ **કચ્છ સીમાની સમીક્ષા :** લશ્કરની દક્ષિણી કમાન્ડના વડા લેફ. જનરલ અશોકસિંહે તાજેતરમાં કોટેશ્વર અને લખપતની મુલાકાત લઈને ક્રીક સલામતી વ્યવસ્થાની જાત માહિતી મેળવી હતી. તેમણે સ્થાનિકના લશ્કરી મથકે ઉચ્ચ અધિકારીઓની સાથે બેઠક યોજીને સરહદ પરની સ્થિતિની સમીક્ષા કરી હતી. બે લશ્કરી વડા અને તેમની સાથેના ઉચ્ચ અધિકારીઓનાં કાફલાએ પ્રથમ લખપતની મુલાકાત લીધી હતી. લખપતથી કોટેશ્વર પહોંચીને તેમણે સીમાદળની ચોકી ખાતે ગુપ્ત બેઠક પણ યોજી હતી.

*માણસ પોતે પોતાના કાર્ય વિશે બોલે એના કરતાં તેનું કાર્ય પોતે જ બોલી ઊઠે એમાં જ સિદ્ધિનાં દર્શન થાય છે.*

★ **પશ્ચિમ કચ્છ માટે પીવાના પાણી :** પીવાના પાણી માટે હંમેશાં તરસ્યા રહેલા કચ્છના છેવાડાના અબડાસા અને લખપત તાલુકાની જનતાને ભવિષ્યમાં પેયજળ માટે ક્યાંય ભટકવું ન પડે એ માટે નર્મદાની લાઈનમાંથી એક નવી રિમોડલિંગ યોજના તૈયાર કરવામાં આવી છે. અંદાજિત રૂા. ૩૦૦/- કરોડના જંગી ખર્ચવાળી આ યોજનાને તાંત્રિક મંજૂરી પણ અપાઈ ચૂકી હોવાથી પીવાના પાણી ક્ષેત્રે પશ્ચિમ કચ્છ માટે 'અચ્છે દિન આયંગે' એ નક્કી જણાય છે. હાલમાં અબડાસા અને લખપતના ગામોને નર્મદાનું પાણી ઉપરાંત મોટાભાગે ખીરસરા - નેત્રા વિસ્તારના પાતાળકૂવા મારફતે પીવાના પાણીનો જથ્થો પૂરો પાડવામાં આવી રહ્યો છે. જ્યાં ખીરસરા ખાતેના હેડવર્કમાં દરરોજ ૧૭થી ૧૮ એમ.એલ.ડી. નર્મદાનું પાણી ઉમેરવામાં આવે છે.

★ **કચ્છ કલેક્ટરને હાઈકોર્ટનું ફરમાન :** કચ્છના ટુંડા ગામના રહેવાસીઓ તરફથી કરાયેલી પી.આઈ.એલ.માં એવી રજૂઆત કરાઈ હતી કે અદાણી જૂથ દ્વારા કચ્છના દરિયાકાંઠાના વિસ્તારમાં શીપ બ્રેકિંગના સૂચિત પ્રોજેક્ટના ભાગરૂપે જે ઔદ્યોગિક પ્રવૃત્તિ હાથ ધરાઈ રહી છે તેના કારણે, ટુંડા, વાંઢ સહિતના ગામોની આસપાસના દરિયાઈ ક્ષેત્રના વિસ્તારના રેતીના ઢુંવા, વેકારી ઢુંવા, બેટ ઢુંવા વગેરે આવેલા છે અને આ સમગ્ર વિસ્તાર કેન્દ્ર સરકારની નીતિ મુજબ સી.આર.ઝેડ.-૧ માં પડે છે. તેથી આ વિસ્તારમાં કોઈપણ પ્રકારની બાંધકામ કે ઔદ્યોગિક પ્રવૃત્તિ થઈ શકે નહીં. આમ છતાં તેના કારણે થતું નુકસાન અટકાવવા દાદ માંગતી જાહેર હિતની રીટ અરજીમાં ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં કચ્છ જિલ્લા કલેક્ટરને અદાલત સમક્ષ રૂબરૂ હાજર રહેવા ફરમાન કર્યું છે.

★ **વહીવટનો એવોર્ડ :** દેશના પ્રથમ હરોળના મહાબંદર કંડલાને તાજેતરમાં વર્ષ ૨૦૧૪નો ગુણવત્તાયુક્ત વહીવટનો ઍવોર્ડ એનાયત કરાતાં કે.પી.ટી.ની સિધ્ધિઓમાં વધુ એક સફળતાનો ઉમેરો થયો છે. ક્વોલિટી માર્ક ટ્રસ્ટ દ્વારા તમામ પોર્ટ અને શિપિંગ ઉદ્યોગ માટે અમદાવાદ ખાતે આ ઍવોર્ડ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

★ **સરકાર કચ્છમાં હસ્તકલાને વેગ આપે :** કચ્છમાં ભૂકંપ પછીના ઔદ્યોગિકરણના પગલે શહેરી વિકાસ જરૂર થયો છે પરંતુ હવે સરકાર મોટા ઉદ્યોગોના સ્થાને કચ્છી કસબી કુટુંબોના ટેરવે ટકી રહેલા હસ્તકલા ઉદ્યોગની સાથોસાથ નાના કુટિર ઉદ્યોગોની સ્થાપનાને અને તેના વિકાસને પ્રોત્સાહન આપે તો ક્યાંક પર્યાવરણને જફા પહોંચાડવાની સાથે માનવીય વિકાસ પર અવળી અસર કરતાં વધુ પડતા શહેરીકરણ પર અંકુશ આવે તેવા તારણ સાથે કચ્છના પ્રધ્યાપકે જર્મનીની બોન યુનિવર્સિટીમાં રજૂ કરેલાં શોધપત્રને જબરો પ્રતિસાદ મળ્યો હતો.

★ **રિઝર્વ બેંકે કચ્છમાં ૭૦૦ કરોડ ઠાલવ્યા :** કચ્છના આર્થિક કારોબારને ટકાવી રાખેલી બેંકોમાં પહેલી વખત નાણાં ખૂટી પડ્યા હોવાનો ચોંકાવનારો અહેવાલ સ્થાનિક અખબારમાં પ્રગટ થયા પછી બેન્કિંગ વ્યવસાય ક્ષેત્રે દોડધામ મચી ગઈ હતી. આખરે અખબારના અહેવાલનો પડઘો રિઝર્વ બેંક સુધી પહોંચતા તાજેતરમાં વાહન મારફતે કચ્છની બેંકોમાં ૭૦૦ કરોડનો રોકડ રકમનો જથ્થો ઠાલવવામાં આવ્યો હોવાના ખબર પ્રાપ્ત થયા છે.

★ **બ્રિટનના મહારાણીએ ભુજ સ્વામિ. મંદિરને.... :** છેલ્લા દસ વર્ષમાં ઑસ્ટ્રેલિયામાં ચાર નૂતન શિખરના મંદિરો, યુ.કે.ના સાત, અખાતી દેશો અને ભારતમાં સ્વામિનારાયણ સંપ્રદાયના માધ્યમે શૈક્ષણિક, સેવાકીય પ્રવૃત્તિઓને ધર્મમાં કેન્દ્ર સ્થાને રાખવા બદલ બ્રિટનના મહારાણી એલિઝાબેથ ત્રીજાએ મહંત સ્વામીને પત્ર લખીને ભુજ સ્વામિ. મંદિરને 'મોસ્ટ ફેવરિટ ટેમ્પલ'નો દરજ્જો આપીને મંદિરની સરાહના કરી છે. નૂતન મંદિર મહોત્સવ વખતે મેગા મેડિકલ કેમ્પ - ૨૦૧૦નો વિશેષ ઉલ્લેખ કરતાં કોઈ એક સંસ્થાએ માત્ર ચાર માસમાં ૩૬,૦૦૦ દર્દીઓની સંપૂર્ણ સારવાર કરી તે મોટી ઘટના જણાવી ઉપર મુજબનો ખાસ દરજ્જો આપ્યો હતો.

★ **....તો કચ્છ તરફ વધુ ફિલ્મ નિર્માતા આકર્ષાશે :** કચ્છમાં લોકેશન ઘણા સારા છે. વળી ગ્રામ્ય સંસ્કૃતિથી સભર છે. પણ જો અહીં શૂટિંગ માટે આવતા લોકો માટે એક જ જગ્યાએ બધી જ પરમિશન મળે તો ફિલ્મ કલાકારોથી આ પ્રદેશ ધમધમી ઊઠે એવું જોડી બ્રેકર્સ, ચીની કમ અને પ્રોવોક્ડ જેવી ફિલ્મોના સહનિર્માતા રાજ રાજીલાલે તાજેતરમાં ભુજ ખાતે એક મુલાકાતમાં જણાવ્યું હતું. તેઓ મૂળ કચ્છના રતિલાલ હીરજીભાઈ ઉમરાણિયાના પુત્ર છે. તેમણે વધુમાં જણાવ્યું કે પ્રવાસીઓ માટે આકર્ષણ અને આવકારની સુવિધા વધારાય તો વધુ ફાયદો થાય તેમ છે. ફિલ્મ શૂટિંગ માટે કચ્છ આવતા લોકોને પરમિશન માટે અલગ વિભાગ શરૂ કરાય અને સીંગલ વિન્ડો સિસ્ટમ ઊભી કરવામાં આવે તો હજુ ઘણાં પ્રોડક્શન હાઉસ કચ્છ આવી શકે છે. તેમણે કહ્યું કે ક્રિએટીવ માણસોને પેપર વર્કમાં સમય બગાડવો પોષાય નહીં.

★ **કચ્છ ઉપર મેઘમહેર :** કચ્છમાં ચોમાસો ખેંચાતા છવાયેલા ચિંતાના વાદળો મેઘરાજાએ એક ઝાટકે દૂર કરી દીધા છે. અષાઢ માસના અંત ભાગમાં જ મેઘરાજાની મહેર થતાં તાજેતરમાં માંડવીમાં સાત ઇંચ સહિત સર્વત્ર એકથી બે ઇંચ વરસાદ થતાં આનંદની લાગણી પ્રસરી છે. ભુજના હમીરસર તળાવ સહિત વિવિધ તળાવો અને જળાશયોમાં નવા નીરની આવક થઈ છે. ભુજ, મુંદ્રામાં બે ઇંચ તેમજ લખપત, નખત્રાણા, અબડાસામાં એક ઇંચ જેટલો વરસાદ નોંધાયો હતો.

★ **ભુજમાં પથ્થરમારામાં ૧૦ પોલીસ ઘાયલ :** શહેરના સરપટ નાકા વિસ્તારમાં આવેલા બે ડિવિઝન પોલીસ મથક પર

*વધારે પડતા કાર્યનો બોજો નહિ પણ અનિયમિતતા માણસને મારી નાખે છે.*

મુસ્લિમ જુથના ટોળાએ પથ્થરમારો કરતાં વાતાવરણ તંગ બની ગયું હતું. આ બનાવમાં પોલીસે પણ સામે ટોળા પર ટીયરગેસના સેલ આઠથી દસ રાઉન્ડ તેમજ હવામાં ૨૦થી ૨૫ રાઉન્ડ ગોળીબાર કરતાં તાજેતરમાં ચકચાર મચી ગયેલ. આ ઘટનામાં દસ પોલીસ કર્મચારીઓ ઘાયલ થયા હતા. જ્યારે પોલીસની ૧૩ ગાડીઓને નુકસાન થયું હતું. બનાવના સાંજે સરપટ નાકા, ભીડ નાકા તેમજ બજાર વિસ્તારમાં તમામ દુકાનો બંધ થઈ ગઈ હતી. રાત્રિ દરમ્યાન લોકોમાં ભય ફેલાયો હતો. પોલીસે દસ જેટલા ઈસમોની અટકાયત કરી હતી તેમજ નાસી ગયેલા ઈસમોની ધરપકડ કરવા કાર્યવાહી હાથ ધરી હતી. મળેલી વિગતો મુજબ એક દિવસ પૂર્વે લાગણી દુભાય તેવી કોમેન્ટ ફેસબુક પર કરનાર શખ્સને જાહેરમાં મારવાની માંગ કરવામાં આવી હતી. અને જોતજોતામાં પરિસ્થિતિ વણસી હતી. ઘટના બાદ પોલીસને એલર્ટ કરી દેવામાં આવી હતી અને ૧૪૪ની કલમ લગાડાઈ હતી. પોલીસે ઘણા વિસ્તારો કોર્ડન કરી લીધા હતા તેમજ પસાર થતા તમામ વાહનોનું ચેકિંગ કરવામાં આવ્યું હતું.

***(સમાચાર પત્રો પર આધારિત)***

# કોમી એકતાની અનોખી મિશાલ : કચ્છનું ગોધરા ગામ

***'ગોધરા' – આ ત્રણ અક્ષરનું નામ સાંભળતા જ મગજમાં એક અદ્‌ભુત ચિત્ર ઊભું થાય. અહીં વાત છે કચ્છના માંડવી તાલુકામાં આવેલ ગોધરા ગામની જ્યાં હિંદુ - મુસ્લિમ સમાજના ભાઈઓ વચ્ચે ભાઈચારો અને એકતાના દર્શન થાય છે. અંબેધામનું મંદિર અને ત્યાંથી થોડા અંતરે પીરની દરગાહ - બંને સ્થળો આસ્થાનાં પ્રતીક સમાન છે. આ ગામમાં દાતાઓની કમી નથી. વિદેશના દાતાઓએ પણ પોતાનું યોગદાન આપીને ગામને સમૃધ્ધ રાખેલ છે.***

***– તંત્રી મંડળ***

ગોધરાકાંડને ૧૩ વર્ષ થઈ ગયા પરંતુ આ ઘટનાની કડવી યાદો આજની તારીખે આખું ગુજરાત ભૂલી શક્યું નથી અને ક્યારે ભૂલશે તે કહેવું મુશ્કેલ છે. જો કે, અહીં જે વાત કરવી છે તે મુદ્દો કોમી રમખાણોનો નહીં પરંતુ કોમી એકતાનો છે. પંચમહાલ જિલ્લામાં આવેલું ગોધરા ગામ કે જ્યાં આ દુર્ઘટના બની અને કચ્છ જિલ્લામાં આવેલ ગોધરા ગામને આમ તો કોઈ સંબંધ નથી. પરંતુ એક ગામ જે કોમી રમખાણનું પર્યાય બની ગયું છે, જ્યારે બીજું ગામ જે કોમી એકતાનું જ્વલંત ઉદાહરણ બની ગયું છે.

માંડવી શહેરથી અંદાજે ૧૫ કિ.મી. દૂર ગોધરા ગામ આવેલું છે. ગામની વસતિ અંદાજે પાંચેક હજાર છે. જેમાં હિંદુઓની સાથે મુસ્લિમ ભાઈઓની પણ સંખ્યા નોંધપાત્ર છે. ગામમાં અંબેધામ મંદિરના વિશાળ સંકુલની અંદર વિષ્ણુદેવીની ગુફા, પ્રેરણાધામ, અન્નક્ષેત્ર ઉપરાંત ગૌશાળા આવેલી છે. ધીમે ધીમે આ સ્થળ પ્રવાસીઓને આકર્ષતું હોવાથી અહીં ભીડ જોવા મળે છે. એટલું જ નહીં હિંદુઓની સાથે મુસ્લિમ ભાઈઓ માટે પણ આ મંદિર એક આસ્થાનું કેન્દ્ર બની ગયું છે. અંબેધામથી થોડા જ અંતરે મુસ્લિમ બિરાદરોની સાલાલશાહ પીરની દરગાહ આવેલી છે. જ્યાં મુસ્લિમ ભાઈઓની સાથે હિંદુ ભાઈઓ પણ માનતા માને છે અને મસ્તક નમાવવા ચોક્કસ આવે છે. અહીંના લોકોનો એવો વિશ્વાસ છે કે હિંદુ હોય કે મુસલમાન, દરગાહની અંદર જઈને દુઆ માંગનારની હરએક ઈચ્છા પૂરી થાય છે. દરગાહની બીજી વિશેષતા એ છે કે, અહીં જે ન્યાઝ યોજવામાં આવે છે તેમાં મિષ્ટાન્નની સાથે માત્ર શાકાહાર ભોજન જ પીરસવામાં આવે છે. ગામના સરપંચ વેલજીભાઈ બગડા વાત કરતા કહે છે કે, ગામમાં બંને ધર્મના ભાઈઓ વચ્ચે ક્યારેય કોઈ પણ વાતે અનબન થતી નથી. હિંદુ મુસ્લિમ સમુદાયના તહેવારો બંને ધર્મના લોકો હળી-મળીને ઉજવે છે. આ પંથક અને જિલ્લામાં જો બીજી કોઈ વાતે આ ગામ જાણીતું હોય તો તે છે નવરાત્રિ. અંબેધામ મંદિરના વિશાળ પટાંગણમાં રમાતી નવરાત્રિ કચ્છના ખેલૈયાઓ માટે આકર્ષણનું કેન્દ્ર હોય છે. ભુજ - ગાંધીધામ જેવા આધુનિક શહેરોમાંથી ખાસ રમવા રમતવીરો આ નાનકડા ગામમાં આવે છે. નવરાત્રિ સમયે પણ ચોક્કસપણે કોમી એકતાના દર્શન થાય છે. ગરબીના આયોજન અને તેને સફળ બનાવવાની જહેમતમાં મુસ્લિમ ભાઈઓ પણ યથાશક્તિ મદદ કરે છે.

નવરાત્રિએ કચ્છનું ગોધરા માતાની ભક્તિમાં એકાકાર બની જાય છે. ગામના હિંદુ અને મુસ્લિમ આગેવાનોની સુઝબુઝ અને ભાઈચારાની ભાવનાને કારણે કચ્છના અનેક ગામોના લોકો પણ અહીં નાતજાતના ભેદભાવ વિના આવે છે. અને જે પ્રકારે હિંદુ - મુસ્લિમ વચ્ચે એકતાને જુએ છે તેની વાતો પોતાના ગામોમાં જઈને પણ કહે છે. આ જ વિસ્તારના જાણીતા ગાયક ઓસમાણ મીર પણ કોમી એકતાની અજોડ મિશાલ છે. ગુજરાતી ભજનોના અનેક કાર્યક્રમોમાં લોકપ્રિયતા મેળવીને હવે ઓસમાણ મીર 'રામલીલા' થકી બોલીવુડને ગજાવી રહ્યા છે. માંડવી તાલુકાના ગોધરાને નિહાળવા હવે કચ્છ આવતા દેશ-વિદેશના પ્રવાસીઓ પણ આવી રહ્યા છે.

ગોધરા ગામમાં દાતાઓની કોઈ કમી નથી. ગામને મુંબઈ સાથે એક અલગ નાતો છે. મુંબઈમાં વર્ષોથી સ્થાયી થયેલા અને વેપાર કરતાં ગુજરાતીમાંથી ઘણાનું વતન ગોધરા છે. ભાણજી કેશવજી ભેદા પરિવાર દ્વારા ગામને જન્મથી મરણ સુધીની તમામ વસ્તુઓ અને સુવિધાઓ જે સરકારને ફાળવવાની હોય છે તે અર્પણ કરી એક શ્રેષ્ઠ દાખલો આપ્યો છે, જે પ્રત્યે ગ્રામજનો હંમેશ માટે આભારી છે. દાતા પરિવાર દ્વારા બાળ મંદિર, પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ, સિવણ ક્લાસ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સ્મશાન બંધાવી ગામને સોંપવામાં આવ્યું છે.

***(સૌજન્ય : 'ગુજરાત સમાચાર')***

***Manek & Zaver Sangoi***
***25, Estcourt Road, London SE254SE***

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **દિનેશ હીરજી શાહ**
  ૨/૧૬, અમિત સોસાયટી, પી.ટી. કૉલેજ રોડ,
  ઈન્ડિયન બેંક પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **પ્રકાશ ભાઈચંદ વોરા**
  ૨, દેવ રેસિડન્સી, પ્લોટ નં.-૧, ગુજરાત સોસાયટી,
  મહાલક્ષ્મી, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **નવીન મુક્તિલાલ શાહ**
  ૧૦૫, સૂર્યદીપ ફ્લેટ, રાજમંદિર સોસાયટીની બાજુમાં,
  જ્યોતિ વિદ્યાલય પાછળ, સમ્રાટનગર, ઈસનપુર,
  અમદાવાદ-૩૮૨ ૪૪૩.
- **ગૌરવ ડી. શાહ**
  એ/૨૦૨, બીજો માળ, સિલ્વર ફ્લોરા,
  જી.બી. શાહ કૉલેજ પાછળ, એ.ઈ.સી. સબ સ્ટેશન રોડ,
  શાહવાડી, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **રાજેશ માયાચંદ સંઘવી**
  ડી-૧, રૂમ નં.-૧૭, આણંદજી કલ્યાણજી જૈન નગર,
  ત્રીજો માળ, બહેરામપુરા પોલીસ ચોકી સામે,
  અમદાવાદ-૩૮૦ ૦૨૨.
- **મૂકેશ અમૃતલાલ મૈશેરી**
  ૧૦૪, નવનીત ભવન, આણંદજી કલ્યાણજી જૈન નગર,
  બ્લોક સી, બહેરામપુરા પોલીસ ચોકી સામે,
  અમદાવાદ-૩૮૦ ૦૨૨.
- **જગજીવન ખેંગાર મહેતા**
  ૨૧, ચંદન ભુવન, ભુલાભાઈ પાર્ક, નવયુગ કોલોની,
  ગીતામંદિર રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
- **દેવેન દિલીપ દંડ**
  ૧૦૪, કલાસાગર ટાવર, સ્ટાર બજારની પાછળ,
  જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## સગાઈ

- **ગુરુવાર, તા. ૫-૬-૨૦૧૪**
  **ચિ. છાયા જયેશ ભવાનજી નાગડા (નલિયા - અમદાવાદ)**
  **ચિ. જસ્મીન રમેશચંદ્ર રતિલાલ શાહ (દહેગામ - અમદાવાદ)**

## શરણાઈ

- **સોમવાર, તા. ૫-૫-૨૦૧૪**
  **ચિ. ચૈતન્ય બચુભાઈ હીરજી રાંભિયા (રામાણિયા - અમદાવાદ)**
  **ચિ. કૃપાલી ભરત નાનાલાલ શાહ (ભુજ - અમદાવાદ)**
- **રવિવાર, તા. ૨૯-૬-૨૦૧૪ (અષાઢી બીજ)**
  **ચિ. અનિર્વ મયૂર ચંદ્રકાંત દેઢિયા (નાની ખાખર - મુંબઈ)**
  **ચિ. નિયતિ રાજેન્દ્ર નરોત્તમ મહેતા (મુંદ્રા - મુંબઈ)**

*ઉલ્લેખનીય છે કે, ચિ. અનિર્વ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી અને પૂર્વ પ્રમુખ ડૉ. શ્રી ચંદ્રકાંત દેઢિયા અને શ્રીમતી ચંદ્રિકાબેનના પૌત્ર થાય છે.*

## જૈનો માટે શિષ્યવૃત્તિ યોજના

ભારત સરકારે, જૈન, બૌધ્ધ, પારસી, શીખ, ખ્રિસ્તી તેમજ મુસ્લિમને લઘુમતી જાહેર કરેલ છે.

તા. ૯ જુલાઈ, ૨૦૧૪ના 'ગુજરાત સમાચાર'ના પાના નં.-૧૭ પર ભારત સરકારના 'અલ્પસંખ્યક કાર્ય મંત્રાલય' અને ગુજરાત સરકારના 'સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ' તરફથી લઘુમતીના વિદ્યાર્થીઓ માટે બે અલગ જાહેરખબરો છપાયેલ છે.

૧. પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના (ધોરણ-૧૧થી પીએચ.ડી. સુધી)

૨. મેરિટ કમ મિન્સ શિષ્યવૃત્તિ યોજના

તકનીકી ધોરણ ૧૧-૧૨ અને તેની સમકક્ષના અને વ્યવસાયિક અભ્યાસક્રમો માટે તેમજ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તકનીકી અને વ્યવસાયિક અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટેની વિગતો આપેલ છે.

જૈન પરિવારના ઈચ્છુક વિદ્યાર્થી ઉપરોક્ત જાહેરખબર અથવા વેબસાઈટ : www.momascholarship.gov.in પોસ્ટમેટ્રિક માટે On Line રિન્યુઅલ અરજી અંગે અથવા મેરિટ કમ મિન્સ On Line અરજી અંગે માર્ગદર્શન મેળવી શકશે.

*– શિક્ષણ સમિતિ*

**વેબ ડિઝાઈન કરવા કે માર્કેટ કરવા.... સોફ્ટવેર સંબંધી કોઈ પણ કામ માટે કે એપ્લીકેશનના કામ માટે**

**આઈ.ટી. સંબંધી તમારા કોઈ પણ કામ માટે સંપર્ક સાધો**

**દ્રશ્ય ફુરવા**
**EVANTRIX**

Contact : 8401144924, 9510571716
E-mail : contact@drashya.in *OR* drashya@evantrix.com
Visit Us : http://drashya.in *OR* http://evantrix.com

# સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સક્રિય વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

## શૈક્ષણિક સહાય ખાતે

રૂા.૨૫,૦૦૦/- શ્રીમતી ચંદ્રિકા અને ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયાના પૌત્ર તથા શ્રી મયૂર ચંદ્રકાંત દેઢિયાના પુત્ર ચિ. અનિર્વના લગ્ન પ્રસંગે પરિવાર તરફથી અનુદાન પ્રાપ્ત થયેલ છે.
માત્ર પરિવારજનોની હાજરીમાં લગ્નપ્રસંગ સંપન્ન કરવામાં આવેલ તથા આ શુભ પ્રસંગે પરિવાર તરફથી અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓને યોગ્ય સ્વરૂપે જરૂરી અનુદાન આપવામાં આવેલ છે.

## વયસ્ક સમિતિ ખાતે

રૂા.૧૦,૦૦૦/- શ્રી સંજય નેણશી રમેશ વોરા - ભુજ
રૂા. ૫,૦૦૦/- ભદ્રાબા છત્રસિંહ વાઘેલા - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- શ્રી ધનસુખલાલ મોતીલાલ શાહ - અમદાવાદ

## જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા.૧૦,૦૦૦/- શ્રીમતી અમીબેન આશિષભાઈ શાહ - અમદાવાદ
રૂા. ૧,૩૫૦/- શ્રી નવીન વી. શાહ - મુંબઈ
રૂા. ૫૦૦/- વેલબાઈ મુળજી રાજગોર - ભુજ

## ડાયાલિસિસ સેન્ટર ખાતે

રૂા.૩૧,૦૦૦/- શ્રી નટવરલાલ વિઠ્ઠલદાસ પટેલ (હા. શ્રીમતી મણિબેન નટવરલાલ પટેલ) અમદાવાદ
રૂા.૧૧,૦૦૦/- શ્રી મેઘજી ભાણજી શાહ - મુંબઈ
રૂા.૧૧,૦૦૦/- શ્રી રમેશચંદ્ર ભાઈલાલ મહેતા - કલીકટ (કેરાલા)
રૂા.૧૦,૦૦૦/- શ્રી કાનજીભાઈ શામજીભાઈ માકાણી - કોટડા (કચ્છ)
રૂા. ૨,૫૦૦/- ડૉ. ભરત નાથાલાલ શાહ - આદિપુર (કચ્છ)

## વૈયાવચ્ચ ખાતે

રૂા. ૧,૨૦૦/- શ્રી આશિષભાઈ મહેતા - અમદાવાદ

## 'મંગલ મંદિર' ભેટ ખાતે

રૂા. ૫૦૧/- શ્રી ચિત્રસેન રવજી શાહ - ગાંધીનગર તરફથી તેમની પૌત્રી ચિ. પ્રિયંકાને મેડિકલ કોર્સમાં સીટ મળી તે નિમિત્તે ભેટ

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત* શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર



**ઉપરની તસવીરમાં શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરના નવે નવ મશીન તા. ૨૮-૭-૨૦૧૪ના રોજ એક સાથે ડાયાલિસિસ સારવારમાં કાર્યરત થયા હતા, તે દષ્ટિગોચર થાય છે.**

*આશા અમર છે. તેની આરાધના કદી પણ નિષ્ફળ જતી નથી.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## ૨૭મી વાર્ષિક સામાન્ય સભાનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૨૭મી વાર્ષિક સામાન્ય સભા રવિવાર, તા. ૨૭-૭-૨૦૧૪ના સવારમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. ત્યારે તેમાં ૨૦૪ સભ્યો ઉપસ્થિત રહેલ હતા.

સૌપ્રથમ પ્રમુખશ્રી દ્વારા આવકાર પ્રવચન આપવામાં આવેલ હતું. ત્યારબાદ સમાજના તત્કાલીન ઉપપ્રમુખ શ્રી કાંતિલાલ વેલજી સાવલાનું તા. ૧૫-૧૧-૨૦૧૩ના રોજ નિધન થયેલ હોવાથી અને ત્યારબાદની આ પ્રથમ વાર્ષિક સામાન્ય સભા હોવાથી તેઓના આત્માના શ્રેયાર્થે બે મિનિટનું મૌન પાળવામાં આવેલ અને તેઓના માનમાં શોક ઠરાવ પસાર કરવામાં આવેલ હતો. ત્યારબાદ ગત સભાની મીટિંગની મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને તેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ હતી. માનદ્ મંત્રીશ્રીએ ગત વર્ષ દરમ્યાનની સમાજની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો કે જે સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ. ત્યારબાદના એજન્ડા પ્રમાણે વર્ષ ૨૦૧૩-૧૪ના ઓડિટેડ હિસાબો ખજાનચીશ્રીએ રજૂ કરેલ. જેને સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ. વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે ઓડિટરશ્રીની નિમણૂકની જાહેરાત કરવામાં આવી. જેને સહુએ અનુમતિ આપી. વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે ચૂંટણી પંચ દ્વારા ટ્રસ્ટીશ્રીઓની ઉમેદવારીને બિનહરીફ જાહેર કરવામાં આવી અને કારોબારી સમિતિની ૬ સીટ માટે ૧૨ ઉમેદવારો હોતાં તેની ચૂંટણી કરી કારોબારી સમિતિના જીતી ગયેલ ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી કે જેની વિગતો નીચે મુજબ છે.

### ટ્રસ્ટીશ્રીઓની આ વર્ષ માટે ખાલી થતી સીટ – ૬ સીટ પર ચૂંટાયેલ ઉમેદવારો

*દાતા ટ્રસ્ટી ગ્રુપ* : (૧) શ્રી પ્રતાપ નારાણજી દંડ
(૨) શ્રી હસમુખ બાબુભાઈ ખાંડવાલા
(૩) શ્રી હીરેન કુંવરજી શાહ

*માનદ્ ટ્રસ્ટી ગ્રુપ* : (૧) શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
(૨) શ્રી મૂકેશ મુળજી સાવલા

*સ્વજન ટ્રસ્ટી ગ્રુપ* : (૧) શ્રી આણંદજી વેલજી વીરા

ઉપરોક્ત દરેક ઉમેદવારને બિનહરીફ ચુંટાયેલા જાહેર કરવામાં આવેલ હતા.

### કારોબારી સમિતિની આ વર્ષ માટે ખાલી થતી સીટ – ૬ સીટ

૬ સીટની સામે ૧૨ ઉમેદવારો ઊભા રહેલ હતા કે જેના પરિણામો, મત ગણતરી બાદ ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા અને કુલ ૧૨ ઉમેદવારોમાંથી નીચે મુજબના ૬ ઉમેદવારોને ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.

(૧) શ્રી ગિરીશ હીરજી દેઢિયા
(૨) શ્રી વિશાલ મહેન્દ્ર શાહ
(૩) શ્રી બચુભાઈ હીરજી રાંભિયા
(૪) શ્રી જશવંત જયંતીલાલ કોઠારી
(૫) શ્રી પંકજ મેઘજી ગોગરી
(૬) શ્રી પીયૂષ હીરજી સાવલા

અન્ય કોઈ કાર્યવાહી બાકી ન રહેતાં, પ્રમુખશ્રીએ સભાને બરખાસ્ત થયેલ જાહેર કરેલ હતી.

સમૂહ ભોજનની મજા માણી સહુ છૂટા પડ્યા હતા.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
## વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના નવા ટ્રસ્ટ મંડળની પ્રથમ મીટિંગ
## શ્રી પ્રતાપ નારાણજી દંડની આ સમાજના મેનેજિંગ ટ્રસ્ટી તરીકેની વરણી

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટેના નવા ટ્રસ્ટ મંડળની પ્રથમ મીટિંગ રવિવાર, તા. ૨૭-૭-૨૦૧૪ના રોજ વાર્ષિક સામાન્ય સભા બાદ તરતમાં જ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતે મળેલ હતી. આ સભામાં ૧૬ જેટલા ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ હતી.

સૌપ્રથમ મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતા દ્વારા ચુંટાયેલા નવા સભ્યોને આવકાર આપવામાં આવેલ હતો. ત્યારબાદ (૧) શ્રી શાંતિલાલ મૂળજી સાવલા તથા (૨) શ્રી અશ્વિન હીરજી સાવલાની કો-ઓપ્ટ ટ્રસ્ટી તરીકે વરણી કરવામાં આવેલ હતી. મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી અશોક મહેતાએ નવા મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ તરીકે શ્રી પ્રતાપ નારાણજી દંડનું નામ સૂચવેલ કે જેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ. ટ્રસ્ટ મંડળમાંથી કારોબારી સમિતિમાં મોકલવા માટે (૧) શ્રી મનુભાઈ ગો. શાહ, (૨) શ્રી મણિલાલ કુંવરજી ગોસર, (૩) શ્રી કે. આર. શાહ, (૪) શ્રી કે.ડી. શાહ, (૫) શ્રી અશોક મહેતા તથા (૬) ડૉ. ચંદ્રકાંત દેઢિયાની બંધારણ અનુસાર વરણી કરવામાં આવેલ હતી. કેટલીક જરૂરી દરખાસ્તોને મંજૂરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ આ સભાને બરખાસ્ત થયેલ જાહેર કરવામાં આવેલ હતી.

**કે. આર. શાહ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*જીવનમાં ડગલે ને પગલે મુશ્કેલીઓ તો ઊભી જ રહેવાની છે. નાની એવી આફતથી ગભરાઈ જવાનો ડર રાખનારા ભલે ગમે એવા બુદ્ધિશાળી હોય, ગમે એવા એમના સુંદર વિચારો હોય પણ એ બધું નકામું છે. એમના વિચારો કાગળના ફૂલ જેવા છે, જેમાં સૌંદર્ય છે પણ સુગંધ નથી. વિચારોમાં સુગંધ તો ત્યારે જ પ્રગટે કે જ્યારે એમાં શક્તિનું થોડું સિંચન કરવામાં આવે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની
## વર્ષ ૨૦૧૪-૨૦૧૫ની કારોબારી સમિતિની પ્રથમ મીટિંગ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વર્ષ ૨૦૧૪-૨૦૧૫ની કારોબારી સમિતિની પ્રથમ મીટિંગ રવિવાર, તા. ૨૭-૭-૨૦૧૪ના રોજ ટ્રસ્ટ મંડળની મીટિંગ બાદ તરતમાં જ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતે મળેલ હતી કે જેમાં ૨૨ જેટલા સભ્યો ઉપસ્થિત રહેલ હતા. નવા વરાયેલ મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડના અધ્યક્ષસ્થાને મળેલ આ મીટિંગમાં સહુપ્રથમ તેઓએ નવા ચૂંટાયેલ સભ્યોને આવકાર આપેલ હતો અને નવા ટ્રસ્ટ મંડળની મળેલ પ્રથમ મીટિંગની વિગતો રજૂ કરેલ હતી. ત્યારબાદ ગત સભાની મિનિટ્સનું વાંચન કરીને તેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવેલ હતી. (૧) શ્રી દિનેશ મણિલાલ શાહ અને (૨) શ્રી દક્ષેશ નવીનચંદ્ર સંઘવીની કો-ઓપ્ટ સભ્યો તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી. ત્યારબાદ નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી.

| | | |
|---|---|---|
| **શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ** | - | **પ્રથમ ઉપપ્રમુખ** |
| **શ્રી મણિલાલ કુંવરજી ગોસર** | - | **દ્વિતીય ઉપપ્રમુખ** |
| **શ્રી કે. આર. શાહ** | - | **માનદ્ મંત્રી** |
| **શ્રી હસમુખભાઈ ખાંડવાલા** | - | **સહમંત્રી** |
| **શ્રી કે.ડી. શાહ** | - | **ખજાનચી** |
| **શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર** | - | **સહ ખજાનચી** |

શ્રી હસમુખભાઈ ખાંડવાલા તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર કારોબારી સમિતિના સભ્યો ન હોવાથી, બંધારણ અનુસાર તેઓને કારોબારી સમિતિમાં કો-ઓપ્ટ સભ્ય તરીકે લેવામાં આવેલ હતા.

*નિરાશાવાદી ધનિક કરતાં આશાવાદી ગરીબ વધારે સુખી હોય છે.*

**વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે પ્રણાલી અનુસાર વિવિધ સમિતિઓના કન્વીનરશ્રીઓની સર્વાનુમતે નીચે મુજબ વરણી કરવામાં આવેલ હતીઃ**

| ક્રમ | સમિતિ | | કન્વીનરશ્રી |
|---|---|---|---|
| ૧. | પર્યાવરણ સમિતિ | : | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૨. | કચ્છ આર્ટ ગેલેરી સમિતિ | : | શ્રી કે. આર. શાહ |
| ૩. | દેહદાન / અવયવ દાન / બ્લડ ડોનેશન સમિતિ | : | શ્રી કમલેશ બાબુભાઈ શાહ |
| ૪. | લાઈબ્રેરી સમિતિ | : | શ્રી રોહિત શાંતિલાલ સંઘવી |
| ૫. | કોમ્પ્યુટર અને વેબસાઈટ સમિતિ | : | કન્વીનર : શ્રી દર્શન નરેન્દ્ર કોઠારી, સહ કન્વીનર : શ્રી સિધ્ધાર્થ જશવંત કોઠારી |
| ૬. | તબીબી સેવા સમિતિ | : | શ્રી અશ્વિન હીરજી સાવલા |
| ૭. | સામાજિક સુરક્ષા સમિતિ | : | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી |
| ૮. | શિક્ષણ અને ઇતર ડેવ. સમિતિ | : | શ્રી હીરેન કે. શાહ |
| ૯. | સરસ્વતી સન્માન સમિતિ | : | શ્રી પંકજ મેઘજી ગોગરી |
| ૧૦. | યુવા વિકાસ સમિતિ | : | શ્રી હીરેન અમૃતલાલ શાહ |
| ૧૧. | મહિલા ઉત્કર્ષ સમિતિ | : | શ્રીમતી સુલુ જલદીપ શાહ |
| ૧૨. | વયસ્ક સમિતિ | : | શ્રી રજનીકાંત ધરમશી પારેખ |
| ૧૩. | શૈક્ષણિક લોન સમિતિ | : | શ્રી આણંદજી વેલજી વીરા |
| ૧૪. | દર્દી સહાય સમિતિ | : | શ્રી બચુભાઈ હીરજી રાંભિયા |
| ૧૫. | સાધર્મિક સહાય સમિતિ | : | શ્રી આણંદજી વેલજી વીરા |
| ૧૬. | વૈયાવચ્ચ સમિતિ | : | શ્રી પદમશી ચત્રભુજ ડાઘા |
| ૧૭. | ભવન સમિતિ | : | શ્રી પ્રતાપ નારાણજી દંડ |
| ૧૮. | રીનોવેશન સમિતિ | : | શ્રી પ્રતાપ નારાણજી દંડ |
| ૧૯. | મુંબઈ અતિથિ ભવન સમિતિ | : | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૨૦. | મેરેજ બ્યુરો સમિતિ | : | કન્વીનર : શ્રી હીરજી પાસુ શાહ, સહ કન્વીનર : શ્રીમતી અમીબેન નીતિન શાહ |
| ૨૧. | કચ્છી યલો પેજિસ સમિતિ | : | શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ |
| ૨૨. | મંગલ મંદિર તંત્રી મંડળ | : | શ્રી અશોક મહેતા |
| ૨૩. | ફંડ રેઈઝીંગ સમિતિ | : | શ્રી નરેન્દ્ર છગનલાલ શાહ |
| ૨૪. | ડોનેશન્સ ફૉલોઅપ સમિતિ | : | શ્રી હસમુખભાઈ ખાંડવાલા |
| ૨૫. | કેન્ટીન સમિતિ | : | શ્રી મણિલાલ કુંવરજી ગોસર |
| ૨૬. | જમણવાર સમિતિ | : | શ્રી હસમુખભાઈ ખાંડવાલા |
| ૨૭. | સભ્યપદ અને મેડિકલ કાર્ડ સમિતિ | : | શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર |
| ૨૮. | હિસાબી સમિતિ | : | શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી |
| ૨૯. | લીગલ સમિતિ | : | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૩૦. | બંધારણ સમિતિ | : | ડૉ. ચંદ્રકાંત કાનજી દેઢિયા |
| ૩૧. | નવા પ્રોજેક્ટ સમિતિ | : | શ્રી શાંતિલાલ મૂળજી સાવલા |
| ૩૨. | ડાયાલિસિસ સેન્ટર સમિતિ | : | શ્રી પ્રતાપ નારાણજી દંડ |
| ૩૩. | સાંસ્કૃતિક સમિતિ | : | શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ |
| ૩૪. | ઉચ્ચ શિક્ષણ લોન સમિતિ | : | શ્રી હીરેન કે. શાહ |

ઉપરોક્ત સમિતિઓની રચના બાદ સમિતિઓના કન્વીનરશ્રીઓને તેમની સમિતિનું ગઠન કરી તેને કારોબારી સમિતિમાં મંજૂર કરાવવા માટે મોકલી આપવા જણાવવામાં આવેલ હતું. જે સભ્યોને વિવિધ સમિતિઓમાં રહેવાની ઈચ્છા હોય તેઓએ પોતાના નામો જે-તે સમિતિના કન્વીનરશ્રી પર મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.

ત્યારબાદ કેટલીક જરૂરી દરખાસ્તોને મંજૂરી આપી, પ્રમુખશ્રીએ આજની સભાને બરખાસ્ત થયેલ જાહેર કરેલ હતી.

**કે. આર. શાહ**

**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## અભિનંદન



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સક્રિય અને હિતેચ્છુ કાર્યકર્તા **શ્રી બચુભાઈ પોપટલાલ રાંભિયા**ની (શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ) આંતરરાષ્ટ્રીય માનવ અધિકારોની સંસ્થા દ્વારા ગુજરાત રાજ્ય બોર્ડમાં સભ્ય તરીકે પસંદગી થઈ છે. આ ક્ષેત્રે વિવિધ પ્રકારની કામગીરી માટે શુભેચ્છા.

## વયસ્ક સમિતિનો
### ગીત સંગીતનો કાર્યક્રમ 'રંગારંગ' રીતે સંપન્ન થયો

તા. ૨ જુલાઈ, ૨૦૧૪ના રોજ ૧૦૦ વડીલોની હાજરીમાં ગીત-સંગીતનો એક રંગારંગ કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં રીધમ ઑરકેસ્ટ્રાના મધુર સંગીતના સથવારે ગાયક કલાકારો શ્રી અરુપ ઘોષ અને હેતલબેન નાયકે ૬૦-૭૦ના દાયકાના ફિલ્મના જૂના સદાબહાર ગીતો ગાઈને તેમજ કલ્પેશ વ્યાસ અને ચેતન વ્યાસે જૂના-નવા ગીત, ગુજરાતી ગીત-ગરબા, દુહા, લોકગીતોનો દોર ચલાવીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

આજના કાર્યક્રમ માટે સંજય રમેશ નેણશી વોરા - ભુજ, ધનસુખલાલ મોતીલાલ શાહ તેમજ ભદ્રાબા છત્રસિંહ વાઘેલા તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થયો હતો અને તે બદલ તેઓશ્રીનું બહુમાન કરવામાં આવેલ.

કાર્યક્રમના અંતે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

*કન્વીનર : રજનીકાંત પારેખ*

## સ્ટાફ વર્કશોપનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કાર્યાલય તેમજ મેડિકલ સેન્ટરના સ્ટાફવર્ગ માટે વર્તણૂક, કામગીરી તથા અન્ય લોકો / દર્દીઓ સાથેનો વ્યવહાર સારી રીતે રાખવા શું કરવું એ બાબતની એક વર્કશોપ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન તથા અન્ય સંસ્થાઓ સાથે સંકળાયેલા ટ્રેઈનર શ્રી ઉન્મેષભાઈ દીક્ષિત સાથે રવિવાર, તા. ૨૨-૬-૨૦૧૪ના રોજ સવારે ૯ થી ૧ તથા શનિવાર, તા. ૨૮-૬-૨૦૧૪ના રોજ બપોરે ૧ થી ૩ દરમ્યાન શ્રી કચ્છી જૈન ભવન ખાતે યોજવામાં આવી હતી. જેમાં સ્ટાફના ૨૨ જેટલા સભ્યો હાજર રહ્યા હતા. સમાજના હોદ્દેદારો તેમજ અગ્રણીઓએ વર્કશોપની કામગીરીને બિરદાવી હતી અને કેટલાક અગત્યના સૂચનો કર્યા હતા. સ્ટાફને સંસ્થામાં જોડાતી વખતે શું કરવું જોઈએ અને જે તકલીફો હોય તે સંચાલકો મારફત ટ્રસ્ટીગણને જણાવવી જોઈએ. સ્ટાફે એક જ પરિવારના સભ્યો હોય તે રીતે વર્તન રાખીને અસરકારક કામગીરી કરવી જોઈએ. પ્રત્યેક જણે આપસમાં સાથ - સહકારની ભાવના કેળવવી જોઈએ. ઉપરાંત નિષ્ઠાપૂર્વક કામ કરવા હંમેશાં પ્રયત્નશીલ રહેવું જોઈએ વગેરે મુદ્દા ઉપરોક્ત વર્કશોપમાં આવરી લેવામાં આવ્યા હતા. વર્કશોપની કામગીરીની સૌએ પ્રશંસા કરી હતી.

*કન્વીનર - તબીબી સેવા સમિતિ*


## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

સ્થળ : શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ. ફોન : (૦૭૯) ૨૨૮૮૪૫૪૭ ● સમય : સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.


### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો તરફથી માસ જુલાઈ - ૨૦૧૪ દરમ્યાન પ્રાપ્ત થયેલ લવાજમની યાદી

| ક્રમ | સભ્યનું નામ | ક્રમ | સભ્યનું નામ | ક્રમ | સભ્યનું નામ |
|---|---|---|---|---|---|
| ૧. | જિતેશ શામજી વીરા | ૬. | સેવંતીલાલ ઈશ્વરલાલ સંઘવી | ૧૧. | બિપીન રતનશી સાયા |
| ૨. | નીલેશ લખમશી મોતા | ૭. | દામજી હીરજી છેડા | ૧૨. | અનિલ બાબુલાલ મહેતા |
| ૩. | શાંતિલાલ દેવરાજ દંડ | ૮. | રાજેશ ખીમચંદ ધરમશી | ૧૩. | રતિલાલ અમુલખ મહેતા |
| ૪. | કુલીન ખેતશી ધરમશી | ૯. | દીપક કાંતિલાલ મહેતા | ૧૪. | ગિરીશ લક્ષ્મીચંદ દંડ |
| ૫. | બકુલ એચ. શાહ | ૧૦. | કીર્તિ મોરારજી વોરા | | |

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો જોગ

### 'મંગલ મંદિર' માટે લવાજમની રકમ જમા કરાવવા અનુરોધ

સમાજના મુખપત્ર 'મંગલ મંદિર'ના લવાજમની રકમ હજી સુધી જે સભ્યોએ જમા કરાવેલ નથી તેવા સભ્યોએ લવાજમની રકમ સત્વરે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર મોકલાવી આપવા ખાસ અનુરોધ કરવામાં આવે છે. જેઓએ લવાજમની રકમ જમા કરાવેલ નથી તેઓને 'મંગલ મંદિર'ના અંકો મોકલવાનું બંધ કરવામાં આવેલ છે. આ કારણે સમાજની વિવિધ પ્રવૃત્તિઓ અને અન્ય ઉપયોગી માહિતીથી તેઓ વંચિત રહેવા પામે છે.

## લીલાબેન નવીનચંદ્ર વેરશી હરિયા મહિલા ઉત્કર્ષ સમિતિ

*પ્રતિ વર્ષની જેમ સમિતિએ આ વર્ષે પણ અનેક વિવિધતાસભર સ્પર્ધાઓનું આયોજન કરેલ હતું. વિગતવાર માહિતી નીચે પ્રમાણે...*

### (૧) રામજી વેલજી સાવલા વાનગી સ્પર્ધા (મિષ્ટાન્ન)

- **શનિવાર, તા. ૨૧-૬-૨૦૧૪**
- **વિષય :** મિષ્ટાન્ન (કાચી કેરી / પાકી કેરી)
- **નિર્ણાયક :** શ્રીમતી નંદિની રાવલ (ઈ.-ટી.વી. કૂકિંગ એક્ષપર્ટ)
- **વિજેતાઓ :**

  **પ્રથમ :** મંજુબેન દિનેશ શાહ (મેંગો ડીલાઈટ)

  **દ્વિતીય :** કંચનબેન તલક મારુ (મેંગો દાબેલી)

### (૨) શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા વાનગી હરીફાઈ (ફરસાણ)

- **શનિવાર, તા. ૨૧-૬-૨૦૧૪**
- **વિષય : ફરસાણ (મકાઈ)**
- **નિર્ણાયક :** શ્રીમતી વિભાબેન શાહ ("સ્વાદની પરિભાષા - વ્યંજન" બુકના લેખિકા)
- **વિજેતાઓ :**

  પ્રથમ : કુંજલ વિપુલ ગોસર (કોર્ન કચોરી)

  દ્વિતીય : જ્યોત્સના બિપીન ગોગરી (મકાઈ-અમીરી ખમણ)

***નોંધ :*** ઉપરોક્ત બંને નિર્ણાયકોએ વાનગી સ્પર્ધામાં ભાગ લેવા માટેના ધ્યાનમાં રાખવા જેવા મુદ્દાઓની વિગતવાર છણાવટ કરી હતી.

### (૩) શ્રીમતી વિમળાબેન શિરીષ કોરડિયા ડ્રોઇંગ સ્પર્ધા

- **શનિવાર, તા. ૨૧-૬-૨૦૧૪**
- **વિષયો :**

  ૧. મતદાન દિવસ

  ૨. મનપસંદ નેતાની રેલીનો દિવસ

  ૩. તમારો તમારા બાળકને શાળાએ મૂકવા જવાનો પહેલો દિવસ

  ૪. પર્યાવરણ દિવસ

  ૫. અતિ ભારે વરસાદનો દિવસ

  ૬. રીવરફ્રન્ટની મુલાકાતનો દિવસ
- **નિર્ણાયક :** શ્રીમતી સીમા ગાંધી (ડ્રોઇંગ એન્ડ હેન્ડિક્રાફ્ટ એક્ષપર્ટ)
- **વિજેતા :** રચના મહેતા (પર્યાવરણ દિવસ)

### (૪) ગૂર્જર પરિવાર બ્યુટી સ્પર્ધા

- **શનિવાર, તા. ૧૨-૭-૨૦૧૪**
- **વિષય : લગ્નને અનુરૂપ મેઈક-અપ અને હેર ડ્રેસિંગ**
- **નિર્ણાયક :** શ્રીમતી નીતા ગોસ્વામી (આયુર્વેદિક બ્યુટી ફીઝિશિયન)
- **વિજેતા :** શ્રીમતી રિયા મહેક સંઘવી

***નોંધ :*** કાર્યક્રમના સમયે નિર્ણાયકે એમના સંબોધનમાં જણાવ્યું હતું કે ભૂતકાળમાં આયુર્વેદ આપણા જીવનમાં વણાયેલું હતું. જેને આજે આપણે ફરીથી જીવિત કરવાની જરૂર છે. ઉપરાંત કોસ્મેટીક્સની આડઅસર વિશે પણ તેમણે સમજ આપી હતી.

### (૫) માતુશ્રી દમયંતીબેન ખીમચંદ વેલજી ધરમશી લગ્નગીત સ્પર્ધા

- **શનિવાર, તા. ૨૧-૬-૨૦૧૪**
- **વિષય : લગ્ન પ્રસંગના અવસર પ્રમાણે ગીત ગાવાની સ્પર્ધા.**
- **નિર્ણાયક :** શ્રીમતી અનુરાધા રાણા ('સીંગ સોંગ' મ્યુઝીકલ ગ્રુપના સંચાલિકા)
- **વિજેતા :** પ્રથમ : લક્ષ્મી મહેશ ખત્રી

  દ્વિતીય : પ્રભાબેન શાંતિલાલ સાવલા

***કન્વીનર - સુલુ જલદીપ શાહ***

**(હરીફાઈઓની તસવીરી ઝલક માટે જુઓ : પાના નં.-૮૭)**


## તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂ.૧૦/- | ૫. વૉકર | રૂ. ૨/- | ૯. બેડ પાન | રૂ. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂ. ૩/- | ૬. વોકિંગ સ્ટીક | રૂ. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂ.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂ. ૫/- | ૭. કમોડ ચેર | રૂ. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂ. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂ. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂ. ૨/- | ૧૨. બેક રેસ્ટ | રૂ. ૨/- |

નોંધ : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***


*આશા એવો તારો છે જે રાતે અને દિવસે બંને વખતે દેખાય છે.*

## લીલાબેન નવીનચંદ્ર વેરશી હરિયા મહિલા ઉત્કર્ષ સમિતિ

### આગામી કાર્યક્રમો

### રંગોળી હરીફાઇ

- રવિવાર, તા. ૭-૯-૨૦૧૪ (સ્વામિવાત્સલ્યના દિવસે)
- વિષયો :
  ૧. સરસ્વતી દેવી
  ૨. ભારત માતા
  ૩. ધ્વજવંદન
  ૪. આદર્શ નેતાનું રેખાચિત્ર
  ૫. ભારતનો નકશો - રાજ્યોના નામો સાથે (અંગ્રેજી ગુજરાતીમાં લખી શકાય)
  ૬. ગણેશજી
- **સમય :** સવારના ૧૦.૩૦

***નોંધ :*** ઉપરોક્ત વિષયોમાંથી તમારો મનપસંદ કોઈ પણ એક વિષય સ્થળ પર ૪૫ મિનિટમાં દોરવાનો રહેશે. માત્ર ને માત્ર રંગોળીના કલરનો ઉપયોગ કરીને રંગોળી બનાવવાની રહેશે.

### સ્વામિવાત્સલ્યના દિવસે કન્સેશનલ દરે સંપૂર્ણ બોડી ચેક-અપ (કેન્સર પરીક્ષણ સાથે) નોંધણી કેમ્પ

પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ખૂબ જ નજીવા દરે સંપૂર્ણ બોડી ચેક-અપ સાથે સ્તન કેન્સર, ગર્ભાશય કેન્સર માટેના ટેસ્ટ પણ આવરી લેવામાં આવે તેવા કેમ્પનું આયોજન થયેલ છે.

જરૂરી એવા બધા જ પરીક્ષણો જેવા કે લોહીની તપાસ, પેશાબની તપાસ, પેપ ટેસ્ટ, મેમોગ્રાફી, સોનોગ્રાફી, કોલેસ્ટેરોલ, બ્લડ યુરિયા, ઈ.સી.જી., એક્સ-રે વગેરે.

★ *કન્સેશનલ ચાર્જ :* માત્ર રૂા. ૩૦૦/-

★ *એપોઈન્ટમેન્ટ લેવાની તારીખ :* રવિવાર, તા. ૭-૯-૧૪ (સ્વામિવાત્સલ્યના દિવસે)
સવારે ૧૦.૦૦ થી ૨.૦૦

★ *એપોઈન્ટમેન્ટ :* તા. ૮-૯-૨૦૧૪થી તા. ૩૦-૯-૨૦૧૪ વચ્ચેનો કોઈપણ દિવસ તમારી અનુકૂળતા પ્રમાણે લેવાનો રહેશે.

★ *બોડી ચેક-અપ કરાવવાનું સ્થળ :* ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, પ્રવીણનગર બસ સ્ટોપ, વાસણા - સરખેજ રોડ, અમદાવાદ.

**નોંધ :**
૧. માત્ર એક જ દિવસે બોડી ચેક-અપ માટેની એપોઈન્ટમેન્ટ અપાશે.
૨. બોડી ચેક-અપ કરાવવાનો દિવસ / સમય તમારી પસંદગી મુજબ.
૩. નામ નોંધાવનાર પ્રથમ ૫૦ બહેનોને આકર્ષક ભેટ પણ અપાશે.

***કન્વીનર - સુલુ જલદીપ શાહ***

## યુવા વિકાસ સમિતિ

સમિતિ દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન યોજાયેલ વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓની યાદી નીચે મુજબ છે:

### શ્રી પૃથ્વી નરેન્દ્રભાઇ શાહ ચેસ હરીફાઇ

★ *૧૮ વર્ષથી નીચેની વયજૂથમાં :*
પ્રથમ : વિશુ મેહુલભાઈ શાહ
દ્વિતીય : ધ્રુવીન મનીષભાઈ સાવલા

★ *૧૮ વર્ષથી ઉપરની વયજૂથમાં :*
પ્રથમ : પાર્ષદભાઈ એસ. શાહ
દ્વિતીય : ડૉ. ઈલાબેન શાહ

### શ્રીમતી મંજુલાબેન હરખચંદ સાવલા કાવ્ય હરીફાઇ

પ્રથમ : શ્રી રાજેન્દ્ર મણિલાલ વસા
દ્વિતીય : શ્રી હાર્દિક નીતિનભાઈ સંઘવી

### શ્રીમતી મંજુલાબેન હરખચંદ સાવલા વાર્તા હરીફાઇ

પ્રથમ : પંક્તિ હીરેનભાઈ શાહ

દરેક સ્પર્ધકોનો આભાર તેમજ વિજેતાઓને અભિનંદન.

***કન્વીનર : પીયૂષ સાવલા***

## "સંકલ્પ"

### શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

### આગામી કાર્યક્રમો

'સંકલ્પ' દ્વારા બે દિવસીય કચ્છનો પ્રવાસ તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન આગામી મહિનાઓમાં કરવામાં આવનાર છે. આ કાર્યક્રમોમાં ભાગ લેવા ઈચ્છતા સભ્યોએ પોતાના નામ, વય તથા ફોન નંબરની વિગત નીચે જણાવેલ સંપર્ક સુત્રને તાત્કાલિક આપવા વિનંતી છે.

*પારસ કિશોર વીરા : ૯૮૨૫૫ ૫૦૦૬૬*
*નીતિન ભોગીલાલ શાહ : ૯૯૭૯૮ ૮૨૪૦૧*
*દર્શન રોહિત સંઘવી : ૯૪૨૯૬ ૨૦૦૩૯*
*રચના પીયૂષ પારેખ : ૯૨૨૭૨ ૫૬૫૬૮*

***મંત્રી : નીતિન શાહ***

☺ *"જ્યોતિષી મહારાજ, મારા લગ્ન કેમ નથી થતાં. જરા કુંડળી જુઓને!"*
*"અલ્યા, ક્યાંથી થાય? કુંડળીમાં સુખ જ સુખ લખ્યું છે!"*

*ફરજ એવી વસ્તુ છે કે જેની હંમેશ આપણે બીજા પાસેથી આશા રાખીએ છીએ.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા શનિવાર, તા. ૨૧-૬-૨૦૧૪ના રોજ આયોજિત વિવિધ સ્પર્ધાઓની તસવીરી ઝલક


ડ્રોઇંગ હરીફાઈના નિર્ણાયકનું બહુમાન કરતાં સમિતિના સભ્યો


ડ્રોઇંગ હરીફાઈ



કુકિંગ હરીફાઈ


કુકિંગ અને ડ્રોઇંગ હરીફાઈના વિજેતા.



બ્યુટી હરીફાઈ


લગ્નગીત હરીફાઈના સ્પર્ધકો.


લગ્નગીત હરીફાઈના નિર્ણાયકનું બહુમાન કરતા
શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા



શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે કુ. પ્રિયંકા




શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે ગાંધીનગર સ્થિત ડૉ. સુકેતુ શાહ અને ડૉ. સીમા શાહની પુત્રી કુ. પ્રિયંકાને કોઈ એક અવસરે આશીર્વચન સાથે ઉપર મુજબ ટૂંક સંદેશ લખીને આપેલ. પ્રિયંકાએ એ સંદેશનો બરાબર રીતે અમલ કર્યો અને પરિણામે તેણીએ ચાલુ વર્ષે કરમસદની મેડિકલ કોલેજના એમ.બી.બી.એસ. (MBBS) કોર્સ માટેની સીટ સફળતાપૂર્વક પ્રાપ્ત કરી છે.

ઉલ્લેખનીય છે કે, સમાજ અને 'મંગલ મંદિર'ના હિતેચ્છુ એવા હાસ્ય લેખક શ્રી ચિત્રસેન શાહ અને શ્રીમતી લીલાવતીબહેન શાહના કુ. પ્રિયંકા પૌત્રી છે.

BLUE STAR
INDUSTRIES

www.shilpaworld.com

Chandrakant K. Gada
+91 - 9825069290

STAINLESS STEEL RE-ROLLERS

Plot No. 130, G.I.D.C. Estate, Kalol-382 721. Gandhinagar.
Phone : (02764) 220330, 224330, 227030
E-mail : blustar.indu@yahoo.in

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## જૂન / જુલાઈ - ૨૦૧૪

- **સોમવાર, તા. ૨૩-૬-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરમાં કેટલાક ડૉક્ટરો સમય કરતાં ખૂબ જ મોડા આવતા હોવાથી અને તેના કારણે દર્દીઓને સારો એવો સમય રાહ જોવી પડતી હોવાથી શ્રી અશ્વિન સાવલા, શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડ રૂબરૂમાં કેટલાક ડૉક્ટરોને મળેલ હતા અને તેઓને સમયસર ઉપસ્થિત રહેવા જણાવેલ હતું.

- **મંગળવાર, તા. ૨૪-૬-૨૦૧૪**

★ આજરોજ કોષ્ટી સમાજના શ્રી અનિલભાઈ કોષ્ટી તેમના સમાજના પ્રતિનિધિ બહેનને લઈ, તેઓ જે મેડિકલ કેમ્પ રાખવા માંગે છે તે અંગે ચર્ચા કરવા આવેલ હતા. તેઓ મેડિકલ સેન્ટરમાં શ્રીમતી હાસ્યલતાબેન તથા શ્રીમતી દક્ષાબેન સાથે ચર્ચા કરી લે તેવું નક્કી કરવામાં આવ્યું.

★ શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા મુંબઈના અતિથિ ભવનના ડેવલપર્સ શ્રી પારસ બાબરિયાને પ્રથમ મુંબઈ ખાતે મળી તેમની સાથે એગ્રીમેન્ટના ટર્મ્સ અંગે ચર્ચા કરેલ હતી. ત્યારબાદ તેઓએ સમાજના વકીલ શ્રી શશાંક સાથે પણ સંયુક્તપણે ચર્ચા કરેલ હતી. એગ્રીમેન્ટના લગભગ બધા જ મુદ્દાઓ અંગે સહમતિ સાધી શકાયેલ હતી.

- **બુધવાર, તા. ૨૫-૬-૨૦૧૪**

★ આજરોજ માંડવીથી શ્રી વિજય ગઢવી અને ભુજપુરથી શ્રી પ્રેમજી દામજી સોની શ્રી કચ્છી જૈન ભવન પર મળવા આવેલ હતા. તેઓ સાથે કચ્છના વિવિધ વિષયે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **ગુરૂવાર, તા. ૨૬-૬-૨૦૧૪**

★ વર્ષ ૨૦૧૪-૧૫ના હોદ્દેદારો તથા વિવિધ કાર્યક્રમો અંગે શ્રી કે.આર. શાહ તથા શ્રી શાંતિલાલ મૂળજી સાવલા સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવી. સમાજમાં વિવિધ હોદ્દાઓ ઊભા કરવા અંગે બંધારણીય સુધારા કરવાનું તેઓશ્રીનું સૂચન હતું.

★ આજરોજ મુંબઈમાં શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી પારસ બાબરિયા એસ.આર.એ.ના ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર શ્રી દેશમુખને રૂબરૂ મળેલ હતા અને સાયન ખાતેની એસ.આર.એ.ની યોજનાના કોમ્પોઝીટ બિલ્ડિંગ નં.-૩ના ૪ માળ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે સામાજિક પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવા માટે વર્ષ ૨૦૦૬માં બુક કરેલ છે તેની વિગતો તેઓને સમજાવેલ હતી. આ બિલ્ડિંગના પ્લીન્થની ઉપરના બાંધકામ માટે આગળ કન્સ્ટ્રક્શન સર્ટિફિકેટ આપવા માટે પણ તેઓશ્રીને વિનંતી કરવામાં આવી. વિગતવાર ચર્ચાના અંતે આ બિલ્ડિંગના આર્કિટેક્ટને લઈ રૂબરૂ ચર્ચા કરવા આવવા તેઓશ્રીએ સૂચન કરેલ હતું. ભવિષ્યમાં અનુકૂળ સમયે આર્કિટેક્ટને લઈ રૂબરૂ ચર્ચા કરવા જવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **બુધવાર, તા. ૨-૭-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સેન્ટરના સ્ટાફના એક સભ્યે નાણાંકીય ગેરરીતિ આચરતાં તેની પાસેથી તરતમાં રાજીનામુ લઈ તેમને છૂટા કરવામાં આવ્યા હતા. આ સમયે શ્રી અશોક મહેતા, શ્રી અશ્વિન સાવલા તથા શ્રીમતી દક્ષાબેન રામાવત ઉપસ્થિત રહેલ હતા અને તે સભ્ય સાથે જરૂરી ચર્ચા કરેલ હતી.

★ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર વયસ્ક સમિતિ આયોજિત સિનિયર સીટીઝન્સ માટેનો એક રંગારંગ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. લગભગ ૧૧૦ સભ્યો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા. કાર્યક્રમના અંતે ભોજન લઈ સહુ છૂટા પડેલ હતા.

- **શનિવાર, તા. ૫-૭-૨૦૧૪**

★ મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજીભાઈ શાહ અને અન્ય સભ્યોની દેખરેખ હેઠળ ૭ પરિવારજનોને જરૂરી માહિતી આપવામાં આવી હતી તેમજ પાંચેક નવા ફોર્મ આવ્યા હતા.

- **મંગળવાર, તા. ૮-૭-૨૦૧૪**

★ શ્રી કે.આર. શાહ, શ્રી હસમુખ ખાંડવાલા તથા શ્રી કે.ડી. શાહે વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન ખજાનચી તથા તેની જવાબદારી બાબતે વિગતવાર ચર્ચા કરેલ હતી.

★ આજરોજ શ્રી સમીરભાઈ ફોટોગ્રાફર માધાપરથી રૂબરૂ આવેલ હતા. કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમમાં મૂકવામાં આવેલ ફોટા વગેરે કેટલીક આઈટમો તેઓશ્રીએ તૈયાર કરેલ હતી. મ્યુઝિયમમાં સારા એવા પ્રમાણમાં ઊધઈ લાગી ગયેલ હોવાથી, તેના કારણે ઊભી થયેલ પરિસ્થિતિ માટે મ્યુઝિયમની રૂબરૂ મુલાકાત લઈ, હવે પછીની જરૂરી કાર્યવાહી માટે તેઓશ્રીએ શ્રી પ્રતાપભાઈ તથા શ્રી કે.આર. શાહ સાથે કેટલીક ચર્ચાઓ કરેલ હતી.

★ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી પીયૂષ પારેખ વગેરેએ સાથે મળી શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરના ડાયાલિસિસ સેન્ટરમાં આવતા HIV પોઝિટિવ પેશન્ટ બાબતે જરૂરી રીશફલિંગ અંગે ચર્ચા કરેલ હતી. અન્ય ભવનોના રીનોવેશન અંગે પણ જરૂરી ચર્ચા કરેલ હતી.

- **ગુરૂવાર, તા. ૧૦-૭-૨૦૧૪**

★ આજરોજ સવારમાં શ્રી કચ્છી જૈન ભવન પર ભુજથી શ્રી કીર્તિભાઈ ખત્રી

*મનુષ્ય રડતો જન્મે છે, અનેક ફરિયાદો કરતો જીવે છે અને નિરાશ થઈને મરે છે.*

તથા વી.આર.ટી.આઈ. - માંડવીથી શ્રી ગોરધનભાઈ કવિ આવેલ હતા. તેમની સાથે કચ્છના વિવિધ પ્રશ્ને ચર્ચા કરવામાં આવેલ હતી.

★ આજે સાંજના ૪.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર સુરક્ષા સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જયારે શ્રી મગનભાઈ સંઘવી, શ્રી અશોક મહેતા, શ્રી રજનીકાંત પારેખ, શ્રી નિરંજનભાઈ મૈશેરી, શ્રી મહેન્દ્રભાઈ વસા, શ્રી દિનેશ મણિલાલ શાહ, શ્રી દિનેશ જગજીવન શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ મીટિંગમાં નીચે મુજબના નિર્ણયો લેવામાં આવેલ હતા અને કારોબારી સમિતિની ફાઈનલ મંજૂરી માટે તે મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું : (૧) હાલે પરિવાર દીઠ વીમા કંપનીના નીતિનિયમો પ્રમાણે વર્ષે જે રૂા. ૨૫,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે તે વધારીને રૂા. ૫૦,૦૦૦/- કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૨) વીમા કંપનીના નિયમોની બહારની બીમારીના ખર્ચ માટે પરિવાર દીઠ વાર્ષિક રૂા. ૨૫,૦૦૦/-ની સહાય કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૩) પરિવાર દીઠ મુખ્ય વ્યક્તિને એક્સિડન્ટની સામે રૂા. ૫.૦૦ લાખનો વીમો લઈ વાર્ષિક પ્રીમિયમ સમાજ તરફથી જે ચૂકવવામાં આવે છે તે વીમો ચાલુ વર્ષથી બંધ કરી, તેના બદલે તેવા કિસ્સામાં સમાજ તરફથી જ રૂા. ૫.૦૦ લાખનો ચેક મોકલવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૪) ક્રોનીક ડિસીઝના કારણે જિંદગી સુધી લેવી પડતી દવાઓની સામે જરૂરિયાતવાળા સભ્યને રૂા. ૧,૦૦૦/- પ્રતિ મહિના પ્રમાણે ચૂકવવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૫) જરૂરિયાતવાળા સમાજના સભ્યને મોટા ઑપરેશન (દા.ત. ઘુંટણનું ઑપરેશન, બાયપાસ સર્જરી, વગેરે) સમયે રૂા. ૫૦,૦૦૦/- સુધીની સહાય અલગથી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૬) સમાજના જે સભ્યોના પાનકાર્ડ ના હોય તેઓના પાનકાર્ડ કઢાવી આપવા અને જેઓ ઈન્કમટેક્ષના રીટર્ન ભરતા ના હોય તેઓના રીટર્ન (ઈન્કમટેક્ષ ભરવાનો ના થતો હોય તો પણ) ભરાવી આપવા જરૂરી વ્યવસ્થા ઊભી કરવાનું નક્કી કરવામાં આવેલ હતું કે જેનાથી આજની જરૂરિયાત અનુસાર સમાજના દરેક સભ્ય પાસે પાનકાર્ડ અને ઈન્કમટેક્ષના રીટર્નના સર્ટિફિકેટની જરૂરિયાત સંતોષાઈ શકશે. (૭) જે રીતે સમાજમાં જન્મ લેતા દરેક બાળકને ચોક્કસ રકમ આપવાની વ્યવસ્થા સમાજ તરફથી ઊભી કરવામાં આવેલ છે, એ રીતે દરેક સભ્ય પરિવારની વ્યક્તિના મૃત્યુ સમયે કોઈ એક ચોક્કસ રકમ આપવા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવેલ હતી પરંતુ તે બાબતે કોઈ નિર્ણય લઈ શકાયેલ ન હતો. તેથી આ બાબત ભવિષ્યની મીટિંગ સુધી મોકૂફ રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું.

● **શુક્રવાર, તા. ૧૧-૭-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કે.આર. શાહ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા સવારના ભાગે એકત્રિત થઈ જરૂરી ચર્ચા કરી, ઈમ્પેક્ટ માટે લોક અદાલતમાં ઉપસ્થિત રહેવાનું નક્કી કરવામાં આવેલ હતું. તે માટે ચારે ભવનોના પેપર્સની ફાઈલ અલગ અલગ તૈયાર કરી, તે રીફર કરી લેવાનું પણ નક્કી કરવામાં આવેલ હતું.

★ શ્રી પારસ બાબરિયા સાથે મુંબઈ વાત થતાં શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ તા. ૧૪-૭-૧૪ના રોજ મુંબઈ જવું, તેવું નક્કી કરવામાં આવેલ હતું.

● **શનિવાર, તા. ૧૨-૭-૨૦૧૪**

★ આજરોજ સાંજના શ્રી કચ્છી જૈન ભવન પર કચ્છી યલો પેજિસ સમિતિની એક મીટિંગ મળેલ હતી કે જેમાં શ્રી મનુભાઈ શાહ, શ્રી અશોક મહેતા, શ્રી દિનેશ જગજીવન શાહ તથા શ્રી નરેન્દ્ર કોઠારી ઉપસ્થિત રહેલ હતા. યલો પેજિસના વિમોચન બાદ અત્યાર સુધી થયેલ કાર્યવાહીનું વિહંગાવલોકન કરવામાં આવેલ હતું. જરૂરી નોંધો, વિગતો જે - તે સમાજના મુખપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ વેબસાઈટ પર મૂકવાની વિગતો તથા કેટેગરી લિસ્ટમાં પાના નંબરના સુધારા અને અત્યાર સુધીના હિસાબો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

★ તા. ૨૭-૭-૨૦૧૪ની સમાજના ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની ચૂંટણીના અનુસંધાને ભરાઈને આવેલ ફોર્મનું બોક્સ ખોલી, ઊભા રહેલ ઉમેદવારોની નોંધ કરવામાં આવેલ હતી. આ કાર્યવાહી ચૂંટણી પંચના સભ્યો શ્રી મગનભાઈ સંઘવી તથા શ્રી કે.ડી. શાહ દ્વારા કરવામાં આવેલ હતી.

● **શનિવાર, તા. ૧૨-૭-૨૦૧૪**

★ મેરેજ બ્યુરો સમિતિ દ્વારા સાત પરિવારજનોને જરૂરી માહિતી આપવામાં આવી હતી. સમિતિ સમક્ષ દસ નવા ફોર્મ આવેલ હતા.

● **રવિવાર, તા. ૧૩-૭-૨૦૧૪**

★ ટ્રસ્ટ મંડળના સભ્યો, કારોબારી સમિતિના સભ્યો તથા વિવિધ સમિતિઓના કન્વીનરશ્રીઓના વૈચારિક અભિગમ તથા વર્તણૂક અંગેના અભિગમના અનુસંધાને આજે સાંજના ૪.૩૦થી ૬.૩૦ દરમ્યાન એક વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. આ બાબતના નિષ્ણાત એવા શ્રી નંદક પંડ્યાએ દાખલા, દલીલ, પ્રેઝન્ટેશન સહિત વક્તવ્ય આપેલ હતું. અંદાજે ૩૦ જેટલા સભ્યો ઉપસ્થિત રહેલ હતા. આ વિષય માટે બે કલાક ઓછા પડેલ હોતાં, ભવિષ્યમાં આ વર્કશોપનું બીજું સેશન રાખવાનું વિચારવામાં આવેલ હતું.

★ સાંજના ૭ વાગે ટ્રસ્ટ મંડળની એક અર્જન્ટ મીટિંગ ગોઠવવામાં આવેલ હતી. જેમાં ૧૪ જેટલા ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. (૧) મુંબઈ અતિથિ ભવનના એગ્રીમેન્ટ માટે જરૂરી રકમની મંજૂરી આપવામાં આવેલ હતી. (૨) એગ્રીમેન્ટ માટે ૪ વ્યક્તિની

*માનવીની ઈચ્છા જ એની અપૂર્ણતા પ્રગટ કરે છે.*

નિમણૂક કરવામાં આવી હતી કે જેમાંના ૨ની સહીથી આ એગ્રીમેન્ટ થઈ શકે તેવું નક્કી કરવામાં આવેલ હતું. તેઓને આ કાર્ય માટે યોગ્ય સત્તા પણ આપવામાં આવેલ હતી. (૩) ચારે ભવનના ઈમ્પેક્ટ માટે લોક અદાલતમાં જવાનું નક્કી કરવામાં આવેલ હતું. (૪) સભ્યપદ માટે આવેલ નવી ૧૦ અરજીને મંજૂરી આપવામાં આવેલ હતી.

- **મંગળવાર, તા. ૧૫-૭-૨૦૧૪**

★ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા ચેમ્બુર ખાતે શ્રી પારસ બાબરિયાને રૂબરૂ મળેલ હતા અને સાયન ખાતેના સૂચિત અતિથિ ભવનના એગ્રીમેન્ટના ટર્મ્સ અંગે ચર્ચા કરેલ હતી તથા એસ.આર.એ.ના મુદ્દાઓ અંગે પણ ચર્ચા કરેલ હતી.

★ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી પારસ બાબરિયા સાયન ખાતેના અતિથિ ભવનના આર્કિટેક્ટ સંજય હાટે તથા તેમના સુપુત્ર અનુજ હાટે કે જે પણ આર્કિટેક્ટ છે, તેઓને તેમની ઓફિસમાં અંધેરી ખાતે રૂબરૂ મળેલ હતા અને કોમ્પોઝીટ બિલ્ડિંગના અત્યાર સુધીના પ્રશ્નો બાબતે ચર્ચા કરેલ હતી તથા એસ.આર.એ.ના સી.ઈ.ઓ. પાસે કયા મુદ્દા વિષે ચર્ચા કરવી તે પણ નક્કી કરેલ હતું.

★ શ્રી કે.આર. શાહ તથા શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ ચારે ભવનોના ઈમ્પેક્ટ અંગેની કાર્યવાહી શરૂ કરી દીધેલ છે.

- **બુધવાર, તા. ૧૬-૭-૨૦૧૪**

★ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી પારસ બાબરિયા રૂબરૂ મળ્યા. તેઓએ એસ.આર.એ.ના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી દેશમુખને મળવાનો સમય ગુરૂવાર, તા. ૧૭-૭-૨૦૧૪ના બપોરના ૨.૦૦ વાગ્યાનો નક્કી કરેલ છે તેના અનુસંધાને ચર્ચા કરી. શ્રી પારસે આ બાબતે તેમના વકીલ શ્રી વાઘેલા સાથે પણ ચર્ચા કરી લીધેલ છે.

- **ગુરૂવાર, તા. ૧૭-૭-૨૦૧૪**

★ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી પારસ બાબરિયા, આર્કિટેક્ટ સંજય હાટે તથા આર્કિટેક્ટ શ્રી અનુજ હાટે આજે બપોરના ૨.૦૦ વાગે એસ.આર.એ.ની બાંદ્રા ખાતેની ઓફિસમાં તેઓના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી દેશમુખને મળેલ હતા. શ્રી કચ્છી જૈન સેવા સમાજે સાયન ખાતેની એસ.આર.એ.ની યોજનાના કોમ્પોઝીટ બિલ્ડિંગ નં.-૩ માં ૪ માળ સામાજિક કાર્ય કરવા વેચાતા રાખવાનું નક્કી કરેલ છે તે અંગેની બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવી. શ્રી દેશમુખે આર્કિટેક્ટને સી.સી. મેળવવા અરજી કરવાનું કહ્યું અને તેઓ આગળ કામ કરવા કન્સ્ટ્રક્શન અંગેનું સર્ટિફિકેટ આપશે તેમ પણ જણાવ્યું.

★ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા પારસ બાબરિયા પૂનમ ડેવલપર્સના શ્રી પંકજ બાબરિયાને રૂબરૂ મળ્યા અને શક્ય ત્વરાએ સૂચિત અતિથિ ભવનના એગ્રીમેન્ટ તૈયાર કરવા તેમની સાથે ચર્ચા કરવામાં આવી. રવિવાર, તા. ૨૦-૭-૨૦૧૪ના રોજ તેઓના વકીલ શ્રી વાઘેલા સાથે ચર્ચા કર્યા બાદ આગળની કાર્યવાહી કરવા માટે આપણને જણાવશે તેવું તેમણે આપણને જણાવ્યું.

- **શુક્રવાર, તા. ૧૮-૭-૨૦૧૪**

★ આજરોજ ચેમ્બુર ખાતે શ્રી કેશવજીભાઈ ઉમરશી છાડવાની શ્રી અશોક મહેતા તથા શ્રી પ્રતાપભાઈ દંડે શુભેચ્છા મુલાકાત લીધેલ હતી.

★ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા મુંબઈથી અમદાવાદ જવા રવાના થયા.

★ આજે રાત્રે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર ઈલેક્ટ્રિક લાઈનમાં ફોલ્ટ થતાં ત્યાં અંધારપટ છવાઈ ગયો. પાણીનો પણ પ્રોબ્લેમ ઊભો થયો. ત્યાં રહેવાવાળા પરેશાન હતા.

- **શનિવાર, તા. ૧૯-૭-૨૦૧૪**

★ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર જે ઈલેક્ટ્રિક ફોલ્ટ ગઈકાલે થયેલ હતો તેને ટોરેન્ટ પાવરના કર્મચારીઓએ આજે બપોરના ૧ વાગે રીપેર કરતાં, બપોર પછી શ્રી કચ્છી વિશ્રામ ગૃહની કાર્યવાહી યથાવત ચાલુ થઈ. ડાયાલિસિસ સેન્ટર પણ બપોરના ૧.૦૦ વાગ્યા પછી ચાલુ થયું.

★ કચ્છના સર્વાંગી ઈતિહાસના અનુસંધાને શ્રી હંસરાજભાઈ કંસારાએ લખેલ પત્રો ટાઈપ કરાવી આજે ટપાલ દ્વારા મોકલી આપવામાં આવ્યા.

★ મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજીભાઈ શાહની દેખરેખ હેઠળ ૧૨ પરિવારજનોને જરૂરી માહિતી પૂરી પાડવામાં આવી હતી. આજની બેઠક દરમ્યાન ૧૦ નવા ફોર્મ પ્રાપ્ત થયા હતા. સમિતિના સભ્યો શ્રીમતી અમીબેન શાહ, શ્રીમતી નીતા સંઘવી તેમજ શ્રી જશવંતભાઈ કોઠારી આજની બેઠકની કામગીરી દરમ્યાન ઉપસ્થિત રહેલ હતા.

- **બુધવાર, તા. ૨૩-૭-૨૦૧૪**

★ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ સી. શાહ સાથે કચ્છ તુંબડીથી કેટલાક મહેમાનોએ આજે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની ખાતેના મેડિકલ સેન્ટરની મુલાકાત લીધેલ હતી તેમજ અન્ય પ્રવૃત્તિઓની જાણકારી મેળવી હતી.

- **શુક્રવાર, તા. ૨૫-૭-૨૦૧૪**

★ અમદાવાદ સ્થિત અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ પશ્ચિમ ઝોનના પ્રમુખ શ્રી બાબુભાઈ મનજીભાઈ માકાણી સાથે કચ્છ - કોટડાથી સર્વશ્રી મહેન્દ્રકુમાર કાનજીભાઈ, મેહુલ મોહનભાઈ માવાણી તેમજ વેલજીભાઈ ગોવિંદભાઈ પોકાર શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતેના ડાયાલિસિસ સેન્ટરની મુલાકાતે આવ્યા હતા. ત્યાંની ઉત્કૃષ્ટ કામગીરી જોઈને રૂા. ૧૦,૦૦૦/-નું અનુદાન ડાયાલિસિસ ખાતામાં આપ્યું હતું. ■

*આજે મોટાભાગનાં લોકો જેને સુખ માને છે, તે ખરેખર બીજું કંઈ નહિ, માત્ર એમની ઈચ્છાઓની પૂર્તિ જ છે.*

## ઊડતી નજરે....

**માસ જૂન-૨૦૧૪ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ............................................** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................ | ૧૨,૩૭૪ |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ............................**૫૯૪** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ................................................ **૬૯** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) .............................. **૧૩** | |
| | ● | સોનોગ્રાફી ....................................................................... **૧૧૪૧** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) .......................................... **૪૧** | |
| | ● | બોડી ચેક-અપ ..................................................................**૪૪૫** | |
| | ● | અન્ય .............................................................................**૧૦,૦૭૧** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ...................................................**૮૭૪** | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ......... **૨,૯૮૧** | ૩,૮૫૫ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........................ **૨,૫૬૦** | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........................................ **૫,૬૪૦** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ..............................**૪૫૨** | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ...................... **૧,૮૯૩** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ.. **૧૧૬** | ૧૦,૬૬૧ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...................................................**૫૩૪** | ૫૩૪ |
| | | માસ જૂન - ૨૦૧૪ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ............... | ૨૭,૪૨૪ |

## મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*



નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને
મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....



# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા ક્તલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,
લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.

### શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.

ભજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)

**સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)**

: મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)
૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

**નવભારત સાહિત્ય મંદિર**

૨૦૨, પેલિકન હાઉસ, આશ્રમ રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૬૫૮૦૩૬૫, ૨૬૫૮૩૭૮૭

પતાસા પોળની સામે, ગાંધી રોડ, અમદાવાદ
ફોન : (૦૭૯) ૨૨૧૩૨૯૨૧, ૨૨૧૩૯૨૫૩

mail : info@navbharatonline@gmail.com
website : www.navbharatonline.com

– ગુજરાતી ભાષાના જાણીતા લેખકો દ્વારા લખાયેલાં
– તમામ વિષયોનાં પુસ્તકો
– તમામ પ્રકાશકોનાં પુસ્તકો
– ગુજરાતી ભાષાની ક્લાસિક કૃતિઓ
– વિપુલ બાળસાહિત્ય
– ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષાનાં પુસ્તકો
– બે વિશાળ એ.સી. શો-રૂમ
– જીવનને બદલી નાખનાર ઉત્તમ વિપુલ સાહિત્ય

**ગુજરાતી ભાષાનાં ઉત્તમ પુસ્તકો**
**એક જ સ્થળેથી મેળવવા માટે પધારો છો ને?**

**આપને મનગમતાં**
**કોઈ પણ**
**પુસ્તક માટે સંપર્ક કરો**
**તથા**
**અમારા બે સેન્ટ્રલ**
**એ.સી. શો-રૂમની**
**મુલાકાત લો.**

**TOYCRA**
play to grow

TOYCRA, 2nd Floor,
Indraprashth Corporate House,
Opp. Relaince Petrol Pump,
Prahlad Nagar Road,
Satellite, Ahmedabad-380015

Ph: (079) 66170265, Mo. : 98791 10650

mail : toycra@gmail.com
facebook link : facebook.com/toycra

– ઈન્ટરનેશનલ બ્રાન્ડના અવનવાં અદ્‌ભુત ટોય્ઝ
– વિશ્વની ૪૦ જાણીતી બ્રાન્ડનાં રમકડાં
– વૈવિધ્યસભર રમકડાંઓ ડેમો સહિત
– વિશ્વની જાણીતી ગેમ્સ
– એજ્યુકેશનલ - નોલેજ બુક્સ
– ગુજરાતી તથા અંગ્રેજી ભાષાનાં ઉત્તમ પુસ્તકો
– પુસ્તકો, ટોય્ઝ, ગેઈમ્સ જોવા, બેસવાની ઉત્તમ સુવિધા
– ૧૨૦૦૦ સ્ક્વેર ફૂટમાં પથરાયેલ વિશાળ એ.સી. શો-રૂમ
– તમામ ઉંમરના લોકો માટેની બ્રાન્ડ્સ

**અમદાવાદના સૌથી ટોય્ઝના સૌપ્રથમ આવા**
**વિશાળ એ.સી. શો-રૂમમાં પધારો છો ને?**

**વિશ્વની જાણીતી**
**બ્રાન્ડનાં**
**ટોય્ઝ, ગેઇમ્સ મેળવવા**
**અમારા વિશાળ**
**એ.સી. શો-રૂમની**
**આજે જ**
**મુલાકાત લો.**

**BHARAT B. GALA** **NAVINCHANDRA D. DEDHIA**

**Raju**
ENTERPRISE

**RE - ROLLING / S. S. PATTA - PATTI**

**179 & 323, Unit-2, G.V.M.M., Odhav, Ahmedabad - 382 415.**
**Telefax : 2290 0896, 2290 0300 Mob. : 93270 05460, 98257 33710**



પ્લોટ્સ અને વિલા ૧૫ લાખથી શરૂ
બુકીંગ ચાલુ છે.
સેમ્પલ વિલા તૈયાર છે.
Kalpavriksha
abode
Plots & Villas
@ પંચાસર
શંખેશ્વર
પ્લોટ સાઈઝ- ૫૦૦ વાર અને વધુ ના પ્લોટ્સ
● ૧ BHK - વિલા - ૯૬.વાર
● ૨ BHK - વિલા - ૧૧૫.વાર
સાઈટ એડ્રેસ :
કલશ કુબેરની બાજુમાં, પંચાસર ગામ, શંખેશ્વર, ગુજરાત
ઓફીસ એડ્રેસ :
ચોથો માળ, અંજલી હાઉસ, લાલ બંગલોની સામે, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯
Contact :
M : +91 99099 44034 | Ph. : 079 2642 7001/7
Web : www.kalpavrikshaabode.com
ડેવલોપર :
DIAMOND
realty




Gala®
NO DUST
BROOM
iska bhusa nahi nikalta!
No 'new broom dust'
3X Longer lasting
Washable
Superior Cleaning Guaranteed

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

## Deep Industries Limited

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

## Deep Industries Limited

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT
AN ISO 9001 - 2000 COMPANY

ROMAN
GROUP

*Give Your Society The Best!*













Pest Control

Water Purifier

Water Proofing

Building Facilities

Silicon Acrylic Paint

Water Treatment Plant

Rain Water Harvesting

Solar Water Heating Systems

Tank And Ringwell Cleaning

Property Redevelopment And solutions

Landscaping And Play Equipment For Gardens

Roman Group of Companies
Sant Villa, Road No. 2, Juhu Scheme, Vile Parle (W), Mumbai - 400056
Tel: +91 22 6152 2400 / 6692 6166 / 67 / 68
Email Id: info@romangroup.in
www.romangroup.in

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2012-2014 Valid upto 31st December, 2014.
Published on 1st of Every Month and Permitted to Post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978

A World Class Exterior & Interior Acrylic Paints




*You Can't Buy Better Even At Higher Price !*

INDOCEM (INDIA) PVT. LTD.
(An ISO 9001: 2000 Certified Company)

**Ahmedabad** : 27541226, 27544161, 25743401, Fax : 079-27544199, **Bangalore** : 080-26758800, 26758028, **Baroda** : 0265-2412446, 2434041, **Bhopal** : 0755-2556785, **Bhuj** : 02832-223290, 250959, **Goa** : 0832-2752582, **Hubli** : 0836-2251415, **Hyderabad** : 040-24740401, 55598874, **Mangalore** : 0824-2410320, 4252325, **Mumbai** : 022-26858636, 26858639, **Nasik** : 0253-2511247, **Pune** : 020-26110951, **Rajkot** : 0281-2222766, **Surat** : 0261-2543332,